શાહ અકબર—અકબર, જેને કેટલાકો ઇંગ્લાંડના એડવર્ડ પહેલા સાથે અને હેનરી આઠમા સાથે સરખાવે છે(1), જેને કેટલાકો હિંદુસ્તાનના જોસેફ બીજા સમાન ગણે છે(2), અને વળી જેને કેટલાકો દાર્વીનની આગમચના દાર્વીનીઅન તરીકે ગણે છે(3), તેણે પોતાની પ્રજાને ધર્મ અને રાજ્ય બેઉમા જોડવાની કોશેશ કીધી હતી. ચોકસ હદે તેણે હિંદુસ્તાનમા તેજ ભાગ બજાવ્યો હતો, કે જે ઇરાનમા અર્દેશીર બાબેગાને અને મીસર દેશમા સોટર અથવા ટોલેમી પહેલાએ બજાવ્યો હતો.

અકબરનો નવો પથ—અકબરનો નવો પથ યા નવો ધર્મ શુ હતો, તે કેહવું જરા મુશ્કેલ છે. બ્લોખમાન(4) કહે છે તેમ, તે "એક ઇશ્વરને માનનારો પારસી હિંદુ ધર્મ" (Monotheistic–Parsi–Hinduism) હતો. કોંટ દ નોએ નામનો લખનાર એ ધર્મને એક જાતનો "પારસી—સુફી—હિંદુ ધર્મ" (Parsi-Soufi Hinduism) કહે છે. તે કહે છે કે "એ નવા ધર્મને એક જાતનો પારસી–સુફી–હિંદુ ધર્મ કહી શકીયે, કે જે ધર્મનું, ખોરશેદની અસલી ઇરાની સેતાયશ, સર્વથી સ્વચ્છ જાહેર રૂપ હતું"(5)

---

(૧) ફીનની Handbook of Agra પા ૧૩૦.

(૨) કોંટ દ નોએરની L'Empereur Akbar, મોરીનો ફ્રેંચ તરજુમો વા ૧ પા ૩૪૬ (3) ઉપલુંજ પુસ્તક. (૪) Ain i Akbari by Blochmann, Vol I, p. 212.

(૫) L'Empereur Akbar par le Comte F A de Noer traduit de l'Allemand par G Bonet Maury, Vol I, p 343

આ બે લખનારાઓ મુજબ ત્યારે અકબરના નવા ધર્મમા પારસી તત્વ મુખ્ય હતું. એઓ ઉપરાંત બીજા ઘણાક વિદ્વાન લખનારાઓ જણાવે છે કે અકબરના ધર્મમા પારસીઓના ધર્મનું ઘણુંક તત્વ હતું.

પ્રોફેસર મેક્ષમુલર કહેછે કે "આ સારી રીતે જણાયલું છે કે શાહનશાહ અકબર (ઈ સ. ૧૫૪૨ થી ૧૬૦૫) ને ધર્મના અભ્યાસનો અત્યત શોખ હતો અને તેણે પોતાની દરબારમા યાહુદીઓ, ખ્રિસ્તિઓ, મહોમેદનો, બ્રાહ્મણો અને જરથોશ્તીઓને બોલાવ્યા અને તેઓના જેટલા ધર્મપુસ્તકો હાથ આવ્યા તેટલાનો તેણે પોતાના અભ્યાસ માટે તરજુમો કરાવ્યો[1]"

એનસાઇક્લોપીડીઆ બ્રીટાનીકાની છેલ્લી આવૃત્તિ[2] નો લખનાર કહેછે કે "આ પુછપરછના પરિણામ તરીકે તેણે એક ખોદાની રવચ્છ સેતાયશ અને જરથોશ્તના ધર્મ ઉપર રચેલી ક્રિયાઓ કબૂલ રાખી"

કેપટન વેન્સ કેનેડી કહેછે કે "તે સર્વોપરી સાહેબના ખુદ પોતાના ચિંતન પરથી માણસોના મનને બનતા સુધી થોડા ખીસાડવા માટે તેણે (ખોદા અને માણસની) વચ્ચેના ઇજતને લાયકના પદાર્થો તરીકે આફતાબ અને સેતારાઓને અને તેઓના પ્રતિનિધિ તરીકે પવિત્ર આતશને કબૂલ ગણ્યા ... .જે ક્રિયાઓ કબૂલ રાખવામાં આવી હતી તે ફક્ત જરથોશ્તીઓના મુખ્ય વાર્ષિક જશનોની ક્રિયાઓ હતી .... કોઈ એમ ધારે કે ખોરશેદ અને પવિત્ર આતશની સેતાયશ હિંદુઓ ઉપરથી લેવામા આવી હતી, પણ વધારે સભવિક આ દેખાય છે કે તે જરથોશ્તીઓ ઉપરથી લેવામા આવી હતી, કારણ કે અકબરે ફક્ત તેઓનું વર્ષજ નહીં પણ તેઓનાં જશનો પણ અખત્યાર કર્યાં હતાં."[3]

બ્લોખમાન કહેછે કે "મનગમતો ધર્મ પાળવાની છૂટના નિયમો, જે અકબરની આગમચ કોઇપણ પાદશાહે જાહેર રીતે કબૂલ રાખવાની હિમ્મત કીધી હતી નહીં, તે નિયમોએ પાદશાહની પ્રજાના તે પુરૂષો, કે જેઓ શબ્દ-ઉત્પત્તી બાબે ખોળ કરતા હતા, તેઓનાં મન ઉપર પણ અસર કીધી હતી, અને જે આતશ મહમદે બુજાવી નાખ્યો હતો, તે આતશની સેતાયશ

---

(૧) Introdutcion to the Science of Religion પા ૧૭ (૨) Vol I, p 434
(3) Transactions of the Literary Society of Bombay, Vol. II., p 285, Reprint of 1876.

કરનારાઓના શબ્દો પહેલવેહેલી વાર એક શબ્દકોષમાં[1] જગ્યા પામ્યા, કે જે શબ્દકોષનો રચનાર વળી એક સ્વચ્છ લોહીનો સઈયદ હતો. અકબર, જે, જોકે દેલથી એક સુન્ની હતો, પણ ક્રિયાઓથી એક પારસી હતો, તેની ફક્ત ખુશામદ કરવી, એ કાંઈ તે (શબ્દકોષ) રચનારની મુખ્ય મતલબ હોય નહીં"[2]

પ્રોફેસર રેહાતઝેક કહે છે કે "તેણે અસલી જરથોશ્તી જશનો તાજા કીધા, હીજરી મહિનાઓને બદલે તેઓના મહિનાઓ અખત્યાર કીધા અને વળી પવિત્ર આતશોને જારી રાખ્યા પારસીઓની સંખ્યા ઘણી નાની હતી, તેથી આ બાબતો કાંઈ રાજદ્વારી નેમથી દાખલ કીધી નહીં હતી.[3]

સોલમી સદીના પારસીઓ ફક્ત અકબર ઉપરજ અસર કરી શક્યા હતા, એમ નહીં, પણ તેઓએ પોતાના જમાનાના ઘણાકો ઉપર અસર કરી હતી. કોઉંટ દ નોએ કહેછે કે "વળી ગબર અથવા પારસીઓનો પણ ધર્મ હતો કે જેનું મધ્યબિંદુ પશ્ચિમ ભણી હતું અને મુખ્ય કરી ગુજરાતમાં હતું. ત્યા તેઓ પોતાનો પવિત્ર આતશ અને પોતાનાં પવિત્ર પુસ્તકો, કે જેમા જરથોશ્તનો માનવત ધર્મ સમાયલો હતો, તેનો કેટલોક ભાગ લઈ ગયા હતા. ....તેઓની નાની સંખ્યા છતા અને તેઓની રાજદ્વારી અગત્યતા થોડી હોવા છતાં પારસીઓએ ૧૬ મી સદીની સેવટે હિંદુસ્તાનના ઘણા મોટા માણસો ઉપર મોટી અસર કરી હતી."[4]

---

(૧) અકબરની દરબારમા વપરાતા જરથોશ્તી શબ્દોના એક દાખલા તરીકે આપણને અબુલ્ફજલનો નીચલો ફકરો મળેછે (આઈને અકબરી બ્લોખમાનની આવૃત્તિ વા I પા. ૨ લીટી ૨૨-૨૩.)

پادشاهي فروغيست از دادار بيهمتا و پرتوى از آفتاب عالم افروز

... نوبان روزگار فر ايزدى خوانند و بباستانى زبان كيان خورة

અર્થ.—"પાદશાહી એ નહીં બરાબરી કરી શકાય એવા દાદારની રોશની છે અને આલમને રોશની આપનાર આફતાબનું કીરણ છે... ...હાલની જબાનમાં તેને 'ફર્રે યજદી' કહેછે અને પુરાણી જબાનમાં 'કીઆની ખોરેહ' કહેછે" એ શબ્દ અવસ્તાનો 'કવએમ ખરેનો' છે

(૨) "Contributions to Persian Lexicography," an article in the Journal of the Asiatic Society of Bengal, Vol XXXVII, Part I, No. 1, 1868, p 14.

(3) The Emperor Akbar's Repudiation of Eslâm, Preface, p II.

(૪) L' Empereur Akbar I પા ૨૩

આ સઘળા વિદ્વાનો મુજબ ત્યારે શાહ અકબર ઉપર તેના નવા પંથની બાબતમાં જરથોશતી ધર્મે કેટલીક અસર કીધી હતી. એવું દિસે છે કે અકબરના પોતાના ધર્મવાળાઓ આતસની સેતાયશની તરફેણની તેની વળાણ સારી પેઠે જાણતા હતા આપણે અબુ ફજલને તેની આઇને અકબરી (દફતર ૧ આઇન ૭૨ બ્લોખમાનની આવૃત્તિ વા I પા ૧૫૪ લીટી ૯ થી ૧૯) માં પોતાના પાદશાહનો એ બાબે બચાવ કરતો જોઈએ છીએ સવાર, બપોર, સાંજ અને રાત, જ્યારે સૂર્ય જૂદી જૂદી જગ્યાએ બદલે છે, ત્યારે અકબર ખોદાની સ્તુતિ કરતો હતો, તે બાબે બોલતાં તે તેની સ્તુતિની રીતનો બચાવ કરે છે (જુઓ પછવાડે પા ૧૯૨)

બદઓની મુજબ અકબરના નવા પંથના એતેકાદમાં દાખલ થયલાં ચાર જરથોશતી તત્વો—બદઓની, જેનું લખાણ આપણે હેઠે વીગતે તપાસીશું, અને જેને અબુ ફજલ પણ પોતાની આઇને અકબરીમા ટેકો આપે છે, તે મુજબ શાહ અકબરે પારસીઓ પાસેથી પોતાના નવા ધર્મમા અને તેને લગતા રિવાજોમા નીચલા મુખ્ય ચાર તત્વો દાખલ કીધા હતા ૧ ઓરસોદની સેતાયશ. ૨. આતશની સેતાયશ ૩. પારસી રોજમાહ ૪ પારસી જશનો

જરથોશતી તત્વો સમજાવનારા પારસીઓ કોણ હતા?—હવે સવાલ આ છે, કે શાહ અકબરને તેના નવા પંથમા દાખલ થયલા પારસી તત્વો સમજાવનાર પારસીઓ કોણ હતા? ખુદ તવારીખને આધારે અને ગાયનો, દસ્તાવેજો, હસ્તલેખ પુસ્તકો વિગેરેને આધારે, અને વળી એમ સર્વ મારફતે ઉતરી આવેલી એક પછી એક મોહોડે બોલાતી વાતો, જેઓએ ગાયન વિગેરેમા રૂપ લીધુ છે, તે આધારે જણાયલું છે, કે શાહ અકબરને જરથોશતી ધર્મના મૂળ તત્વો સમજાવનારા નૌસારીના પારસીઓ હતા અને તે પારસીઓના વડા દસ્તુર મેહેરજી રાણા હતા. પણ એ સામે હાલ કેટલુંક થયુ એકાદ બાજુ તરફથી કહેવામા આવ્યુ છે, કે શાહ અકબરને જરથોશતી ધર્મના તત્વો સમજાવનાર નૌસારીના પારસીઓ નહીં, પણ ઈરાનના પારસીઓ હતા, જેઓના વડા તરીકે અરદેશર નામના કેરમાની દસ્તુર હતા માઠા ભાગ્યે દસ્તુર મેહેરજી રાણા પછી કેટલેક વર્ષે નૌસારીના મોબેદોમા મતફેરથી બે ટોળા થઈ ગયા છે એક ટોળો મેહેરજી રાણા કુટુંબ અને તેની સાથેવાળાઓથી વેગળો સામી બાજુનો છે તેઓએ અત્યાર આગમચ કોઈક ગુજરાતી પત્રમાં આવા વાંધાઓ અને શકો દેખાડયા હતા. પણ હાલ પેહેલી વખતે આ મંડળી હજુર આ સવાલ મી રૂ પે કરકરીઆ લાવ્યા છે

આ સવાલ, જ્યારે મંડળી સનમુખ લાવવામાં આવ્યો, ત્યારે તે ઉપર મુંબઇનાં પત્રોમાં કેટલીક ગરમી સાથે તકરાર ચાલી હતી. તે વખતે મેં તે સવાલમા કાંઇ પણ ચપળ ભાગ લીધો હતો નહીં, પણ હાલમાં યુરોપથી આવેલાં એક મિત્ર, જેવણ આ બાબતમા કાળજી ધરાવે છે, તેવણે આ બાબતમા મારૂ મત પુછવાથી એ સવાલ મેં હાથ ધર્યો છે, અને તેનો અભ્યાસ કર્યો છે. આ વિષયમા ત્યારે હુ થોડીક હકીકતો રજુ કરવા માગુ છુ, કે જે હકીકતો મને આ મડળી સનમુખ આગળ વચાયલા ઊપર ઇસારો કરેલા વિષયના સેવટથી જુદા સેવટ ઊપર લાવી છે. સારા નસીબે હુ કેટલાક દસ્તાવેજો અને હાથના લખેલા પુસ્તકો મેળવવા પામ્યો છુ જે હુ અતરે રજુ કરીશ

વિષયના મુખ્ય ભાગો—હુ મારા વિષયને ત્રણ ભાગોમાં હાથ ધરીશ

I પેહેલે હુ સાબિત કરવાની કોશેશ કરીશ કે શાહ અકબર ઉપર અસર કરનારા નોસારીના પારસીઓ હતા.

II બીજુ હુ સાબિત કરવાની કોશેશ કરીશ કે નોસારીના પારસીઓના વડા તરીકે દસ્તુર મેહેરજી રાણા હતા, અને તેવણે શાહ અકબર ઉપર અસર કરી હતી

III ત્રીજુ આ બે બાબતો સામે જે વાધાઓ ઉઠાવવામા આવ્યા છે તે હુ તપાસીશ

પછી હુ સેવટે વધારા તરીકે, આ વિષયમાં ઇસારો કરેલા દસ્તાવેજોની નકલો મારા તરજુમા અને ખુલ્લાસા સાથે આપીશ

શાહ અકબરના રાજ્યના બનાવોનો કોઠો—મારો વિષય સરૂ કરવા આગમચ હુ શાહ અકબરના રાજ્યના વખતના બનાવો અને તેની આગમચના બનાવો, જેઓને આપણા વિષયસાથે મુખ્ય સબધ છે, તેનો વર્ષના અનુક્રમે એક કોઠો આપીશ, કે તેથી વાંચનારને આ વિષયમાં આવેલી બાબતોના સનેનો એક સાંમટી નજરે ખ્યાલ આવે

---

(૧) મી ખરશેદજી માણેકજી શાસ્ત્રીએ એ બાબતની તકરારના વર્તમાન પત્રના વાચવા જોગ ઉતારાઓની પોતાની ફાઈલ મને વાંચવા આપી છે, તે માટે તેવણનો હુ ઉપકાર માનું છું

બનાવો.	અંગ્રેજી સને	હીજરી સને.
મેહેરજી રાણાના બાવા રાણા જેશગે પાજંદ જામાસ્પી લખી (રોજ મેહેર માહ અર્દીબેહેશ્ત સને ૮૭૩ યજદજર્દી સવત ૧૫૬૦)	૧૫૦૪	
રાણા જેશગને નોસારીના બેહેદીનાએ વાડી ધર્મખાતે આપી (રોજ બહમન માહ બહમન સને ૮૮૯ યજદજર્દી સવત ૧૫૭૬)	૧૫૨૦	
શાપુર આસાની રેવાયતનો સને, જેમા રાણા જેશગનુ નામ પેહેલુ છે (રોજ ૮ માહ ૧૧ સને ૮૯૬ યજદજરદી,)	૧૫૨૭	
અકબરનો જનમ	તા ૧૪ અકટોબર ૧૫૪૨	૯૪૯
રાણા જેશગે લખેલા ફારસી બમનનામાનો સને (સવત ૧૬૦૨ રોજ ૨૬ મા ૯ સને ૯૧૫ યજદજર્દી)	૧૫૪૬	
અબુ ફ઼જલનો બાપ ધર્મ સબધી તે હીલચાલ સાથે જોડાયો, કે જે હીલચાલની ઇસલામી ધર્મનો પેહેલો હજારો આવી પહોંચવાના બનાવથી સૂચના થઈ હતી, કે જે હજારામાં માહડી જાહેર પડનાર હતો એ હીલચાલ હીજરી ૯૦૦ મા શરૂ થઇ હતી	૧૫૪૯	૯૫૬
શેખ આલાઈનુ માહાડી તરીકે જાહેર પડવુ	,,	,,
અબુ ફ઼જલનો જનમ[1]	તા ૧૪ જાનેવારી ૧૫૫૧	૬ મોહરમ ૯૫૮
અકબર ગાદી ઉપર આવ્યો[2]	તા ૧૦ માર્ચ ૧૫૫૬	૯૬૩
અકબરે બેહેરામખાનના હાથમાથી રાજ્યની સત્તા પોતાના હાથમા લીધી ..	માર્ચ ૧૫૬૦	

૧ બ્લોખ્માનની આઇને અકબરીનુ વાલ્યમ ૧ દિબાચો પાનુ ૧

૨ એલીએટની હિંદુસ્તાનની તવારીખ (ડાઉસન) વા૰ ૫ પાનું ૨૪૬

બનાવો.	અંગ્રેજી સને	હીજરી સને.
ધર્મ ક્રિયા બરાબર કરવા બાબે નોસારીના મોબેદોનો માહો માહેનો એક લેખ, જેમાં મેહેરજી રાણા પેહેલી સહી કરેછે (રોજ આદર માહ અસપંદાદ સને ૯૩૫ યજદજર્દી સંવત ૧૯૨૨) એ દસ્તાવેજપર એવણના બેટા કએકોબાદ પણ સહી કરેછે .. .	૧૫૬૬	
આતશ બેહરામની બોય વિગેરે ક્રિયા કરનારા મોબેદોએ તાડી નહીં પીવા બાબે માહોમાહેનો લેખ, જેમાં મેહેરજી રાણા પેહેલી સહી કરેછે અને જે ખુદ મેહેરજી રાણાને પોતાને હાથે લખેલોછે (રોજ અર્દીબેહેશત માહ અસપંદાદ સને ૯૩૯ યજદજર્દી સવત ૧૯૨૬) એ દસ્તાવેજપર એવણના બેટા કએકોબાદ પણ સહી કરેછે.	૧૫૭૦	
ઈરાનથી ફરેદુન મર્જબાન એક કાગળ લાવ્યો, તેમા દસ્તુર મેહેરજી રાણાનુ નામછે	૧૫૭૦ આસરે	
નોસારીના બેહેદીનોએ મેહેરજી રાણાને "પીપલીઆ વાડી" આગળ જમીન ધર્મ ખાતે આપી (રોજ ઓહરમજદ માહ શેહેરેવર સને ૯૪૨ યજદજરદી સવત ૧૯૨૯)	૧૫૭૩	
અબુ ફજલ અકબરની દરબારમા દાખલ થયો તે અકબરનામામાં એ વખતની આગમચ માટે બોલે છે કે "કોઈ વખત પારસીઓના મોબેદોની સબત અને જદ અવસ્તાના ભેદ ભરમોનુ જ્ઞાન મારા મનની સબુરી છીનવી લેતુ[1]"	૧૫૭૩-૭૪	૯૮૧
બદઓની અકબરની દરબારમા દાખલ થયો	૧૫૭૪	૯૮૧

(૧) બ્લોખ્માનનો આઇને અકબરીનો તરજુમો વા. I દિબાચો પાનુ ૧૨. મોલવી અબદુલ રહીમની અકબરનામાની કલકત્તાની આવૃત્તિ વા. III પા. ૮૪ લીટી ૧૩

બનાવો.	અંગ્રેજી સને	હીજરી સને
બદઓની દરબારનો ઇમામ નેમાયો...	૧૫૭૫	૯૮૨
ધર્મ સબંધી મિજલસો અને વાદવિવાદો જેની બદઓની હકીકત આપેછે તેની શરૂઆત	૧૫૭૬	૯૮૩
એક પુછડીઆ તારાનું આકાશમા દેખાવુ (રોજ અશીશાગ માહા આવા સને ૯૪૬ યજદજર્દી)	૧૫૭૭	૯૮૫
બદઓની[1] હીજરી ૯૮૬ ના વર્ષના બનાવોમા નોમારીના મોબેદોના અકબરની દરબારમા આવવા માટે બોલેછે તે એક બની ગયલા બનાવ તરીકે ("આમદે બુદન્દ" એટલે "આવ્યા હતા" એમ) બોલેછે. દબેસ્તાન[2] પણ રજબ ૯૮૭ ની આગમચના વર્ષના બનાવમા એક બની ગયલા બનાવ તરીકે (આમદે બુદન્દ) બોલેછે ત્યારે તેઓ એ વખતની આગમચ આવેલા હોવા જોઇએ અબુલફજલ[3] પણ એજ વર્ષના બનાવમા અકબરની દરબારમા પારસીઓની હાજરી માટે બોલેછે.	૧૫૭૮–૭૯	૯૮૬
અબુલફજલ ધર્મ સબધી મિજલસોમા આ મવાલ લાવ્યો કે શાહ અકબર જેમ સસારિક તેમ ધર્મ સબંધી બાબતોમા વડો હતો	૧૫૭૯	૯૮૬
નોસારીના મોબેદોનો દસ્તાવેજ, જેમાં તેઓ મેહેરજી રાણાને વડા ગણી તેઓની		

(૧) બ્લોક અને આમદઅલીનો તેક્સ્ટ વા II પાનુ ૨૬૧ લાઉનો તરજુમો વા II પા. ૨૬૮

(૨) મુબઈની લીથોગ્રાફ થયલી ૧૨૭૭ હીજરીની આવૃત્તિ પા ૨૬૬ લી ૪.

(૩) અકબરનામુ ઉપર કહેલુ કલકત્તા એડીશન III પા ૨૫૨–૫૩. એલીઅટ VI પા ૫૯

બનાવો.	અંગ્રેજી સને.	હીજરી સને.
પરવાનગીથી ક્રિયા કામ કરવા કબૂલે છે. (રોજ ગુઆદ માહ તીર સને ૯૪૮ યજદ જર્દી સવત ૧૯૩૫)[1]	૧૫૭૯	
બ્લોખ્માન, જે દસ્તાવેજને ઇસલામી ધર્મની તવારીખમાં અસાધારણ દસ્તાવેજ કહેછે, અને જે દસ્તાવેજમા અકબરની દરબારના ઓલમાઓ એને 'મુજતહીદ' એટલે ધર્મ સબંધી બાબતમાં અચુક કબૂલેછે, તે દસ્તાવેજનો સને[2]	સપટેમ્બર ૧૫૭૯	રજબ ૯૮૭
મીર જમાલુદ્દીને તેનો ફરહંગે જેહાંગીરી નામથી જણાયલો શબ્દકોષ શરૂ કીધો[3]	૧૫૭૯	૯૮૭
અકબરની દરબારમાં ચાલતી મુખ્ય તકરારો, જે સાથે પારસીઓને લાગતું વળગતું હતું, તે તમામ થઇ, કારણ કે ઉપલા અસાધારણ દસ્તાવેજ (મેહેજર) ઉપર સહી થઇ, અને આ શાલના રજબ મહિનાની ૧૬ મી તારીખે (રેહાતઝેકના તરજુમાની નકલ પ્રમાણે ૧૫ મી તારીખે) શાહ અજમેર જવા નીકળ્યો[4] અને નવા જલાલી વર્ષથી		

(૧) પારસીપ્રકાશ I પા ૮ જુઓ અસલ લેખ માટે આગળ પા ૧૪૭

(૨) બદઓનીની મુનતખબ અલ તવારીખ લીઝ અને આહમદઅલીની આવૃત્તિ વા II પા ૨૭૨ લીટી ૭ રેહાતઝેકનો તરજુમો પા. ૩૨ આ વખત માટે અબુલ્ફજલ કહેછે કે "દરબાર સઘળા ધર્મોના ડાહ્યા અને ભણેલા પુરૂષોના જમા થવાની જગ્યા થઈ પડી સઘળા ધર્મોના સારાં મતોને કબૂલ રાખવામા આવ્યા, અને તેઓની ખામીઓથી તેઓની ખરી ખુબીઓને ઝાખ લાગવા દેવામા આવ્યો નહીં," (બ્લોખ્માન, આઈને અકબરીનો તરજુમો, વા I દિબાચો પા ૧૪)

(૩) બેંગોલ એશિઆટીક સોસાએટીનુ જર્નલ ૧૮૬૮ ભાગ ૧ ના ૧ પા. ૧૨

(૪) બદઓની, મુનતખબ અલ તવારીખ, લીઝ અને આમદઅલીનો તેક્ષ્ટ II પા. ૨૭૨ લીટી ૧૭ રેહાતઝેકનો તરજુમો પા ૩૩

બનાવો	અંગ્રેજી સને.	હીજરી સન
પાદશાહે જાહેર રીતે ખોરશેદ અને આતશની સેતાયશ અખત્યાર કીધી . .	૧૫૭૯	૯૮૭
નોસારીના મોબેદ મેહેરજી રાણાને પોતાના વડા તરીકે કબૂલ રાખે છે, તે બાબેના બીજા દસ્તાવેજનો સને[1] (રોજ મેહેર માહ દેહ સને ૯૪૯ યજદજર્દી સંવત ૧૬૩૬) .	૧૫૮૦	
શાહ અકબરે નવા જલાલી વર્ષથી ખોરશેદ અને આતશની જાહેર રીતે સેતાયશ કરવા માંડી[2]	૧૫૮૦-૮૧	૯૮૮
શાહ અકબરે જરથોશતીઓના તરીકા પ્રમાણે ૧૪ જશનો યા તેહવારો મુકરર કીધા[3]	૧૫૮૨	૯૯૦
અબુલફજલની માતા ગુજરી ગઈ અને શાહ અકબર પોતે તેને દિલાસો દેવા ગયો (એમ અરસામા બ્લોખમાન કહે છે તેમ "ધર્મ મજબની બાબતો આગળ વધી ગઈ હતી. પછી ઇસ્લામી બંદગીઓ દરબારમાથી બંદ થઈ હતી અને ઇસ્લામના અનુગ્રહીત નુરમહેદાની સેતાયશ પારસી સેતાયશના પાયા ઉપર અને થોડીક હિંદુઓની ક્રિયા ઉપર રચવામા આવી નવો સને (તારીખે ઇલાહી), જે મજકુર સરકારી દફતરોમા દાખલ કરવામા આવ્યો હતો, તે અને શાહનશાહે પાળવા માંડેલા જશનો તદ્દન પારસી હતા ")[4]	૧૫૮૯	

(૧) જુઓ અસલ દસ્તાવેજની નકલ માટે આગળ પા ૧૪૮ જુઓ પારસીપ્રકાશ I પા ૯

(૨) બદઓનીની મુનતખબ અલ તવારીખ II પા ૨૬૧ લીટી ૧૬ લોનો તરજુમો II પા ૨૬૯ બ્લોખમાનના આઈને અકબરીના તરજુમામા એ ભાગનો તરજુમો I પા ૧૮૪ રેહાતસેક પા ૨૭

(3) જુઓ પછવાડે પાનુ ૧૯૪ જુઓ બદઓની, રેહાતસેકનો તરજુમો પા ૫૩

(૪) બ્લોખમાન આઈને અકબરીનો તરજુમો I દિબાચો પા ૧૬

બનાવો.	અંગ્રેજી સને.	હીજરી સને.
નોસારીથી આસદીન કાકાએ દીવ ખાતે લખેલો કાગળ, જેમાં મેહેરજી રાણાને મોબેદોના વડા તરીકે ગણ્યાછે (રોજ ગુઆદ માહા આદર સને ૯૫૯ યજદજર્દી સવંત ૧૬૪૬)	૧૫૯૦	
મેહેરજી રાણા મરણ પામ્યા (રોજ ૮ મા ૧૨ સને ૯૬૦ યજદજર્દી) .	૧૫૯૧	
મીર જમાલુદદીનને શાહ અકબર તરફથી તેનો શબ્દકોષ, જે પછવાડેથી "ફરહગે જેહાનગીરી" ને નામે ઓળખાયો, તે તમામ કરવાનો હુકમ મળ્યો[1] અકબરે તે બાબે હસ્તલેખ પુસ્તકો ખરીદવા રકમ આપી અને દગનથી અર્દેશરને મીર જમાલુદદીનને એ કામમા મદદ કરવા બોલાવ્યો	૧૫૯૨ ૮ સપટેમબર	૧૦૦૦
શેખ મુબારકનુ મરણ	૧૫૯૩	૧૦૦૧
શાહ અકબરે દસ્તુર કેકોબાદને પોતાના રાજ્યના ૪૦ મા વર્ષ આપેલું ૩૦૦ વીઘા જમીનનું પેહેલુ ફરમાન, જેમા જણાવ્યું છે કે તેમાની ૨૦૦ વીઘા જમીન એ વખત આગમચ મેહેરજી રાણાને આપેલી હતી એ ફરમાનનો સને (રોજ ૧૦ માહા અસફન્દારમદ ૯૬૮ યજદજર્દી)[2] . ..	૧૫૯૫	૧૦૦૩
બદઓનીની મુનતખબ અલ તવારીખ આ વર્ષના બનાવ સાથે તમામ થાયછે[3] .	૧૫૯૫-૯૬	૧૦૦૪

(૧) બેંગાલ એશિઆટીક સોસાઈટીનુ જર્નલ ભાગ I ના I (૧૮૬૮) પા ૧૨ જુઓ ફરહગે જેહાંગીરીનો દિબાચો જુઓ પછવાડે પાના ૨૦૩-૫

(૨) જુઓ અસલ દસ્તાવેજનો ફોટો લીથોફેક સીમીલા, અને નકલ પા. ૯૩ જુઓ પારસી પ્રકાશ I પા. ૯

(૩) એલીઅટની હિંદુસ્તાનની તવારીખ વા. V પા. ૪૭૯.

બનાવો.	અંગ્રેજી સને.	હીજરી સને.
નવાબ નામદાર સાદીક મહમદખાને બહાર પાડેલો મેહેજર. એ ઘણો અગત્યનો દસ્તાવેજ છે. એમાં દસ્તુર મેહેરજી રાણાને આપેલી ૨૦૦ વીઘા જમીન બાબે તેહેકીક ફરમાવેછે		૨૬ માહા રબીઉલ સાની ૧૦૦૫
અબુલફજલે આઇને અકબરી તમામ કીધી....	૧૫૯૬	૧૦૦૫
ફરમાનથી આવેલા દસ્તુર અર્દશીરે ભરૂચના દસ્તુર કામદીન પદમ ઉપર લખેલુ કાગળ[1] (રોજ ૨૪ મા. ૧ સને ૯૬૭ યજદજરદી)...	૧૫૯૭	
અબુલફજલને જેહાંગીરે મારી નાખ્યો.	૧૨ ઓગસ્ટ ૧૬૦૨	૪ થી રજબ ૧૦૧૧
શાહ અકબરે દસ્તુર કેકોબાદને ૩૦૦ વીઘા જમીન માટે આપેલુ બીજુ ફરમાન, જેમા પણ ૨૦૦ વીઘા જમીન મેહેરજી રાણાને આપેલી જણાવેછે (રોજ બહમન માહા મેહેર સને ૯૭૨ યજદજરદી). ...	૧૬૦૩	૧૦૧૧
ખાન ખાનાન મીરજાખાન બહાદુર સેપેહ સાલારે દસ્તુર કેકોબાદને ૩૦૦ વીઘા જમીન બાબે આપેલો પરવાનો (પરવાન્ચે) (રોજ ૧ માહ અસફનદારમદ) એમા પણ ૨૦૦ વીઘા જમીન દસ્તુર મેહેરજી રાણાને આપેલી જણાવી છે	૧૬૦૩	૨૧ રમજાન ૧૦૧૨
અકબરનું મરણ	૧૩ અકટોબર ૧૬૦૫	૧૦૧૪

(૧) પારશીપ્રકાશ વા I પા ૧૦ જુઓ એ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની બીયોગ્રાફીથી પ્રગટ થતી રેવાયત II પા ૪૫૮ લાટી ૭ જુઓ પા ૨૦૮.

બનાવો	અંગ્રેજી સને.	હીજરી સને
ફરહંગે જેહાંગીરી નામનો શબ્દ કોષ, જે માટે મદદ કરવા દસ્તુર અર્દેશર ઈરાનથી આવ્યા હતા, તે તમામ થયો	૧૬૦૮	૧૦૧૭
દબેસ્તાનના કર્તાનો જનમ આસરે ...	૧૬૧૫	૧૦૨૬
દબેસ્તાનમા જણુવેલા છેલ્લા બનાવનો સને દબેસ્તાન ત્યારે એ સને પછી લખાયલી હોવી જોઇએ	૧૬૫૩	૧૦૬૩

I.

જરથોશ્તી ધર્મનાં તત્વો શાહ અકબરને સમજાવનારા નૌસારીના પારસીઓ.

હવે આપણે આપણા વિષયની મુળ બાબત ઉપર અને તેના પેહલા ભાગ ઉપર આવીએ અને જોઇએ કે શાહ અકબરને જરથોશ્તી ધર્મના મુળ તત્વો સમજાવનારા હિંદુસ્તાનના પારસીઓ હતા અને તે નૌસારી કસબાના પારસીઓ હતા

તવારીખનાં ચાર પુસ્તકો છે, જેમાના બે સિધી રીતે અને બે આડકતરી રીતે દેખાડે છે, કે શાહઅકબરને જરથોશ્તી દીનના તત્વો સમજાવનારા હિંદુસ્તાનના પારસીઓ હતા અને નહીં કે ઈરાનના

I **બદઓની**—આ બાબે પેહેલુ અને સર્વથી અગત્યનુ પુસ્તક અકબરના રાજ્યના તવારીખ નવેશોમાના અબદુલ કાદર મલુકશાહ બદઓનીનુ (૧)

(૧) બદઓનીની જીંદગીના વિગતવાર એહેવાલ માટે જુઓ, Journal of the Asiatic Society of Bengal, No III (1869) p 117 એની ટુંક હકીકત માટે જુઓ, Elliot's History of India, Vol. V., p 477. Blockmann's Translation of the Ain-i-Akbari, Vol. I., p. 104, note. 2.

છે. એ પુસ્તક મુનતખબ અલ તવારીખને નામે મશહુર છે તેના પુસ્તકમાં નીચલો ફકરો આ બાબે મળેછે

"આતશપરસ્તો, કે જેઓ ગુજરાતના મુલકમાથી નોસારી શાહેરથી આવ્યા હતા, તેઓએ જરથોશતની દીનની સચ્ચાઈ દેખાડી અને આતશની તાજીમ કરવી, એ મોટી સેતાયશ જણાવી તેઓએ (શાહને) પોતાના (બોલવા) તરફ ખેંચીને ક્યાનીઓની ઇશરેલાહ અને રાહ અને રવેશથી વાકેફ કીધો તેથી (શાહે) ફરમાવ્યુ કે ઇરાનના પાદશાહો, જેઓના આતશ કદેહો હમેશા બરપા રહેતા, તેઓની રીત મુજબ, આતશને મેહેલમાં, શેખ અબુ ફજલની મબાળ હેઠળ, શુ રાત કે શુ દિવસ, જારી તપાસેલો રાખવામા આવે, કારણ કે તે ખોદાતાલાની નિશાણીઓમાનો એક નિશાણી છે, અને તેના નુરોમાનુ એક નુર છે . . અને પાદશાહીના ૨૫) મા સાલના નરોજને વખતે જાહેર રીતે ઓગરોદને અને વળી આતશને સેજદો કીધો, અને બતી અને ચેરાગ સળગાવતી વખતે દરબારીઓએ પણ ઉભુ થવાનુ જરૂરનુ ધાર્યું[1]

આતશની સેતાયશની તરફેણમાં આઇને અકબરીમા અબુફજલનુ મત—ઉપલા ફરમા મુજબ પાદશાહે અખત્યાર કરેલી આતશની સેતાયશની હીમાયત અબુફજલ પોતાની આઇને અકબરીમા નીચે મુજબ કરેછે

"જેહાનને રોશન કરનાર રોશન દેલ પાદશાહ, રોશન નુર તરફના ભાવને યજદ પરસ્તી ગણેછે, અને ખોદાની સેતાયશ ધારેછે અજ્ઞાન મોહા મગજનાઓ તેને દાદારને વીસરવુ અને આતશ પરસ્તી ધારેછે, પણ બારીકીથી જોનાર અક્કલમંદો તેને નેક કામ સમજે છે જ્યારે ચુનંદા માણસોમા એક નજરે પડતા પદાર્થની સેતાયશ એક લાયક રીત ગણાય છે, અને તેમ નહીં કરવુ ખોટુ ગણાય છે, ત્યારે આ બુલંદ (નુરી) તત્વ, કે જે ઉપર માણસ જાતની હસ્તી અને પાયદારીનો આધાર છે, તેને બુઝર્ગી આપવી, તે કેમ મજાવાર ન ગણાય? અને તેમા હલકા વિચારો કેમ દાખલ થઈ શકે? શેખશરફુદ્દીન મુનયરીએ કેવુ ખુશ રીતે કહ્યુ છે કે 'આફતાબ અસ્ત પામે ત્યારે કોઈ વણી ચેરાગ માથે કામ નહી પાડે તો શુ કરે?' (આતશનો) શોલો તે ઇશ્વિરી નુરના મુળમાથી (એટલે

(૧) મુનતખબ અલ તવારીખ Lees and Ahmad Ali s Text, Vol II, p. 261. અસલ ફારસી ફકરા માટે જુઓ પા ૯ ગુજરાતી તરજુમા મુખ્ય કરી અસલ ફારસી પરથી કીધા છે

સૂર્યમાંથી નીકળ્યો) છે, અને તે પવિત્ર ગોહરની નિશાણી છે અગર જો ખોરશેદ અને આતશ નહીં હોતે તો ખોરાક અને દવા ક્યાથી બની શકતે? અને જોવાની આખ શુ કામ આવતે? આ નેક બખ્ત ચેરાગનો આતશ આસમાની છે" (આઇને અકબરી, પેહેલુ દફતર, ૧૮ મી આઇન, બ્લોખ્માનનો તેર્જુ વાલમ ૧ પાનુ ૪૩ અસલ ફારસી ફકરા માટે જુઓ પા ૧૦ નોટ ૧)

એજ મુજબ 'શબારૂજી એ અફસરે બદીવ' એટલે 'તાજના માલિકની રાત અને દહાડો ગુજારવાની રીત' યાને 'પાદશાહ પોતાનો વખત કેમ ગુજારે છે' તેના વર્ણન બાબેની દફતર પેહેલાની ૧૨ મી આઇનમા પણ અબુલફજલ પોતાના પાદશાહની ખોરશેદ અને આતશની સેતાયશ તરફની વળાણનો બચાવ કરેછે તે કહેછે કે (બ્લોખ્માનની આઇને અકબરીની આવૃત્તિ વા I પા ૧૫૪ લીટી ૮)

"(પાદશાહની) એબાદતો વર્ણનની શક્તિની બહાર ગયલી છે (એટલે તેનુ વર્ણન થાઇ શકે નહી). તેની એક પણ ઘડી, આત્માના ચીંતનવીનાની[૨] અને દાદાર, જેની બરાબરીઓ કોઈ નથી, તેની નીઆએશ કરવા વીનાની ખાલી હોતી નથી ખાસ કરીને (તેની એબાદતોના વખતો નીચલા છે) સવારનો પોહોર, જે સારો દહાડો પસાર કરવા માટે દિબાચા સમાન છે, અને રોશની પાથરવા માટેનો ખીલતા બહારનો વખત છે, અને બપોર, કે જ્યારે આલમને ચળકાટ આપનાર આફતાબની રોશની દુનિયામા પથરાઈ જાયછે, અને માણસ જાતની તરેહવાર ખુશીઓનુ મૂળ થઈ પડેછે; અને સાંજ, જ્યારે રોશનીઓને મૂળ આપનાર (એટલે સૂર્ય) બાકી માણસોની નજરથી છુપો થાયછે, અને નુરને પમદ કરનારાઓના સર ગભરાટમા પડેછે, અને મધ્યરાત, જ્યારે પેલો હસ્તીની અનજુમન (એટલે કુલે હૈયાત પેદાયશ) નો રોશનીની વૃદ્ધિ કરનાર (એટલે સૂર્ય, પોતાનો) ચેહેરો ઉંચે ચહડવા (એટલે ઊગવા) તરફ ધરેછે, અને અંધારી રાતના ગમથી દુખી થયલા લોકોને ખુશ દેલીની ખબર પહોંચાડે છે એ સઘળી (ઉપર મુજબની ગેહેગેહની) નીગ્ગો (યા ભેદી ભણતરો અને એબાદતો) એક યજદ (ખોદાતાલા) ની બુજોરગી જાળવવા

(૧) આ ફકરામા ખોરશેદની ની સેતાયશની તરફેણમા જે તકરાર રજુ કરવામા આવી છે, તે તકરારની ઢપ ખોરશેદની નીઆએશની ઢપની યાદ આપેછે ત્યા પણ એવીજ ઢપ છે કે "યેઘ જી હ્વરે નોઈત ઉજ્જુશ્યેઈતિ અધ દએવ વીસ્પાઓ મૈરેનચિન્તિ" એટલે "અગરજો ખોરશેદ ઊગે નહીં તો દેવો તમામ ચીજોનો નાશ કરે..."

(૨) تامّل considering attentively

માટે અને જેહાનને પેદા કરનાર ખોદાવદની પરસ્તેશ માટે છે. અગર જો વાગલાંની તબઆવાળા (એટલે અંધકારનો ખવાશ ધરાવનારા) નાદાનો એનો ભેદ ભરમ નહીં પામે, તો તેમા કોણનો વાંક હોય અને નુકસાન કોણને થાય? દરેક ધણી કબૂલે છે કે આપણા ભલું ઇચ્છનારની સેપાસ ગુજારી અને નીઆએશ કરવી એ જરૂરનું છે (ત્યારે) તે નુરોના નુર (એટલે આફ્તાબ) ની ખખશેશ માટે શુકર ગુજારી કેઈ શક્તિથી થઈ શકે? અને તેની નેઆમતોની ગણત્રી કેમ થઈ શકે? (એટલે આપણાથી તેનો ઉપકાર પુરતો જાહેર થઈ શકે નહીં.) ખાસ કરી બુલંદ દરજાના પાદશાહોએ (એમ કરવું જરૂરનું છે), કારણ કે સઘળા દાનેશમંદોના કહેવા મુજબ, આસમાની તખત ઉપરનો તે પાદશાહ (એટલે ખોરશેદ) પોતાની ખાસ નજર એ ટોળા (એટલે પાદશાહો) ની તરબીઅત ઉપર રાખેછે, અને દુનિયાના માલેક (એટલે પાદશાહ અકબર) ની આતશની તાજીમ કરવામા અને ચેરાગને બુજોરગી આપવામા એજ મતલબ છે તે, તે (આતશ)ની ખુબીઓ ઉપર નીગર (યાને ભેદી બદગીઓ) લખેછે, અને તે બુલંદ નુર (આફતાબ) તરફથી જે રોશની કબૂલે છે, તે બાબે બોલે છે [૧] ખૂશ ફેગારાથી આ જમાનાના વગર અક્કલનાઓ તેને ખોટુ રૂપ આપેછે તેઓ તેને આફતાબને ખોદા તરીકે ગણવુ અને આતશ પરસ્તી ગણેછે, તે ઉપર હોઠમા હસવું આવેછે."

ખોરશેદની સેતાયશની તરેફ્ણમાં બદ્યોની પ્રમાણે બીરબલના વિચારો—જેમ અબુ ફજલ આઇને અકબરીમાં આતશની સેતાયશની ભીફારસ કરેછે, અને શાહ અકબરનો આતશ પરસ્તી માએ બચાવ કરે છે, તેમ બદઓનીની મુનતખબ અલ તવારીખ પ્રમાણે બીરબલ, ખોરશેદની સેતાયશની શાહ અકબરને ભીફારસ કરેછે તે બાબે બદઓનીનો ફકરો નીચે મુજબ છે

"હયાનતી ભર્યા બીરબલે ખાતર નિશાણ કીધી, કે જ્યારે આફતાબ સપુર્ણ દેખાવનું મુળ છે (એટલે સર્વને જોવાને શક્તિવાન કરેછે), અને જ્યારે ખેતીના પાકનું, મેવાનું, અને તરકારીનું પુખ્ત થવુ તેની અસરથી છે, અને જ્યારે આલમની રોશણી અને આલમના લોકોની હૈયાતીનો આધાર તેના ઉપર છે, ત્યારે તે (આફતાબ) એબાદત અને માનને લાયકનો હોવો જોઇએ, અને આપણે મોહ તેના તખુ થવા તરફ (એટલે પુર્વ દિશા

(૧) આ પાદશાહ અકબરને લાગુ પડે અથવા તો અલંકારિક રીતે આતશને લાગુ પડે. કે આતશ કાંઇ નહીં પણ ખોરશેદના તે ખુબીઓ જાહેર પાડેછે

તરફ) કરવું જોઈએ, અને નહીં કે તેના અસ્ત થવા તરફ (એટલે પશ્ચિમ તરફ)..................દરબારના દાબેલા રાખવા જોગ (અથવા હીનપસ્તી લાયકના) ઓલમાઓ અને દાનાવાએ ટેકો આપ્યો કે 'આફતાબ તમામ આલમનું મોટું નુર (નઇરે આઝમ) અને બક્ષીસનો કરનાર છે, અને પાદશાહોનો મુરબ્બી છે, અને પાદશાહો તેનાથી હકુમત ચલાવનારા છે.' આ સબબ, પાદશાહી નવરોજ મરતબા સાથે પાળવાનું કારણ થઈ પડ્યુ અને પાદશાહીએ આવવાને લગતા વખતનું એ (નવરોજના) રોજે દરસાલ જશન કરવામાં આવતુ[1]"

બદઆેાની ચુસ્ત ઇસલામી હતો, તેથી તે ઉપલા ફકરામાં ખોરશેદની સેતાયશની સીફત કરનાર બીરબલને લ્યાનતી ભર્યો (મોઅલુન) અને તેને ટેકો આપનાર દરબારના માનીતાઓને 'હીનપસ્તી લાયકના અથવા દાબેલા રાખવા જોગ (મકહુર)' એવા વિશેષણો લગાડે છે

બદઆેાની પ્રમાણે જરથોશ્તી રોજ માહ અને જશનો શાહ અકબરે અખત્યાર કર્યાં—હવે એજ તવારીખ નવેશ બદઆેાની ઉપરથી આપણે આગળ ચાલતા જોઈએ છીએ કે ખોરશેદ અને આતશની જાહેરમાં સેતાયશ કરવા પછી બે વર્ષે (હીજરી ૯૯૦ ઈ ૧૫૮૨) અકબરે જરથોશ્તીઓનુ પચાગ અને જરથોશ્તીઓનાં જશનો દાખલ કીધા. બદઆેાની આ બાબે નીચે પ્રમાણે કહે છે.

"હીજરી અરબી સનને ફેરવી નાખીને તે (નવા સને)ની શરૂઆત, પોતાનું જલુસી સાલ (એટલે પાદશાહીએ બેસવાનો વખત), જે ૯૬૩ નું હતું, તેથી કીધી. મહિનાઓને ઇરાનના પાદશાહોની રસમ મુજબ, જેમ નિશાબની[2] કેતાબમા જણાવેલું છે તેમ, અખત્યાર કીધા, અને જશનો પણ, જરથોશ્તીઓના જશનની માફક, વર્ષના ૧૪ મુકરર થયાં ..... અને આ (નવા સને) ને ઇલાહી સાલ અને માહનુ નામ આપ્યુ[3]"

અબુ ફજલે આઈને અકબરીમાં આપેલુ પારસી જશનોનુ વર્ણન—શાહ અકબરે બદઆેાની પ્રમાણે પારસીઓના જે જશનો અખત્યાર કીધા હતાં, તેનું અબુ ફજલ પોતાની આઇને અકબરી (દફતર બીજુ આઇન

(૧) મુનતખબ અલ તવારીખ, લીઝ અને આહમદ અલીનો કલકત્તાનો તેહ્રુ, વાલમ બીજું, પાનુ ૨૯૦ લીટી ૧૪

(૨) એક ચોપડીનું નામ, જે અબુ નસર નામના શખસે લખી હતી (બ્લોખમાન, આઈને અકબરી, વાલમ ૧, પાનુ ૪૧, નોટ).

(૩) મુનતખબ અલ તવારીખ, વાલમ ૨) જું પાનું ૩૦૬ લીટી ૧૪ થી.

૨૨) માં "આઇને જશન આશ્રએ" નામના જશનોના ખાસ બાબમાં નીચે મુજબ વર્ણન આપેછે.

" કદરદાન શેહેરયાર પેહેલે આગલા લોકોના સરસ રિવાજો શોધેછે, અને તેઓમે ફેલાવવાને ઘણી કોશેશ કરેછે. અને (તે રિવાજ પાળનાર) ધણીઓ તરફ નહીં જોઈ, જે લાયક હોય તે મોટી કીમતે અખત્યાર કરેછે. બીજુ, જૂદા જૂદા માણસોની પરવરશ માટે મેહેરબાની કરેછે, અને (તેઓને) બક્ષેશ આપવા માટે બાહના (એટલે જોગવાઈઓ) શોધેછે. તેટલા માટે જ્યારે જમશેદના જશનો અને મોબેદોનાં જશનો તે નામદારના સાંભળવામાં આવ્યા, ત્યારે તે કબૂલ રાખવામાં આવ્યા, અને બક્ષેશનો સામન લાવવામા આવ્યો ૧) લુ નરોજનુ જશન જ્યારે રોશન ખોરશેદ મેષ રાશિમા પોતાનો ખાસ ચળકાટ બક્ષેછે, ત્યારથી ૧૯ મા[૧] દહાડા સુધી ખુશી ખુશાલી કરવામા આવેછે એ (૧૯ દિવસના) અરસામા બે દહાડા મોટા જશનો થાયછે, અને ઘણો ખજાનો અને તરેહવાર નેઆમતો બક્ષેશ આપવામા આવેછે.(૧) ફરવર્દીન મહિનાની શરૂઆત, અને(૨) ૧૯મો દહાડો, જે વડીલોના માનનો[૨] વખત. જે રોજ મહિનાનુ નામ ધરાવેછે, તે રોજ કદીમ લોકો ખુશાલીથી પાળતા અને જશન કરતા પાદશાહ પણ એમ પાળેછે (તેવા જશનના દિવસો નીચે મુજબ છે) ફરવર્દીન મહિનાનો ૧૯ મો રોજ (એટલે ફરવર્દીઆનનુ જશન) અર્દીબેહેસ્ત મહિનાનો ત્રીજો રોજ (અર્દીબેહેસ્ત મહિનો ને અર્દીબેહેસ્ત રોજનું જશન) ખોરદાદ મહિનાનો ૬ ઠો રોજ (ખોરદાદનું જશન) તીરનો ૧૩ મો રોજ (તીરંગાનનું જશન) અમરદદનો સાતમો રોજ (અમરદાદનું જશન). શેહેરેવરનો ચોથો રોજ (શેહેરેવર માહનું જશન) મેહેરનો ૧૬ મો રોજ (મેહેરગાનનુ જશન) આવાંનો દસમો રોજ (આંવા અર્દવીસુરનુ જશન). આઝરનો નવમો રોજ (આદર મહિનાનું જશન) દેહનો આઠમો, પદરમો, અને તેવીસમો રોજ. (દેહ મહિનાના દેપાદર, દેપમહેર, અને દેપદીન રોજનાં જશનો). બહમનનો બીજો રોજ (બહમનથાનનુ જશન) અસ્ફન્દાર મજનો પાંચમો રોજ (અસ્પન્દાદ મદનું જશન) દરેક જશનમા 'સુરત' અને 'માઅની' તરેહવાર રીતે શીંગાર લેછે (એટલે એ જશનો જેમ જાહેર રીતે સીંગાર

---

(૧) એટલે ફરવર્દીન મહિનો ને ફરવર્દીન રોજના ફરવર્દીઆનના જશન સુધી.

(૨) شرف શર્ફ The honour derived from ancestors ગુજરી ગયલા વડીલોના અશો ફરોહરોની યાદનો એ ફરવર્દીઆનનો દિવસ છે, માટે તેનો એ ઈસારોછે

અને એરા આસમથી પાળવામા આવેછે, તેમ તેનો અસલ ભેદ બસ્મ પાળવામા આવે છે.)(૧)"

ત્યારે બદએોનીનો ઊપલો પેહલો ફકરો, જેના વિચારોને તેના બીજા ફકરાઓ ટેકો આપે છે, તે ફકરા ઊપરથી આપણને શુ હકીકત મળે છે? આપણે નીચલી હકીકતો જાણીએ છીએ

૧ નોસારીના પારસીઓએ "જરથોશ્તી દીનની સચ્ચાઈ દેખાડી."

૨. તેઓએ શાહને "કયાનીઓની રાહ અને રવેશથી વાકેફ કીધો"

૩ શાહે ફરમાવ્યુ કે "ઈરાનના પાદશાહો, જેઓના આતશકદેહો હમેશાં બરપા રેહતાં, તેઓની રીત મુજબ આતશને મેહેલમા શેખ અબુ ફજલની સભાળ હેઠળ, શુ રાત કે શુ દિવસ, જારી તપાસેલો રાખવામા આવે"

૪. હીજરી ૯૮૮ (ઈ સ. ૧૫૮૧) મા, એટલે નોસારીના પારસીઓ દરબારમા આવ્યા પછી બે વર્ષમાં, શાહે "જાહેર રીતે ખોરશેદને અને વળી આતશને સેજદો કીધો, અને બતી અને ચેરાગ સળગાવતી વખતે દરબારીઓએ પણ ઊભુ થવાનુ જરૂરનુ ધાર્યું"

બદઓની પોતાના લખાણુમાં ઈરાનના જરથોશ્તીઓ માટે કાઈ કહેતો નથી. જો ઈરાનથી કોઈ જરથોશ્તીઓ એ વખતે આવ્યા હતે તો તે બાબે તે ઈસારો કરતે. એ તો ફક્ત નોસારીનાજ પારસીઓ માટે બોલેછે બદએોનીના એ ફકરાનો છુટો અર્થ આપતા પ્રોફેસર વીલસન જેવો જાણીતો ઊગમણુ ભાષાનો અભ્યાસી પોતાના એ બાબેના વિષય(૨)મા ખુલ્લું કહેછે કે "કેટલાક આતશની સેતાયશ કરનારાઓ, જેઓ ગુજરાતના નોસારીથી આવ્યા હતા, તેઓએ જરથોશતના ધર્મમા ઘણાકોને વટળાવ્યા. શાહનશાહ ચોકસ હદ તેઓમાનો એક હતો."

આપણે યાદ રાખવુ જોઈએ કે બદએોનીના લખાણની સત્તા, તે એક એવા તવારીખ નવેશની સત્તા છે, કે જે એક ચુસ્ત મુસલમાન હતો, અને જેને દરબારમાં ચાલતી ધર્મસબધી તકરાર સામે, અને શાહ અકબર ધર્મસંબધી બાબતોમાં જે સહનશીલતા દેખાડતો હતો તે સામે અભાવ હતો.

---

(૧) આઈને અકબરી, બ્લોખ્માને પ્રગટ કરેલુ પુસ્તક, વાલમ ૧, પાનું ૨૦૦ વસાયામાંનો ભાગ મેં સમજ માટે આપ્યોછે.

(૨) Account of the Religious Innovations attempted by Akbar, જુઓ ડા રોસ્ટે પ્રગટ કરેલાં એનાં લખાણો, વા. II—પા. ૩૮૯.

પ્રોફેસર મેક્ષમુલર કહેછે તેમ, બદાઓની "અકબરના ધર્મસબંધી વિચારો બાબે ખુલ્લો ધિક્કાર ધરાવી લખાણ કરતો[1] હતો." તેની "ચોપડી છુપી રાખવામાં આવી હતી અને મીરાત ઊલ આલમના એક લખાણ મુજબ તે જેહાંનગીરના રાજ્યમા જાહેરમા લાવવામા આવી હતી[2]". તેથી જો નોસારીના પારસીઓ પોતાના કામમાં નિષ્ફળ નીવડ્યા હતે તો બદાઓની એમ કહેવાને અચકતે નહીં. ત્યારે એના જેવા ખુદ અકબરના જમાનાના તવારીખ ન્વેશની સત્તા ઊપર ઊવીલસન પોતાના બોલવાનો આધાર બાંધે છે. તે બદાઓનીને ખુલ્લે ખુલ્લુ એમ કહેતો સમજે છે, કે નોસારીના આતશપરસ્તોએ જરથોશતી ધર્મની બાબતમા શાહનશાહ ઊપર અસર કીધી હતી અકબરની દરબારમા આવેલા પારસીઓની મુલાકાતનું પરિણામ વર્ણવવાની બાબતમાં બદાઓની કરતા કોઈ પણ લખાણ વધારે સત્તાભર્યું ન ગણાય, અને નોસારીના પારસીઓ બાબેના બદાઓનીના ફકરાને બરાબર સમજવાની બાબતમા ઊવીલસન કરતા કોઈ પણ લખનાર વધારે સત્તાભર્યો નહીં ગણાય.

એક બીજો પણ લખનાર છે, કે જે પણ બદાઓનીને બરાબર સહમજ્યો છે. તેના કેહેવા મુજબ નોસારીના પારસીઓએ જરથોશતી ધર્મની બાબતમા અકબરને સમજણ આપી હતી. તે કોટ દ નોયે છે (૧૮૩૦ થી ૧૮૮૨). તેના જર્મન પુસ્તકનો બોને મોરી નામના ગ્રંથકર્તાએ ફ્રેંચમા તરજુમો[3] કર્યોછે. તે તરજુમાને આધારે હું તેના શબ્દો જણાવું છુ તે કહે છે કે "ગુજરાતમા આવેલા નોસારી ખાતે જરથોશતના ધર્મને માનનારા કેટલાકો હતા. તેઓ ઇરાનથી નાસી આવેલા પુરૂષો, કે જેઓને ધર્મને ખાતર હેરાન કરવામા આવ્યા હતા, અને જેઓને હિંદુસ્તાનમા એક નવુ વતન મળ્યુ હતું, તેઓના વારેસો હતા તેઓને પારસી એટલે કે આતશની સેતાયશ કરનારાઓ કહે છે તેઓના ધર્મગુરૂઓમાના કેટલાકોને સીકરી ખાતે બોલાવવામા આવ્યા હતા અને તેઓએ શાહનશાહને પોતાના ધર્મમાં દાખલ કર્યો (યા ધર્મ શિખવ્યો) હતો."

II **બદાઓનીને દબેસ્તાનનો ટેકો**[4] —આપણી બાબતના સબંધમા

(૧) Introduction to the Science of Religion ૧૮૮૨ની આવૃત્તિ પાનું. ૨૦૯.

(૨) બ્લોખમાન. આઈને અકબરી I પા ૧૦૪ નોટ ૨.

(૩) L' Empereur Akbar par le Comte de Noer, traduit par G. B. Maury. વા. I પા. ૩૧૪–૩૧૫.

(૪) દબેસ્તાનના અસલ ફારસી ફકરા માટે જુઓ ઊપર પા. ૧૩.

બહદીનોની મુનતખબ અલ તવારીખ પછી બીજું અગતનું પુસ્તક દબેસ્તાન છે. આ ફારસી ધર્મસંબંધી કેતાબ, જે બદાઉનીની પછી થોડાંક (આશરે ૫૭) વર્ષે લખાઇ હતી, અને જેમાં અકબરની દરબારમાં આવેલા પારસીઓની હકીકત, એકાદ બાબત સિવાય, મુખ્ય કરીને બદાઉનીને આધારે લખાઇ છે, તેમાં પણ ઉપલી બાબતની નોંધ લીધી છે, કે ગુજરાતના મુલકમાંથી નોસારી કસબામાંથી આવેલા આતશ પરસ્તોએ શાહ અકબરને જરથોશ્તી દીન, આતશની સેતાયશ અને અસલી કેઆનીઓની રાહ રસમો સમજાવી. એ પુસ્તકમાં કહેછે કે “ એજ મુજબ આતશ પરસ્તો, કે જેઓ, નોસારી કસબો, જે ગુજરાતના મુલકમાં છે, ત્યાથી આવ્યા હતા, તેઓએ જરથોશ્તી દીનની સચ્ચાઇ અને આતશની તાજીમને મોટી એબાદત તરીકે જણાવી. પાદશાહે તેઓને પોતાની પાસે બોલાવ્યા અને કયાનીઓની રાહ રવેશથી વાકેફી મેળવી, અને વળી અરદેશર નામના જરથોશ્તી દાનાવ ઉપર પૈસા મોકલ્યા, અને ઇરાનથી બોલાવ્યો, અને આતશને તમામ સંભાળથી દાનાવ નવાબ શેખ અબુ ફઝલને સોંપ્યો અને મુકરર કર્યું કે ઓર્બદોની રીત મુજબ, જેમ ઇરાનના મુલકના આતશ કદેહો હમેશા બરપા રહેતાં, તે તરીકા મુજબ, હમેશાં શું રાતે કે દિવસે, મેહેલના ખાનગી અન્દરના ભાગમા તેની તપાસ રાખે, કારણ કે તે ખોદાતાલાની નિશાણીઓમાંની એક નિશાણી છે, અને તે બુલદ ઇજદના નુરોમાંનું એક નુર છે. અને તેજ માફક ફેરમાનથી આતશ પરસ્તોને તેડાવ્યા, અને જરથોશ્તી દીનના ભેદો માટે તેઓને પુછયું અને આજર કએવાન, જે યજદાનીઆન અને આબાદાનીઆન (પંથવાળાઓ) નો સરદાર હતો, તેના ઉપર કાગળો લખ્યા અને તેને હિંદુસ્તાન તેડાવ્યો. ” (૧)

દબેસ્તાનના ઉપલા ફકરા ઉપરથી આપણને નીચલી હકીકતો મળેછે

૧ “ આતશ પરસ્તો, કે જેઓ, નોસારી કસબો, જે ગુજરાતના મુલકમાં છે, ત્યાથી આવ્યા હતા, તેઓએ જરથોશ્તી દીનની સચ્ચાઈ અને આતશની તાજીમને મોટી એબાદત તરીકે જણાવી ”

૨ “ પાદશાહે તેઓને પોતાની પાસે બોલાવ્યા અને કયાનીઓની રાહ રવેશથી વાકેફી મેળવી.”

૩. “ આતશને તમામ સંભાળથી દાનાવ નવાબ શેખ અબુફજલને

---

(૧) હીજરી ૧૨૭૭ માં મુંબાઇમા છપાયલી ફારસી આવૃત્તિ પા ૨૯૬, નજર બીજી, દસમી તાલીમ.

સોંપ્યો, અને મુકરર કર્યું કે ઓફીસાની રીત મુજબ, જેમ ઇરાનના મુલકના આતશ કદેહો હમેશા બરપા રહેતાં, તે તરીકા મુજબ, હમેશાં શું રાતે કે દિવસે, મેહલના ખાનગી અન્દરના ભાગમા તેની તપાસ રાખે."

ત્યારે આપણે જોઈએ છીએ, કે બદઓનીના આગળ આપેલા ફકરામાં જે ત્રણ બાબતો જણાવીછે, તે દબેસ્તાનના ઉપલા ફકરામાં પણ મળે છે.

પણ દબેસ્તાનના ઉપલા ફકરામા એક બાબત વધારે છે કે જે બદઓ-નીમાં નથી મળતી. તે આ છે કે "અને વળી અરદેશર નામના જરથોશ્તી દાનાવ ઉપર પૈસા મોકલ્યા અને ઇરાનથી બોલાવ્યો ... અને તેજ માફક ફેરમાનથી આતશ પરસ્તોને તેડાવ્યા અને જરથોશ્તી દીનના બેદો માટે તેઓને પુછ્યું અને આજર કએવાન ઉપર .... કાગળો લખ્યા અને તેને હિંદુસ્તાન તેડાવ્યો."

દબેસ્તાનના લખનારે બદઓની ઉપરથી લીધુછે—હવે દબેસ્તાનમા જણાવેલી આ એક નવી બાબત ઉપરથી એમ અટકળ કરવામાં આવેછે કે "બદઓનીએ જણાવેલા નોસારીના પારસીઓથી અકબર સંતોષ નહીં પામેલો હોવો જોઈએ તેઓ તેને ઘણું નહીં શીખવી શક્યા હોય, તેથી તેણે દુર નજર કરવાનો ઠરાવ કીધો અને ફેરમાનથી અરદેશરને અને બીજા પારસીઓને તેડાવ્યા" દબેસ્તાન ઉપરથી મુદલ એવું અનુમાન નીકળી શકતું નથી. પેહલું તો દબેસ્તાનમા ફકત ઊપલી એક બાબત વધારે આવી છે, તે ઊપરથી એમ કહેવામા આવેછે કે દબેસ્તાન "વધારે સપૂર્ણ અને વિગત વાર એહેવાલ આપે છે" બદઓનીની મુન્તખબ અલ તવારીખ અને દબેસ્તાનના આ બાબતના અસલ ફારસી ફકરાઓ ઊપરથી માલુમ પડેછે કે બદઓના કરતા દબેસ્તાનનો કર્તા કોઈ વધુ સપૂર્ણ યા વિગતવાર એહવાલ આપતો • થી. દબેસતાનનો ફકરો બદઓનીની મુન્તખબ અલ તવારીખના આ બાબેના ફકરાનો લગભગ બોલેબોલ ઊતારો છે બદઓનીની મુન્તખબ અલ તવારીખ ઉપરથી અને દબેસ્તાન ઊપરથી આ બાબતના અસલ ફારસી ફકરાઓ હું સામાસામી આપુછુ, જે ઊપરથી એકી નજરે એકદમ નજરે પડશે કે ફેરમાનથી અરદેશર અને બીજા આતશાની સેતાયશ કરનારાઓ આવવાની બાબત સિવાય. દબેસ્તાનનો ફકરો બોલેબોલ બદઓનીની તવારીખ ઊપરથી લીધેલો છે.

બદઓની.

વ આતશ પરસ્તાંન કે અઝ રોહરે નઓસારી અઝ વેલાયતે ગુજરાત આમદે બુદન્દ દીને જરતુસ્તરા હક નમુદન્દ વ તાઝી-મે આતશરા એબાદતે અઝીમ ગોફ્તન્દ વ બ જાનેબે ખુદ કશીદ અઝ એસ્ટેલાહ વ રાહ વ રવેશ કીઆનીઆંન વાકેફ સાખ્તન્દ તા ફરમુદન્દ કે આતશ રા બ એહતમામે શેખ અબુલ ફજલ બ રવેશ મુલુકે અજમ કે આતશ કદેહે ઈશાન હમીશે બર પાએ બુદ દાયમ અલ અવકાત ચે દર શબ ચે દર રોઝ દર મેહલ નેગાહ મી દાશ્તે બાશન્દ કે આયતી અસ્ત અઝ આયાતે ખુદા વ નુરીસ્ત અઝ અનવારે વએ

દબેસ્તાનનો લખનાર.

વ હમ ચુનીન આતશપરસ્તાન કે અઝ કસ્બે એ નઓસારી કે અઝ વેલાયતે ગુજરાત અસ્ત આમદે બુદન્દ દીને જરથુસ્ત રા હક વ તાઝીમે આતશ રા એબાદતે અઝીમ મી ગોફ્તન્દ હઝરત ઈશાનરા બ જાનેબે ખુદ ખાન્દ અઝ રાહ વ રવેશ કેઆં-નીઆન વકુફ હાસેલ નમુદન્દ વ હમ અરદશીર નામ જરદુશતી દાનારા ઝર ફીરેસ્તાદ વ અઝ ઈરાંન આવુર-દન્દ વ આતશરા બ એહતેમામે તમામ બ નવાબ એલામી શેખ અબુલ ફજલ સેપુરદન્દ વ મુકરર સાખ્તન્દ કે બર આઇને મોબેદાંન બ તરીકી કે આતશ કદેહે મુલુકે અજમ હમીશે બરપા બુદ દા-યમ અલ અવકાત ચે દર શબ વ ચે દર રોઝ દર અનદરૂને શબ-સ્તાન નેગેહ દારન્દ કે આયતી અસ્ત અઝ આયાતે ખુદા વ નુરીસ્ત અઝ અન્વારે ઈઝદ બુલદ

ઉપલા સામા સામી મુકેલા ફકરાઓમા જે શબ્દો દબેસ્તાનવાળાએ બદઓનીમાંથી બોલબોલ લીના છે, તે કાળા હર્ફે આપ્યા છે. તે ઉપર નજર ફેંકતા એકદમ દિસે છે કે બદઓની ઉપરથી દબેસ્તાનમાં ઘણું ઉતારી લીધુ છે એ તો અસલી ફારસી લખનારાઓની વાત છે કે જેઓમા એવી ઘણીક રીતો ચાલી જતી હતી, પણ જો હાલની રીતી જોઈએ, અને હાલના શબ્દોમાં બોલીએ, તો દબેસ્તાનવાળાએ બદઓનીની મુન્ત-ખબ અલ તવારીખમાંથી ખુલ્લી ચોરી કીધી છે, એમ કહેવાય

દબેસ્તાનનો આધાર બદઓનીનાં પુસ્તક ઉપર છે, તે બાબે બીજા દાખલા—હવે ફક્ત આજ બાબતમાં દબેસ્તાનવાળાએ બદઓની ઉપરથી

ફકરાઓ આબેહુબ માટે ભાગે લીધા છે, એમ નથી, પણ બીજી બાબતોમાં પણ લીધા છે. દાખલા તરીકે—

(ક) રાજા બીર્બલે ઓરશેદની કરેલી સીફત. (સરખાવો હીજરી ૧૨૭૭ મા મુંબઇમા પ્રગટ થયલો દબેસ્તાનનો ફારસી તેક્ષ્ટ, પાનું ૨૯૫ લીટી ૧૨, અને મુન્તખબ અલ તવારીખનો લીઝ અને અહમદઅલીનો તેક્ષ્ટ, વાલમ II પાનું ૨૯૦ લીટી ૧૪ શીઆ અને ત્રોયેરનો દબેસ્તાનનો અંગ્રેજી તરજુમો વાલમ III પા ૯૩ અને રેહાતઝેકનો મુન્તખબ અલ તવારીખનો તરજુમો The Emperor Akbar's Repudiation of Esllâm. પાનું ૨૫.)

(ખ) આગલા લખનારાઓએ કદીમ પેગમ્બરોને પુરતો ઇનસાફ આપ્યો નથી, તે બાબત ઉપર અબુલ્ફજ઼લની બદઓોની સાથે તકરાર (સરખાવો ફારસી દબેસ્તાનની ઉપલી આવૃત્તિ, પાનુ ૨૯૯ લીટી ૧૪ અને લીઝ અને અહમદઅલીની બદઓનીની મુન્તખબ અલ તવારીખની આવૃત્તિ, વાલમ II, પાનું ૨૯૨, લીટી ૭ સરખાવો ઉપલા તરજુમાઓ, શીઆ અને ત્રોયેર III પાનું ૯૯, રેહાતઝેક પા. ૨૭)

એ મુજબ કેટલાક ફકરાઓ દબેસ્તાન વાળાએ બદઓનીની ઉપરથી, થોડાક શબ્દોના આઘી ત્યા ફેરફાર સાથે, લીધા છે. આ બે લખનારાઓ વચ્ચે ફરક આ છે, કે જ્યારે બદઓની ચુસ્ત ઇસ્લામી હોવાથી કોઇ વેળા પોતાનું ઝનુન દેખાડે છે ત્યારે દબેસ્તાનનો લખનાર તેવા ઝનુનથી નિરાળો છે

આ બાબતમાં બદઓની વધારે સત્તાદાર.—એ ઉપરથી ત્યારે દિસેછે કે દબેસ્તાનના લખનાર કરતા બદઓની આ બાબતમા વધારે સત્તાદાર અને સાહી છે. દબેસ્તાનવાળાએ બદઓની ઊપરથી ઘણુક લીધુ છે. વધારે સત્તાદાર પુસ્તક કયું? બદઓનીની મુન્તખબ અલ તવારીખનું કે કર્તા તરીકે ધારવામા આવતા મોહસન ફાનીની દબેસ્તાનનું?

એ બાબે પ્રોફેસર વીલસન કહેછે કે "અકબરની હાજરીમાં ચાલેલી ધર્મ સબંધી તકરારનો એહવાલ દબેસ્તાન આપેછે, અને એવું ધારી શકાય, કે એક ફીલસુફના રૂપમા તે પાદશાહના મતોને સ્વરૂપ આપેછે. પણ આ પુસ્તક પાદશાહે સ્થાપેલા પંથના ચોકસ કૃતવાઓ આપતું નથી, અને તે ડાહ્યા માણસના જે વિચારો જણાવેછે તે હા-કારના કરતાં ન-કાર રૂપી વર્ણનમાં વધારેછે, કે જે એક પંથના નવા પુસ્તકનાં મૂળ તત્વો કરતાં હેયાતી ભોગવતી દીનોને ઉખેડી નાખનાર વધારેછે પણ આવા અ-ચોકસપણા સામે

સંતોષકારક અરજ કરવાનું આપણુ પાસે એક સાધન છે, અને તે આપણને અકબરના રાજ્યની સેવટે લખાયલા એક પુસ્તકમાં મળેછે, કે જે પુસ્તક મોહમદના ધર્મ ઉપરથી શાહનશાહના વિચારો આસ્તે આસ્તે કેમ ફરતા ગયા તેનો, અને જે નવા કાનુનો અને રિવાજો દાખલ કરવાને તેણુ મેહેનત કીધી હતી તેનો ઘણો વિગતવાર સાર આપેછે."(૧)

પ્રોફેસર બ્લોખ્માન(૨) પણુ આવોજ વિચાર આપેછે અકબરના ધર્મ સંબધી વિચારો બાબે બદએોની ઉપરથી ફકરા આપીને કહેછે કે "બદએોનીના ઉપલા ફકરાએો એક **ખાસ અગત્ય** ધરાવેછે, કારણુ કે તેઓ ઇસલામના ધર્મ બાબેના તેના પેહેલ વહેલા શકની શરૂઆતથી તે તેને એકદમ તજી દેવાના તબક્કા સુધીના અકબરના વિચારોનું શરૂ થવુ અને વધારો દેખાડેછે, અને એક નવો ધર્મ, જેમાં હિંદુ ધર્મની મુખ્ય બાબતો અને પારસીઓની આતશની સેતાયશ ભેગાં મળેલાં છે, તે ધર્મની રફતે રફતે થયલી સ્થાપના દેખાડેછે **આ કીમત જેમ આઈન (આઇને અકબરી) માં આવેલા છુટા વીખરાયલા વિચારોને તેમ દબેસ્તાનના વધારે લાંબા લખાણુને લાગુ પડતી નથી** પાછલા પુસ્તક (દબેસ્તાન) ના લખનારે બદએોનીનો ઉપયોગ કર્યો છે, તેથી તેના જે **થોડાક ટીકાઓ નવા છે** તે એકઠા કરવાની જરૂર છે."

દબેસ્તાનમા ધર્મ સબધી મિજલસોની તકરારનું જે વર્ણુન આપ્યુ છે, તે બાબે એલ્ફીનસ્ટન(૩) ધારેછે, કે તે કલ્પિત હોય એ સભવિક છે

અરદેશર બાબે ખરો ખુલ્લાસો.—હવે આપણે વિગતે તપાસીએ, કે દબેસ્તાનમાં બદએોનીના લખાણુ ઉપરાંત અરદેશર કેરમાની માટે જે વધારે હકીકત જણાવી છે, તેનો ખરો ખુલાસો શુ છે.

અરદેશર નામનો એક ભણેલો ધર્મગુરૂ ઇરાનથી અકબરની દરબારમાં આવ્યો હતો, એ વાત તો ચોક્કસ છે. તે ફરહગે જેહાગીરી ઊપરથી ચોક્કસ માલૂમ પડે છે. પણુ તેને માટે આ બે બાબતો પણુ કાંઈ પણુ શક વગર ચોક્કસ સાબિત થાય છે. તે આ કે—

(ક) તે એબાદતખાનામા ચાલેલી ધર્મસબધી તકરારો, કે જે ઉપરથી

(૧) ડા. રોસ્ટે (૧૮૬૨ મા) પ્રગટ કરેલાં પ્રોફેસર ભીલીસનનાં પુસ્તકો વોલ્યમ II પાના ૩૭૯-૩૮૦,

(૨) બ્લોખમાન આઈને અકબરી વાલ્યમ I પા ૨૦૯ અગત્યના શબ્દો ઉપર ધ્યાન ખેચવાને મેં તે કાળા કર્યા છે

(૩) એલ્ફીનસ્ટનની હિંદુસ્તાનની તવારીખ, પુસ્તક IX બાબ III, કોવેલની આવૃત્તિ પા. ૫૩૫

અકબરે જરથોશતી સેતાયશના કેટલાક તરીકાઓ અખતાર કર્યા હતા, તેમાં ભાગ લેવા માટે આવ્યો નહીં હતો

(બ) અને તે ૧૫૮૧-૮૨ જ્યારે અકબરે જરથોશતી સેતાયશની રાહ રીતીઓ અખતાર કીધી હતી, તે પછી લાબે વખતે આવ્યો હતો.

(ક) અર્દેશરના આવવાનો ખરો સબબ ફરહગે જેહાંગીરી પુસ્તકના કામમા મદદ કરવી.—હવે પહેલી બાબત, કે અર્દેશર ધર્મ-સબધી મજલસોમા ભાગ લેવાને નહીં, પણ બીજા સબબો માટે આવ્યો હતો, તેના ટેકામા આપણને ખુદ અકબરના વખતનાજ લખનાર મીર જમાલુદદીનના લખાણની સત્તા મળે છે. આ ધણી જાણીતા ફારસી શબ્દકોષ "ફરહગે જેહાગીરી"નો લખનાર હતો. આ શબ્દકોષ, અકબર, જેણે તેની મુરબ્બીગીરી કરી તેને ટેકો આપ્યો હતો, તેના વખતમા શરૂ થયો હતો, અને તેના બેટા જેહાગીર, જે ઉપરથી તેણે 'ફરહંગે જેહાગીરી' નામ લીધુ હતું, તેના વખતમા તમામ થયો હતો આ પુસ્તકનો લખનાર આ શબ્દકોષમા અકબરના તેની સાથેના સબધની જે હકીકત આપે છે, તેનો તરજુમો હુ નીચે આપુ છુ

ફરહગે જેહાંગીરીના દિબાચાના અગત્યના ભાગનો તરજુમો.—[1] 'જવાનીના બહારના વખતથી મારી તમામ મરજી અને ઇચ્છા કદીમ લોકોની કવિતા વાચવા અને સમજવા ઉપર હતી, અને મિત્રો અને દોસ્તોની સંગતમા મારો ઘણો વખત પુરાણા ઉસ્તાદોના લખાણો અને કવિતાના સગ્રહો વાચવામાં જતો, અને જ્યારે તેઓની કવિતાઓમાંની કેટલીકોમા ફારસી, પેહેલવી અને દરી શબ્દો અને ઇસ્ટેલાહો વિગેરે આવતા, ત્યારે નાચારીએ ફારસી શબ્દકોષો, કે જેને ફરહગ કહેછે, તે મને જોવી પડતી, અને ઘણાક શબ્દો અને ઇસ્ટેલાહો પુરાણી કવિતાઓમા એવા મળતા, કે જે કોઇ શબ્દકોષમા નહી મળતા, અને જે મળતા તેમા ઘણુ ઉજાટાપણુ અને ગુચવણ હતા દાનેશ અને એલમની દોરીના શરાફોએ લાગતો અને ઇસ્ટેલાહોનું મૂળ સમજવા માટે અને તે ખોળી કહાડવા માટે ઘણુ લખ્યું હતુ, પણ ફારસી અને અરબી શબ્દનો વચ્ચે ફરક નહીં રાખ્યો હતો. તેથી મક-

---

(૧) હીજરી ૧૨૯૩ ની લખનોની લીથોગ્રાફ આવૃત્તિ, પાનુ ૩ લીટી ૫ થી દિબાચો. અરવદ માનેકજી રૂસ્તમજી ઊનવાળાની ફરહગે જેહાગીરીની જુની હાથની લખેલી આવૃત્તિ પા ૧ લીટી ૧૬ આ દિબાચાનો આજસુધી, જ્યાં સુધી હુ જાણુ છુ ત્યા સુધી, તરજુમો થયો નથી, માટે મારો તરજુમો હુ આપુછુ

સદ પાર પડી નહીં અને જરૂરી સવાલો વગર તપાસવે પડી રહ્યા. તેથી એલમનો આ ઉંડી શાખામા એક કેતાબ તૈયાર કરવાની ઇચ્છા મારા કમીના મગજમાં ઉત્પન્ન થઇ.

ગદ્ય અને કવિતાની ચોપડીઓમાં નહીં જણાયલા જે શબ્દો મારી નજરે આવ્યા, તે મેં કેટલાક ભાગોમાં એકઠા કીધા. ટુકમા આ કે નજદીક એક જમાનો, કે જે ૩૦ વર્ષનો થાય તે, (એટલે) મારો ઘણો વખત અને મારી ઉમ્મરનો ઘણો વખત ફારસી અને પહેલવી અને દરી શબ્દો અને ઇસ્ટેલાહ વિગેરેની તેહેકીક કરવામા મેં ગુજાર્યો

"આ ૩૦ વર્ષ મેં ઘણી રજ ખેંચી અને આ ફારસીથી મેં ઇરાનને જીવતું કીધું."[1] સુભાષિતપણાનો હાથ મારાથી મજબુત થયો. પહેલવીનું દફતર મે તમામ કર્યું. ઘણીક શોધ અને ખોળ પછી એટલા બધાતો શબ્દો અને ઇસ્ટેલાહો એકઠા થયા કે જેટલા કોઇપણ શબ્દકોષ રચનારને હાથ લાગ્યા હતા નહીં પણ તેની ગોઠવણ, (કેટલીક) મુશ્કેલીઓ, કે જે મળવાનુ વર્ણન ઘણા ફાયદાનુ નથી, તેને લીધે ઢીલના ચક્કરમા પડી હતી, અને મારી પુછપરછની જીઆદતીને લીધે આ (શબ્દકોષ રચવાના) હુનરની મારી સરસાઇ એટલી હદે પહોંચી કે થોડાજ શબ્દો અને ઇસ્ટેલાહો એવા રહી ગયા, કે જે હુ બદાની તપાસમા આતશી દલીલ હેઠળ નહીં આવ્યા. તેથી ઘણાક ઇનસાફી વિચારના મિત્રો, આ એલમની બાબતમાં મને વિ-શ્વાસ લાયક (એટલે સત્તાદાર) સમજીને, દરેક મુશ્કેલી, કે જે તેઓને ગદ્યના અભ્યાસમાં અને શબ્દોના એલમમા પડતી, તે મારી આગળ લાવતા.... ટુકામા, હુ બદાની આ એલમની બાબતની સરસાઇ પુરતી રીતે મશાહુર થયાથી હીજરી ૧૦૦૦ ના ઝી-અલ-કદા (એટલે ઇસ્લામી ૧૧ મા મહિના) મા, જે વખતે કે જલાલુદદીન અકબર બાદશાહ ગાજી, જે ઉમરાવોનો આફતાબ છે,....... તેનો વાવટો શ્રીનગર શહેર, કે જે કેશમી-રની રાજધાની છે, તેમા ઉડવાનું માન પામ્યો (એટલે કે જ્યારે અકબર પાદશાહ શ્રીનગરમા આવ્યો), તે વખતે મારા એક મિત્રએ ફારસી લો-ગતો અને ઇસ્ટેલાહોની તેહેકીક, જે કરવાનું હુ બદાના નસીબમા હતું, તે બાબે સખુનો તેની બેહેશતના તરીકા વાળી મિજલસમા કહ્યા નામદાર

(૧) "બસી રન્જ બુર્દેમ દર ઈન સાલ સી
અજમ જીન્દે કર્દેમ બદીન પારસી"

આ લીટીઓ ફીરદોસીમાથી મીર જમાલુદદીને લીધીછે જુઓ મોહલનું શાહનામુ વાલમ I દિબાચો પાનુ ૯૦ લીટી ૨૦. મેકનવાળુ કલકત્તાનુ શાહનામું વાલમ I પાનુ ૬૫ લીટી ૧૮

પાદશાહના દરબારીઓએ આ બાબત સાંભળતાને વાર, હું કમીના ખાસ મિત્રને પાદશાહની માનવતી અને પવિત્ર હાજરીમા બોલાવ્યો. પાદશાહે મોતીના દાણા ફેંકનાર અને ગોહરનો નેસાર કરનાર જબાનથી (એટલે નરમાશથી અને સુંદર રીતે) કહ્યું કે 'જયારથી આરબોને ઇરાનના મુલકોમાં સત્તાનો હાથ મળ્યો, ત્યારથી ફારસી જબાનમા આરબી શબ્દો ભેળાયાથી, ઘણાક ફારસી અને દરી અને પહેલવી શબ્દો વ્યવહારમાંથી નીકળી ગયા, બલકે તદ્દન નાબુદ થયા એ સબબને લીધે કદીમ વખતની ફારસી જબાનોમા લખાયલા પુસ્તકોના ખુલ્લાસા, અને કવિતાઓ, કે જે અસલી સાએરોએ સાએરીના જહવેરથી સીંગારી છે, તેના અર્થો છૂપા પડદા પાછળ અને ખાનગી બુર્ખા પાછળ, છૂપાયલા અને ભરાયલા રહ્યા છે. એ સબબે, અત્યાર આગમચ, આલિમોને પનાહ આપનારી આ દરબારના કેટલાકોને, મેં સર્વે ફારસી પુરાણા શબ્દો અને ઇસ્ટેલાહોનુ પુસ્તક રચવાને ફરમાન આપ્યુ હતું. કોઈ પણ ઘણી જેવું જોઈએ તેવી રીતે તે કામ બજાવી શક્યો નહીં (તેટલા માટે) જરૂરનુ છે, કે એલમની આ ઉમદા બાબતમા તું સારી વીખ્યાતીનું અને બુલદ નામનુ પુસ્તક બનાવે, કે મારા સારા નસીબ સાથે હમેશા જોડાવાના નતીજાને લીધે, જમાનાના સફા ઉપર રાત અને દહાડો તેની અસર કાયમ રહે (એટલે કે તે પુસ્તક મારા નામ સાથે જોડાયલું રહે અને હમેશા ઉપયોગી નિવડે)”

આટલું લખવા પછી મીર જમાલુદદીન પોતાના દિબાચામા વધુ કહેછે, કે તેને ૪૪ ફરહગો, જદ અને પાજદ ચોપડીઓ, અને બીજા ફારસી પુસ્તકો એકઠા કીધા હતા, પણ તે સઘળુ કામ તમામ કરે તેની આગમચ હીજરી ૧૦૧૪ (ઈ. સ ૧૬૦૫) મા શાહ અકબર મરણ પામ્યો, અને તેનો છોકરો જેહાગીર ગાદી ઉપર આવ્યો, અને આ શબ્દકોષ સેવટે તેના રાજ્યમા, હીજરી ૧૦૧૭ (ઈ સ ૧૬૦૮-૯) મા, એટલે અકબરના મરણ પછી ત્રણ વર્ષે તમામ થયો. તેથી કર્તાએ તે શબ્દકોષનું નામ ફરહંગે જેહાગીરી આપ્યું. (૧)

ફરહગે જેહાંગીરી પરથી અરદેશર બાબે મળતી હકીકત—મીર જમાલુદદીનના આ લાબા દિબાચા ઉપરથી આપણને કેટલીક હકીકતો મળે છે

૧) પહેલું તો આપણે આ જાણીએ છીએ, કે શા સબબે શાહ અકબરે આ પુસ્તકની મુરબ્બીગીરી કરી તેને મદદ આપી

(૧) એ બાબેના બેત માટે જુઓ ઉપર પાનુ ૨૦

અને ૨) બીજુ આ, કે એ દિબાચામાં (ક) આપણને આ ફરહંગે જેહાંગીરીની શરૂઆતની, (ખ) અકબરે તેને માટે મદદ આપવાની, (ગ) અને તેના તમામ થવાની તારીખો મળે છે. તારીખો માટે આપણે પાછ-ળથી વિચાર કરીશું

૧ પહેલુ આ પુસ્તકને અકબરે મદદ આપી હતી, તેના સબંધમા આ-પણે આ જોઇએ છીએ, કે આ પુસ્તકનું ખાસપણું, કે જેને જેમ તેના કર્તાએ તેમ શાહ અકબરે પોતે ઘણું વજન આપ્યું હતું, તે આ છે, કે તેમા ઘણા પુરાણા ફારસી શબ્દો આવ્યા છે, અને ખાસ કરી જંદ અને પાજંદ મૂળના શબ્દો આવ્યા છે એ સબબ કાજે કર્તાએ ઘણાક જંદ અને પાજંદ પુસ્તકો એકઠા કીધા હતાં. હવે મીર જમાલુદદીનને ફરહગના આ ખાસ કામમાં મદદ કરવા માટે શાહ અકબરે અરદેશર નામનો એક ભણેલો ઇરાની, જેનો દબેસ્તાન ઇસારો કરે છે, તેને કેરમાન ખાતેથી બોલાવ્યો હતો. બ્લોખમાન આ બાબે કહે છે, કે "શબ્દ કોષના દિબાચા ઉપરથી માલૂમ પડે છે કે તેના રચનારની મહેનત ૩૦ વર્ષ સુધી જારી રહી હતી હીજરી ૧૦૦૦ માં, એટલે તે શરૂ કરવા પછી ૧૩ વર્ષે, જ્યારે અકબર શ્રીનગર ખાતે હતો, ત્યારે મીર જમાલુદદીનને તેનો શબ્દકોષ તમામ કરવાનો હુકમ મળ્યો અકબરે હસ્તલેખો ખરીદવા માટે મોટી રકમો આપી, એટલુંજ નહીં, પણ મીર જમાલુદદીનને તે રચવાના કામમા મદદ કરવા માટે ઇરાનથી ભણેલા પુરૂષોને તેડયા તવારીખનવેશ બદએોની કહે છે કે અકબરના 'મજલીસે ખાસ'મા ઘણાક શબ્દોની તેહેકીક કરવામાં આવતી. અકબર પોતે શબ્દોના અભ્યાસનો શોખ, જે મુસલમાનો સરસ રીતિ ધરાવે છે, તે દેખાડતો..... જંદ અને પાજંદ શબ્દો તે (શબ્દકોષ)નું ખાસ સ્વરૂપ હતું (૧)

અરદેશરને શબ્દકોષ માટે તેડાવ્યો હતો, તે બાબે ફરહગે જેહાંગીરીનો ફકરો.—હવે અરદેશરને ઇરાનથી એ શબ્દકોષ માટે તેડાવ્યો હતો, તે આપણને ખુદ ફરહગે જેહાગીરી ઉપરથીજ માલૂમ પડે છે બ્લોખમાન એ ફકરો પોતાના ઉપલા લખાણમાં આપેછે ફરહગે જેહાંગીરીમાં બરસમ શબ્દના ખુલ્લાસામાં તેનો લખનાર કહેછે કે—

"**બર્સમ**—આ લોગતનો ખુલ્લાસો, એક મજુસ (માગી), કે જે પોતા-ની દીનમા ઘણો કાબેલ હતો અને અરદેશર નામ ધરાવતો, અને જેને મજુસીઓ મોબેદ તરીકે જાણતા, અને જેને પાદશાહે ખાસ કરી ફારસી

(1) Journal of the Asiatic Society of Bengal Vol. XXXVII, Part I, No I, p 12-14 (1868).

શબ્દોની તેહેકીક કરવા માટે, તેને માટે પૈસા મોકલીને કેરમાનથી બો-લાવ્યો હતો, તેનાથી તેહેકીક કીધીછે," (૧)

બર્સમ શબ્દ સાધારણ ફારસી શબ્દ નહીં હોવાથી, અને કદીમ હોવાને લીધે ખાસ અર્થ ધરાવતો હોવાથી, કર્તા તે માટે પોતાની સત્તા જણાવે છે કે કોણને આધારે તેણે એ અર્થ આપ્યો છે.(૨) તે આઝર શબ્દના સબંધમા પણ પોતાની સત્તા નીચે મુજબ જણાવે છે.

"આ હરફોનો લખનાર હુ બંદો, પારસીઓનો એક બુજોર્ગ માણસ, કે જે જરથોશતની દીનનો હતો, અને જેની પાસે જદ અવસ્તાની જુજ કેતાબો હતી, તેને મળ્યો ફારસીના શબ્દો તમામ એકઠા કરવાની મારી મરજી અને ઈચ્છા હતી, અને ફારસી માટે જદ અવસ્તા કરતા કોઈ વધારે એતિબાર કેતાબ નથી, તેથી શબ્દોની તેહેકીક કરવા માટે હુ તેની સાથે મિત્રાચારી રાખતો, અને ઘણાક શબ્દો જે આ ચોપડીની સેવટે (એટલે વધારા તરીકે) જદ અને પાજદ અને અવસ્તામાથી આપ્યા છે, તે એ જરથોશતીએ આપેલી સમજણ ઉપરથી છે જદ વાચતા જ્યારે તે આ શબ્દ (આજર) ઉપર આવતો, ત્યારે તે આદર, નુકતા વગરના 'દાલ' ઉપર 'જમે' સાથે વાચતો, અને કહેતો, કે જન્દ અવસ્તાની કેતાબમા આ શબ્દ નુકતા સાથેના 'દાલ' થી નથી આવતો"(૩)

---

(૧) જુઓ ઉપલુજ પુસ્તક પાનુ ૧૪ એ બાબેના અસલ ફારસી ફકરા બાબે જુઓ ઊપર પા ૨૧

(૨) આ બર્સમ શબ્દ ઘણો પુરાણો હોવાથી, અને ફારસીમાં સાધારણ ઉપયોગમાં નહી આવવાથી, ફરહંગે જેહાગીરીની પાછલી લીથોગ્રાફ થયલી આવૃત્તિઓ તે આપતી નથી બ્લોખ્માન પાસેની હાથની નકલમા તે આપ્યો છે જે ઉપરથી તેણે ઊપર પ્રમાણે ઊતાર્યો છે એ૦ માનેકજી રૂસતમજી ઉનવાળાની જુની હાથની લખેલી નકલમાં તે આપ્યો છે ફરહંગે જેહાગીરીનો કર્તા ફીરદોસીના શાહ નામાની કેટલીક લીટીઓ પણ દાખલા તરીકે આપેછે કે જેમા 'બર્સમ' શબ્દ તેણે વાપર્યો છે એ લીટીઓ માટે જુઓ પા ૨૨ નોટ ૧ એ લીટીઓમા પેહેલી બેત બેહરામગોરના રાજ્યની છે (મોહલનુ શાહ નામુ વાલમ VI પા ૬૪, બેતની કલી ૭૦૫ મેકનની કલકત્તાની આવૃત્તિ III પાનુ ૧૫૭૯) બીજી બેત ખુશરૂ પરવેજના રાજ્યની છે (મોહલ VII પા ૧૮૬ કલી ૨૨૦૫ કલકત્તાની મેકનની આવૃત્તિ IV પાનુ ૧૯૪૯)

(૩) અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પાનુ ૨૨, જેમા તે એ. માને-કજી રૂ ઊનવાળાની હાથની લખેલી નકલમાથી આપ્યો છે બ્લોખ્માને પણ એ ફકરો ઉતાર્યો છે (જુઓ, બેંગોલ એશિઆટીક સોસાએટીનુ જર્નલ વા. XXXVII. ભાગ ૧ ના ૧ (૧૮૬૮) પા ૧૪)

આ બે ફકરાઓમાંથી પેહેલો ફકરો ખુલ્લો છે. તે ખુલ્લું કહેછે કે **અરદેશરને "ખાસ કરી (خاص) ફારસી શબ્દોની તેહેકીક કરવા માટે,** તેને માટે પૈસા મોકલીને કેરમાનથી બોલાવ્યો હતો".

ભરૂચના દસ્તુર અસ્પંદીઆર કામદીન, જેવણ ઈ સ ૧૭૫૧ થી ૧૮૨૬ સુધીમા થઈ ગયા છે, તેવણ પોતાની "કદીમ તારીખ પારસીઓની કસર' (પા ૫૦-૫૧) નામની ઈસ્વી ૧૮૨૬ મા પ્રગટ કરેલી ચોપડીમા આ બાબતનો ઈસારો કરે છે, કે અરદેશારને ફરહગે જેહાગીરીને માટે તેડવામા આવ્યો હતો.

૨ અરદેશરનો હિંદુસ્તાન આવવાનો સને.—પણ કદાચ કોઈ તકરાર કરે કે અરદેશારને ખાસ કરીને ફરહગે જેહાગીરી નામના શબ્દકોષ માટે તેડાવ્યો હોય, પણ તે છતા તેણે શાહ અકબરને પારસી ધર્મ તરફ ઢળતો કરવાના કામમા ભાગ લીધો હોય તે દલીલનુ ખડણ કરવા માટે અરદેરારનો હિંદુસ્તાન આવવાનો વખત આપણે મુકરર કરવો જોઈએ

ફારસી રેવાયતોમાં, ભરૂચના દસ્તુર કામદીન પદમ ઉપર, આ અરદેશારે આતશ કદેહોની બાબત ઉપર લખેલુ એક કાગળ મળેછે તે કાગળની સેવટે ફારસીમાજ તે કાગળની તારીખ આપેછે ત્યા લખેછે કે "રોજ દીન માહ ફરવર્દીન કદીમ યજદજર્દ શાહનશાહનો સને ૯૬૭ ને દિને લખ્યુ છે"(૧) એ કાગળ માટે ફારસી રેવાયતમા લખેછે કે "જે વખતે દસ્તુર અરદેશાર નોશેરવાન કેરમાની ઈરાન જમીનથી હિંદુસ્તાનના મુલકમા શાહ અકબર આગળ આવ્યા હતા, તે વખતે આ કાગળ દસ્તુર કામદીન પદમ ઉપર લખ્યું હતું."

એ કાગળ ઉપરથી દિસેછે કે અરદેશારે ઈરાન પાછા જતી વખતે કામદીન દસ્તુર ઉપર એ કાગળ મુલતાનથી લખ્યુ હતું તેવણ લખેછે કે "જ્યારે હુ મુલતાન આવી પહોંચ્યો ત્યારે બેહેદીન કાઉસ માહીઆરને મેં જોયો .. ..અગર જો હુ બદાએ બેહેદીન કાઉસ માહીઆરને લાહોરમાં જોયો હતે તો અલબતે તમારી ખીદમતમા આવતે "(૨)

---

(૧) એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની છપાતી રેવાયત વોલમ II પાનુ ૪૫૮ લીટી ૭. ખાનબાહાદુર બમનજી બેરામજી પટેલ (પારસી પ્રકાશ વાલમ I પા ૧૦) રોજ દીન (૨૪) ને બદલે દેપદીન (રોજ ૨૩) આપેછે આગલા અક્ષરો 'દેપ' કોઈ નકલમા ભુલથી રહી ગયા હોય એ કદીમ (કદમી) રોજ છે, ત્યારે શાહનશાહી રોજ, રોજ ૨૯ મા ૧૨ સને ૯૬૬ (ઈ ૧૫૯૭) થાય

(૨) આ અને આગલા બે ફકરાના અસલ ફારસી લખાણ માટે જુઓ ઉપર પાનુ ૨૪-૨૫.

એ ફકરાઓ ઉપરથી ત્યારે દિસે છે કે અરદેશાર હિંદુસ્તાનથી યજદ-જર્દી ૯૬૭ (ઇસ્વી ૧૫૯૭-૯૮) મા પાછો ફર્યો

એ અરદેશારની હિંદુસ્તાનથી પાછા ફરવાની તારીખ થઈ હવે આપણે જોઈએ કે તેની આવવાની તારીખ આપણે મુકરર કરી શકયે છીએ કે. ફરહંગે જેહાગીરીમાથી ઉતારેલો ઊપલો લાબો ફકરો આપણને તે તારીખ મુકરર કરવાને શક્તિવાન કરે છે.

તેના દિબાચાના આ ફકરા ઉપરથી આપણે જાણીએ છીએ કે મીર જમાલુદદીને ફરહંગે જેહાગીરી પાછળ ૩૦ વર્ષ રોકયા હતા, અને પોતાની શ્રીનગર ખાતેની મુલાકાત વેળાએ, હીજરી ૧૦૦૦ (ઈ સ ૧૫૯૨) ના વર્ષમા, શાહ અકબરે એ ચોપડીની મુરબ્બીગીરી કરી તેને મદદ આપી હતી હવે આપણે ઉપર જોયું કે અરદેશારને ખાસ કરી એ શબ્દકોષ માટે અકબરે તેડાવ્યો હતો હવે જ્યારે અકબરે ઈ સ ૧૫૯૨ માં એ ફરહગે જેહાગીરીને મદદ આપવા કહ્યું હતું, ત્યારે ખુલ્લુ દિસેછે કે અરદેશાર એ કામ માટે ઈ સ. ૧૫૯૨ **પછી** આવ્યો હતો એટલે ત્યારે અકબરના ઇબાદત ખાનાની તકરારો (ઈ સ ૧૫૭૯), જેથી અકબર ઉપર પારસી ધર્મ બાબે અસર થઈ, તે તકરારો **પછી ૧૩ વર્ષે**, અને અકબરે (ઈ. સ ૧૫૮૧ મા) પારસીઓની સેતાયશાની જાહેર રીતીઓ અખત્યાર કીધી, તેની **પછી ૧૧ વર્ષે**, અને ઇસ્વી ૧૫૯૧ મા દસ્તુર મહેરજી રાણાનું મરણ નિપજ્યુ, તે **પછી એક વર્ષે** દસ્તુર અરદેશાર કેરમાની ઇરાનથી આવ્યો હતો

આ તપાસ ઉપરથી આપણે જોયુ કે ફરહગે જેહાગીરી ઉપરથી ખુલ્લુ માલિમ થાય છે કે ૧) પહેલુ તો અરદેશાર ઇરાનથી આવ્યો, તે **શબ્દ-કોષ માટે આવ્યો હતો**, અને ૨) **બીજુ** આ કે અરદેશાર ઈ. સ **૧૫૯૨ ની પછી**, અકબરે પારસીઓની સેતાયશોની જાહેર રીતીઓ અખત્યાર કીધી ત્યાર પછી આવ્યો હતો ત્યારે એ ખુલ્લુ દેખાડે છે, કે અકબરને જરથોશતી દીન સમજાવનારા નોસારીના પારસીઓ હતા, અને નહીં કે ઇરાનનો અરદેશાર અને તેની સાથિવાળાઓ

અરદેશાર આવ્યો ત્યારે તો અકબર ઉપર જરથોશતી શાહ રીતીઓની અસર થઈ ચુકેલી—બ્લોખમાન [1] કહે છે તેમ, ઈ. સ ૧૫૭૯ માં

---

(૧) બલોખમાનની આઈને અકબરી, વાલમ I દિબાચો પા XV.

તો ઇબાદત ખાનાની(૧) ધર્મ સબંધી "તકરારો તમામ થઈ હતી, અને કૂઇત્રી અને અબુ ફૂજલે શાહનશાહની જાથુકની મિત્રાચારી મેળવી હતી." કોઈ કહેશે કે ઈ સ ૧૫૭૯ મા ધર્મ સબંધી તકરારો તમામ થઈ ન હતી, કારણ કે એ વર્ષ પછી પણ ખ્રિસ્તિ મીશનરીઓ અકબરની દરબારમાં આવતા જતા રહ્યા હતા.(૨) પણ યાદ રાખવું કે એ મીશનરીઓને એબાદતખાનામાં ચાલેલી ધર્મ સંબંધી શરૂઆતની તકરારો સાથે થોડો સબંધ હતો ગમે તેમ હોય, પણ જ્યાં સુધી પારસીઓ અને તેઓએ શાહ અકબર ઉપર કરેલી અસરને લાગતું વલગતુ છે ત્યા સુધી તો એ તકરારો બધ થયલી હતી. બદઔનીએ જણાવેલી નીચલી બાબતોને આધારે એ સાબિત થાય છે.

૧. હીજરી ૯૮૮ (ઈ. સ ૧૫૮૦—૮૧) થી પાદશાહ ઓરશેદ અને આતરાની સેતાયશ ખુલ્લી રીતે અખત્યાર કરી ચુકયો હતો.

૨ હીજરી ૯૯૦ (ઈ સ. ૧૫૮૨) મા તે જરથોશતીઓના ૧૪ જશનો અખત્યાર કરી ચુકયો હતો

૩ હીજરી ૯૯૦ (ઈ સ ૧૫૮૨) માં (આઈને અકબરી મુજબ હીજરી ૯૯૨ ઈ સ ૧૫૮૪ મા) તે પારસીઓના રોજ માહો અખત્યાર કરી ચુકયો હતો

૪ ઈબાદતખાનામાં ચાલેલી તકરારોના પરિણામ તરીકે, હીજરી ૯૮૭ (ઈ સ. ૧૫૭૯) મા, ઓલમાઓ એક લેખ, જેને બ્લોખમાન "ઇસ્લામના ધર્મની તવારીખમા અસાધારણ (unique in the History of Islam) ગણે છે, તે ઉપર સહી કરી ચુકયા હતા તે મુજબ અકબર અસલી વિચારના ઇસ્લામી ધર્મથી છુટો પડી ચુકયો હતો.

૫ એ દસ્તાવેજ ઉપર સહી થતા, ૯૮૭ (ઈ. સ. ૧૫૭૯) મા, અકબરે દીલ્લી શેહેર અજમેર માટે છોડયુ હતું.

અરદેશર આવ્યો ત્યારે પારસીઓના ધર્મની અસર બાબેની તકરાર ખલાસ—ખ્રિસ્તિ પાદરીઓ, જોકે અવાર નવાર ઇ સ ૧૫૯૫ સુધી

---

(૧) અકબરના ઈબાદતખાનાને "તબકાતે અકબરી" માં "નશીમને કદસ કાશાને એ આતશ" એટલે "પવિત્ર બેઠક, આતશની જગ્યા" કહેછે (જુઓ મુનશી નવલ કીશોરની લખનોની સને ૧૮૭૫ ની આવૃત્તિ પા ૩૨૮ લીટી ૪)

(૨) ખ્રિસ્તિ મીશનરીઓની ત્રણ ટુકડીઓ એક પછી એક આવી હતી તેઓની આવવા અને જવાની તારીખ બાબે જૂદા જૂદા લખનારાઓ-માનુશીની સત્તા ઉપરથી લખનાર ફાધર કાતું, દયુ જારીકની સત્તા ઉપરથી લખનાર કોટ દ નોયે અને મરે-વચ્ચે હેરફેર છે

આવતા ગયા, તોપણ તેઓને ઈબાદતખાનાની પેહેલી ધર્મની તકરારો સાથે કાંઈ સબધ ન હતો ઈબાદતખાનાની તકરારમા તો ફકત પહેલા મીશનના પાદરીઓએ ભાગ લીધો હતો ખ્રિસ્તિઓના ત્રણ મીશનો યા ટુકડીઓ એક પછી એક આવ્યા હતા (૧) પણ તેઓને તો, જ્યા સુધી શાહ સાથે લાગતુ વળગતુ હતુ ત્યા સુધી, નામુરાદ થઈ અકબરની દરબાર છોડવી પડી હતી જ્યારે ઓજ્માન કહે છે તેમ ઈબાદતખાનાની તકરારો તો ઈ સ ૧૫૭૯ મા તમામ થઈ હતી, અને પાછલા ખ્રિસ્તિ મીશનોએ તેવી તકરારોમા કાંઈ ભાગ લીધો ન હતો, ત્યારે અર્દેશીર, જે આપણે આગળ જોયુ તેમ કાંઈ નહીં તો ઓછામા ઓછો ૧૫૯૨ મા અને તે પછી આવ્યો હતો, તે તો ઈબાદતખાનાની તકરારો પછી આવ્યો હતો તે તો અકબરે પારસીઓના સેતાયશની નજરે પડતી રૂઢીઓ અખત્યાર કીધી તે પછી ઘણા લાંબે વખતે આવ્યો હતો

(૧) ખ્રિસ્તિ પાદરીઓના જે ત્રણ ટુકડીઓ શાહ અકબરની દરબારમા એક પછી એક આવી હતી, તેઓના આવજાવની તારીખોમા જુદા જુદા લખનારાઓ પ્રમાણે હેરફેર છે જુદા જુદા લખનારાઓ—ખ્રિસ્તિ લખનારાઓ અને ખુદ અકબરના વખતના તેના તવારીખનવેશો મુજબ હુ તે તારીખો નીચે આપુછુ

	માનુશીની સત્તા ઉપરથી પાદરી કાત્રુનુ લખાણ	દયુ જારીકની સત્તા ઉપરથી કોટ દ નોયેરનુ લખાણ	મરેનુ લખાણ
પહેલી ટુકડી	દરબારમા આવવાનો વખત આસરે ઈ સ ૧૫૭૮ યા ૧૫૭૯ (ચોકસ તારીખ આપતો નથી, પણ ઈસારા ઓથી તે ગણી શકાય)	આવવાનો વખત ઈ સ ૧૫૮૦	આવવાનો વખત ૧૫૭૦
	દરબાર છોડી જવાનો વખત ઈ સ ૧૫૭૯ યા ૧૫૮૦ (પાદરી રયુદોલ્ફ એકુએવીવા ૧૫૮૨ યા ૧૫૮૩ મા છોડી ગયો)	‘દરબાર છોડી જવાનો વખત સભવિત ૧૫૮૨’ (પાદરી રયુદોલ્ફ અકુઅવીવા ૧૫૮૫મા છોડી ગયો)	છોડી જવાનો વખત ૧૫૮૩
બીજી ટુકડી	આવવાનો વખત ૧૫૮૯ (આ વખતે ગોઆ છોડ્યુ)	આવવાનો વખત ૧૫૯૧	આવવાનો વખત ૧૫૯૧
	છોડી જવાનો વખત આપ્યો નથી પણ આ ટુકડી લાંબો વખત રહેલી દિસતી નથી	જવાનો વખત આપ્યો નથી. પણ તેઓ થોડોજ વખત રહેલા દિસેછે	જવાનો વખત આપ્યો નથી. પણ તેઓ થોડોજ વખત રહેલા દિસેછે

પાદરીઓની પેહેલી ટુકડી માટે પાદરી કાર્તુ કહેછે કે " ફક્ત જીગ્નાસાને ખાતર અકબરે એક મોસમ સુધી ખ્રિસ્તિ ધર્મના કામને વજન આપેલુ દિસતુ હતુ " (૧) કોટ દ નોયે એને મળતુજ કાંઈ કહેછે. તે કહે છે કે " પણ તેઓના શાહાસની ખરી મતલબ, કે જે અકબરને વટળાવવાની હતી, તે નહીં પાર પડવાથી પાદરીઓ ગોવે-પાછા ફર્યા(૨) મરે પણ એમજ કહેછે કે " પણ દરબારીઓમા એકે એમ જાહેર પડવા દીધુ કે . . . . તેના (એટલે અકબરની) મુખ્ય મતલબ જીગ્નાસા અને મજા તૃપ્ત કરવાની હતી "(૩)

	માનુશીની સત્તા ઉપરથી પાદરી કાત્રુનુ લખાણ	દયુ જારીકની સત્તા ઉપરથી કોટ દ નોએરનુ લખાણ	મરેનુ લખાણ
પેહેલી ટુકડી	આવવાનો સને આપ્યો નથી, પણ તે ઈ સ ૧૫૯૬ ના આગમચ હોવો જોઇએ, કારણ કે એક મોટો આગ ઈ સ ૧૫૯૭ મા લાગી હતી તે લાગવા વખતે આ ટુકડી આવેલી હતી	આવવાનો વખત ૧૫૯૫	આવવાનો વખત ૧૫૯૫
	જવાનો વખત શાહ અકબરના મરણ સુધી તેઓ રહ્યા	જવાનો વખત આપ્યો નથી	જવાનો વખત આપ્યો નથી, પણ જણાવે છે કે જયારે અકબર દકનમા લડાઈ કરવા ગયો ત્યારે તેઓ ગયા આ લડાઈ ૧૫૯૯ મા હતી (એલીઅટની તવારીખ વા VI પા ૯૨)

અબલફજલ પ્રમાણે પાદરી રયુદોલ્ફ (પાદરી રદીફ) વાળા પેહલા ખ્રિસ્તિ મડળે ૯૮૯ હીજરી (૧૫૭૮-૭૯ ઈ સ) મા ઈબાદતખાનામા ચાલેલી તકરારમા ભાગ લીધો હતો (અકબરનામુ કલકત્તાની એશિઆટીક સોસાએટીની આવૃત્તિ વા III પા ૨૫૪ લીટી ૨૦ એલીઅટની તવારીખ VI પા ૬૦)

બદઓની હીજરી ૯૮૬ (ઇ સ ૧૫૭૮-૭૯) ના વર્ષના બનાવોમા જણાવે છે, કે અકબરે " શાહજાદા મોરાદને ખ્રિસ્તી ધર્મના થોડાક પાયો લેવાને ' ફરમાવ્યુ હતુ (બદઓની, આહમદઅલીની આવૃત્તિ વા II પા ૨૬૦ લીટી ૬ લાઉનો તરજુમો વા II પા ૨૬૭ બ્લોખમાનનો આઈને અકબરનો તરજુમો વા I પા ૧૮૨ રેહાતજેક પા ૨૫) હવે પેહેલા ટુકડીવાળા પાદરી મોનસેરાટે શાહજાદા મોરાદને એ ખ્રિસ્તિ પાયો આપ્યા હતા (કલકત્તા રીવ્યુ, જાનેવારી ૧૮૮૬ વા LXXXII No CLXIII પાના ૨ અને ૪) ત્યારે બદઓની મુજબ પણ પેહેલી ટુકડીનો સને હીજરી ૯૮૬ (ઈ સ ૧૫૭૮ ૭૯) હતો

(૧) મોગલવશની તવારીખ પા ૧૧૩ (૨) શાહનશાહ અકબર વા I પા ૩૩૦ (૩) મરેના પસ્તકો વા II પા ૮૦

પાદરીઓની બીજી ટુકડીના સંબંધમાં તો, તેઓ શાહની દરબારમાં આવ્યા તેની બાબુ આગમચ, એબાદતખાનાની તકરારો તમામ થઈ હતી. પાદરી કાર્તુ મુજબ તેઓને દરબારીઓ સાથે કોઈ "ભણેલી યા ફીલસુફી ભરી તકરારો" ચલાવતા આપણે જોતા નથી તેઓ અકબરને ખ્રિસ્તિ થવાની આશા રાખતા હતા "તે પાદરીઓની વારે ઘડીએ મુલાકત લેતો અને આપણા પવિત્ર ભેદ ભરમો સામે ઘણાક નજીવા વાંધા લેતો અને ભેદ ભરમોનો જે ખુલ્લાસો મળતો તેથી સંતોષ પામતો દેખાતો." બીજું કંઇ બન્યું નહીં. તેઓને હુકમો મળેલા હતા કે "જ્યારે પણ તેઓની ખાતરી થાય કે જે કામ માટે તેઓ આવ્યા હતા તે નિષ્ફળ નિવડ્યું છે," ત્યારે તેઓએ શાહની દરબાર છોડી પાછું ફરવું તેઓની નેમ નિષ્ફળ નિવડી અને તેઓ ગોઆ ખાતે પાછા ફર્યા (૧)

કોંટ દ નોયે મુજબ પણ પાદરીઓની બીજી ટુકડી કાંઇપણ પરિણામ નિપજાવવા વિના પાછી ફરી તે કહેછે કે "તેઓએ કોઇપણ ધર્મ સંબંધી પરિણામ નિપજાવવા વગર (અકબરનો) શાહનશાહી મુલક છોડ્યો "(૨)

મરેના લખાણ ઉપરથી આપણે જોઇએ છીએ કે "તેઓ આગળી ટુકડીની માફકનીજ હાલતમાંથી પસાર થયા જ્યાં સુધી તેઓ તેની (અકબરની) દરબારનો દબદબો વધારવાને ખુશી હતા અને તેને ધર્મ સંબંધી બાકી રહેલી જુની ચીજો અને પુતળીઓ દેખાડી તેને રાજી કરવાને ખુશી હતા, ત્યા સુધી તે તેઓને પોતાની પાસે રાખવાને ખુશી હતો . .. તેઓને માલુમ પડ્યુ કે તેઓની મરજીને શરણ થવાની તેની ગંભીર મતલબ હમેશ માફક ઘણી થોડી હતી."(૩)

ત્રીજી ટુકડીની બાબત ઉપર આવતા આપણે એવોજ મામલો જોઈએ છીએ. પાદરી કાત્રુના લખાણ ઉપરથી આપણે તેઓને તકરારોમાં કાંઇ પણ ભાગ લેતા જોતા નથી તેઓએ કેટલાક લોકોને વટલાવ્યા અકબર કોઇ વખતે તેઓ તરફ અને તેઓના ધર્મ તરફ માગી વખાણ દેખાડતો. પણ તે છતા કાત્રુ કહેછે કે "તેના આગળા વેહેમોની કાંઈ નિશાણીઓ અવાર નવાર તેનાથી જાહેર પડતી . . ખોદાએ આ શાહની મગરૂરી અને અધર્મીપણા માટે અજબ રીતે સજા કીધી (૪)

---

(૧) પાદરી કાર્તુની મોગલ વંશની તવારીખ પા. ૧૨૬—૨૭

(૨) શાહનશાહ અકબર વા I પા. ૩૩૦.

(૩) મરેની એશિઆની શોધો અને મુસાફરીઓ વા૦ II પા. ૯૨—૯૩.

(૪) પાદરી કાત્રુની મોગલ વંશની તવારીખ. પા ૧૨૮

ત્રીજી ટુકડીની બાબત માટે કોંટ દ નોએ ઉપરથી દિસેછે કે તેની મતલબ ધર્મ સંબંધી કરતાં રાજદ્વારી વધારે હતી. તે કહેછે કે " આ (પાદરીઓના) પંથે બીજાઓની દરબારની માફક બુલંદ દરજ્જાના મોગલની દરબારમાં રાજદરબારી કરતા કાવરતાઓ રાખવાનું ફાયદા ભર્યું ધાર્યું "(૧)

મરેના લખાણ ઉપરથી પણ આપણે એવોજ મામલો જોઈએ છીએ " પાદશાહની છાતીમા મુર્ત્તિ પુંજાએ મજબુત ઘર ઘાલ્યુ હતુ કે જે ઉપર તેઓ કાંઈ અસર કરી શક્યા નહીં. "

આ મુજબ ત્યારે આપણે જોઈએ છીએ કે બ્લોખમાન કહેછે તેમ ઈબાદતખાનાની તકરારો ઈ. સ. ૧૫૭૯ માં તમામ થઈ હતી અને પાછલાં ખ્રિસ્તિ મીશનોએ તેમાં ભાગ લીધો ન હતો

પણ એક બારગી તકરારને, ખાતર કબૂલ રાખ્યે, કે ખ્રિસ્તિ ટુકડીઓ તરફની તકરારો ઈ સ. ૧૫૭૯ પછી પણ ચાલુ રહી પણ તેથી આપણી બાબતના મુખ્ય મુદ્દા ઉપર મુદલ અસર થતી નથી તે મુદ્દો આ કે ઈ સ ૧૫૮૨ આગમચતો અકબર પારસીઓની બદગીના રૂપો અને પારસી રોજમાહ અને પારસી જશનો જાહેર રીતે અખત્યાર કરી ચુકયો હતો, અને અરદેશર તો તે પછી લાબે વખતે છેક ઈ. સ ૧૫૯૨ મા આવ્યો.

III ત્રીજુ અગત્યનુ પુસ્તક અબુફ્જલનુ અકબરનામુ—ઈ. સ ૧૫૭૮-૭૯ ના શાલની ઈબાદત ખાનાની તકરારોમાં અને શાહ અકબરને જરથોશતી ધર્મના મૂળ તત્વો સમજાવવામા ભાગ લેનારા હિંદુસ્તાનના જરથોશતીઓ હતા કે ઈરાનના જરથોશતીઓ હતા, તે બાબે, જો કે આડકતરી રીતે તો પણ અચુક રીતે ઈસારો કરનારૂ ત્રીજુ પુસ્તક અબુ ફ્જલનુ અકબરનામુ છે. અરદેશર ઈરાનથી ઈ સ ૧૫૯૨ મા યા ત્યાર પછી આવ્યો. તેની આગમચ શાહ અકબરની ધર્મસબંધી તકરારોની મિજલસમા જરથોશતીઓ હાજર હતા, તે અબુ ફ્જલના આ પુસ્તક ઉપરથી પણ માલૂમ પડે છે તે કહેછે(૨) કે "ઈલાહી મેહેર (મહોના) ના ૨૦ મા રોજે એબાદતખાનામા . . સુની, સીહા, બ્રામ્હણ,... ખ્રિસ્તિ, યાહુદી, સાબી જરદોશતીઓ. એ શાતાની ખુશી દેખાડી (એટલે ભેગા મળ્યા) અબુ ફ્જલ આ મિજલસ માટે શાહના રાજ્યના ૨૩ મા વર્ષ-

(૧) કોંટ દ નોએની " શાહનશાહ અકબર " નામની ચોપડી I પા ૩૩૧.

(૨) આ બાબેના અસલ ફારસી લખાણ માટે જુઓ ઉપર પાનુ ૩૦ અકબરનામાની અબદુલ રહીમની કલકત્તાની આવૃત્તિ વા III પા ૨૫૬-૫૩ એલીઅટની હિંદુસ્તાનની તવારીખ (ડાઉસન) વા VI પા ૫૯.

(હીજરી ૯૮૬, ઈ. સ. ૧૫૭૮) ના બનાવોમાં આપેલ છે. એ વખત પણ ત્યારે બદાઓનીના પુસ્તકમાં અને દબેસ્તાનમાં અને તારીખે મમાલીકે હિંદ, જે માટે આપણે હવે પછી બોલશું, તેમાં જણાવેલા વખતને નજદીક મળતો વખત છે. એ વખત નૌસારીના પારસીઓની અકબરની દરબારની મુલાકાતનો વખત છે. અરદેશર તો, આગળ નક્કી કર્યું તેમ, ઈ. સ. ૧૫૯૨ માં યા ત્યાર પછી આવ્યો. ત્યારે અબુલફજલ પોતાના અકબરનામામાં ઈ. સ. ૧૫૭૮ માં દાનાવોની મિજલસમાં જે જરથોસ્તીઓને હાજર થયેલા જણાવે છે તે કોણ જરથોસ્તીઓ હતા? અલબત તે હિંદુસ્તાનના જરથોસ્તીઓ હતા, કે જેઓ બદાઓની અને દબેસ્તાનના લખનાર પ્રમાણે નૌસારી કરબાથી ગયા હતા.

અલબત્તે અરદેશર એક કાબેલ દસ્તુર—ફરહંગે જેહાંગીરીનો કર્તા કહે છે તેમ અલબત્ત અરદેશર એક કાબેલ દસ્તુર હતો. તેથી અકબર જેવો પાદશાહ, જેને જુદાજુદા ધર્મનું જ્ઞાન મેળવવાની ઘણી જીજ્ઞાસા હતી, તે તેના હિંદુસ્તાન આવવાની તકનો લાભ લઈ, ઈરાનમાં જરથોસ્તી ધર્મ જેવી રીતથી પાળવામાં આવતો હતો તેવી રીત માટે પૂછપરછ કરે એમ કુદરતી છે. દબેસ્તાન જેવું આ બાબતનું ન માનુ મોટું માન બદાઓનીના મુન્તખબ અલ તવારીખમાંથી લીધેલું છે. તે અરદેશરના આવવાની અને શાહે તેને જરથોસ્તી ધર્મ સમન્ધી બાબતો પુછવાની જે વધુ નવી હકીકતો જણાવે છે, તે આ બાબતની છે. કાટ ક નોંધે (I પા ૩૪૦) પણ દબેસ્તાનને આધારે જે કહે છે કે, "અકબરે એક પારસી ધર્મગુરૂ અર્દશેર (અરદેશર) ને મોટે ખરચે ઈરાનથી બોલાવ્યો, કે જેણે શાહનશાહને તેના ધર્મની પુરાણી ક્રિયાઓથી વાકેફ કીધો", તે પણ આજ બાબતનો ઈસારો છે. અરદેશર તો ફરહંગે જેહાંગીરી લખવામાં મીર જમાલુદ્દીનને મદદ કરવા માટે આવ્યો હતો. તેના આવવા આગમચ તો શાહે કેટલીક પારસી ગહ રીતીઓ અને પારસી રોજ, માહ અને જશનો અખત્યાર કીધા હતા. તો પણ શાહે તેના હિંદુસ્તાન આવવાનો લાભ લઈ તેના ઈરાનના જરથોસ્તીઓની રાહ રસમો માટે કેટલીક વધુ પુછપરછ કીધી (૧) પણ એક લગ

---

(૧) આવી રીતની હકીકત હાલમાં પણ બને. હિંદુસ્તાનના પારસીઓની કેટલીક ક્રિયાઓ હજુ પણ ઇરાનના તેઓના હમદીન ભાઈઓથી જુદી છે. દાખલા તરીકે, જોકે મેં પોતે મુબઈમાં ઘણાક પારસીઓના લગન ક્રિયામાં જાતે ભાગ લીધો છે. તો પણ થોડુક વખત ઉપર ડીસેમ્બર ૧૯૦૧ માજ મને એક ઈરાની જરથોસ્તી ભાઈના લગનની ક્રિયા જોવાની તક મળી અને મેં જોયું કે ઈરાનના જરથોસ્તીઓની અને અત્રેના જરથોસ્તીઓની લગન ક્રિયામાં ઘણો ફેર છે.

બાર પણ એવી દલીલ આપણને મળતી નથી કે શાહ અકબરે જરથોશ્તી રોજ માહ, જરથોશ્તી જશનો, અને જરથોશ્તના સેતાયશની રાહ રીતીઓ અખત્યાર કીધી, તેમા અરદેશરનો કઈ પણ હાથ હતો આપણે અમુક રીતે તવારીખોના પુસ્તકોમાથી તારીખોને આધારે જોયુ કે અરદેશર તો શાહ અકબરે એ મજકુર અખત્યાર કર્યું તેની ઘણું પછી આવ્યો

તારીખનો સવાલ બાજુ મેલતા પણ દબેસ્તાનમા નોસારીના પારસીઓ વિરૂદ્ધ એક હરફ નથી—મુખ્ય જે સવાલ છે, કે શાહ અકબરને જરથોશ્તી દીન સમજાવવામા નોસારીના જરથોસ્તીઓનો મુખ્ય હાથ હતો કે નહી, તે સવાલના સબંધમા, આપણે ઉપર જોયુ તેમ, તારીખની દલીલ મુખ્ય છે પણ તારીખનો સવાલ એક બારગી બાજુએ રાખતા પણ, દબેસ્તાનમા એક હર્ફ પણ એવો નથી, કે જે નોસારીના પારસીઓની સેવાની કિંમત ઓછી કરે દબેસ્તાનમા કેથે એમ નથી કહ્યું કે નોસારીના પારસીઓ અકબર ઉપર અસર કરી શક્યા હતા નહીં કેથે એમ કહ્યુ નથી કે નાસારીના પારસીઓ અકબરને પોતાની દીન સમજાવવામા નિષ્ફળ નિવડયા, તેથી અકબરે અરદેશરને ઈરાનથી તેડાવ્યો એવુ કાંઈ પણ લખાણ દબેસ્તાનમા નથી તેથી ઉલટુ દબેસ્તાનમા તો એમ બાબતની શરૂઆતમાજ ખુલ્લુ કહેછે કે નોસારીના પારસીઓએ (ક) "જરથોશ્તી દીનની સચ્ચાઈ અને આતશની તાજીમને મોટી એબાદત તરીકે જણાવી," અને (ખ) "પાદશાહે તેઓને પોતાની પાસે બોલાવ્યા, અને ક્યાનીઓની રાહ રવેશથી વાકેફી મેળવી"

અકબર નોસારીના પારસીઓથી સંતોષ નહીં પામ્યો હોય એવા વાંધાની તપાસ—દબેસ્તાનમા અરદેશર, જે આ બનાવ પછી આવ્યો હતો, તેને માટે જે જણાવે છે કે શાહે "વળી અરદેશર નામના જરથોશ્તી દાનાવ ઉપર પૈસા મોકલ્યા અને ઇરાનથી બોલાવ્યો," તે ઉપરથી જો એમ સાર ખેંચવામા આવે—કે જેમ સાર ખેંચવા માટે દબેસ્તાનના લખાણમા એક રતીભાર પણ દલીલ નથી—કે નોસારીના પારસીઓએ શાહ અકબરને સંતોષ નહીં આપ્યો હશે, તેથીજ તેણે અરદેશરને ઇરાનવેરથી તેડાવ્યો, તો બીજી નીચલી કેટલીક હકીકતો છે, કે જેનો ખુલ્લાસો એ સાર ઉપર આવવા આગમચ થવો જોઈએ.

૧) પહેલું તો દબેસ્તાનમા આગળ ચાલતા વધુ કહેછે કે "તેજ માફક કેરમાનથી આતશ પરસ્તોને તેડાવ્યા અને જરથોશ્તી દીનના ભેદો માટે તેઓને પુછ્યુ" હવે જો નોસારીના પારસીઓએ શાહને સંતોષ આપ્યો નહીં હોય, પણ અરદેશરે જરથોશ્તી દીનના સબંધમાં અકબર ઉપર અસર કીધી હોય,

તો વળી અરદેશર પછી પણ ઈરાનથી કેરમાન શાહેરમાથી બીજા જરથોશતીઓને અકબરે શું કરવા તેડાવ્યા ? તેઓને તેડાવવાની શુ જરૂર પડી ? ઉપલી વાંધા ભરી તકરાર મુજબ તો અરદેશરથી પણ શાહ અકબર અસંતોષ થયલો હોવો જોઇએ.

૨) બીજુ વળી આગળ ચાલતા આપણે દબેસ્તાનમા વાંચીએ છીએ કે " આજર કએવાન, કે જે યજદાનીઅન અને આબાદાનીઅન (પંથવાળાઓ) નો સરદાર હતો, તેની ઉપર કાગળો લખ્યા અને તેને હિંદુસ્તાન તેડાવ્યો " હવે જો અરદેશરેજ શાહ અકબરને જરથોશતી દીન સમજાવી હોય તો વળી કેરમાનના જરથોશતીઓ ઉપરાંત અકબરે આજર કએવાનને શુ કરવા તેડાવ્યો ?

૩) ત્રીજુ વળી એક બીજા ટોળાની—ખ્રિસ્તિઓની—હકીકત લેઓ આપણે જાણીએ છીએ કે અકબરે ગોવાથી ભણેલા પોર્ટુગીઝ પાદરીઓને તેડયા હતા તેઓ રોદોલ્ફ એકુએવિવા, એન્ટોનીઓ દ મોનસેરાત, અને ફ્રેનસીસ્કો આનરીક નામે હતા (૧) જે પુસ્તકો એઓના નામો આપે છે, તેજ પુસ્તકો ઉપરથી આપણે જાણીએ છીએ, કે અકબરે એઓ પછી બીજા ખ્રિસ્તિ પાદરીઓને તેડયા હતા. તેઓ એદુઅર્ડ લેઓટોન, ક્રીસ્ટોફ દ વેગા, અને એક બીજો ખ્રિસ્તિ, જે ધર્મગુરૂ નહીં હતો, તે હતા. વળી ત્યારપછી પાદરીઓની ત્રીજી ટુકડી અકબરની દરબારમા આવી હતી. તેમા જેરોમ જેવીઅર, ઇમેન્યુએલ પીનેરો, અને બેનોઆ દ ગોએ નામના ખ્રિસ્તિ પાદરીઓ હતા (૨)

હવે અકબરે ખ્રિસ્તિ પાદરીઓની એક પછી એક ત્રણ ટુકડીઓ તેડાવી, તે ઉપરથી શુ આપણે એમ સાર કાઢીએ, કે પહેલી ટુકડીના પાદરીઓના જ્ઞાન અને શિક્ષણથી તે સંતોષ નહીં પામ્યો હતો અને તેથી તેણે બીજી ટુકડીને તેડાવી ? ના એમ હતુજ નહીં. પછીની ટુકડીઓએ ઇબાદતખાનાની તકરારોમા ભાગ લીધો હતો નહીં પહેલી ટુકડીથી તે અસંતોષી થયો હતો એમ નહીં, પણ બીજાજ સબબોએ તેણે બીજી ટુકડીઓને તેડાવી હતી

વળી યાદ રાખવું જોઇએ કે દબેસ્તાનમા આ બાબતના સબધમાં 'હમ' અને 'હમચુનીન' એટલે કે 'એજ મુજબ' શબ્દો (ક) અરદેશરના મબ-

(૧) જુઓ કૉંટ દ નોએ I પા ૩૨૬ અહીં દયુ જારીકની સત્તા ઉપરથી નામો આપ્યા છે. જુઓ પાદરી કાટ્રુનુ મોગલ વંશની તવારીખનુ પુસ્તક, પા ૧૦૫ મરેનુ પુસ્તક II પા ૮૩

(૨) જુઓ ઉપલાજ પુસ્તકો

-ધમાં અને (ખ) કેરમાનથી આવેલા બીજા જરથોશ્તીઓના સંબંધમાં વાપરેલા છે. તેથી એક બારગીર તકરારને ખાતર, જે ખરેખર ન હતું તે, કબૂલ કરીએ, કે અકબરે અરદેશરને ઇરાનથી બેઉ સબબને માટે તેડાવ્યો હતો—એક ફરહંગે જેહાંગીરી બનાવવામાં મીર જમાલુદ્દીનને મદદ કરવાને, અને બીજું જરથોસ્તી ધર્મ બાબે તેની તરફથી વાકેફી મેળવવા—તોપણ તે ઉપરથી એમ મુદ્દલ માલુમ નથી પડતું, કે નોસારીના પારસીઓથી તે સંતોષ પામ્યો હતો નહીં સચ્ચાઇને શોધનાર એક પુરૂષ, જો દુનિયાના જૂદા જૂદા ભાગોમાંથી કોઈ ખાસ અભ્યાસીઓને એક પછી એક તેડાવતો જાય, તો તેથી એમ નથી માલુમ પડતું કે તે પુરૂષ પેહેલે આવેલા ખાસ અભ્યાસીઓથી નારાજ યા અસંતોષી થયો હતો. તેનું જીગ્નાસુ બર્ચું મગજ જૂદા જૂદા ધણીઓથી વાકેફી શોધતું રહે, એ સંભવિત છે.

આ હકીકતો ઉપરથી ત્યારે આપણે જોયું કે બદઓની પ્રમાણે અને વળી દબેસ્તાન પ્રમાણે નોસારીના પારસીઓએ શાહ અકબરને જરથોશ્તી ધર્મની મુખ્ય બાબતો સમજાવી હતી, અને તેની ઉપર અસર કરી હતી, અને નહીં કે અરદેશર અને તેની સાથવાળા ઇરાનના જરથોશ્તીઓએ. અરદેશર તો ઈ સ. ૧૫૯૨ ની આગમચ હિંદુસ્તાન આવ્યોજ નહીં હતો, અને તેની આગમચ તો ઇબાદતખાનામાની ધર્મસંબંધી તકરાર, જેમાં પારસીઓએ ભાગ લીધો હતો, તે તો ખલાસ થઈ હતી. ખુદ અકબરના વખતના તવારીખનવેશ બદઓની પ્રમાણે ઈ. સ ૧૫૮૧ માં, એટલે અરદેશર ઇરાનથી આવ્યો તેની ઓછામાં ઓછા બાર વર્ષ આગમચ તો અકબર પારસીઓની સેતાયરાની નજરે પડતી રૂઢીઓ અખત્યાર કરી ચુક્યો હતો. એ બાબે બદઓનીનું બોલવું ખુલ્લું છે. તે કહેછે કે[1] "અને પાદશાહીના ૨૫ મા સાલ (હીજરી ૯૮૮ ઈ સ. ૧૫૮૦–૮૧) ના નરોજને વખતે જાહેર રીતે ખોરશેદ અને વળી આતશને સેજદો કીધો અને બતી અને ચેરાગ સળગાવતી વખતે દરબારીઓએ પણ ઉભું થવાનું જરૂરનું धार्युं."

IV **ચોથું અગત્યનું પુસ્તક તારીખે મઆસીરે રહીમી. આ પુસ્તકને આધારે તપાસ, કે શાહ ઉપર નોસારીના પારસીઓની અસર.—** તવારીખનું એક બીજું પુસ્તક છે, કે જે પણ ખુલ્લું કહેછે, કે તેના રાજ્યના ૨૪) મા વર્ષે (ઇ સ. ૧૫૭૯ મા) અકબરનું કેટલાક ઓલમાઓએ ઇસલામી ધર્મ ઉપરથી મન ફેરવ્યું હતું. એવા ઓલમાઓમાં તે "ખાસ કરી કાફર અને અધર્મી પારસીઓ, જેઓ માજીના ધર્મ ઉપર

(૧) જુઓ ઉપર પા.૧૯૧

કીધા છે" તેઓને ગણેછે. આ લખનાર અંહી પારસીઓએ શાહ અકબર ઉપર અસર કીધેલી તેનો ખુલ્લો સને જણાવે છે કે તે તેના રાજ્યનું ૨૪ મું વર્ષ (એટલે ઈ સ. ૧૫૭૯) હતું. એ ત્યારે તેજ સાલ હતુ કે, જે સાલના બનાવોમાં બદઓની નોસારીના પારસીઓને અકબરની દરબારમા આવેલા જણાવેછે. અગેદરાર તો એ લખનારે આપેલા સને પછી ઓછામાં ઓછાં ફક્ક ૧૩ વર્ષે આવ્યો હતો. આ પુસ્તક ત્યારે આપણી ખાત્રી કરેછે કે નોસારીના પારસીઓએ, અને નહીં કે ઇરાનના પારસીઓએ, અકબર ઉપર જરથોશતી ધર્મના સંબધમા અસર કીધી હતી આ પુસ્તક જો કે થોડાક પાછલા વખતનું છે, તો પણ તેના ઉપલા લખાણને બદઓની અને દબેસ્તાનના કર્તાથી ટેકો મળેછે એ પુસ્તક " તારીખે મમાલીકે હીંદ " એટલે "હિંદુસ્તાનના મુલકોની તવારીખ" એવે નામે જણાયલું છે.(૧) એ લખનારના શબ્દો નીચે પ્રમાણે છે

"જલુસી ૨૪ મા સાલમા કેટલાક દીનને વેચનાર અને સ્વાર્થી આલમાઓ-જેવા કે અબુલફજલ અને ફઇજી-અને ઉલટા એકાનના બ્રાહ્મણો -જેવા કે બીરબલ અને મુખ્ય કરી કાફૂર અને અધર્મી પારસીઓ, કે જેઓ માજીના ધર્મ ઉપર રીદા છે, અને ઘણાક જોગીઓ, એઓની સગતથી પાદશાહના મનમા ફેરફાર ઉત્પન્ન થયો તે સબબે –ખોદા આપણને એવા બૂરા પરિણામથી બચાવે—દીનના મૂળ નિયમો ઉપર તેનું આકીન રહ્યુ નહીં"(૨)

તારીખે મમાલીકે હીંદને બદઓનીના પુસ્તકનો ટેકો—હવે જોકે આ એક પાછલા તવારીખનવેશના શબ્દો છે, તોપણ તેને બદઓની અને દબેસ્તાનના લખનારનો ટેકો છે બીરબર અથવા બીરબલ અકબરનો માનીતો દરબારી હતો. બદઓની તેને 'મલઉન' એટલે

(૧) આ પુસ્તક ગુલામ બાસીત નામના લખનારે હીજરી ૧૧૯૬ (આસરે ઈ. સ ૧૭૮૨) મા એક અગ્રેજી અમલદાર નામે જેનરલ જાઈલ્સ ઈસ્ટેબટની મરજી ઉપરથી લખ્યુ છે. આ પુસ્તકની એક નકલ મુલ્લા ફીરોજ લાઈબ્રરીમા છે તેમાં જેમ નામ લખ્યુ છે તેમ મેં વાચ્યુ છે એલીઅટ ઉપલા અગ્રેજી અમલદારનુ નામ જેનરલ ચાર્લસ બર્ટ વાચે છે રેહાતઝેક એ નામ જનરલ જેઈલ્સ એસ્ટબેટ વાંચેછે. પ્રોફેસર રેહાતઝેક મુલ્લા ફીરોજ લાઈબ્રરીના કેટલોગમા એ પુસ્તકના કર્તા તરીકે કુહમાનસીંગનુ નામ આપ્યુ છે તે ભૂલ છે. એ ધણી કાઈ કર્તા નથી પણ મુલ્લા ફીરોજ લાઈબ્રરીમાની નકલનો નકલનવેશ છે. વળી રેહાતઝેક તે લખવાના સને તરીકે હીજરી ૧૨૪૦ આપે છે, તે પણ ભૂલ છે એતો નકલ કરવાની તારીખ છે.

(૨) આ બાબેના અસલ ફારસી લખાણ માટે જુઓ ઉપર પા ૩૪

'દયાનતી ભરેલા '[1] કહે છે, કારણ કે પાદશાહને ઇસ્લામી ધર્મ ઉપરથી ખોરશેદ અને આતશની સેતાયશ ઉપર લઈ જનારાઓમાં, તેને એક ગણવામાં આવતો. બદઓની કહે છે કે, "દયાનતી ભર્યા બીરબલે ખાતર નિશાણ કીધી, કે જ્યારે આફતાબ સંપૂર્ણ દેખાવનું મૂળ છે, અને જ્યારે ખેતીના પાકનું, મેવાનું અને તરકારીનું પુખ્ત થવું, તેની અસરથી છે, અને જ્યારે આલમની રોશનીનો અને આલમના લોકોની હૈયાતીનો આધાર તેના ઉપર છે, ત્યારે તે (આફતાબ) એબાદત અને માનને લાયકનો હોવો જોઇએ, અને આપણે (બંદગી વખતે) મોહ તેના તલુ થવા તરફ કરવું જોઇએ, અને નહીં કે તેના અસ્ત થવા તરફ... . ... ..દરબારના દાખેલા ગણવા જોગ (મકહુર) ઓલમાઓ અને દાનાવોએ ટેકો આપ્યો કે 'આફતાબ તમામ આલમનું મોટું નુર અને બક્ષેશનો કરનાર છે, અને પાદશાહોનો મુરબ્બી છે, અને પાદશાહો તેનાથી હકુમત ચલાવનાર છે' આ સબબ પાદશાહી નઓરોજ મરતબા સાથે પાળવાનું કારણ થઈ પડયો અને પાદશાહીએ આવવાને લગતા વખતનું એ (નઓરોજના) રોજે દર સાલ જશન કરવામા આવતું. "[2]

---

(૧) બદઓની એવા કેટલાક અપમાન ભર્યા શબ્દો બીરબલને લગાડે છે. એક જગ્યાએ તે તેને "સગે જેહનમી' એટલે "જેહાનમ અથવા દોજખનો કુતરો' કહેછે. (લીજ અને આહમદ અલીની આવૃત્તિ II પા ૨૭૪ લીટી ૬) બીજી જગ્યાએ તેને 'હરામજાદો' કહેછે (એજ પુસ્તક પા ૨૧૧ લીટી ૧૧) ત્રીજી જગ્યાએ તેને 'બદ બખ્ત' કહેછે (પા ૩૧૭ લીટી ૨) બીરબલના મરણ માટે તે કહેછે કે "તેને મારી નાખવામા આવ્યો અને તે જેહાનમના કુતરાઓની સફમા દાખલ થયો અને તેણે પોતાના નીચ કરતુકોનો બદલો મેળવ્યો (પા ૩૫૦ લીટી ૧૬-૧૭)

(૨) આ બાબતનો અસલ ફારસી ફકરો નીચે મુજબ છે

بیربر ملعون خاطر نشان ساخت که چون آفتاب مظهر تام است و بخشنده زراعت و میوه و سبزه از تأثیر او است و روشني عالم و حیات عالمیان وابسته باو پس لایق عبادت و تعظیم او باشد و روی بجانب طلوع او باید کرد نه بجانب غروب .... و حکما و فضلای مقرب مقرر مقوی آوردند که آفتاب نیر اعظم و عطیه بخش تمام عالم و مربي پادشاهان و پادشاهان مروج اویند و این معني باعث تعظیم نوروز جلالي شد که از زمان جلوس هرسال دران روز جشن میشدند

(લીજ અને આહમદઅલીની આવૃત્તિ વા. II પા ૨૬૦ લીટી ૧૪ થી ૨૨)

'આ ફકરામાં બીરબલને ટેકો આપનારા દરબારીઓને બદઓની 'મકફુર' કહે છે, જેનો આપણે 'દાબેલા રાખવા જોગ' અર્થ કીધો છે. એ શબ્દ બદઓની ધિક્કાર બતાવવાની મતલબથી વાપરે છે. એ શબ્દનો અર્થ રેહાતસેક 'તાબે થયલા' અને બ્લોખ્માન 'નામોશી ભર્યા' કરે છે. લો પોતાના તરજુમામાં એ શબ્દનો અર્થ કરતો નથી. સ્ટાઇનગાસ પોતાના શબ્દકોષમા એના જુદાજુદા અર્થો આપેછ, જે ઘણા ખરા એકમેકને મળતા છે, તેનો એક અર્થ 'કાફરોના લશ્કરની માફક દાબેલા રાખવા જોગ' છે. ત્યારે માલુમ પડેછે કે બદઓની બીરબલને મદદ કરનારા તરીકે જેઓને 'મકફુર' એટલે "કાફરોની માફક દાબેલા રાખવા જોગ" જણાવે છે, તે 'તારીખે મમાલીકે હીંદ'માં જણાવેલા "કાફર પારસીઓ" છે. એ 'મકફુર' શબ્દને ગમે તે અર્થે લેઓ, તોપણ આ ફકરો દેખાડે છે, કે જ્યારે બીરબલ અકબર આગળ આતશની સેતાયશ માટે બોલતો, ત્યારે તેને તેની દરબારના કેટલાક ભણેલા પુરૂષો ટેકો આપતા, કે જેઓ માટે બદઓની ધિક્કારથી બોલે છે બીરબલને ટેકો આપનાર આ ભણેલા આસામીઓ, જેઓને બદઓની ધિક્કારે છે, તેઓ તારીખે મમાલીકે હીંદના પારસીઓ છે, કે જેઓને તે પુસ્તકમા પણ બીરબલની સાથે પાદશાહના મન ઉપર અસર કરનારા જણાવ્યા છે

તારીખે મમાલીકે હીંદને દબેસ્તાનનો ટેકો.—દબેસ્તાન, જે બદઓનીના પુસ્તકને આધારે ચાલે છે, તે પણ એવોજ ખુલાસો આપે છે, શેઆ અને ટ્રોયેર, જે નકલને આધારે તેઓ દબેસ્તાનનો તરજુમો કરે છે, તે નકલને આધારે બીરબલને ઓરશેદની સેતાયશની બાબતમા ટેકો આપનારા તરીકે "આતશ પરસ્તોના એક તાયફા' (a sect of fire worshippers vol. III પા ૯૩, ૯૪) ને જણાવેછે. એ ઉપરથી દિસે છે, કે દબેસ્તાનનો લખનાર, બદઓનીના ઉપલા ફકરાનો ઇસારો બરાબર સમજ્યો છે, અને બીરબલને ઓરશેદની સેતાયશની બાબતનો ટેકો આપનાર તરીકે પારસીઓને સમજ્યો છે. દબેસ્તાનની બીજી નકલો—દાખલા તરીકે હીજરી ૧૨૭૭ મા મુબઇમા પ્રગટ થયલી શીલા છાપની દબેસ્તાન,-શેઆ અને ટ્રોયેરની નકલ મુજબ, 'તાયફેઈ અજ આતશ પરસ્તાન' ને બદલે "તાયફેઈ અજ. આફતાબ પરસ્તાન" આપે છે એ પણ પારસીઓનો ઇસારો છે. ત્યારે જેમ તારીખે મમાલીકે હીંદ, તેમ બદઓનીની મુનતખબ અલ તવારીખ અને દબેસ્તાન ઉપરથી આપણે જોઇએ છીએ, કે ઓરશેદની સેતાયશની સીફતમા અકબરની દરબારમાં બીરબલને ટેકો આપનારા પારસીઓ હતા.

તારીખે મમાલીકે હીંદમાં જણાવેલા બનાવની તારીખ બીરબલના મરણની તારીખ.—હવે આપણે જોયું કે તારીખે મમાલીકે હીંદ આ બનાવ અકબરના રાજ્યના ૨૪ મા વર્ષમા એટલે ઈ. સ ૧૫૭૯ માં મેલે છે, કે જે વર્ષ ઇબાદત ખાનામાં ચાલતી ધર્મ સંબંધી તકરારનું વર્ષ છે, અને જે અકબરની દરબારમાં નોસારીના પારસીઓની મુલાકાતનું વર્ષ છે તારીખે મમાલીકમા સારે ભાગ્યે આ બનાવની તારીખ આપીછે. પણ એક બારગી તે નહીં પણ આપી હતે, તો આપણે બીરબલના નામ ઉપરથી, અને એના નામનો આ કામમાં સબંધ દેખાડ્યો છે તે ઉપરથી, આ બનાવ ક્યારે બન્યો, તે કેટલીક હદે મુકરર કરી શકતે બદઓની,[1] અબુ ફૂજલ,[2] અને બીજા લખનારાઓ[3] પ્રમાણે આપણે જાણીએ છીએ કે બીરબલ હીજરી ૯૯૪ (ઈ. સ ૧૫૮૬) માં યુસુફજાઈ અફગાનો સાથેની લડાઇમા માર્યો ગયો હતો[4] એટલે ત્યારે ઈરાનથી આ દેશાર ૧૫૯૨

(૧) લીજ અને અહમદ અલીના આવૃત્તિ II પા. ૩૫૦ લીટી ૧૫

(૨) અકબરનામું, એલીઅટની તવારીખ VI પા ૯૪. અબદુર રેહમાનની કલકત્તાની આવૃત્તિ વા III પા ૪૮૫ લીટી ૮.

(૩) જુબદત ઊત તવારીખ, એલીઅટની તવારીખ VI પા ૧૯૧.

(૪) દૂર દેશમા બીરબલનું મોત નિપજ્યું હતું તેની ખબર સાભળી, જે ખ્યાલથી અકબરને દિલાસો આપવામા આવ્યો હતો, તે જાણવા જોગ અને સુચક છે બદઓની કહેછે કે--

"બીરબલના મરણથી જેટલુ તેને દુઃખ લાગ્યુ, તેટલુ કોઈ અમીરના મરણથી નહીં લાગ્યું હતુ તે કહેતો કે 'અફસોસ! કે તેઓ તેની લાસને તે ખીનમાંથી લાવી શક્યા નહી કે તેને આતશપર બાળવામા આવતે.' પણ પાછળથી, તેઓએ તેને આ શબ્દોથી દિલાસો દીધો કે 'જ્યારે તે સઘલા બંદોથી આજાદ અને નિરાળો અને છુટો થયો છે, ત્યારે તેને માટે તે મોટા નુર (નઈરે આજમ એટલે ખોરશેદ)ની ગરમી પાક કરનાર તરીકે બસ છે (
قیود آزاد و وارسته و مجرد بود هیں تابش نیر اعظم پاک سازندهٔ
او بس است

લીજ અને આહમદ અલીના આવૃત્તિ વા II પા. ૩૫૧ લીટી ૬ ને ૭.)

આપણે જોયું કે બીરબલ ખોરશેદ અને આતશની સેતાયશનો, શાહ અકબર આગળ, મજબુત હીમાયતી હતો, કે જે હીમાયતમા તારીખે મમાલીકે હીંદ, અને બદઓની અને દબેસ્તાનનો ટેકો છે, તે મુજબ, તેને પારસીઓથી ટેકો મળ્યો હતો. ત્યારે પાદશાહને દેવામા આવેલો દિલાસો, કે તેનું શરીર ખોરશેદની ગરમીથી જંગલમા પડ્યું પડ્યું પાક થશે, તે ધ્યાન આપવા જોગ છે. ખોરશેદ માટે અહીં જે શબ્દો "નઈરે આજમ" વાપર્યાં છે, તેજ શબ્દો બદઓની મુજબ બીરબલે શાહ અકબર આગળ ખોરશેદની સીફારશની સીફતમાં વાપર્યા છે (જુઓ આગળ પાનું ૧૯૪). અબુલફજલ પણ કહેછે કે બીરબલના મરણથી શાહ ઘણો દલગીર થયો હતો. અકબરનામુ કલકત્તાની આવૃત્તિ III પા ૪૮૫ લીટી ૧૦–૧૧

માં યા તે પછી આવ્યો, તેની ઓછામાં ઓછા ૬ વર્ષે આગમચ બીરબલ મરણ પામ્યો હતો. ત્યારે ખુલ્લું દિસે છે કે અકબરની દરબારમાં ઓરશીદની સેતાયશની તરફેણમાં બીરબલને ટેકો આપનાગ પારસીઓ નોસારીના પારસીઓ હતા, અને નહીં કે ઈરાનનો અરદેશર તારીખે મમાલીકે હીંદે તો ખુલ્લી તારીખ આપીછે. ત્યારે સીધી રીતે, જેમ તે તારીખ મુજબ, તેમ આડકતરી રીતે બીરબલના મરણની તારીખ મુજબ ખુલ્લું માલમ પડેછે, કે શાહ અકબરને જરથોશ્તી દીન સમજાવનારા અને તેની ઉપર અસર કરનારા નોસારીના પારસીઓ હતા.

ત્યારે હાલ સુધીમા તવારીખના ચાર પુસ્તકોની તપાસમા આપણે જોયું, કે ૧) બદઓનીની મુનતખબ અલ તવારીખ અને ૨) દબેસ્તાન સીધી રીતે, અને ૩) અબુલ ફજલનું અકબરનામું અને ૪) ગુલામ બાસીતની તારીખે મમાલિકે હીંદ આડકત્રી રીતે દેખાડે છે, કે અકબરને પારસી ધર્મ સમજાવનારા અને તે તરફ ઢળતો કરનારા હિંદુસ્તાનના નોસારી કસબાના પારસીઓ હતા. ફરહંગે જેહાંગીરી મુજબતો અરદેશર ઈ સ ૧૫૯૨ પછી આવ્યો હતો. તેથી ઉપલુ પરિણામ નિપજાવવામા તેનો હાથ ન હતો તેના આવવા આગમચ તો શાહ અકબરે જાહેર રીતિ નવા જલાલી વર્ષથી, હીજરી ૯૮૮ (ઈ સ ૧૫૮૦ ૮૧) થી ઓરશીદ અને આતશની સેતાયશ કરવા માંડી હતી, અને જરથોશ્તી રોજ માહો અને જરથોશ્તી જશનો અખત્યાર કર્યાં હતા.

II

શાહ અકબરને ધર્મ સમજાવનાર નોસારીના પારસીઓના વડા દસ્તુર મેહેરજી રાણા.

હવે આપણે આપણા વિષયના બીજા ભાગ ઉપર આવીએ છીએ. આ ભાગમાં આપણે તપાસીશું, કે નોસારી ખાતેથી શાહ અકબરની દરબારમા ગયલા પારસીઓના વડા તરીકે કોણ પુરૂષ હતા. લખેલા દસ્તાવેજોની શાહાદત સાથે બાપદાદેથી ઉતરી આવેલી આ વાત છે, કે નોસારીથી ગયલા પારસીઓના વડા દસ્તુર મેહેરજીરાણા હતા. તેવણે શાહ અકબરને જરથોશ્તી ધર્મના મૂળતત્વો સમજાવ્યા હતા અગર જો નોસારીના પારસીઓના વડા તરીકે દસ્તુર મેહેરજીરાણા નહીં હતા તો બીજુ કોણ હતું? જેઓ એવણના કામ બાબે શક ધરાવતા હોય, તેઓએ કહેવાનું છે, કે નોસારીના પારસીઓના વડા તરીકે જો મેહેરજીરાણા નહીં હતા તે

બીજું કોણ હતું ? દસ્તુર મેહેરજીરાણા નોસારીના પારસીઓના વડા તરીકે અકબરની દરબારમાં ગયા હતા તેને ઘણીક હકીકતોથી ટેકો મળેછે.

I દલીલ પહેલી. તેવણને શાહઅકબર તરફથી "મદદે મઆશ" તરીકે ૨૦૦ વીઘા જમીન મળી હતી.

દસ્તુર મેહેરજી રાણા શાહ અકબરની દરબારમા ગયા હતા અને શાહને જરથોસ્તી દીન સમજાવી હતી, તેની મજબુત દલીલ આ છે, કે તેવણને શાહ અકબર તરફથી નવસારી ખાતે ૨૦૦ વીઘા જમીન ભેટ મળી હતી

એ બાબેનાં ફુર્માનો અને બીજા દસ્તાવેજો—એ બાબે ચાર દસ્તાવેજો છે. દસ્તુર મેહેરજી રાણાને મળેલી જમીનનું એવણને પોતાને મળેલું ફુર્માન જળવાઈ રહ્યું નથી. તે યાતો ગેરવલે ગયું હોય, યાતો તેવણના બેટા કેકોબાદને એ બાબે ફુર્માન આપતી વેળા તે પાછું લેવામા આવ્યું હોય, યા તો દસ્તુર મેહેરજી રાણા ગુજર્યા ત્યા સુધી તે પહોંચાડવામા નહીં આવ્યું હોય. પણ તેવણના બેટા દસ્તુર કેકોબાદને એજ દસ્તુર મેહેરજી રાણાવાળી ૨૦૦ વીઘા જમીન અને તે ઉપરાત વધુ ૧૦૦ વીઘા જમીન આપેલી તેના અસલ ફુર્માનો અને બીજા અસલ દસ્તાવેજો બચી રહ્યા છે, કે જેમાં દસ્તુર મેહેરજી રાણાને મળેલી ૨૦૦ વીઘા જમીનની બાબત ચોખ્ખી જણાવીછે.

૧ પેહેલુ ફુર્માન.—આ જમીન બાબેના ચાર દસ્તાવેજોમા પેહેલું એક પાદશાહી ફુર્માન છે, જે શાહ અકબરના રાજ્યના ૪૦) મા વર્ષમાં મળ્યું હતું. તે હુ રજુ કરૂ છુ એ ફુર્માનમા ૩૦૦ વીઘા જમીન જણાવે છે. તેમાની ૨૦૦ વીઘા જમીન દસ્તુર મેહેરજી રાણાને આગળ આપેલી હતી, તે બાબે નીચે પ્રમાણે જણાવે છે.

"કસ્બે નોસારી કે જમીને મજકુર કબલ અજ ઇન દર વજેએ મદદ મઆશી માહીઆર બુદ"

અર્થ—નવસારી કસ્બો કે જ્યા મજકુર જમીન અત્યાર આગમચ માહીઆર[1] ના ગુજરાનના અર્થે આપવામા આવી હતી.

એ ફુર્માન ઉપર શાહ અકબરની મોહોર શરૂઆતમાં છે અબુ ફજલ આઇને અકબરીમાં "આઇને નગીને શાહાનશાહી" નામના ૨૦ મા આઇનમા પાદશાહની મોહોરની જે હકીકત આપેછે, તે હકીકતને મળતી એ મોહોર

(૧) માહીયાર એ અસલ ફારસી નામનો ઈમલો છે. જે ઉપરથી માહીયારજી અને પછી મેહેરજી નામો બનેલા છે..

છે. મોહોરના વચલા ભાગમાં કુદ્રતિ શાહ અકબરનું પોતાનું નામ છે અને તેની આજુબાજુ ચહડતી પેહેડીએ તૈમુરલેન સુધીનાં એના વડવાઓનાં નામો છે. એ ફર્માનની અને તે ઊપરની સઘળી મોહોરોની વિગતવાર તપાસ આપણુ સેવટે વધારામા કરીશુ

દસ્તુર કૈકોબાદને મળેલાં આ ફર્માન મુજબ તેવાણુના પિતા આહીયારને ૨૦૦ વીઘા જગ્યા શાહ અકબર તરફથી ભેટ મળી હતી ત્યારે તે શા કાજે હતી ! તે કોઈ ચોક્કસ સેવાઓ માટે હોવી જોઈએ. તે સેવાઓ ત્યારે શાહની દરબારમા જવાની અને ત્યા જરથોસ્તી દીન સમજાવવાની સેવાઓ છે. તે બાબે ઈસ્વી ૧૭૬૫ માં લખેલા પોતાના એક પુસ્તકમાં દસ્તુર શાપુરજી સજાના ઈસારો કર્યા ગયા છે, જે બાબે આપણુ હવે પછી બોલીશુ.

મેહેરજી રાણાને મળેલી જમીન “ મદદે મઆશ ” તરીકે—આ ભેટ મળેલી જમીનના સંબંધમા આ યાદ રાખવાનું છે, કે તે ઉપલા ફર્માનમાં જણાવવા મુજબ “ મદદે મઆશ ” તરીકે મળી છે, નહીં કે સાધારણ જાગીર તરીકે. એ “ મદદે મઆશ ” તરીકે જે જમીન ભેટ આપવામા આવતી, તે એવા પ્રકારની સેવાઓ માટે હતી, કે જે માટે બ્લોખ્માન કહેછે કે તે લેનારને ખાસ દરબારમાં રહેવાની જરૂર ન હતી [1] સાદી જાગીર અને મદદે મઆશમા આ ફેર હતો, કે જાગીર માટે દરબારમા યા દરબારને લગતી જગ્યાઓમાં રહી સેવા આપવી પડતી હતી, પણ ‘ મદદે મઆશ ’ દરબારની કોઈપણ પ્રકારે સેવા બજાવી હોય તે માટે મળતી વધારીખનવેશ બદઆનીને આ મુજબ ૧૦૦૦ વીઘા જમીન મદદે મઆશ તરીકે મળી હતી.

જમીનની ભેટ માટે અબુલફજલ કહે છે કે “ આગાહ દેલનો પાદશાહ ઘણાક મરેહા માટે તરેહવાર બખશેશોથી કાળજી સુએછે, અને ખોદાતાલાએ બખશેલી ઉમદા અક્કલની બરકતથી એમ કરવું, તે ખોદાતાલાની પરસ્તેશ કરવા (ઈજદ પરસ્તશ) બરાબર ગણેછે......રોકડ નાણાની બખશેશને વકફની ભાષામાં વજીફે કહેછે અને જમીનની ભેટને મીલ્ક અથવા મદદે મઆશ કહેછે ’[2]

બ્લોખ્માન એ મદદે મઆશ માટે નીચે મુજબ ખુલ્લાસો આપેછે. મદદે મઆશ શબ્દ “ ગુજરાન માટેની ”મદદનો અર્થ દરશાવેછે અને અબુલફજલે દેખાડવા મુજબ એને મળતા ‘ મીલ્ક ’ અથવા મિલકત શબ્દની

---

(1) Journal Asiatic Society of Bengal Vol. XXXVII, Pt I, p 128.

(૨) બ્લોખ્માનની આઈને અકબરીની આવૃત્તિ વા. I પા. ૧૯૮ લીટી ૨—૩ અને ૭, દફતર બીજુ આઈન ૧૯

મદદે તે ભલી મકસદ માટે આપેલી જમીનને લાગુ પડે છે. આવી જમીનો વંશાપરંપરા ઉતરતી આવેછે, અને એ સબબે એની વચ્ચે અને જાગીર અથવા તુયુલ જમીનો, જે ચોક્કસ વખત માટે આપવામાં આવતી હતી અને મનસબદારોને પગારના બદલામાં આપવામાં આવતી હતી, તેની વચ્ચે ફેર છે.''(૧)

આ બાબત ત્યારે દેખાડે છે, કે દસ્તુર મેહેરજી રાણાને આપેલી જમીનની ભેટ સાધારણ જાગીરની ભેટ કરતાં ચહડતા પ્રકારની હતી ત્યારે મેહેરજી રાણાની કાંઈ ખાસ કીમતી સેવાઓના બદલામાંજ તે હોવી જોઈએ.

દસ્તુર મેહેરજી રાણાને આ જમીન ૧૫૭૮-૭૯ માં મળેલી જણાવવામાં આવેછે, કે જે વખતે તેઓ અકબરની દરબારમાં ગયા હતા. હવે બદઓની[૨] પ્રમાણે આ તેજ વર્ષ હતું (હીજરી ૯૮૭) કે જ્યારે શાહ કેટલાક આગલા ઇસલામી ઓલમાઓ પાસે મદદે મઆશ તરીકે આપેલી જમીનો છીનવી લેતો હતો અને બીજા લાયક પુરૂષોને તપાસ કરીને આપતો હતો. બદઓની આ બાબે કહે છે કે—

و علما و مشایخ مقتدای اطراف را فرامین فرستاده بدرگاه می طلبیدند و مدد معاش و اوقاف را خود تحقیق می نمودند و همه را موافق توره تسلیم و تعظیم فرموده و صحبت با او در خلوت باجلوت داشته بتفضلی رای هوس قدری زمین مقرر میداشتند

અર્થ—જૂદા જૂદા મુલકોના આગેવાન ઓલમા અને શેખોને હુકમો મોકલી પોતાની દરગાહે તેડાવ્યા, અને તેઓની મદદે મઆશની અને ગુજરાનના સાધનોની પોતે તેહકીક કીધી, અને સઘળાઓને તેઓને લાયકનું ઇજત અને માન આપી અને ખાનગી રીતે માનભરી રીતે તેઓ સાથે સોહબત રાખી પોતાના વિચાર મુજબ થોડી થોડી જમીન તેઓને મુકરર કરી આપી."

આગળ ચાલતાં બદઓની કહેછે કે કેટલાક ઓલમાઓ, જેઓ ચેલા રાખતા અને મિજલસો ભરતા અને એવી રીતો કરતા, તેઓની જમીન છીનવી લઇ કેટલાકોને બંગાળના મુલકમાં મોકલી દીધા. ત્યારે જે વર્ષમાં અકબર બીજા ઓલમાઓ પાસે તેઓની જાગીરો છીનવી લેતો હતો, તેજ વર્ષમાં તેણે દસ્તુર મેહેરજી રાણાને જાગીર આપી, તે બાબત દેખાડે છે, કે તે કોઈ ખાસ સેવાઓ માટે હોવી જોઈએ. એ સેવા ત્યારે શાહને જરથોસ્તી દીન સમજાવવાની હતી.

---

(૧) બ્લોકમાન આઈને અકબરી વા. I પા. ૨૭૦.

(૨) લીજ અને આહામદ અલીની આવૃત્તિ વા. II પા ૨૭૮ લીટી ૧૯.

જમીનની બક્ષીસોના ખાતાં માટે અબુલફજ.લ કહેછે કે "પાદશાહ ઉમાપણુ શીખવવાની મકસદથી અને ખરી પરહેજગારી (રયાજ.ત મનશી) ને મદદ કરવાના હેતુથી આ કામ ઉપર ઘણુ ધ્યાન આપે છે."(1) જ્યારે પાદશાહ પોતે આ જમીનની ભેટોની બાબતમાં આ વર્ષમાં તેહકીક કરતો, અને તેહકીક બાદ તેણે જ્યારે દસ્તુર મેહેરજી રાણાને આ શાલમા જમીન ભેટ આપી, અને તે પણ સાધારણ જાગીર તરીકે નહીં, પણ વંશાપરંપરા "મદદે મઆશ" તરીકે, ત્યારે તે માટે ખાસ સબબ હોવો જોઈએ.

૨. બીજુ ફરમાન શાહના રાજ્યના ૪૮ મા વર્ષમાં—શાહ અકબરના રાજ્યના ૪૦)મા વર્ષના ઉપલા ફરમાન ઉપરાંત તેનું બીજુ ૪૮) મા રાજ્યનું પણ ફરમાન છે. તે અસલ ફરમાન હું રજુ કરૂં છું. એ ઉપર પણ પેહેલા ફરમાનની માફક પાદશાહની મોહોર છે એ ફરમાનમા પણ જણાવે છે કે કૈકોબાદને આપેલી ૩૦૦ વીઘા જમીનમા ૨૦૦ વીઘા દસ્તુર માહીઆર (મેહેરજી રાણા)ને આપેલી જગ્યા છે. કૈકોબાદની જગ્યા માટે પહેલાં ફરમાનમાં જે જગ્યા જણાવી છે તેમાં, અને આ બીજા ફરમાનમાં જે જગ્યા જણાવી છે તેમા ફરક છે પહેલાં ફરમાનમા કૈકોબાદની જગ્યા માટે કહે છે કે તે 'પારચોલ'ના પરગણામા 'એરૂ'મા છે બીજાં ફરમાનમાં તે તલારીના(2) પરગણામાં તવરીમાં જણાવી છે.

પેહેલાં ફરમાન વાળી જગ્યા બીજા ફરમાનમા ફેરવવાનો સબબ કદાચ આ હોય, કે પાછળથી કૈકોબાદને જગ્યા બદલી આપી હોય. એમ જગ્યાનો ફેરફાર શું કરવા કરવામાં આવતો, તે બાબે આઈને અકબરીનો નીચલો ફકરો કારણ સૂચવે છે(3)

---

(1) બ્લોખમાનની આવૃત્તિ I પા ૧૯૯ લીટી ૧૩ આઈન ૧૯ ની સેવટે

(2) તલારી અને પારચોળના પ્રગણાઓ માટે આઈને અકબરી (દફતર ત્રીજું આઈન ૧૫) માં જણાવે છે કે તેઓ સુરતની સરકારમાં છે. (આઈને અકબરી બ્લોખમાનનો તેક્ષ્ટ વા. I પા ૪૯૭, કાલમ બીજી લીટી ૧ અને ૧૪ અંગ્રેજી તરજુમો જેરેતનો વા II પા. ૨૫૬-૫૭) પારચોળની કુલ જગ્યા એ પુસ્તકમાં ૫૫૯૨૦ વીઘા જણાવી છે અને તલારીની ૩૫૦૬૧ પારચોળની આ- એપત ૧૫૦૮૦૦૦ દામ અને તલારીની ૬૧૭૮૯૦ દામ જણાવી છે આઈને અકબરીના પેહેલા દફતરના ૧૦ માં આઈન પ્રમાણે ૧ દામનુ વજન પાંચ ટાંક એટલે કે ૧ તોલો ૮ માસા અને ૭ સુર્ક છે ૪૦ દામની કીમત એક રૂપીઓ થાય. (બ્લોખમાનનો તેક્ષ્ટ વા. I પા. ૨૬ લીટી ૨૫.)

(3) બ્લોખમાનની આવૃત્તિ. વા. I પા. ૧૯૮ લીટી ૧૬ થી ૧૮ દફતર બીજું આઈન ૧૯ અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પાનું ૪૧.

"થોડા વખત પછી વાકેફી મળી કે એ લોકોની જમીન એક જગ્યાએ નથી હોતી, તેથી થોડી શક્તિવાળાઓ, ખાલસા જમીનની અને જાગીરદારોની પડોશમાં (પતીઆળાપણામાં) હોવાથી હેરાન થાય છે, અને પૂરી ખસલતના પુરૂષોને તેઓ ઊપર પૂરી દેઆનત ચલાવવાનું સાધન મળેછે. તેથી ફર્માન બહાર પાડવામાં આવ્યું, કે તેઓને પસંદ પડે ત્યાં એકજ ઠેકાણે જગ્યા આપવામાં આવે એના ઉપાયની બેઉ બાજુઓવાળા ગોઠવણ કરે." અકબર બીજા સબબો માટે પોતાની મરજી મુજબ પણ "મદદે મઆરા"ની જગ્યા ફેરવતો. બદઓનીની પોતાની "મદદે મઆરા"ની જગ્યા એમ ફેરવવામા આવી હતી. તે મુનતખબ અલ તવારીખમાં કહેછે કે.[1]

نام مرا بردة فرمودند که این جوان بداونی است مدد معاش او
از پساور تغیر دادة بی قصور دیدة و دانسته در بداون دادیم

અર્થ—મારૂ નામ દઈ તેવણે ફરમાવ્યુ, કે આ જવાન, જે બદઓની છે, તેની મદદે મઆશ પેશાવરથી ફેરવીને તેની કસુર જોયા યા જાણ્યા વગર (એટલે તેની કોઈ કસુરને ખાતર નહીં) મેં બદઓનમાં આપીછે "

દસ્તુર મેહેરજી રાણાની જમીનના સબધમા હીજરી ૧૦૦૫ (ઈ૦ સ૦ ૧૫૯૭) ના વર્ષનો એક દસ્તાવેજ (મેહેજર) છે, જે માટે નીચે બોલવામાં આવશે, તે ઉપરથી દિસેછે કે મેહેરજી રાણાને પેહેલે આપેલી જગ્યા છુટી છુટી જગ્યાએ હતી. તે દસ્તાવેજમાં તેના છુટા છુટા ભાગો છે ત્યારે એવું દિસેછે, કે ઉપર, જગ્યાના ફેરફાર બાબે જે સબબ આપ્યો છે, તે આ જમીનના બાબમા પણ લાગુ પડેછે, કે પેહેલે એક પરગણામા છુટી છુટી જગ્યા હોય, તે બીજા ફર્માન પ્રમાણે સામટી એકજ જગ્યાએ કરી હોય

૩ ત્રીજો દસ્તાવેજ. હીજરી ૧૦૧૨ (ઈ સ ૧૬૦૩) નો પરવાનો.—[2] જમીનની ભેટ માટેના ખુદ શાહ અકબરના એ બે ફર્માનો ઉપરાંત, સેપેહ સાલાર ખાનખાનાનનો એક અસલ દસ્તાવેજ શાહ અકબરના રાજ્યના ૪૮ મા વર્ષ (હીજરી ૧૦૧૨) નો છે, તે હુ રજુ કરૂ છુ. એ દસ્તાવેજ મા ફરમાવે છે, કે જો કે શાહનું સામાન્ય ફર્માન છે કે મદદે મઆશ તરીકે આપેલી મિલકતોની જમીન અડધો અડધ કરી નાંખવી, તોપણ કેકોબાદના ફર્માનવાળી ૩૦૦ વીઘા જમીનના બાબમા તેમ નહીં કરવું પણ તે સપૂર્ણ રહેવા દેવી.

---

(૧) લીજ અને આહમદઅલીની આવૃત્તિ વા. II પા. ૩૯૮ લીટી ૬-૭.

(૨) જુઓ અસલ પરવાનાની ફેકસીમીલી અને નકલ માટે પા. ૧૩૩

૪. ચોથો દસ્તાવેજ. હીજરી ૧૦૦૫ (ઈ. સ. ૧૫૯૬) નો મેહેજર.—વળી એજ જાગીરના બાબમાં જે એક ચોથો અસલ દસ્તાવેજ છે, તે હું રજુ કરૂં છું. તે હીજરી ૧૦૦૫ ના સાલનો છે, અને નવાબ સાદીક મહમદ ખાનને હાથનો છે. તેમા કહે છે કે આગલીયાગની આપેલી ૨૦૦ વીઘા જમીન બાબે ફરમાન આવ્યુ છે કે તે જગ્યા બરાબર સપૂર્ણ કરવી. તે માટે તે ફરમાવે છે, કે તે જગ્યા માટે બરાબર તપાસ કરવી. કેટલાક મુસલમાનો અને હિંદુઓ અને પારસીઓ તપાસ કરી તે બાબે ખાતરી આપેછે, આ ઘણો અગત્યનો દસ્તાવેજ છે, કારણ તે દસ્તુર મેહેરજી રાણાને આપેલી ૨૦૦ વીઘા જમીનના સબંધમાંજ છે (જુઓ પા. ૧૩૯)

II દલીલ બીજી. પુરાણા ગીતો.

દસ્તુર મેહેરજી રાણા અકબરની દરબારમાં ગયા હતા અને શાહને ધર્મ સમજાવ્યો હતો, તે બાબે બીજી લખ્ખીત સાબેતી કેટલાંક ગીતો યા બેઆલો છે. આ ગીતો બાબે એમ કહેવામાં આવે છે કે "તે એક બે પેઢીના છે અને પૈસા લઈ જોડનારા ભાડેનાં બેઆલીઓનાં છે" હું દેખાડવા માગુ છુ કે તે એક બે પેહેડીના નથી અને ભાડેના જોડનારાઓનાં નથી. આ ગીતોમાનુ એક તો ખુદ અકબર અને દસ્તુર મેહરજી રાણાના વખ્તમા થઈ ગયલા ગવૈયા તાનસેનનું છે

તાનસેનનુ ગીત—આ ગીત મેં પાના ૧૬૩ ઉપર આપ્યુ છે તે "ઈઆ હુ પારસી પધિ શો કબુલ" એવા શબ્દોથી શરૂ થાય છે. આ ગીતમાં મેહેરજી રાણાના નામને શાહ અકબર સાથે જોડ્યુ છે અને જણાવે છે, કે તેવણની બંદગી કબૂલ થાય છે

એ ગીત પુરાણુ છે તે બાબે દલીલ, કે તે ૧૧૦ વર્ષના પુરાણા પુસ્તકમાં મળે છે—એક જુનુ હાથનુ લખેલુ પુસ્તક, જેમા એ ગીત લખેલુ છે, તે હુ રજુ કરૂંછુ તે એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની માલિકીનું પુસ્તક છે. તેમા કેટલાંક ગીતો આપેલા છે અને સેવટે ચંગ્રાચનો કીસ્સો આપ્યો છે એ પુસ્તકનુ કોલોફોન(૧) મેં ઉપર પાના ૧૬૩ ઉપર આપ્યુ છે.

---

(૧) આ પુસ્તકના કુલે ૨૩૯ ફોલીઓ છે દરેક પાનામા ૧૩ લીટી છે કોલોફોન સેવટે ફોલીઓ ૨૩૭ બ-૨૩૮ ઉપર છે ફોલીઓ ૨૦૨ થી ચંગ્રગાચ નામુ શરૂ થાય છે એ ચંગ્રગાચ માટે કહેછે, કે તે એક હિંદુ ભણેલો પંડીત હતો, કે જે પેગમબર જરથોસ્ત સાથે ધર્મસંબંધી તકરાર કરવા માટે શાહ ગુસ્તાસ્પની દરબારમાં આવ્યો હતો આ પુસ્તકનો લખનાર પોતાના પુસ્તકનું નામ

એ કોલોફોન પરથી દિસે છે કે એ પુસ્તક રોજ આવાં માહ બહમન સને ૧૧૬૧ (સંવત ૧૮૪૮ ઇસ્વી ૧૭૯૨) મા લખાયું હતું. એટલે કે તે આશરે ૧૧૦ વર્ષનું જુનું પુસ્તક છે. એ પુસ્તક ઉપર એક બારગી સને નહીં હતે, તોપણ તેમાં એ પુસ્તક લખાવનાર તરીકે જે ધણીનું નામ છે, તે ધણીના નામ ઉપરથી આપણ તે લખાવાનો સને મુકરર કરી શકતે. એ કોલોફોનમા કહે છે, કે તે સુરતવાસી મોબેદ બેહેરામ વલદે મોબેદ જીજીએ બહેદીન જમશેદજી ગુરથમાન મકાની કુકાજી માટે લખ્યું હતું. ખાનબહાદુર બમનજી બેરામજી પટેલના પારસી પ્રકાશ(૧) ઉપરથી માલમ પડે છે, કે એ બેહદીન મુંબઈના એક જાણીતા વેપારી હતા. તેવણ હાલના સર દીનશાહ માણેકજી પીટીટ બારોનેટના બપાવાના બપાવા શેઠ નસરવાનજી કાવસજી પીટીટના સસરા થતા હતા, અને તેવણ ઈ સ ૧૭૪૫ થી ૧૮૧૦ સુધીમાં થઈ ગયા હતા. ત્યારે એ પુસ્તક ઉપર એક બારગી સને નહીં હતે તો તેના લખાવનારના નામ ઉપરથી પણ દિસતે, કે એ પુસ્તક એક બે પેઢીનું નથી, પણ ૧૧૦ વર્ષનું પુરાણું છે હવે જ્યારે કોલોફોનમા જણાવવા પ્રમાણેના ૧૧૦ વર્ષના પુરાણા પુસ્તકમાં એ ગીત આપ્યું છે, ત્યારે ચોક્કસ દિસેછે કે એ ગીત પોતે તો ૧૧૦ વર્ષની આગમચ જોડાયલું હોવું જોઈએ.

સાએર તાનસેન.—હવે ખુદ એ ગીત તપાસતાં તેમાં તેના જોડનાર તરીકે તાનસેનનું નામ મળેછે એ તાનસેન ખુદ શાહ અકબરના વખતનો અને તેની દરબારનો જાણીતો ગવૈયો હતો. અબુ ફજલ આઇને અ રીના બીજા દફતરની ૩૦ મી આઇનમા(૨) તેને "ગોવાળીઅરનો મીઆં તાનસેન" તરીકે જણાવેછે. તે કહેછે કે "તેના જેવો ગવૈયો હિંદુસ્તાનમા છેલ્લા ૧૦૦૦ વર્ષમાં કોઈ થઈ ગયો નથી(૩)" "કહેછે કે ભથના રાજા રામચન્દ્રે તેને એક વખત ભેટ તરીકે એક ક્રોર ટનકા ભેટ આપ્યા

"રાગ તા કબીત તા ચંબરઘાચનો કીશો" એમ આપેછે ચંગરગાચ અને શાહ ગુશ્તાસ્પની દરબારની તેની મુલાકાત બાબે જુઓ મો. જોઆકીમ મેંનાની "જરથોસ્ત, ઈરાનની ધર્મસંબંધી ફીલસુફી ઉપર વિષય," એવે નામની ઈ સ ૧૮૫૭ મા પ્રગટ થયલી ચોપડી, પા ૫૭ જુઓ પ્રોફેસર જેક્સનની "ઝરોસ્ટર તે અસલી ઈરાનનો પેગમબર" નામની ચોપડી પા. ૮૫ થી ૮૮

(૧) વાલમ I પા ૧૧૬.

(૨) બ્લોકમાનનો તેર્જુ વા. I પા. ૨૬૩ લીટી ૭ કોલમ ૧.

(૩) એના અસલ ફારસી શબ્દો માટે જુઓ ઉપર પાનું ૪૩. નોટ ૧.

હતા.[1]" બદઉની[2] એ બાબે કહેછે કે "આ રામચન્દ્ર સદ્ગુણમાં, ખાસકરી શખાવતમાં, એવો હતો કે હાલમા તેનો કોઈ બરાબરીઓ નથી. તેની કુપે બક્ષીશોમાં (એક) આ હતી કે તેણે મીઆ તાનસેનને એક દિવસમા એક કરોર સીક્કા બક્ષ્યા." એ નામિચો ગવૈયો રાજા રામચન્દ્રની દરબારમાં હતો, ત્યાંથી અકબરે તેને ખાસ કરી બોલાવ્યો હતો. રામચન્દ્ર-ને પોતાની નામરજી છતા તેને મોકલવો પડ્યો હતો કહે છે અકબરે તેના પહેલ વહેલાજ ગાયનથી ખુશ થઈ તેને રૂપીઆ બે લાખની ભેટ કીધી હતી.[3]

એ ગીત તાનસેનનુ છે તે બાબે ગાયનના હુન્નરના ઊસ્તાદ સર સુરેન્દ્ર મોહન તાગોરનુ મત.—જ્યારે તા. ૨૯ મી અક્ટોબર ૧૮૯૯ ના રાસ્ત ગોફ્તારમા મિ. રૂસતમજી હો. ખરશેદજી[4] તરફથી આ ગીત છપાયુ હતું, ત્યારે તે ઉપર મારૂ ધ્યાન ખેચાયું હતું હુ જાણુ છુ કે તે વખતે અને હાલમા પણ કેટલાકોને એ ગીત અકબરના ગવેયા તાનસેને જોડ્યુ હોય તે બાબે શક છે. તેઓ કહેછે, કે તાનસેનને નામે તે કોઈ બીજા ગવૈયાએ જોડ્યું હોય. આ ગીતની એક નકલ મેં કલકતાવાળા સર સુરેન્દ્ર મોહન તાગોર, જેવણ ગાયનની બાબતમાં આખા હિંદુસ્તાનમા એક સત્તા સમાન ગણાય છે, અને જેવણ ઓક્ષફર્ડ યુનીવરસીટી તરફથી ગાયન વિદ્યામા ડાકટરની પદવી ધરાવે-છે, તેવણ ઉપર મોકલી હતી, અને જાણવા માગ્યુ હતુ, કે એ ગીત તાનસેનનું છે તે બાબે શક લાવવાને કાઈ કારણ છે કે? તેવણ જણાવે છે કે "આ ગીતની ઈબારત અને ગાયન ઉપરથી તે મને તાનસેને જોડેલુ દિસેછે"[5] સર સુરેન્દ્ર મોહન તાગોર જેવા સત્તાધારીનું આ મત દેખાડે છે કે આ ખુદ તાનસેનનુ ગીત છે એક બારગી સત્તાધારીઓમા મત ફેર હોય, તો પણ જે પુરાણા પુસ્તકમા તે પ્રગટ થયુ છે, તે દેખાડે છે, કે આ કાંઈ

---

(૧) બ્લોખમાનનો આઈને અકબરીનો તરજુમો વા ૧ પાનુ ૬૧૨ નોટ ૧

(૨) લોજ અને આહમદઅલીનુ આવૃત્તિ વા II પા. ૩૩૫ લીટી ૧૦ ૧૨.

(૩) બ્લોખમાનનો આઈને અકબરીનો તરજુમો I પા ૪૦૬ નોટ

(૪) મી રૂસતમજી હો ખરશેદજી કહેછેકે તાનસેનનું આ ગીત ૧૮૬૨ મા નીતિ પ્રકાશ છાપખાનામા છપાયલી "કબીરી ગાયન નામની ચોપડી" મા છપાયુ છે (જુઓ રાસ્ત ગોફ્તારમા છપાયલો એવણનો ઉપલો પત્ર)

(૫) એવણે તેલીગ્રામથી પોતાનો વિચાર જણાવ્યો હતો (એ બાબેના અંગ્રેજી તેલીગ્રામ માટે જુઓ પા. ૪૪). ત્યાર પછી એવણે પોતાનું મત આપનારો પત્ર વિગતે લખ્યો છે તે પાના ૧૯૫ ઉપર છાપ્યોછે

એક એ પેઢીનું જોડાયલું ગીત નથી, પણ પુરાણું ગીત છે. તેમાં જ્યારે મેહરજી રાણાના નામને શાહ અકબર સાથે જોડ્યું છે, ત્યારે દસ્તુર મેહરજી રાણા અકબરની દરબારમાં ગયા હતા અને ત્યાં શાહ ઉપર અસર કીધી હતી, તે વાતને આ પુરાણા ગીતથી મજબુત ટેકો મળેછે

એક બીજું ગીત.—પણ તાનસેનના ઉપલા ગીત ઉપરાંત બીજા પણ હિંદુસ્તાની મરાઠી ગીતો અને ખ્યાલો છે કે જેઓ મેહરજી રાણા અકબરની દરબારમાં ગયા હતા તે બાબે નોધ લેછે. એવું એક ગીત આ છે કે જેમાં મેહરજીરાણાના નામને અકબર સાથે નીચે મુજબ જોડ્યુ છે.

મહેરજીરાણા બરા નેક થા, પુરા બંદા શાહેબકા,
પાદશાહા અકબર શુધરા પેહેના, દેખ તમારા મજહબકા

૧૮૬૭ ના સાલમાં પ્રગટ થયલી એક ચોપડી નામે "ગાએને દેલચમન"માં[1] એ પ્રગટ થયું છે. ત્યારે તે એ વર્ષ આગમજ જોડાયલુ હોવુ જોઈએ. આ ગીત અને તાનસેનનુ ગીત ત્યારે દેખાડેછે, કે કહેવામા આવેછે તેમ, આ કોઈ બાજુતી ગવૈયાઓથી જોડાયલાં ગીતો નથી

ગીતો અને ખ્યાલોનો તવારીખ સાથે સબંધ.—એક પ્રજા અથવા ટોળાની તવારીખ લખનારાઓએ આવા ગીતો અને ખ્યાલો તરફ ધિક્કારથી જોવાનું નથી. તેઓ તવારીખ માટે ઘણીક વાર અગત્યના સાધનો પુરા પાડેછે મો. મોહલ શાહનામાના સબંધમાં કહેછે કે "સઘળી પ્રજાઓની તવારીખ ગાયનથી શરૂ થાયછે, કારણ કે (એક બાબતપર) લખવાની આગમજ લોકો વાત કરવા માંડેછે અને ગાવા માંડે છે, અને અસલી તવારીખનવેશો પોતાની હકીકતો આવા સાધનોના આધાર ઉપરજ રચવાને

---

(૧) "ગાએને દેલચમન એવે નામની શરવે જાતના ગાએનોના રાગરાહની ચોપડી, અગરેજી તથા ગુજરાતી જાબપરીનટીંગ છાપાખાનામા છાપીછે, ૧૮૬૭" પા ૫૭૪. આ ગીત એક બીજી ચોપડીમાં પણ છપાયુ છે તે ચોપડી મારા જોવામા આવીછે તે નોસારીની મેહેરજીરાણા લાયબરીની છે (જુઓ સને ૧૮૯૪ ના કેટેલોગમાં પછવાડે ગુજરાતી ટીપનું પાનુ ૩, ચોપડી ના ૭૪, શરોદ શરા હીન (શરોદે શરાહીદન.) એ પુસ્તકમા શરૂઆતના ૧૯૦ પાના "શરોદે સરાઈદન" ના છે. તેનુ ટાઈટલપેજ નીકળી ગયુછે પણ કહેછે કે તે ૧૮૬૨મા છપાઈ છે તેની સાથે બીજુ ૪૬ પાનાનુ ગીતોનું ચોપાનીઊં બાંધી લીધેલુ છે તેના ૩૧ મા પાના ઉપર આ ગીત છે આ ચોપાનીઊ પણ "શરોદેશરાઈદન" નાજ કોઈ અકનુ છે કે તે ચોકસ કહેવાઈ શકાતુ નથી કારણ તે ઉપર પણ મથાળુ નથી. પણ શરૂઆતમા કોઈએ "કવિતા એ શાગલ" એવુ લુખડપેને નામ લખેલુ છે.

શાહિતવાન આપશે.(૧) ફીરદુસીને પોતાના શાહનામા માટે કેટલીક હકીકતો આવાં બાપદાદેથી ઉતરી આવેલાં ઇરાની ગીતો અને ખ્યાલો ઉપરથી મળી હતી

III દલીલ ત્રીજી. ૧૭૬૫-૬૬ માં એટલે ૧૩૬ વર્ષ ઊપર લખાયલી દસ્તુર શાપુરજી સંજાણાની ચોપડી.

હવે ફક્ત પુરાણા ગીતોજ મેહેરજીરાણાની શાહ અકબરની દરબારની મોલાકતની નોધ લેછે એમ નથી, પણ આપણી પાસે ૧૩૬ વર્ષ ઉપર થઈ ગયલા એક ભણેલા દસ્તુરના લખાણની પણ નોધ છે. તેવણ પણ કહે છે કે દસ્તુર મેહેરજીરાણાએ શાહ અકબરને જરથોશતી ધર્મ સમજાવ્યો હતો દસ્તુર મેહેરજીરાણાએ અકબરની દરબારમા જઈને બાદશાહને જરથોશતી દીન સમજાવી હતી, એવી જે બાપદાદેથી ઉતરતી આવેલી વાત છે, તેના પહેલ વહેલા લખાણમા નોધ લેનાર, દસ્તુર શાપુરજી માણેકજી સંજાણા હતા, જેવણ ઈસ્વી સન ૧૭૩૫ થી ૧૮૦૫(૨) સુધીમાં થઈ ગયા છે. "કીસ્સે-એ આતશ બહેરામે નવસારી" નામના પોતાના પુસ્તકમાં એવણ એ બાબેની નોધ લે છે. નોસારીનું આતશ બહેરામ રોજ સરોશ માહ અર્દીબેહેશ્ત સને ૧૧૩૫ યજદજર્દીને દીને પધરાવામા આવ્યુ હતું તે વર્ષ (ઇસ્વી સને ૧૭૬૫-૬૬) માં એ દસ્તુરજીએ આતશ બહેરામના વર્ણન માટે ઉપલે નામનું પુસ્તક લખ્યુ હતું ત્યારે એ પુસ્તક લખાયાને આજે ૧૩૬ વર્ષ થયા છે આ પુસ્તકના ખુદ કર્તા દસ્તુર શાપુરજીને હાથની લખેલી ૨) નકલો મારે હાથ આવી છે તે રજુ કરૂ છુ એક નવસારીના મહેરજીરાણા લાયબ્રેરીની નકલ છે. બીજી નોસારીવાળા શેઠ સોરાબજી મંચેરજી દેસાઈની છે (૩) આ પુસ્તકમા દસ્તુર શાપુરજી

---

(૧) મો. મોહલનુ શાહનામુ વા 1 દિબાચો પા ૪ -૫

(૨) પારસી પ્રકાશ વાલમ ૧ પાનુ ૧૦૧

(૩) કર્તાએ પોતાનાં ફારસી પુસ્તકને જે નામ આપ્યુ છે તે આ છેઃ "કીસ્સે એ આતશ વરહરામ કે દર શહેરે નોસારી નઓ સાખ્તે," એટલે "નોસારીમા નવાં પરથવામાં આવેલાં આતશ બેહેરામની વાર્તા." (જુઓ, શેઠ સોરાબજી મ દેસાઈની નકલ પાનું ૧ લીટી ૧). કર્તાના પોતાના હાથની બે નકલો છે એક શેઠ સોરાબજી મનચેરજી દેસાઈની માલેકીની છે. એ નકલોમાંની બીજી મરહુમ દસ્તુર એરચજી સોરાબજી મેહેરજીરાણા તરફથી નોસારીની મેહેરજીરાણા લાઈબ્રેરીને ભેટ મળીછે (જુઓ "દસ્તુર એરચજી સોરાબજી મેહેરજીરાણાએ પેહલા દસ્તુર મેહેરજી રાણા લાઈબ્રેરીને ઈ. સ.

મજાણા દસ્તુર શેરાબજી માટે બોલતા તેવણનો વશ જણાવતા દસ્તુર મેહ- રજી રાણા માટે નીચે પ્રમાણે બોલેછે

૧૮૯૭ મા પોતાનુ કેતાબખાનુ ભેટ આપ્યુ, તે માહેલા કેતાબોનુ લીસ્ટ," જે ૧૮૯૮ માં છપાયુ છે, તેનું પાનું ૧૮ ના ૭ એ લીસ્ટમાં લખેલુ છે કે આ કીસ્સે "શાપુરજી માણેકજી સંજાણાને પોતાને હાથનો લખેલો છે") શેઠ સોરાબજી મનચેરજી દેસાઈવાળી નકલ આ કવિતારૂપી લખાણનો પેહેલો અસલ ખરડો દિસેછે, કે જે ઉપરથી તેના કર્તા દસ્તુર શાપુરજી સજાણાએ પોતે પાછળથી એક સોજી નકલ તૈયાર કીધેલી, કે જે ઉપર કહેલી મેહેરજીરાણા લાઈબ્રરીની નકલ છે શેઠ સો મ દેસાઈ, એક મીત્ર, ભાઈ રૂસ્તમજી બેજનજી રાનજી, જેવણ મારફતે એવણે મને પોતા પાસેની અસલ નકલ વાપરવા આપી છે, તેવણ ઉપરના એક પત્રમા લખેછે કે "એ શાપુરદારૂ સજાણાને હાથે લખેલી અને વળી પેહેલો કરેલો ખરડોજ એ છે" મને મેહેરબાની કરી આપવામા આવેલી ઉપલી બેઉ અસલ નકલોની સરખામણી કરતા માલૂમ પડે છે કે તે બેઉ એકજ હાથની લખેલી છે. કોઈને કોઈક હરફોની વળાણમાં જરા ફરક માલૂમ પડે, પણ આવા ફરકની આપણે એક શરૂઆતના (rough) ખરડામાં અને ત્યાર પછીની તેની સ્વચ્છ (fair) નકલમા આશા રાખવી જોઈએ મેહેરજીરાણા લાઈબ્રરીની ઉપલી સાફ નકલમા કાંઈ છેકછાક યા સુધારા (corrections) નથી પણ શેઠ સો મ દેસાઈવાળી નકલમા લગભગ સઘળા પાનામા લીટીઓ ઉપર, તેમ હાસીઆ ઉપર, ઘણીક છેકછાક અને સુધારા છે આ ઉપરથી ખોલ્લુ દિસેછે કે મી સો મ દેસાઈવાળી નકલ તે દસ્તુર શાપુરજી સજાણાને હાથનો અસલ ખરડો છે, અને મેહેરજીરાણા લાઈબ્રરીની નકલ તે એજ દસ્તુરજીની પોતાને હાથે કરેલી સાફ નકલ છે આ પેહલા ખરડામા, પેહેલો ભાગ, જેમા હિંદુસ્તાન ખાતેના પહલવેહેલા આતશ બહરામનુ વર્ણન છે, અને બીજો ભાગ, જેમા નાસારીના આતશ બહેરામનુ ખાસ વર્ણન છે, તે બેના વચ્ચે કર્તાએ બે પાના (પા ૩૬ અને ૩૭) ઉપર ગુજરાતીમાં કેટલાક નોંધ આપી છે. અને તેમા ચાગાશાહના અરજ ઉપરથી નૌસારી ખાને હિંદુસ્તાન ખાતેના પેહેલા આતશ બેહરામને કેમ લાવવામા આવ્યા હતા તેનુ વર્ણન છે મેહરજી રાણા લાઈબ્રરીવાળી સાફ નકલમા આતશબેહરામના વર્ણનની આગમચ ફારસી સદદર નજમ આપી છે, બેઉ હસ્ત લેખોમાં આતશબેહરામને લગતી બાબતો બે ભાગમાં વેહેંચી નાખેલી છે, જે બે ભાગો, જેમ મેહરજીરાણાના પુસ્તકખાના વાળી નકલના પેહેલા પાના ઉપર આપ્યા છે તેમ, નીચે મુજબ છે.

૧ "કીસ્સે એ જરતુશ્તીઆને હિંદુસ્તાન" એટલે "હિંદુસ્તાનના જર- થોશ્તીઓનો કિસ્સો"

દરદીન અવાંમ દસ્તુરાન દસ્તુર
કે નામે ઉ બુદ સોહોરાબ પુર નુર
કે નસલે ઉસ્ત અજ. દસતુર માહીયાર
બે દાંની બાબે આન રાણા નેકુકાર
હમીશે દીને બેહરા જળવે દાદ
ગુનેહગારાન નેગુનસર શુદ જ.યાદ
બ નજ.દીકે શાહે અકબર રફતે બુદ ઉ
બસી ઓરહાને દીન જાહેર ક્રેકર્દે ઉ
કે નામે ઉ હમે જા હસ્ત જાહેર.
મર આંન દસ્તુર બુદ ઉ પાકો તાહેર.(૧)

અર્થ—તે વખતે એક દસ્તુરાન દસ્તુર હતા. તેવણનું નામ કીર્ત્તિવંત સોહોરાબ હતું. તેવણની ઓલાદ દસ્તુર માહીઆરથી હતી. તેવણ (માહીઆર) ના પિતા (તરીકે) નેક કામવાળા રાણાને તું જાણ. વલી દીનને તેવણ હમેશ રોશાન કરતા. ગુનેહગારો (તેવણથી) ઘણાક ઉંધે મસ્તક પડતા. તેવણ શાહ અકબર આગળ ગયા હતા, અને દીનની ઘણીક

---

૨ "બીઆને આતશ બેહરામે નોસારી" એટલે "નોસારીના આતશબેહરામનું વર્ણન"

પેહલી નજરે મેહરજી રાણાના પુસ્તકખાનાવાળી સાફ નકલ કોઈને અધુરી લાગે, કારણ કે કેટલાક બેટો (દાખલા તરીકે નોસારીના આતશબેહરામ બાબના બીજા ભાગમા બેટો ૫૮ અને ૬૯ જુઓ પાનુ ૩૯ અને ૪૦) અધુરા છે પણ એમ ખરેખર નથી બેતની પેહલી કળી યાને ભાગ લખવા પછી કર્તાએ એવું ધારેલું દિસેછે કે તે બેતને પોતાની કવિતાના કોઈ બીજા ભાગ ઉપર લઈ જવી તેમ તેવણે કર્યું છે પણ પેલી અધુરી લીટી ઉપર તેને છેકી નાખવા ખાતર લીટી દોરવાનું ભૂલી ગયા છે અથવા વધુ સંભવિત આ દિસેછે કે છેક છાકથી પોતાની સાફ નકલની સુંદરતા બગડી ન જાએ તે કાજે તે એમનીએમ રેહવા દીધી છે, કે અધુરી હોવાથી વાંચનાર પોતાની મેળે તેને રદ કરેલી સમજે. એવા દાખલા માટે જુઓ અધુરી બેટો ૫૮ અને ૬૯, જેને બીજી જગ્યાએ લઈ જવામા આવી છે ત્યા તેઓ બેટો ૭૦ અને ૭૧ બંને છે (પાના ૩૯-૪૭).

(૧) જુઓ મેહરજી રાણા લાઈબ્રરીની સાફ નકલમા નોસારીના આતશ બેહરામનો કિસ્સો, લીટી ૨૦ થી ૨૪ પા ૩૯. શેઠ સો. મ. દેસાઈની અસલ ખરડાવાળી નકલ પા ૪૦. એ. ફરામજી નવરોજી કુતાર પાસેની ધોકુકની હાથની લખેલી નકલ પા. ૮

દસ્તુર[illegible] જાહેર કીધી હતી. તેવણનું નામ સઘળાં જગ્યાએ જાહેર છે. તેવણ પાક પરેહજગાર દસ્તુર હતા.

નોસારીના આતશ બેહેરામને રોજ સરોશ માહ અર્દીબેહિસ્ત ૧૧૩૫ યજદજર્દી (ઈ. સ. ૧૭૬૫) ને દીને પરથવામાં આવ્યું હતું.[1] તે વખતે આ પુસ્તક લખાયું હતું

૧૩૬ વર્ષ ઉપર લખાયલું આ પુસ્તક ત્યારે ખુલ્લું દેખાડે છે, કે દસ્તુર મહેરજી રાણા શાહ અકબરની દરબારમાં ગયા હતા, અને ત્યાં શાહને જરથોશતી દીન સમજાવી હતી. આ વાત ત્યારે કઈ પાંચ સાત દહેકાની ઉભી થઈ નથી, પણ તે વંશાપરંપરા ઉતરતી આવી છે, જેની નોધ ૧૩૯ વર્ષ પર ઊપર મુજબ એક દસ્તુરજીના પુસ્તકમાં નોંધાઈ છે.

IV ચોથી દલીલ. લેખીત રીતે નૌસારીના મોબેદોના વડા તરીકે મેહેરજીરાણા નેમાવા બાબેના દસ્તાવેજો.

હવે જે વખતે મેહેરજી રાણા અકબરની દરબારમાંથી પાછા ફર્યા તે વખતે તેવણને નોસારીના મોબેદોએ પોતાના વડા તરીકે સ્વીકાર્યા હતા. એવણ બાપ દદિ નૌસારીના વડા ધર્મ ગુરૂ અને વડા અકાબર હતા. પણ તે છતાં નૌસારીના મોબેદોએ એક લેખીત દસ્તાવેજથી તેવણને પોતાના વડા તરીકે કેટલોક અખત્યાર આપ્યો, અને ઠેરવ્યું કે તેવણને પુછ્યા વગર ધર્મની કેટલીક ક્રિયાઓ નહીં કરવામા આવે તે બાબેના અસલ બે દસ્તાવેજો હું રજુ કરૂં છુ

૧) આ માંનો પહેલો દસ્તાવેજ રોજ ગુઆદ માહ તીર સંવત ૧૬૩૫ (ઈ. સ. ૧૫૭૯) નો છે.

૨) બીજો દસ્તાવેજ રોજ મેહેર માહ દે સંવત ૧૬૩૬ (ઈ સ. ૧૫૮૦) નો છે.

એ બેઉ દસ્તાવેજોથી નોસારીના ધર્મ ગુરૂઓ માંહોમાહે સલી કરી કબુલ

---

(૧) " બ રૂજે આન સરૂશ પાક રેહબર
બ માહે અર્દીબેહસ્ત નીક ખુરતર
સને ગર યજદજર્દીરા બેદાની
હજારો યક સદો સી પંજે ખાની"

મેહેરજીરાણા પુસ્તકખાનાની નકલ લીટી ૨૧૧. પા ૪૯ લીટી ૯—૧૦. શેઠ સો. મ દેસાઈની અસલ ખરડાની નકલ પા ૫૪ લીટી ૨ ને ૩ એરવદ હરામજી ન. કુતારની નકલ, પાનુ ૧૯ લીટી ૧૦—૧૧.

[illegible] છે, કે ધર્મ સંબધી કેટલીક ક્રિયાઓમા તેઓ મહેરજી રાણા[1] ને મુછબા અમલ કરે નહીં. ત્યારે આ દસ્તાવેજો[2] મુજબ તેવણને લેખીત દસ્તાવેજોથી વડા કબૂલ રાખ્યા હતા. તે ઈ. સ ૧૫૭૯—૮૦ મા હતુ. હવે યાદ રાખવુ કે શાહ અકબરની દરબારમા એબાદતખાનામા ધર્મ સબધી જે ખાસ મિજલસો મળતી હતી અને વાદવિવાદ થતો હતો, તે ઈ. સ ૧૫૭૬ થી ૧૫૭૯ સુધી હતો નોસારીના પારસીઓ શાહ અકબરની દરબારમા આવ્યા હતા, એમ પસાર થયલા અથવા બની ગયલા એક બનાવ તરીકે બદઔનીની હીજરી ૯૮૬ (ઈસ્વી ૧૫૭૮—૭૯) ના બનાવમા બોલી જાય છે. ત્યારે દસ્તુર મેહેરજી રાણાને પોતાના વડા નેમવાનો નોસારીના મોબેદોનો ૧૫૭૯ નો દસ્તાવેજ બરાબર તેજ વખતનો છે, કે જે વખતની આગમચ બદઔની મુજબ નોસારીના પારસીઓ અકબરની દરબારમાં ગયા હતા ત્યારે બાપદાદેથી ઉતરતી આવેલી જે વાત એવુ કહે છે, કે શાહ અકબરની દરબારમાથી મેહેરજીરાણા પાછા ફર્યા ત્યારે નોસારીના મોબેદોએ તેવણને લેખીત દસ્તાવેજથી પોતાના વડા નેમ્યા, તે વાતને તે દસ્તાવેજોની તારીખોથી અને બદઔનીની તારીખથી ટેકો મળે છે શાહ અકબરની દરબારમા તેવણ પોતાનુ કામ મનમાનતી રીતે કરી આવ્યા હતા, અને શાહને જરથોશતી દીન સમજાવવાનુ કામ શાહને સંતોષ મળે તેમ કરી આવ્યા હતા તે ઉપરથી નોસારીના મોબેદોએ આભારી લાગણીથી તેવણને લખીત દસ્તાવેજોથી વડા તરીકે કેટલીક સત્તા આપી.

તારીખે મમાલીકે હીન્દ પણ જે જણાવે છે, કે પારસીઓએ શાહના મન ઉપર અસર કીધી, તે પણ હીજરી ૯૮૬ (ઈ. સ. ૧૫૭૯) ના વર્ષ માટેજ છે. અબુફ્જલ પણ અકબરનામામા જે જણાવે છે, કે શાહ અકબરની દરબારમા જરથોશતીઓ હાજર હતા, તે પણ એજ વખત માટે છે ત્યારે બાપદાદેથી ઉતરી આવેલી વાત, કે મેહેરજી રાણાને નોસારીના મોબેદોએ તેવણ શાહ અકબરની દરબારમાથી આવ્યા પછી પોતાના વડા નેમ્યા, તેને આ બે દસ્તાવેજોની તારીખોથી, અને બદઔનીની મુનતખબ અલ તવારીખમા, અબુલ્ફ્જલના અકબરનામામા, અને ગુલામ બાસીતની તારીખે મમાલીકે હીંદમા આપેલી તારીખોથી ટેકો મળેછે

(૧) દસ્તુર મેહેરજી રાણાને તેવણના એક ખેશી એરવદ વાછાએ પાળક કરી લીધેલા હતા, તેથી તેવણનુ નામ તેવણના બાપ રાણા જેસગને બદલે લખાણમા અને ભણતરમા કરી લીધેલા બાપ વાછા સાથે બોલાય છે

(૨) આ દસ્તાવેજોની નકલ બાબે જુઓ આગળ પાના ૧૪૭ થી ૧૫૦. જુઓ ફોટો લીધો ફેકસીમીલી

મેહેરજીરાણાએ શાહ અકબરની દરબારમાં બજાવેલી સેવા બાબે અને તેવણને વડા નેમાવા બાબે કેટલાક લખનારાઓના વિચારો.—(ક) મરહુમ પ્રોફેસર દાર્મેસ્ટેટર આ બનાવની પોતાના જંદ અવસ્તા(૧) ના પુસ્તકમાં નીચે પ્રમાણે નોંધ લે છે

"નોસારીના અસલી મોબેદો એટલે કે ધર્મગુરૂઓના કુટુંબનો મોટો ભાગ એક દસ્તુરાન દસ્તુરને કબૂલ રાખે છે, કે જે અસલી વખતના મોબેદાન મોબેદનું નબળું સ્વરૂપ છે. મેહેરજીરાણા, જેવણ અકબરના વખતના એક જાણીતા મોબેદ હતા, અને જેવણે શાહનશાહ આગળ ઘણો વગલાગ મેળવ્યો હતો, અને તેને પારસીઓના ધર્મના ફરમાનો સમજાવ્યા હતા, તેવણના કુટુંબમાં ઇસ્વી ૧૫૭૯ ના વર્ષથી એ ઓહ્દો વશાપરંપરા ઉતરતો આવ્યો છે."

(ખ) શેઠ ડોસાભાઈ ફરામજી પોતાની પારસીઓની તવારીખમાં(૨) આ બાબતની નીચે મુજબ નોંધ લે છે "પોતાની પહરેજગારી, એલમ અને દોષરહીત વર્તણુકથી તેવણે પોતાના જાતભાઈઓનું માન મેળવ્યું, એટલુંજ નહીં, પણ તેવણની કીર્તિ દુર બહોળા વિસ્તારમા ફેલાઈ અને મોટા શાહનશાહ અકબરના કાને પણ પહોચી, અને તેવણને તે ડાહ્યા રાજ્યકર્તાએ દીલ્લી બોલાવ્યા, કે તેવણ તેને જરથોશ્તી ધર્મના ફરમાન સમજાવે. કહેછે કે શાહનશાહ ઉપર જરથોશ્તી દીનની સારી અસર થઈ, અને તેણે પોતાની બાદશાહી મેહેરબાનીની એક નિશાની તરીકે, તે દસ્તુરને નોસારીખાતે ૨૦૦ એકર જમીનની કરોથી નિરાળી એક જાગીર એનાયત કીધી"

(ગ) શેઠ બેરામજી મેહેરવાનજી મલબારી પોતાની "ગુજરાત અને ગુજરાતીઓ"(૩) નામની ચોપડીમાં નીચે પ્રમાણે નોંધ લેછે. "અકબરના વખતમા પણ હિંદુસ્તાનમા દસ્તુર એક ભલુ કામ કરનાર બળ સમાન હતો જેઓએ મહેરજીરાણા બાબે વાચ્યું છે, તેઓએ તે વર્ણનને ફક્ત સંબંધ વિનાના લખાણ તરીકે નહીં સમજવું."

---

(૧) Le Zend Avesta par Darmesteter, Vol. I, Introduction III, p LVI

(૨) History of the Parsees, by Dosabhoy Framji Karaka, C. S. I, Vol. II., p. 8.

(3) Gujarat and the Gujaratis, by Mr B M. Malabari, 2nd edition, p 177

(૩) એક ત્રીજો પણ દસ્તાવેજ [1] છે, જે દેખાડે છે કે મેહેરજી રાણા શાહ અકબરની દરબારમાંથી જે કીર્તિ સાથે આવ્યા, તે કીર્તિની બાબુક આ રેશાનીની જુમમાંજ નોસારીના મોબેદોએ તેવણને વડા તરીકે ફિક્કરમાં એમ નથી પણ તેવણના મરણના વખત સુધી તેવણને વડા તરીકે ગણવાનું ચાલુ રહ્યું હતું એ દસ્તાવેજ ખુદ અસલ ગુમ થયોછે, પણ તેની પુસણી એક નકલ જળવાઈ રહેલી છે. એ સંવત ૧૬૪૬ (ઈ૦ સ૦ ૧૫૯૦) નો દસ્તાવેજ છે. એ નોસારીના આશાદીન કાકા નામના એક જાણીતા ધર્મ ગુરૂએ કાઠિઆવાડમાં આવેલા દીવ ખાતે લખેલો કાગળ છે. તેમાં ઈસારો કર્યા પ્રમાણે મેહેરજીરાણા તે વખતે પણ નોસારીના ધર્મ ગુરૂઓના વડા ગણાતા હતા, અને તેથી બહાર ગામ મોબેદો મોકલવા માટે તેવણની સમતી લેવામાં આવતી.

V પાંચમી દલીલ. નજદીક ૨૦૦ વર્ષના પુસ્તકમાં એક નામાંકિત ભલા પુરૂષ તરીકે ધુપનીરંગમાં દેવાતું દસ્તુર મેહેરજી રાણાનુ નામ.

એક બીજી અગત્યની બાબત દેખાડે છે, કે મેહેરજી રાણાને નોસારીના જરથોશતીઓ તેવણની કોઈ ખાસ સેવા માટે આભારી થયા હતા. પારસીઓમા રિવાજ છે કે ટોળાના ગુજર પામેલા કીર્તિવંત મહાન પુરૂષોનાં નામ ધુપ નીરંગના ભણતરમા દાખલ કરી તે યાદ કરવા. યજદજર્દી ૧૦૭૮ (ઈસ્વી ૧૭૦૯) માં અવસ્તા હર્ફે લખાયલી એક પુરાણી અવસ્તાની ચોપડી હુ રજુ કરૂ છુ.[2] તે હોરમઝદ જમશેદ બીન કેકોબાદ બીન જમશેદ દીન રોજ અરદીબહેશ્ત માહ મહિનો અને ૧૦૭૮ મે દિને લખીછે, તેમા 'નીરંગે ધુઈ દાદન' (અથવા ધુપનીરંગ) નામના ભણતરમા ઈરાનના ગુજરી ગયલા મહાન પુરૂષોનાં નામોને યાદ કરીને દસ્તુર મેહેરજી રાણાના નામને નીચે મુજબ યાદ કર્યું

---

(૧) આ દસ્તાવેજ માટે જુઓ ઉપર પાના૧૬૧—૬૨ જુઓ ફેટો લાથો ફ્રેક સીમીલી

(૨) આ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાના માલકીની છે. તેના ૪૩૮ કાલીઓ અથવા ૮૭૬ પાના છે. એનું કોલોફોન ફોલીઓ ૩૬૩ ક લીટી ૧૨ ઉપર છે. એના ફારસી કોલોફોન માટે જુઓ ઉપર પાનું ૪૯ નોટ ૧.

છે.[1] " દસ્તુર મેહેરજી એરવદ વાછા એદરીયાદ બાદ અનોશેહ રવાંન રવાનશી. "[2]

---

(૧) જુઓ ઉપલુ પુસ્તક ફોલીઆ ૬૦ ખ લીટી ૪

(૨) આવાં બીજા પણ જુનાં હસ્તલેખ અવસ્તાનાં પુસ્તકો છે, કે જેમા ખુપ નીરંગમાં દસ્તુર મેહેરજીરાણાનુ નામ સન્માનમા યાદ કરવામા આવ્યુ છે. એવા બીજાં બે પુસ્તકો મેહેરબાની કરી મને વાપરવા આપવામા આવ્યાં છે

૧ એમાનું એક એરવદ દસ્તમશોજ નવરોજી કુતારનું છે, જે પણ તેવણ તરફથી એ માનેકજી રૂસ્તમજી ઉનવાળા મારફતે મને મળ્યું છે. તે અવસ્તા હરફે લખેલું જુનું પુસ્તક છે પણ તેના સેવટના થોડાક ફોલીઓ ગુમ થવાથી તેની સાથે તેનુ કોલોફોન પણ ગુમ થયું છે. એ પુસ્તકમાં ફોલીઓ ૧૨૧ ખ (લીટ ૩ થી ૫) માં દસ્તુર મેહેરજીરાણાના નામને ખુપ નીરંગમા યાદ કર્યુંછે. આ પુસ્તક ૧૫૨ ફોલીઓનું છે, જેમાંથી ૬૮ અને ૬૯ મા ફોલીઓ અને ૭૩ થી ૮૬ મા ફોલીઓ ગુમ થયાછે. તે જંદ અક્ષરો અને યથા-અહોમથી શરૂ થાયછે. અને તેમાં પાચ નીઆએશ, થોડીક યશ્તો અને આ-ફરગાનો અને આફ્રીનો આપેલી છે છેલ્લા બચી રહેલા ફોલીઓમાં પાનાના સેવટે આફ્રીનનું નીચલુ મથાળું છે " આફ્રીને શસ ગહમબાર નવીસેમ. હમા-જોર." હમાજોર શબ્દ એક રેકાબ (Catch-word) તરીકે નીચે આપ્યો છે એ આફ્રીનથી શરૂ થતા સેવટના કેટલાક ફોલીઓ ગુમ થયાછે. તેના સાથે એ ચોપડીનુ કોલોફોન ગુમ થયુ છે. તેથી આ પુરાણા અવસ્તાના હાથના લખેલા પુસ્તકનો સને આપણે ચોકસ આપી શકતા નથી. તોપણ એરવદ તેહમુરસ દીનશા અંકલેસરીઆ, જેવણને આવા પુરાણા પુસ્તકોનો અનુભવ છે, તેવણ તેના હરફો અને કાગળ ઉપરથી તેને ઓછામા ઓછુ ૭૫ વર્ષ જુનુ ધારેછે

૨ બીજુ હાથનુ લખેલુ જુનુ પુસ્તક, જે મને આપવામાં આવ્યુ છે તે ગુજરાતી હરફે લખેલુ અવસ્તાનુ ભણવાનું પુસ્તક છે તે મુંબાઈવાળા મરહુમ શેઠ નાનાભાઈ ધનજીભાઈ બનાજીની માલેકીનું છે અને તે એરવદ નસરૂવાનજી બરજોરજી દેસાઈ તરફથી મને મેહેરબાનીની રાહે મળ્યું છે. તે ૭૭ વર્ષ જુનુ છે, કારણ કે મોબેદ સોરાબજી પેસતનજી કાલાભાઈ સોરાબજી, જેવણ સુરતના પડોશના સુવાલી ગામના એક મોબેદ હતા, તેવણે ભરૂચના એક બેહેદીન, બેહેદીન કેરબાદજી સોરાબજી કડલાજીની ખાહેશથી તે ઈ સ ૧૮૨૪ મા લખ્યુ હતુ. તે ૪૦૭ ફોલ્યોનુ એક મોટુ પુસ્તક છે આગળ અને પાછળ કોઈ બીજા લખનારે થોડાક ફોલીઓ એ પુસ્તક બંધાવતી વખતે ઉમેર્યા છે એ પુસ્તકના કોલોફોન માટે જુઓ આગળ પા. ૫૦ અને ૫૧ એ કોલોફોનમાં લખનાર કહેછે કે " તે કરવા અસલ માફક નકલ

હવે ત્યારે આસરે ૨૦૦ વર્ષ ઉપર લખાયલાં જુના અવસ્તાના દફતરમા આપણે દસ્તુર મહેરજી ગણાનું નામ ધુપનીરંગમા ભણાતું જોઇએ છીએ, તે શા કાજે? તે તેવણની કોઈ નામિચી સેવા માટે હોવું જોઈએ

કીધાછે" ત્યારે ૧૮૨૪ મા આ ચોપડીની નકલ થઈ તેની આગમચની કોઈ પુરાણી નકલ, જે ઉપરથી આ નકલ કીધી છે, તેમા પણ દસ્તુર મેહેરજી રાણાનું નામ ધુપનીરગમા હોવુ જોઈએ એ પુસ્તકમા ફોલીઓ ૪૦ થી ૪૩ માં ધુપનીરગ આપાછે અને દસ્તુર મેહેરજીરાણાનુ નામ (ફોલીઓ ૪૩ ક લીટી ૨ મા) "દસ્તુર મેરજી એરવદ વાછા એદરીઆદ બાદ અનુશેહ રૂવા રૂવાની" એમ યાદ કર્યું છે

હવે દસ્તુર મેહેરજીરાણાનુ નામ સુરતના એક મોબેદે લખેલા પોણોસો વર્ષ ઉપરની એક ચોપડી, જે વળી તેના કોલોફોનમા લખવા મુજબ, એક બીજી જુની ચોપડી ઉપરથી બરાબર ઉતારેલી, અને જે ભરૂચના એક બેહેદીન માટે લખાયલી, તેની ધુપનીરગમાં મળેછે, તે એક ધ્યાન ખેંચનારી બાબત છે તે દેખાડે છે કે દસ્તુર મેહેરજી રાણાનુ નામ અને કામ ફક્ત નૌસારીમાંજ જણાયલા હતા એમ નહીં, પણ નૌસારીની બહાર પણ દૂર વેર જણાયલા હતા

વળી આ ચોપડી ભરૂચના એક બેહેદીન માટે લખાઈ હતી, તેના સબંધમા આ જાણવા જોગ છે, કે ભરૂચમા હજુપણ દસ્તુર મેહેરજી રાણાનુ નામ ધુપ નારગના ભણતરમાં યાદ કરવામા આવેછે ખાનબાહાદુર આદરજી મનચેરજી દલાલ બી એ જેવણ ભરૂચની પારસી પચાએતના એક તરસતી છે, તેવણ તા ૧૭ મી નવેમબર ૧૯૦૧ ના પોતાના પત્રમા, મારી પુછપરછના જવાબમા લખેછે કે (એવણના અંગ્રેજી પત્રના અસલ ફકરાઓ માટે જુઆ પા ૫૧) 'મેહેરજી રાણાનુ નામ આપણી આફ્રીન અને ધુપનીરગના બદગીઓમા દસ્તુર અસપદીઆર દસ્તુર કામદીનજીના નામની આગમચ નીચે પ્રમાણે લેવામા આવે છે 'દસ્તુર મેહેરજી અરવદ વાછા'" (દસ્તુર અસપદયાર કામદીનજી ભરૂચના એક ભણલા દસ્તુર હતા તેવણ "કદીમ તારીખ પારસીઆની કસર" એ નામના ચોપડી, જેનો ઉપર ઈસારો કર્યો છે, તેના કર્તા હતા) ભરૂચમા ધુપ નીરગમા દસ્તુર મેહરજી રાણાનુ નામ શુ કરવા લેવામા આવે છે, તે બાબે ખાનબાહાદુર આદરજી દલાલ કહેછે કે તે બાબે કાઈ સત્તાદાર રીતે જણાયલુ નથી પણ મોબેદો કહેછે કે 'તે તેવણની મોટા કાબેલીઅતને લીધે અને શાહનશાહ અકબરના દરબારમાની તેવણની કીર્તિને લીધે હતુ" ખાનબાહાદુર આદરજી વધુ ઉમેરેછે કે "આએ નોધવાનુ છે કે તેવણનું નામ અરદેશર બાબેગાનના નામની પછી અને દસ્તુર અસપદીઆરજી દસ્તુર કામદીનજીના નામની આગમચ લેવામા આવેછે"

તે સેવા તે અકબરની દરબારમા બજાવેલી જરથોશતી દીનની બાબતની સેવા હતી કોઈ પણ રીતે આ પુરાણુ હાથનુ લખેલુ આવસ્તાનું પુસ્તક દેખાડે છે કે, જેમ કોઈ તરફથી કહેવામા આવે છે તેમ, દસ્તુર મેહરજી રાણા કોઈ ખુણે પડેલા અથવા નહીં જણાયલા મોબેદ ન હતા

હાલ સુધીની તપાસનુ તાતપર્ય—હાલ સુધીની તપાસમા ત્યારે ૧) બદઓનીની મુનતખબ અલ તવારીખની અને ૨) દબેસ્તાનની સીધી શાહદતો ઉપરથી, અને ૩) અબુલફજલના અકબરનામાની અને ૪) તારીખે મમાલીકે હીંદની આડકતરી શાહાદતો ઉપરથી, ૫) અને તે શાહદતોને ટેકો આપનાર ફરહગે જેહાંગીરીની શાહદત ઉપરથી આપણે જોયુ, કે શાહ અકબરને જરથોશતી દીન સમજાવનાર અને તેની ઉપર અસર કરનાર નોસારીના પારસીઓ હતા, અને અરદેશર તો ઇરાનથી આબનાવ પછી લાબે વખતે આવ્યો હતો આપણે વધુ જોયુ કે ૧) શાહઅકબરે દસ્તુર મેહેરજીરાણાને ભેટ આપેલી ૨૦૦ વીઘા જમીન, જે માટે બે ફર્માનો, એક પરવાનો અને એક મેહેજરમા જણાવ્યુ છે, તે ઉપરથી, ૨) અકબરના વખતમા થઈ ગયલા તેના ગવૈયા તાનસેનના ગીત ઉપરથી, ૩) દસ્તુર શાપુરજી સજાણાએ ઈ સ ૧૭૬૫ માં લખેલી 'કીસ્સેએ આતશ બેહરામે નોસારી' નામની ફારસી ચોપડી ઉપરથી, ૪) મેહેરજીરાણાનુ વડપણ કબૂલ રાખનાર નોસારીના મોબેદોના ત્રણ દસ્તાવેજો ઉપરથી, અને ૫) ઈ સ ૧૭૧૦ મા લખાયલું અવસ્તાનુ એક પુરાણુ પુસ્તક, જેને બીજા ત્યાર પછી લખાયલાં બે પુસ્તકો ટેકો આપેછે, તે ઉપરથી, માલુમ પડેછે કે નોસારીના પારસીઓના વડા તરીકે દસ્તુર મેહેરજી રાણા ગયા હતા, અને તેવણે શાહ અકબરને જરથોશતી ધર્મ સમજાવ્યો હતો

III

નોસારીના પારસીઓ અને દસ્તુર મેહેરજીરાણા સામે લેવાયલા વાંધાની તપાસ.

હવે આપણે આપણા વિષયના ત્રીજા ભાગ ઊપર આવીએ અને (I) નોસારીના મોબેદો સામે સામાન્ય રીતે, અને (II) દસ્તુર મેહેરજીરાણા સામે ખાસ કરી, જે વાંધાઓ લેવામાં આવ્યા છે તે તપાસીએ.

(I) પેહેલે તો નોસારીના પારસીઓની લાયકાત સામે બે વાંધા લેવામા આવ્યા છે. ૧) એક આ, કે તે વખતે ગુજરાતના પારસીઓ અજ્ઞાન હતા અને તેથી તેઓ અકબરની દરબારમાં ચાલતી તકરારમા ભાગ લેવાને

શક્તિવાન હતા નહીં. ૨) બીજું આ કે નોસારી પોતે ગુજરાતના ખુણામાં પડેલું એક ગામ હતું અને શાહઅકબરને જરથોશતી ધર્મ સમજાવવાની લાયકાત ધરાવનાર કોઈ પુરૂષ ઊત્પન્ન કરે એવી હાલતમા ન હતું.

I ૧ નોસારીના પારસીઓ સામેનો પેહેલો વાંધો, કે ગુજરાતના પારસી અજ્ઞાન હતા.— નોસારીના પારસીઓએ અકબરને દીન સમજાવી હતી, તે સામે વાંધો આ ઉઠાવવામાં આવે છે કે અકબરના વખતમાં ગુજરાતના પારસીઓમા અજ્ઞાનપણુ હતું, તેથી તેઓમાથી કોઈ અકબરની દરબારની ધર્મ સબંધી તકરારમા ભાગ લઈ શકે નહીં અને અકબરને દીન સમજાવી શકે નહીં.

(ક) ધારવામાં આવે છે તેવુ અજ્ઞાનપણુ ગુજરાતમાં ન હતુ, તે બાબે વિચારો— હવે ડા. ઉવેસ્ટ ડા ગેલ્ડનર, અને પ્રોફેસર હોડીવાળા, એઓએ બીજે ઠેકાણે દેખાડયુ છે કે જેવું ધારવામાં આવે છે તેવુ અજ્ઞાનપણુ[1] એ વખતે ગુજરાતમા ન હતું

(ખ) ઇરાનના જરથોશતીઓની હાલત હિંદુસ્તાનના જરથોસ્તીઓ જેવીજ—બીજુ એવું માલમ પડેછે કે આ વખતે ઇરાનના જરથોશતીઓની પોતાની હાલત હિંદુસ્તાનના જરથોશતીઓ કરતા સામટી રીતે વધારે સારી ન હતી એવું કહેવામા આવે છે કે "હિંદુસ્તાનના જરથોશતીઓ દીલસોજી નહીં ધરાવે એવા લોકો વચ્ચે રહી કચડાયલી હાલતમાં રહેતા હતા, અને તેથી પોતાનું ગુજરાન મેળવવામાજ ગુતાયલા રહેતા હતા, અને તેથી તેઓનું જ્ઞાન ઘણુ થોડું હતુ" હવે જો હિંદુસ્તાનના જરથોશતીઓ માટે આ હકીકત ખરી હોય તો ઇરાનના જરથોશતીઓ માટે તે ઓછી ખરી ન હતી હિંદુસ્તાનના જરથોશતીઓ જો દીલસોજી નહીં ધરાવે એવા જુદદીનો વચ્ચે વસતા, તો ઇરાનના જરથોશતીઓ તેઓ કરતાં વધુ અ-દીલસોજ જુદદીનો વચ્ચે વસતા આ દીલસોજીની ઘેર હાજરીને લીધે ઇરાનના જરથોશતીઓની સંખ્યા ઘટતી જતી હતી, જ્યારે ગુજરાતના જરથોશતીઓની વસતી વધતી જતી હતી

નરીમાન હોશંગ મારફતે ઈ સ. ૧૪૭૮ માં ઇરાનખાતેથી જે કાગળ આવ્યો હતો, અને જે કાગળના આધાર ઉપર ગુજરાતના પારસીઓના

---

(૧) જુઓ તા ૨૪ સપ્ટેમબર ૧૮૯૮ નુ જામેજમશેદ જુઓ બોંબે ગેઝેટ ૧૮૯૬ ના અકટોબર નવેમબરના આંકો એઓનાં અંગ્રેજી કાગળોમાંથી ઉતારેલા ફકરાઓ માટે જુઓ આગળ પાના ૧૬૫ થી ૧૬૮.

અગ્ગાનપગ્ગુનો આધાર બાધવામા આવે છે, તેજ કાગળમા આપણુને એક ફકરો મળે છે કે જેમાં ઇરાનના જરથોશ્તીઓ, જેમ હિંદુસ્તાનના જરથોશ્તીઓની ધર્મસંબધી પડતી માટે, તેમ પોતાની ધર્મસબંધી પડતી માટે વિલાપ કરેછે. તેઓ કહેછે[૧] કે—

"તેઓએ જાણવું, કે ગયોમર્દથી તે આજ સુધી જે જમાનો ગુજર્યોછે, તે જમાનામાં—નહીં જોહાક તાજી કે નહીં અફ્રાસીઆબ કે નહીં જાદુગર તુર કે નહીં યુનાની સિકંદર, કે જેઓ માટે દાદાર ઓહરમજ઼દ કહેછે કે તેઓ મોટા ગુનેહગારો હતા, તેઓના વખતમા—કોઇપણ વખત, એશામ (દેવ) ના હજારાની સેવટના આ જમાના કરતાં વધારે સખત અને મુશ્કેલ પસાર થયો નથી. આ હજારો, કે જેનાં ૮૪૭ વર્ષ[૨] પસાર થયા છે, તેના કરતાં આગલા વખતો, જે માટે ઓહરમજ઼દે જણાવ્યુ છે, તે વધારે ખરાબ નિવડ્યા નથી. પણ ભલી દીનવાળાઓ (બેહેદીનો એટલે જરથોશ્તીઓ) આ જમાનામાં સવાબનાં કામમા અને ઓહરમજદના માર્ગમાં થોડા દાખલ થાયછે, અને નીરગ અને બર્સમ અને યોજદાસ્રગીરી અને પાકી પલીદી (ના કાયદાઓ) ઘણાક થોડા બાકી રહ્યા છે બાકીના—શુ ઇરાનમા કે શુ હિંદુસ્તાનમા—આપણા હાથમાંથી જતા રહ્યાછે પાકી પલીદીની ઘણી રાહ રસમો ચાલુછે"

આ ફકરામાં ત્યારે ઇરાનના જરથોશ્તીઓ ફર્યાદ કરેછે, કે તે જમાનાના બેહેદીનો સવાબનાં કામો થોડાં કરેછે અને નીરંગ બર્સમ અને યોજદાસ્રગીરીના કામો થોડા થાયછે. તેઓ ખોલ્લુ કહેછે, કે જેમ હિંદુસ્તાનમા તેમ ઇરાનમાં મામલો એક સરખો છે. ઇરાનની રેવાયતના આ ફકરા ઉપરથી આપણે જોઇએ છીએ કે ઇરાનના જરથોશ્તીઓની હાલત હિંદુસ્તાનના જરથોશ્તીઓ કરતા કોઇપણ રીતે, વધારે સારી ન હતી.

એજ મુજબ નરીમાન હોશગની બીજી રેવાયત, જે યજદજરદી ૮૫૦ મા લાવવામાં આવી હતી, તેમાં પણ તેઓ પોતાની હાલત માટે વિલાપ કરેછે

---

(૧) અસલ ફારસી ફકરા માટે જુઓ આગળ પાનું ૫૩. જુઓ દારાબ હોરમજદયારની રેવાયત, મુબાઇની યુનીવરસીટીની નકલ વા. I ફોલીઓ ૧૧ બ. લીટી ૧ થી ૭, નરીમાન હોસંગનું લાવેલુ પત્ર બર્જો કામદિનની રેવાયત, મુલ્લા ફીરોજ લાયબરીની નકલ પા. ૩૩૬ લીટી ૭ થી ૧૬ (એ પુસ્તકખાનાનો રેહાતઝેકનો કેટલોગ પા ૧૭૮ માં જણાવેલી ચોપડી VII ના ૨)

(૨) આ સંખ્યા આ કાગળનો સને આપેછે કે નરીમાન હોશંગ તે યજદજરદી ૮૪૭ ના વર્ષમાં લાવ્યો હતો.

તેઓ કહેછે કે,(૧) " અમો ગરીબો વચ્ચે ચાર પાંચ શખ્સો છે, કે જેઓ પેહેલવી લખાણ જાણેછે, પણ અસલ શુ છે તે જાણી શકાતું નથી, કારણ કે જુલમ અને જારતીથી અમારો રોજગાર અને(૨) શરીર અને પોષાક સઘળાં આલુદ થઇ ગયાંછે "

ઇરાનની રેવાયતના આ લખાણ ઊપરથી આપણે જોઇએ છીએ, કે તે વખતે ઇરાનના જરથોશતીઓની હાલત કાંઈ વધારે સારી ન હતી અલબતે પોતાના અસલ વતનમાં હોવાથી તેઓના લાભમા આ હતુ, કે તેઓ પાસે કોઈ પુરાણા જરથોશ્તી પુસ્તકો હતા અને તેઓમા બાપદાદેથી ઊતરી આવેલી ટોળાની અસલી વાતો ચાલુ હતી પણ તેમ બીજા હાથ ઉપર તેઓને ગેરલાભ આ હતો, કે તેઓ હજુર ઇસલામી રાજ્ય કરનારાઓના લાખડી કાબુ તળે હતા, કે જેથી તેઓની સખ્યા આસતે આસતે વટળવાથી ઓછી થઈ ગઈ. ખરૂ છે કે હિંદુસ્તાનના જરથોશતીઓ ઇરાનથી પોતાના કેટલાક સવાલોના ખોલાસાઓ મેળવતા હતા પણ તેઓ ઇરાનથી કેટલીક બાબતોની વાકેફી મેળવતા હતા, તે હકીકત ઉપરથી એમ નથી સાબેત થતુ કે, જેમ કહેવામા આવેછે તેમ, તેઓ પોતાના ધર્મના મૂળતત્વોથી અજ્ઞાન હતા, અને પોતાના રાજકર્તા પાદશાહને પોતાનો ધર્મ સમજાવવાને શક્તિવાન ન હતા

હાલમા પણ કેટલાક પારસીઓ મતફેરની વખતે, અથવા તકરારી સવાલોની વખતે, અથવા કોઈ સાધારણ બાબતોમા વટીક યુરોપ અને અમેરીકાના ખ્રિસ્તિ વિધ્વાનોને સવાલો પુછેછે પણ તેથી, આજ પછી થોડીક સદીઓ બાદ, કોઈ ધણીએ આ સેવટ ઉપર નહી આવવું જોઈએ, કે ૧૯ મી અને ૨૦ મી સદીના હિંદુસ્તાનના પારસીઓ પોતાના ધર્મ બાબે તદન અજ્ઞાન હતા, અને પોતાનો ધર્મ સમજવાને અને બીજાઓને સમજાવવાને સામર્થવાન ન હતા. ૧૬ મી અને ૧૭ મી સદીઓમા ઇરાનના જરથોશતીઓ ઊપર અતરેથી જે સવાલો મોકલવામા આવતા, તે બાબે સર જેમસ કેમ્પબેલ એવોજ વિચાર લે છે. તે કહેછે કે ઇરાનતરફ મોકલવામા આવતા

---

(૧) અસલ ફારશી ફકરા માટે જુઆ ઉપર પાનુ ૫૪ દારાબ હોરમજદ-યારની રેવાયત, મુબઈની યુનીવરસીટીના પુસ્તક ખાનાની નકલ, વાલમ I ફોલીઓ ૧૩ બ સીટી ૬—૭

(૨) જો આ ' અને ' મેસીદઇએ તો અર્થ થાય કે " જમાનાના જુલમ અને જારિતથી આમારા શરીર અને પોષાક આલુદે થયાછે "

સવાલો "ધર્મસંબંધી બાબતોની શકમદ બાબતો ઉપર" હતા[૧] ડા ઊવેસ્ટ પણ એવોજ વિચાર ધરાવે છે.[૨]

(ગ) **અબુ ફૂજલના અકબરનામા પ્રમાણે હિંદુસ્તાનમાં જદ અવસ્તાનુ જ્ઞાન આપનાર મોબેદો હતા**—વળી આપણને ખુદ અકબરના વખતના એક તવારીખનવેશના લખાણનો ટેકો મળેછે, એવું દેખાડવાને, કે જરથોશ્તી ધર્મનું જ્ઞાન મેળવવાને માટે કોઈ શોખીનને છેક ઇરાનવેર જવાની જરૂર ન હતી. ખુદ હિંદુસ્તાનમાજ મોબેદો એવા હતા, કે જેઓ જરથોશ્તી ધર્મની બાબતમા સચ્ચાઇ શોધનારાઓને જ્ઞાન આપી શકે. એ લખાણ કરનારો શાહ અકબરનો વજીર અબુ ફૂજલ હતો અબુ ફૂજલ પોતાના અકબરનામામા પોતાની જવાન ઉમર માટે કહેછે કે—

"મારા વેરાન દેખાતા મનને કોઈ ઇલાજ ફાયદા ભર્યો નહીં લાગ્યો કોઈ વખતે મારૂ દીલ ખતાના હદના દાનાવોની સોહોબત એંચતુ, તો કોઈ વખત લેબેનોનના પહાડના અનુભવિ પુરૂષો તરફ માગ મનની પસદગી જાહેર પડતી કોઈ વખતે તીબેટના જોગીઓ સાથેની વાતચીતનો શોખ મારા આરામમા ખલલ નાખતો, તો કોઈ વખત પોર્ટુગીઝ પાદરીઓની સગત મારા ડગવની દામન પકડતી, તો કોઈ વખત પારસીઓના મોબેદોની સગત અને જદ અવસ્તાના ભેદ ભરમોનું જ્ઞાન મારા મનની સબુરી છીનવી લેતુ"[૩]

ઈ. સ ૧૫૭૪ માં અબુ ફૂજલ શાહની દરબારમા દાખલ થયો હતો, તે આગમચના વખત માટે તે એમ બોલે છે. હવે જો હિંદુસ્તાનમાં એટલું બધુ સામાન્ય અજ્ઞાનપણુ હોય, કે અકબરને કોઈ પણ પારસી પોતાની દીન સમજાવી શકે નહીં, અને તેથી તેને ઇરાનવેરથી જરથોશ્તીઓને બોલાવવા પડે, તો અબુ ફૂજલ સાથે વાત કરનારા એ ભણેલા મોબેદો

---

(૧) બોંબે ગેજટીઅર, વાલમ XIII, 'થાના' ભાગ I પા ૨૫૪

(૨) જુઓ અસલ અંગ્રેજી લખાણ માટે પાનુ ૧૬૬.

(૩) અબદુલ રહીમની કલકત્તાવાળી આવૃત્તિ, વા III પા ૮૪ લાટી ૧૦ - ૧૩ એના અસલ ફકરા બાબે જુઓ. પા. ૫૬ નોટ ૧. બ્લોખમાનના તરજુમા માટે જુઓ આઇને અબકરીનો એનો તરજુમો વા I દિબાચો પા ૧૨ કોટ ૬ નોએ વા. I પા ૩૦૫ તેનીસન પોતાની "અકબરનો સ્વપનો" નામની કવિતામા નોટમા આ ફકરો બ્લોખમાન પરથી ઉતારેછે. જુઓ ૧૮૯૪ મા પ્રગટ થયલુ તેનીસનના લખાણો નુ મેકમીલન કુ. નું પુસ્તક પા ૮૪૫.

કોણ હતા ? શું તેણે પણ જંદ અવસ્તાનું જ્ઞાન મેળવવા માટે ઇરાનથી જ-રથોશતીઓને તેડાવ્યા હતા ?

(૫) સામાન્ય અજ્ઞાનપણા વચ્ચે પણ થોડાક જ્ઞાનીઓ હોય.— પણ એક બારગી તકરારને ખાતર આપણે કબૂલ રાખીએ, કે તે વખતના ગુજરાતના પારસીઓનું ધર્મ સંબધી જ્ઞાન સામાન્ય રીતિ સારૂ ન હતું. પણ તેથી એમ નથી સાબિત થતું, કે આમ લોકો કરતા છુટા છવાયા કોઇ પણ ઓલમાઓ નહીં હતા, કે જેઓ બીજાઓ કરતાં જરાક પણ હુશિઆર નહીં હોય, અને પોતાના ધર્મ પોતાના પાદશાહને સમજાવી શકે નહીં સામાન્ય આમ લોકો અજ્ઞાન હોય, પણ છુટા છવાયા જરથોશતીઓ એવા હોય કે જેઓ શાહ અકબરને ધર્મ સમજાવી શકે

૨ નાૈસારીના પારસીઓસામે બીજો વાંધો, કે નાૈસારી ખુણામાં પડેલું ગામ—બીજો વાંધો નાૈસારીના પારસીઓ સામે આ લેવામા આવે છે, કે નાૈસારી તો ગુજરાતના ખુણામાં આવેલું એક ગામ છે તેથી ત્યાના પારસીઓનું જ્ઞાન એવું નહીં હોય કે તેથી તેઓ અકબરને પોતાની દીન સમજાવી શકે.

(૬) તવારીખનવેશો મુજબ નાૈસારી એક જણાયલો કસબો— નીઝામુદદીન અહમદની તબકાતે અકબરી અને અબુફ્જલના અકબરનામા ઉપરથી માલૂમ પડેછે, કે નાૈસારી તે વખતે થોડીક અગત્યતાનું શહેર હતું અને તે જાણમા આવેલું હતું અકબરના બાપ હુમાયુનના વખતમાં ગુજરાતનો સુલતાન બાહાદુર જે હુમાયુન સામે લડતો હતો, તેના અમીરોમાના એકે " નાૈસારીની પડોશમા એક કિલ્લો બાધ્યો હતો ....તેણે નાૈસારીને પોતાના કબજામા લઇ ભરૂચ તરફ કુચ કીધી "[૧] અબુલ ફ્જલ પણ કહે છે કે " ખાન જહાન શીરાજી અને રૂમીખાન, જેનું નામ સફર હતું અને જે સુરતનો કિલ્લો બાંધનાર હતો, તેઓએ સાથે કામ કર્યું. તેઓએ નાૈસારી, જે હુશેનખાનના એક અમલદાર અબદુલ્લા ખાનના સવાધિનમા હતું, તેનો કબજો લીધો અને તે પછી ભરૂચ ગયો ".[૨] ગુજરાતના એક

(૧) તબકાતે અકબરી મુનશી નવલ કીશોરની ૧૮૭૫ ની આવૃત્તિ, પા ૧૯૮ લીટી ૨૧-૨૩. એલીઅટની હિંદુસ્તાનની તવારીખ, વા V પા ૧૯૭.

(૨) અકબરનામુ, કલકત્તાની એશિઆટીક સોસાએટીની અબ્દુલ રહીમ વાળી આવૃત્તિ વા. I પા. ૧૪૨, લીટી ૨૦—૨૧. એલીઅટની હિંદુસ્તાનની તવારીખ વા. VI પા.૧૫.

જાણીતાં શેહેર સુરતની ઘણીક નજદીકમાં હોવાથી, નોસારી લાંબો વખત સુધી અજાણ્યું પડી રહે નહીં. અકબર પોતે સુરત આવ્યો હતો. તેથી તેનું પોતાનું ધ્યાન પડોશના નોસારી ઉપર ખેચાયલું હોવું જોઇએ.

આઈને અકબરી (૧)ઉપરથી આપણે જોઇએ છીએ કે સુરતની સરકારના ૩૧ મહાલમાથી નોસારી મહાલ વિસ્તારની બાબતમાં ૧૯ મો મહાલ હતો ગન્યની તીજોરીની આએપતની બાબતમાં પણ નોસારી મહાલ ૧૯ મો મહાલ હતો તેનો વિસ્તાર ૧૭૩૫૩ વીઘા હતો અને તેની મેહેસુલ ૨૯૭૭૨૦ દામ[2] હતો તે સુગંધી તેલની બનાવટ માટે મશહુર હતું. અબુ ફ્જલ તેને માટે કહેછે કે "રોગની ખુશબુ આન જા સાજન્દ કે દર હીચ જા ન શવદ" એટલે "ત્યાં એવું સુગધી તેલ બનાવવામાં આવેછે કે જેવુ બીજી કોઇ જગ્યાએ થતું નથી "

(ખ) નોસારી એક બારગી ખુણામાં પડેલું હોવા છતાં પોતાના પારસીઓ માટે જાણીતું—એક બારગી તકરારને ખાતર કાબૂલ રાખ્યે, કે નોસારી ગુજરાતના એક ખૂણામા આવ્યુ હતું અને નાનું ન જણાયલું ગામ હતું પણ આ બાબત, કે અકબરના વખતનો તવારીખનવેશ બદઓની, ધર્મ સબધી તકરારમા ભાગ લેવા આવનારા જરથોશતીઓ માટે બોલતા, એ ગામનું નામ દે છે, અને કહેછે, કે નોસારીના જરથોશ્તીઓએ શાહને જરથોશતી દીનની સચ્ચાઈ સમજાવી, તે દેખાડે છે કે તેણે નોસારીને અગત્ય આપી હતી. કાઈ નહીં તો અકબરના ઇબાદતખાનાની તકરારમાં ભાગ લેવા માટે લાયક જરથોશતીઓ પુરા પાડનારા એક ગામ તરીકે તેણે એ ગામને અગત્ય આપી હતી. સુરત, રાંદેર, ભરૂચ, અકલેશ્વર અને ખબાયત, પારસી ગામો તરીકે તે વખતે જણાયલાં હતાં એ મધળાં ગામોમાંથી અકબરની દરબારમા પારસીઓ મોકલનાર તરીકે બદઓની નોસારી ગામને જણાવે છે. જો આ બનાવને વખતે ઇરાનના જરથોશતીઓ આવ્યા હતે તો બદઓની ઇરાનનુ નામ જણાવતે

ઊપલા પારસી ગામોમાં રાનેર અથવા રાંદેર, જે સુરતની ઘણી નજદીકમાં આવ્યું છે, તેનું એક પારસી ગામ તરીકે અબુ ફ્જલ આઇને અકબરીમાં ખાસ નામ લે છે. તે કહેછે, કે "ફારસથી આવી જરથોશ્તી તરીકાવાળાઓએ અહીં મથક કર્યું છે. તેઓ જદ અને પાજદ ભણે છે, અને

---

(૧) બ્લોખમાનની આવૃત્તિ વાલમ I પા. ૪૯૮ લિટી ૧૩ કોલમ ૧.
(૨) દામની કીમત માટે જુઓ પા ૨૨૭

દોખમાંઓ બનાવે છે".(૧) એમુજબ અબુલફ્જલ પ્રમાણે જોકે પારસીઓના સ્વસ્થાન તરીકે રાંદેર જણાયલું હતું, તોપણ બદઓની પ્રમાણે અને દબેસ્તાનના કર્તા પ્રમાણે, નોસારીના પારસીઓને એબાદતખાનાની તકરાર માટે બોલાવવામાં આવ્યા હતા આ બાબત ત્યારે અગત્યની છે અને દેખાડે છે, કે પારસીઓના ધર્મસબંધી જ્ઞાનના સબંધમા નોસારી તરફ એમ અગત્યના ગામ તરીકે જોવામાં આવતું.

(ગ) રેવાયતો મુજબ પણ નોસારી પારસીઓનુ અગત્યનુ જાણીતુ શહેર.

પણ એક બીજી ઘણી અગત્યની બાબત છે, કે જે દેખાડે છે, કે અકબરના જમાનામા અને તેની આગળ પાછળના જમાનામા પણ નોસારી પારસી ધર્મ ગુરૂઓના મુખ્ય મથક તરીકે જણાયલું હતું તે બાબત આ છે, કે જ્યારે પણ ઇરાનના દસ્તુરો હિંદુસ્તાનથી ગયલા સવાલોનો જવાબો લખતા, ત્યારે નોસારીનુ નામ પહેલુ લખતા, અને ત્યાના દસ્તુર મોબેદોના નામ પહેલે લખતા, અને ત્યાર પછી બીજા ગામોના નામો અને ત્યાના દસ્તુર મોબેદ સાહેબોના નામો લખતા કેટલીક રેવાયતો ઉપરથી આપણને એ માલમ પડેછે હુ એવી કેટલીક રેવાયતોની પુરાણી નકલો રજુ કરૂંછુ.

૧ **નરીમાન હોશગની રેવાયત**—એવી એક પહેલી રેવાયત નરીમાન હોશગની રેવાયત છે, જે રોજ ખોરશેદ માહ આવા સને ૮૪૭ યજદજરદી (ઇ૦ ૧૪૭૮) ને દીને ઇરાનથી લખાઈ હતી એ નોસારીના ચાગા શાહ નામના જાણીતા પુરૂષ ઉપર લખાયલી છે એ રેવાયતમા નોસારીનું નામ પહેલુ લખાયલુ છે, અને પછી સુરત, અકલેશ્વર, ભરૂચ અને ખંબાતના નામો છે એ રેવાયત માટે હુ દારાબ હોરમજદીઆરની રેવાયત રજુ કરૂ છુ, જે ખુદ દારાબ હોરમજદીઆરને પોતાને હાથની લખાયલી છે.(૨) દારાબ હોરમજદીઆરે પોતાના સગ્રહમા આ નરીમાન હોશગની રેવાયત રોજ મેહે (મોહોર) માહ દે સને ૧૦૪૮ યજદજર્દી

---

(૧) કલકત્તા ટેક્ષ્ટ, વા I પાનુ ૪૮૮, લીટી ૨ અને ૩ અસલ ફકરા માટે જુઓ ઉપર પા ૫૭-૫૮

(૨) બોમ્બે યુનાવરસીટીની લાયબ્રેરીની રેવાયત, જે ડા ઉવેસ્ટ તારીખ ૨૦ એપ્રેલથી તા ૨૧ નવેમ્બર ૧૬૭૯ સુધીમા લખાયલી ધારેછે, તેનો વા I ફોલીઓ ૧૩ ક લીટી ૨ જુઓ એ નકલની શરૂઆતમા ડા. ઉવેસ્ટના પોતાના વિચારો અને સાકળીઆનો જોડેલો ભાગ પાનુ ૧ લીટી ૧૫ થી ૧૮ જુઓ મુલ્લા ફીરોજ લાઇબ્રરીની બર્જો કામદીનની રેવાયત, પા ૩૩૫. એ માટેના અસલ ફકરા માટે જુઓ ઉપર પાનુ ૫૮ નોટ ૩ જુઓ પારશી પ્રકાશ વા. I પા ૬

(ઇ૦ ૧૬૭૯) ને દિને ઉતારેલી જણાવી છે એ રેવાયતમા નીચે મુજબ શરૂઆત કીધી છે.

" દાદાર અહુરમજદના નામ, સેતાયશ અને યારી (થી) ....ખુશી અને ક્રીત્તિ અને છાયો (અને) ખુશાલી અને (લાંબી) જીદગાની અને શીરોજી અને ભલી રોજી, હિંદુસ્તાનના માહેબો અને બેહેદીનોને અને નોસારી શેહેરના સરદાર જગે શાહ (૧) (ચાગા શાહ) ને અને બીજા નોસારીના અથોરનાનો, સરદારો અને હેરબદો અને અને બીજા સુરત, અંકલેશ્વર, ભરૂચ અને ખબાયત, (ના સાહેબોને હોજો) (૨)

૨ **નરીમાન હોશગની બીજી રેવાયત.**—નરીમાન હોશંગની બીજી રેવાયત (૩), એવે નામની એક બીજી રેવાયત છે. તેનો અસલ ઇરાનમાં શર્ફાબાદમા લખાવાનો દિવસ રોજ દેપદીન માહ દે સને ૮૫૦(૪) યજદજર્દી (ઇસ્વી ૧૪૮૧) છે તે પણ હિંદુસ્તાનના પારસીઓને નામે છે, અને તેમાં નોસારીના પારસીઓનુ નામ ખાસ પડેલવહેલુ દીધુ છે (૫)

---

(૧) બર્જો કામદીનની રેવાયતમા આ નામ બરાબર ચાગાશાહ છે જુઆ મુલ્લા ફીરોજ લાઇબ્રેરીની નકલ રેહાટસેકનો કેટલોગ VII ૨) પા. ૩૩૫, લીટી ૧૮

(૨) એના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા ૫૮

(૩) બોબે યુનીવરસીટીની લાઇબ્રરીની દારાબ હોરમજદયારની રેવાયતની નકલમા જુઓ ડા ઉવેસ્ટનુ સાકબ્યુ, પા ૬ લીટી ૫ પારસીપ્રકાશ વા I પા ૬

(૪) બોબે યુનીવરસીટી લાઇબ્રેરીની દારાબ હોરમજદીઆરની રેવાયતના મેન્યુસ્ક્રીપ્ટ વાલમ I ફોલીઓ ૧૩ બ લીટી ૧૭-૧૮ મુલ્લા ફીરોજ લાઇબ્રરીની નકલ વા II પા ૫૦૪ લીટી ૩ એમા યજદજર્દી સાલ ડા ઉવેસ્ટ અને બા બા બમનજી પટેલ ૮૫૫ આપેછે ડા ઉવેસ્ટ, જેણે બોબે યુનીવરસીટીની લાઇબ્રરીની નકલનો ઉપયોગ કીધો છે, તે ૮૫૦ ને બદલે ૮૫૫ આપેછે, તે અજબ દિસેછે, કારણ તેમા તે ખુલ્લો ૮૫૦ છે. કોઇ નકલોમા તે ૮૫૫ છે એના સનેના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પાનું ૫૯ નોટ ૨ કદાચ બોબે યુનીવરસીટી વાળી નકલ ઉપરથી કરેલી કોઇ નકલમા "હશ્ત સંદોપન્જાહ" પછી "પન્જ" શબ્દ ભુલમા લખાઇ ગયો હોય (I ફોલીઓ ૧૩ બ લીટી ૧૭-૧૮)

(૫) બોબે યુનીવરસીટીની નકલ ફોલીઓ ૧૩ બ. લીટી ૧૬-૧૭. અસલ ફારસી ફકરા માટે જુઓ આગળ પાનુ ૫૯ નોટ ૪ પારસીપ્રકાશ વા. I પા ૬

૩. **ત્રીજી વગરનામની રેવાયત.**—એક ત્રીજી રેવાયત અસલ ઈરાનમાં રોજ હોરમઝ્દ માહ ઓરદાદ સને ૮૮૦ યજદજર્દી (ઈ. સ ૧૫૧૧)ને દીનની લખાયલી છે.[1] એમાં પણ નોસારીના પારસીઓનાં નામ ખંબાત, ભરૂચ, સુરત અને અકલેશ્વરના પારસીઓની આગમચ[2] છે આ રેવાયત લાવનારનુ નામ આપણને મળતું નથી.

૪. **શાપુર આસાની રેવાયત.**—એક ચોથી રેવાયત શાપુર આસાને નામની છે તે રોજ દેપાદર માહ બહમન સને ૮૯૬ યજદજર્દી (ઇસવી ૧૫૨૭)ને દિવસની લખાયલી છે. તેમા પણ નોસારીના મોબેદોનુ નામ પેહલે લખી પછી ખંબાએતના મોબેદોનું નામ લખ્યુ છે આ રેવાયતની હુ ત્રણ પુરાણી નકલ રજુ કરૂ છુ, કે જેઓમાના નામ અને સનેના ફકરા પછવાડે (પાના ૨૬૧-૬૩) વિગતે આપ્યાછે

૧ પેહેલી નકલ ઘણી પુરાણી છે, તે નોસારીના દસ્તુર મહેરજી રાણા કેતાબખાનાની છે[3] (જુઓ આ પુસ્તકખાનાનો છપાયલો સને ૧૮૯૮ નો કેટેલોગ ગુજરાતી ટીપ પા ૬૪ના ૨૮ એમ ૨૩૬ ફોલીઓનુ પુસ્તક છે)

૨ બીજી જુની નકલ હુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની રજુ કરૂ છુ, જે પેહલી નકલ કરતા થોડીક પાછળની છે[4]

૩ એ રેવાયતની એક ત્રીજી જુની નકલ હુ એરવદ તેહેમુરસ દીનશાહ અકલેસરીઆની રજુ કરૂ છુ તેનુ કોલોફોન જતુ રહ્યુ છે[5]

૫ **અસ્પદીઆર યજદયારની રેવાયત**—પાચમી રેવાયત અસ્પદીઆર યજદયાર અને રૂસ્તમ નામના શખસોની લાવેલી છે તે રોજ ઓર-

---

(૧) બાબે યુનીવરસીટી લાઇબ્રેરીના રેવાયત વા I ફોલીઓ ૧૬ ક લીટી ૧ અને ૨ મારજીન ઉપર પારસીપ્રકાશ વા I પા. ૬

(૨) જુઓ ઉપલીજ નકલ ફોલીઓ ૧૫ ક લીટી ૯ અને ૧૦ મુલ્લાફીરોજ લાઈબ્રેરીની નકલ વા II પા. ૫૦૮ લીટી ૬ ને ૭.

(૩) પારસી પ્રકાશ (વા I પા ૭) મા એ રેવાયતને 'કામા આસાના રેવાયત' તરીકે ઓળખી છે 'શાબોર આસા' (શાપુર આસા)ના નામ માટે જુઆ ફોલીઓ ૧૦૧ ખ લીટી ૧૦ નોસારીના મોબેદો માટે ફોલીઆ ૧ ક લીટી ૧૨ ખબાતના મોબેદો માટે જુઓ ફોલીઓ ૧ ખ લીટી ૩

(૪) 'શાબોર આસા'ના નામ માટે જુઓ ફોલીઓ ૧૧૯ ખ લીટી ૧૧ આ પુસ્તક ૨૪૧ ફોલીઓનુ છે નોસારીના મોબેદો માટે જુઓ ફોલીઓ ૨ ક લીટી ૧ ખબાતના મોબેદો માટે ફોલીઓ ૨ ક લીટી ૯

(૫) એ ૭૯ ફોલીઓનુ પુસ્તક છે નોસારીના મોબેદો માટે જુઓ ફોલીઓ ૧ ખ લીટી ૧૪ ખંબાતના મોબેદો માટે ફોલીઓ ૧ ખ લીટી ૨૧

દાદ માહ અરદીબેહેશ્ત સને ૯૦૪ યજદજરદીં (ઈ ૧૫૩૫) ની ઇરાનની લખેલી છે. તેમા પણ નૌસારીના મોબેદોનું નામ પહેલ છે, અને પછી સુરત અને ખંભાતનાનું છે. (૧)

૬ **કાઉસ કામદીનની રેવાયત**—છઠી રેવાયત કાઉસ કામદીનની રેવાયત નામે જણાયલી છે તે રોજ બહમન માહ બહમન સને ૯૨૨ યજદજર્દી (ઇ. ૧૫૫૩) મા લખાયલી છે તેમા પણ નૌસારીના દસ્તુરોના નામ પહેલા છે, અને પછી સુરત, અકલેશ્વર, ભરૂચ અને ખભાતના દસ્તુરોના છે(૨)

૭ **બહમન અસપદીયારની રેવાયત**.—સાતમી રેવાયત તુર્કાબાદથી(૩) બહમન અસપદયાર નામના પુરૂષની લાવેલીછે તે રોજ શેહરેવર માહ ફરવરદીન સને ૯૯૬ (૪) (ઇસવી ૧૬૨૬) ની લખેલીછે એમા પણ નૌસારીના મોબેદોનું નામ પેહેલું છે અને પછી સુરત અને ભરૂચનાનુ છે

એ રેવાયતના લાવનાર માટે એમા નીચલી(૫) હકીકત છે

"હિંદુસ્તાનના મુલકના દસ્તુરો અને હેરબેદો અને મોબેદો અને બેહદીનોને માલુમ થાય કે બેહેદીન બહમન બીન અસફન્દયાર ઈરાન દેશમા તુર્કાબાદના મુલકમા આવ્યો હતો કેટલાક દીવસ ખીદમતમાં રહ્યો હતો

---

(૧) પારસી પ્રકાશ વોલ્યુમ I પા. ૮

(૨) વધારે વિગત માટે જુઓ પછવાડે પાના ૨૫૮–૫૯.

(૩) બોમ્બે યુનીવરસીટી લાઈબ્રરીની દારાબ હોરમજદયાર વાળી નકલ વાલ્યુમ I ફોલીઓ ૬૯ ક લીટી ૧ મુલ્લા ફીરોજ લાઈબ્રરીની નકલ વા II પા ૪૫૩ અ મુલ્લા ફીરોજ લાઈબ્રરીની નકલમા નૌસારીના મોબેદો અને પછી સુરત અને ભરૂચના મોબેદો માટે જુઓ વાલ્યુમ II પા. ૪૫૩ લીટીઓ ૨ અને ૪ અને ૬ એમાં સને માટે જુઓ ઉપલેજ સફે લીટી ૧૩. રેવાયત લાવનારના નામ માટે જુઓ લીટી ૧૬ જુઓ પારસી પ્રકાશ વા I પા ૧૧

(૪) એ સને માટે જુઓ બોમ્બે યુનીવરસીટી લાયબ્રરીની નકલ I ફોલીઓ ૬૯ ખ લીટી ૨૧ "ઈન નામે દર રૂજે શેહરીવર માહ ફરવરદાન સને નોહ સદ વ નોહદ વ શશ યજદજર્દી નવીશ્તે શુદ" એ રેવાયત લાવનારના નામ માટે જુઓ ફોલીઓ ૬૯ ક લીટી ૧૯ અને ફોલીઓ ૭૦ ક લીટી ૨ અને ૪

(૫) એ બાબેના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પાનુ ૬૦, નોટ ૬. જુઓ બોમ્બે યુનીવરસીટીની નકલ ફોલીઓ ૬૯ ક લીટી ૧૮ થી ફોલીઓ ૬૯ ખ લીટી ૧

અને દર્યાની ફીરાતી અને વહાણ (તર) ને માર્ગે (1) આવ્યો હતો. તેને તોજેશ કરવી લાજેમ હતી, અને જેમ જરથોશ્તી દીનનો કાયદો હતો તેમ, તેને તોજેશ અમોએ ફરમાવી, અને તે તેણે કબૂલ કીધી, અને તમામ બજા લાવ્યો તેને અમોએ બરશનુમ આપ્યુ, અને તેણે નવરાત (નવશો) રાખી (એટલે નવરાતનુ બરશનુમ લીધુ), અને જેમ દીનનો કાયદો હતો તેમ, પાણી અને આતશ અને આતશ બેહરામની ખીદમત કીધી કે જે રોશન હોય તે બને. બીજુ માલુમ થાય કે પારસની ખાતુનબાનુ જે જીઆરતગા છે, તેની પણ ખીદમત કીધી "

ઈરાનના જરથોશ્તીઓ મુસલમાનોની માફક જીઆરતગાહે જાએ, એ આપણને અજબ લાગેછે પણ એ દેખાડે છે કે ઈરાનના જરથોશ્તીઓ-અને તે પણ વળી રેવાયતના લખનારા ભણેલા ગણાતા જરથોશ્તીઓ-ઇસલામી રિવાજો અને રાહરસમોની અસરને કેવા શરણ થયા હતા એ દેખાડે છે, કે ધર્મસબંધી બાબતમા ઈરાનના જરથોશ્તીઓનો મામલો, પારકી સખત જુસરી હેઠળ, હિંદુસ્તાનના જરથોશ્તીઓ કરતા કોઈ પણ રીતે વધારે મગસ ન હતો (2)

---

(1) અહીં જે ઈસારો છે, કે મોબેદો, જેઓ દર્યા માર્ગે સફર કરે, તેઓએ કાઈ તોજેશની ક્રિયા કરવી, યા બરશનુમ લેવુ, તે રિવાજ પુરાણો છે ટેસીટસ (Works of Tacitus I the Annals Bk XV 24) મુજબ પાર્થીઅન વશના ઈરાની પાદશાહ વલ્ખશ (રોમનો પ્રમાણે વોલોજીસ પેહેલા) ના ભાઈ તીરદાતે (Tiridates) એજ સબબે રોમ શેહર ખાતે નીરો પાદશાહના દરબારમા જવાને આચકી ખાધી હતી, કારણ તેને દર્યામાર્ગે જવાનુ હતુ, અસલ અટકાવ મીઠા પાણીની નદી માટે હતો, કે તે ઉપર લાંબી સફર કરતા મીઠા પાણીમા નજીસાત પડે પણ પછી તે ખારા પાણીને પણ લાગો

(2) ખાતુનબાનુ, જેની જીઆરતગાહ (હજની જગ્યા) માટે બોલવામા આવેછે, તે ઈરાનના છેલ્લા પાદશાહ યજદજર્દની બેટી ગણાતી એ બાનુની જીઆરત ગાહની વાત માટે જુઓ પારસીપ્રકાશ વા I પા ૧૨ જુઓ A literary History of Persia by E G Browne પા ૧૩૦ થી ૧૩૩ એણીનુ નામ "બીબી શેહરબાનુ" હતુ આ લખનાર કહેછે કે પેગમબર મહમદની બેટી ફટીમાનો બેટો હુસઈન યજદજર્દના આ બેટી સાથે પરણ્યો હતો તેણીને એ માટે પેહેલેથી સ્વપનો આવ્યો હતો એણી જાણીતા ૯ ઇમામો (ચોથાથી બારમા સુધીના) ની માતા થઇ હતી. બ્રાઉન કહેછે કે "તાજીઆ એ મઍન શુદને શેહરબાનુ" એટલે "શેહેરબાનુ ના ગેબ થવાનો તાજીઓ" એવે નામનો એક નાટક તેહરાનમા હીજરી ૧૩૧૪ માં બહાર પડયો છે

૮ **બહમન પુજીઆની રેવાયત**—આઠમી રેવાયત સુરતવાળા બહમન પુજીઆની રેવાયતને નામે જણાયલી છે [૧] તે રોજ આદર માહ બહમન સને ૯૯૬[૨] યજદજરદી (ઇસ્વી ૧૬૨૬) ને દીને લખાયલી છે તેમા પહેલાં નોસારીના [૩] દસ્તુરોના અને પછી સુરત [૪] અને ભરૂચના [૫] દસ્તુરોનાં નામ છે

ઉપર મુજબ આઠ જૂદી જૂદી રેવાયતો, જે ઇસ્વી ૧૫ મી ૧૬ મી અને ૧૭ મી સદીઓમા લખાયલી છે, તે દેખાડે છે કે તે જમાનામા નોસારી ગુજરાતના ખુણામા પડેલું એક ગામ હતુ નહીં, પણ તે જેમ અહી તેમ ઇરાનમા પણ પારસીઓના મુખ્ય મથક તરીકે જણાયલું હતું, અને તેના પારસીઓ ધર્મસબંધી બાબતમાં ઘણે ભાગ લેતા હતા

II દસ્તુર મેહેરજીરાણા સામેના વાંધાની તપાસ.—

હવે ખુદ દસ્તુર મેહેરજી રાણાની પોતાની સામે જે વાંધાઓ લેવામા આવે છે, તે આપણે તપાસીએ તેવણ સામે નીચલા ૪ વાંધાઓ લેવામા આવે છે.

૧) તેવણ એક નહીં જણાયલા ધર્મગુરૂ હતા

૨) તેવણનું નામ અકબરના વખતની તવારીખોમા લખેલુ નથી

૩) દતકથા તેવણના નામ સાથે મોજેજા જોડે છે, કે જે વિષે અકબરના વખતની તવારીખોના લખેલું નથી.

---

(૧) બોબે યુનીવરસીટીની દારાબ હોરમજદીઆરની રેવાયત વા I ફોલીઓ ૬૫ ક લીટી ૩ " ઈન કેતાબ અજ કેરમાન જમીન બેહદીન બહમન પુજીએ સુરતીએ આવુરદે અસ્ત" પારસી પ્રકાશ વા I પા ૧૨ આ બહમન પુજીએ તે ઉપલી સાતમી રેવાયત લાવનાર પુરૂષ બહમન અસ્પદયારજ છે આ રેવાયતમા પણ તેને એક ઠેકાણે બહમન અસ્પદયાર કહયો છે. એલ્તેમાસે ફકીરાને ઈન જાનેબ આન અસ્ત કે ગુઘ્રે એ ખાતર અજ બહમન બીન અસફન્દયાર દરીગ નફરમાયન્દ" (ફોલીઓ ૬૫ ખ લીટી ૬) આ માટે જુઓ મુલ્લા ફીરોજ લાયબ્રેરીની દારાબ હોરમજદીઆરની રેવાયતની નકલ વા. II પા ૪૪૯. નોસારીના અને પછી સુરત અને ભરૂચના મોબેદોના ઈસારા માટે, જુઓ ઉપલુજ પાનુ લીટી ૭,૧૦ ૧૧ અને ૧૩ રેવાયત લાવનારના નામ માટે જુઓ ફોલીઓ ૪૪૯ ખ લીટી ૨

(૨) જુઓ બોંબે યુનીવરસીટીની નકલ ફોલીઓ ૬૮ ખ લીટી ૨૦

(૩) ફોલીઓ ૬૫ ખ લીટી ૯. (૪) એજ સફો, લીટી ૧૨ અને ૧૪.

(૫) એજ સફો, લીટી ૧૬.

જી દંતકથા અને ગીતોમાં જે જણાવેલુ છે, કે તેવણે અકબરને સુદરો કુસ્તી પહેરાવ્યો હતો, તે નહીં બનીશકે એવું છે.

એ વાંધાઓ આપણે જરા વિગતે તપાસીએ

II ૧ પેહેલો વાંધો કે દસ્તુર મેહેરજી રાણા એક નહીં જણાયલ ધર્મ ગુરૂ હતા, તેની તપાસ.—દસ્તુર મેહેરજી રાણા સામે એક મુખ્ય વાંધે આ ઉઠાવવામાં આવ્યો છે, કે તેવણ એક નહીં જણાયલા ધર્મગુરૂ હત અને તેથી અકબરની દરબારમા ચાલેલી ધર્મસબધી તકરારમા ભા લેવાને અને શાહ અકબરને દીન સમજાવવાને શક્તિવાન નહીં હતા

હુ (ક) પેહેલે કેટલાક દસ્તાવેજો રજુ કરૂ છુ અને (ખ) પછી કેટલી જુની હાથની લખેલી ચોપડીઓ રજુ કરીશ કે જે દેખાડે છે, કે દસ્તુ મેહેરજીરાણા, તેવણ અકબરની દરબારમા ગયા તેની આગમચ પણ, નહી જણાયલા ધર્મગુરૂ નહીં પણ જાણીતા પુરૂષ હતા તેવણ નોસારીના એ આગેવાન અકાબર હતા.

(ક) પેહેલે હુ પુરાણા દસ્તાવેજો રજુ કરીશ.[1]

૧ મેહેરજીરાણા જાણીતા પુરૂષ હતા તે બાબે પેહેલો દસ્તાવેજ ક્રિયાના સબધમાં—જે પેહેલો દસ્તાવેજ હુ રજુ કરૂ છુ, તે અસલ દસ્તાવેજ નથી, પણ તેની એક પુરાણી નકલ છે એ નકલ રોજ આદર માહ અ ૨૫દાદમદ સવત ૧૬૨૨ (ઇસ્વી ૧૫૬૫-૬૬)ના એક દસ્તાવેજની પુરાણી નક છે એ દસ્તાવેજ નોસારીના મોબેદોનો માહો માહેનો એક દસ્તાવેજ છે તે રૂએ તેઓ કબૂલ થાય છે, કે તેઓએ ધર્મ સબધી ક્રિયાઓ બરાબ પ્રમાણિકપણે કરવી, તે માટે હક મુજબજ દામ લેવું, વધુ નહી, અને માટે બરાબર હિસાબ રજુ કરવો એ દસ્તાવેજ ઉપર મેહેરજીરાણા પહેલ સહી કરે છે જો એવણ એક નહીં જણાયલા ધર્મગુરૂ હતે, તો સર્વથ પહેલે સહી કરતે નહીં એ દસ્તાવેજનો સને દેખાડે છે, કે તેવણ અકબરન દરબારમા ગયા તેની દસ બાર વર્ષ આગમચ પણ તેવણ નોસારીન અનજુમનમા આગેવાન દરજ્જો ભોગવતા દસ્તુર મેહેરજી રાણા અ અને બીજી જગ્યાએ માહીયાર વાછા તરીકે સહી કરે છે મેહેરજી એ માહીયાર યા માહયારજી પરથી બનેલુ નામ છે પોતાના કાકા એરવ વાછાના એવણ પાલક થયા હતા તેથી એમ સહી કરે છે

---

૧ આ દસ્તાવેજો માટે જુઓ ફોટોલીથો નકલ માટે જુઓ પાના ૧૫ થી ૧૫૬

૨. મેહેરજીરાણા જાણીતા પુરૂષ હતા, તેબાબે બીજો દસ્તાવે તાડીના સબંધમાં—ઉપલા દસ્તાવેજ પછી ચાર વર્ષનો એક અ દસ્તાવેજ[1] હું રજુ કરૂં છુ, એટલે એ આશરે ૩૩૧ વર્ષનો જુનો દસ્તા છે. તે લખાવાની તારીખ રોજ અર્દીબેહેશત, માહ અસ્પદાદ મદ સ ૧૬૨૬ (ઇસ્વી ૧૫૭૦) છે એ પણ નોસારીના પારસી ધર્મ ગુરૂઓ વચ્ચે માહો માહેના એક કરારનો દસ્તાવેજ છે. નોસારીની તાડી, જેમ જરાતમા આજે મશાહુર છે, તેમ તે વખત ઉપર પણ મશાહુર હોય દિસે છે. તે નોસારીના લોકોનું જેમ આજે તેમ ત્રણસો યા ચારસો ઉપર પણ માનીતું પીણું હતું જેમ આજે યુરોપમાં મ્યુનીખનો બીર મશ છે, તેમ ગુજરાતમા નોસારીની તાડી મશાહુર છે પણ તે જરા કેફ પીણું છે તેથી આ દસ્તાવેજથી નોસારીના તે વખતના મોબેદ સાહે એકમેક સાથે બધાય છે, કે આતરા બેહેરામમાં બોઓ દેવાની યા એવી ક્રિયામા રોકાયલા હોય, તેવી વેળાએ તેઓએ તાડી પીવી નહીં દસ્તાવેજ ઉપર સહી કરનારાઓમા પણ દસ્તુર મેહેરજી રાણાની પહેલી છે જો તેવણ ખરેખર એક નહીં જણાયલા ધર્મગુરૂ હતે, તો તેવણની સહી પેહેલી નહીં આવતે. એ દસ્તાવેજ ત્યારે દેખાડે છે એવણ નોસારીના એક આગેવાન અકાબર હતા

૩ મેહેરજીરાણા જાણીતા પુરૂષ હતા તે બાબે ત્રીજો દસ્તાવે નોસારીની બેહેદીન અનજુમન તરફથી એવણને ધર્મખાતે વ આપવા સબધમાં.—ઉપલા બીજા દસ્તાવેજ પછી ત્રણ વર્ષનો ત્રીજો દસ્તાવેજ[2] હુ રજુ કરૂ છુ, એટલે એ આશરે ૩૨૮ વર્ષનો જ દસ્તાવેજ છે. આ દસ્તાવેજ ઉપર નોસારીના થોડાક આગેવાન બેહે

---

(૧) એ દસ્તાવેજ માટે જુઓ ફોટોલીથો ફેકસીમીલી અને પાનુ ૧ આ દસ્તાવેજ ઉપર મેહેરજીરાણા પેહેલી સહી કરેછે તે આખો મે જીરાણાને પોતાને હાથે લખાયલો દસ્તાવેજ દિસેછે આ મરહુમ દસ્તુરજ પોતાના દસ્તખત કોઈ જોવા માગે તો તે આ દસ્તાવેજ પુરા પાડેછે ણની પેહેલી સહીના દસ્તખત અને આખા દસ્તાવેજના દસ્તખત ખાવતા માલૂમ પડેછે કે તે બેઉ એકજ છે, અને તે ઉપરથી માલૂમ પડે આખો દસ્તાવેજ તેવણે લખી કહાડયો હતો. આ બાબત વધુ દેખાડે તેવણ કેટલો આગેવાન ભાગ લેતા આ દસ્તાવેજની પેહેલી સહીના અને આ દસ્તાવેજના દસ્તખતના સરખાપણા ઉપર મારૂં પેહેલુ ધ્યાન પેલા જાણ ફ્રેંચ બાનુ મીસ મેનાએ, તેવણ ઉપર ફોટો-લીથો મોકલતા ખેચ્યુ છે.

(૨) જુઓ ફોટો-લીથો ફેકસીમીલી અને પાના ૧૫૫ અને ૧૫૬

કોમ તરફથી સહી કરી દસ્તુર મેહેરજીરાણાને પીપલીઆ વાડી નામની એક જગ્યામાં જમીન સપુરદ કરે છે. તે વિસ્તારમા ૧૦ વીઘા છે, અને તેમા ૫૦ તાડ અને ૧૦૦ ખજુરીના ઝાડ છે. નોસારીના પારસીઓના વડા તરીકે એ જગ્યા એવણને ધર્મખાતે આપેલી દિસે છે તેઓ માથે લે છે કે એ જગ્યા તેઓ સરકારી કરોથી નિરાળી રાખશે

આ ત્રણ દસ્તાવેજો ત્યારે દેખાડે છે કે દસ્તુર મેહેરજી રાણા શાહ અકબરની દરબારમાં ગયા તેની આગમચ એક જાણીતા પુરૂષ હતા, અને નોસારીમાં વડા અકાબર હતા. અને નહીં કે, જેમ જણાવવામાં આવે છે તેમ, એક નહીં-જણાયલા ધર્મગુરૂ હતા

(ખ) મેહેરજીરાણા એક જાણીતા પુરૂષ હતા તે બાબે જુની હાથની લખેલી ચોપડીઓ—હવે ફક્ત એ પુરાણા દસ્તાવેજોજ નહીં, પણ જુની રેવાયતો પણ દેખાડે છે, કે મેહેરજી રાણા નોસારીના એક જાણીતા અકાબર હતા એ રેવાયતોના દાખલા નીચે મુજબ છે

૧ ફ્રેદુન મર્જબાનનુ કાગળ—દારાબ હોરમજદયારની રેવાયતમા ઇરાનથી ફ્રેદુન મર્જબાનનુ લાવેલુ એક કાગળ છે તે બે દસ્તુરો ઉપર લખેલુ છે. તેમા પેહેલુ દસતુર માહયાર (મેહરજીરાણા) નુ નામ[1] છે એમા દીધેલા નામો ઉપરથી ડા ઉવેસ્ટ તે ઈ સ ૧૫૭૦ મા લખાયલુ ધારે છે.[2]

---

(૧) બોમ્બે યુનીવરસીટી લાઈબ્રરીના નકલ વા I ફાર્સીઓ ૧૬ ખ લીટી ૧૦ લીટી ૧૭ મા આ કાગળ લાવનારનુ ફરેદુન મર્જબાન તરીકે અને લીટી ૧૯ મા ફક્ત ફરેદુન તરીકે નામ છે પેહેલી જગ્યાએ 'ફરેદુન વ મર્જબાન' એટલે "ફરેદુન અને મર્જબાન" એમ નામ છે, તે જાણે એવુ દેખાડે છે કે એ પત્ર બે ધણીઓ લાવ્યા હતા પણ ફારસી 'વાવ' એટલે 'અને' અહીં લખનારથી ભૂલમા લખાયલો દિસેછે, કારણ કે પછવાડે એ લાવનાર માટે એક વચનમાં બોલવામા આવેછે તેમા કહેછે કે "એલતેમાસ અસ્ત કે અજ હમે તોર ઉરા અજ ગુશે ખાતર દરીગ ન ફરમાયન્દ" (લીટી ૧૯), એટલે "એલતેમાસ એ છે કે સઘળી રીતે તેની ખાતરદારી કરવામા આચકી ખાવી નહીં" વળી આગળ ચાલતા તેનુ નામ એકલુ ફરેદુન તરીકે લેવામા આવેછે (લીટી ૨૦) આ કાગળનો હવાલો આપતા 'ફરેદુન મર્જબાન' એમ આખુ નામ ભૂલમા જાણે બે શખસો યા ભાઈઓ હોય તેમ ગણવામા આવ્યુ છે (જુઓ ડા ઉવેસ્ટનો યુનીવરસીટી લાઈબ્રેરીની નકલ વા I ની શરૂઆતમા લખેલો ભાગ પા ૩ લીટી ૬)

(૨) જુઓ ઉપલોજ ડા ઉવેસ્ટનો શરૂઆતમા લખેલો ભાગ, પાનુ ૩ લીટી ૮, પાનુ ૬ લીટી ૧૪-૧૫

આ ફકરો જેમા દસ્તુર મેહરજીરાણા (માહીઆર) નું નામ છે, તે નીચે મુજબ છે.

"દસ્તુરો, ધીનદારો, દીન શીખવનારાઓ, દીન ચાશીદારો, દીનના કલામ ભણનારાઓ, પતેત ભણનારાઓ, નીઆએશ કરનારાઓ, રાસ્ત અવસ્તા બરાબર જાણનારાઓ, આદરબાદ ખીન મારેસફન્દના વડીલોથી ઉતરી આવેલા દાવરો, જરથોશતી દીન ઉપર ઉસ્તવાર રેહેનારાઓ, જેવા કે દસ્તુર માહીઆર અને દસ્તુર હોશંગને (અમારી) એક સો હજાર દુઆઓ પહોંચજો"[1]

ઓબે યુનીવરસીટીની દારાબ હોરમજદયારની રેવાયતની નકલ, જેમાં આ કાગળ છે, તે ઘણી જુની છે. તે દારાબ હોરમજદયારની પોતાની લખેલી નકલ છે ડા० ઉવેસ્ટ કહેછે કે "સભવિત છે કે તે દારાબ હોરમજયાર ફરામરોજ કયામ ઉદદીન (અથવા કવામ ઉદદીન) કેકોબાદ હમજ્યાર પદમ સજાનાનું અસલ સંગ્રહ પુસ્તક છે. તેના ૧૧ કોલોફોન છે, જેમાં તેનું નામ છે અને જૂદી જૂદી તારીખો તા. ૨૦ મી એપ્રીલથી તા. ૨૧ નવેમ્બર ૧૬૭૯ સુધીની છે પાછલી તારીખે એ સગ્રહનું પુસ્તક તમામ થયું હતું" ત્યારે આ નકલ આશરે ૨૨૨ વર્ષ પુરાણી છે [૨]

૨ કૌસ કામદીનની રેવાયત તેમાં મેહેરજીરાણાનું નામ પેહેલું.

એક રેવાયત "કાઉસ કામદીનની રેવાયત" ને [૩] નામે જણાયલી છે. તે રોજ બહમન માહ બહમન સને ૯૨૨ યજદજરદી[૪] (ઇસ્વી ૧૫૫૩) માં યજદમાં લખેલી હતી તેમાં નોસારીના દસ્તુરોમા મેહેરજીરાણાનું નામ પહેલુ છે એનો શરૂઆતનો ભાગ નીચે મુજબ છે.

---

(૧) એ બાબેનો અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પાનુ ૬૪

(૨) સેવટના ગુજરાતી કોલોફોન સાથે તેના ૧૨ કોલોફોન છે એ નકલ રોજ ખોરદાદ માહ મેહેર ૧૦૪૭ યજદજરદી (તા ૧૧ મેહ ૧૬૭૮) ને દીને શરૂ કરી રોજ દેપમેહેર માહ ફરવર્દીન ૧૦૪૯ યજદજરદી (તા. ૨૧ નવેમબર ૧૬૭૯) ને દિને તમામ કરેલી દિસેછે. એના ફોલીઓ બરાબર બાંધેલા દિસતા નથી તેથી ડા ઉવેસ્ટે એની શરૂઆતના સનેની બાબતમાં જરા ભૂલ કરેલી દિસે છે.

(૩) જુઓ બોબે યુનીવરસીટીની નકલ વા I માં ડા. ઉવેસ્ટે શરૂઆતમાં લખેલો સાંકળ્યાનો ભાગ પા. ૩ લીટી ૧૪. જુઓ એ રેવાયતની એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની નકલ પા ૨૦૧ લીટી ૧૨.

(૪) તારીખ માટેના અસલ ફારસી લખાણ માટે જુઓ ઉપર પા ૬૪. એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની નકલ પાનું ૧૯૦ લીટી ૯

' અ દસ્તુરાન વ હેરબદાન પોશ્વાબાન વ કદ ઓદાંયાન વ બેહેદીનાન વ મીનો નેકીદારાન માસનીદારાન અશાઈ વજીદારાન ચુન દસ્તુરાન્ વ કદ-'ઓદાયાન બેહેદીનાને કસ્બે એ નોસારી ચુન દસ્તુર માણીયાર બીન વાછા દસ્તુર બહમન બીન ચાંદા દસ્તુર ખુરશીદ બેહેરામ ....(૧)

આ રેવાયતની એક જુની નકલ, જે નોસારીના મહેરજીરાણા કેતાબખાનાની છે, તે હું રજુ કઇંછુ.(૨)

ત્યારે રેવાયતમાં જળવાયલા ઉપલા કાગળ પ્રમાણે અને કાઉસ કામદીનની રેવાયત પ્રમાણે આપણે ઇરાનથી આવતાં લખાણોમાં દસ્તુર મેહેરજી રાણાનું નામ પહેલું જોઈએ છીએ, જે દેખાડે છે કે તેવણ અકબરની દરબારમા ગયા તેની આગમચ નોસારીના એક જાણીતા અકાબર હતા

૩ દારાબ પાહલણની ૨૧૧ વર્ષ પર લખાયલી ખોલાસે એ દીન મુજબ મેહેરજીરાણા જાણીતા પુરૂષ—વળી ઇ સ. ૧૬૯૦ મા એટલે આશરે ૨૧૧ વર્ષ ઉપર લખાયલી એક ચોપડીના લખાણની આપણને સત્તા છે, એવું દેખાડવાને કે દસ્તુર મેહેરજીરાણા એક જાણીતા મોટા દસ્તુર થઈ ગયા છે દસ્તુર દારાબ પાહલણ નોસારીના એક જાણીતા દસ્તુર ઇસ્વી ૧૬૬૮ થી ૧૭૩૫ સુધીમાં થઈ ગયા છે તેવણે ખુલાસે એ દીન અને ફરજીઆત નામું એવે નામના બે પુસ્તકો લખેલા છે(૩) પોતાની ખુલાસે એ દીન કેતાબ જે ઇ. સ ૧૬૯૦(૪) મા એવણે લખી હતી, તેમા

---

(૧) એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાના રેવાયત પાનુ ૧૭૭ લીટી ૧૩ થી ૧૫. અસલ ફારસી હરેફ લખાણ માટે જુઓ ઉપર પા ૬૪.

(૨) એ લાઈબ્રરીના સને ૧૮૯૪ ના કેટલોગમાં ગુજરાતીમા કેટલોગ છે તેના પા. ૬૫ માં નંબર ૩૦ થી જે ચોપડી જણાવી છે, અને જે ૭૬ પાનાની ચોપડી છે, તે ચોપડીના પાના ૧૫ થી ૨૨ મા એ રેવાયતનો ભાગ છે પાના ૧૫ મા ઉપલો સરનામા વાળો ફારસી ભાગ લીટી ૭ થી શરૂ થાય છે. એ ચોપડી બરાબર બાંધી નથી. એના કેટલાક સફા જતા રહ્યા છે. પાના ૧૫ થી એ રેવાયત શરૂ થાય છે પણ તેની શરૂઆતની લીટીઓનું પાનું જે પાના ૧૫ ના આગમચ હોવુ જોઈએ તે જતું રહ્યુ છે. એ લીટીઓ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની આ રેવાયતની નકલમાં છે એ કેતાબના પાના ૨૨ માં પછીની બાબતનો એક ફોર્મો ગુમ થઈ ગયો છે ત્યારપછી આ ચોપડીમાં જે પેહેલું પાનુ છે, તે આવવું જોઈએ. (૩) પારસીપ્રકાશ વો I પા ૩૧

(૪) એ ચોપડીની ૭૩૭ મી બેતમાં એનો સને રોજ ૬ માહ ૬ સને ૧૦૫૯ યજદજર્દી આપ્યો છે

દસ્તુર માણેક મેહેરનોશાની પેહેડી જણાવતાં તેવણ દસ્તુર મહેરજીરાણા માટે એક જાણીતા મોટા દસ્તુર તરીકે બોલે છે. તેવણ કહે છે કે—

"જે નસલે પાક તન મેહરયાર રાણા
કે દસ્તુરે મેહીન બુદ ઉ બ દુન્યા."(૧)

એટલે "તેવણ પાક તન વાળા મેહરયાર રાણાની નસલના હતા, કે જેવણ દુનિયામાં મોટા દસ્તુર થઈ ગયા છે" ત્યારે આપણને ૨૧૧ વર્ષ ઉપર થઈ ગયલા એક કાબેલ દસ્તુરના બખાણ પરથી માલુમ પડે છે, કે મેહેરજીરાણા એક જાણીતા પુરૂષ થઈ ગયા છે

એ મુજબ આપણે ૧) પેહલે ત્રણ પુરાણા દસ્તાવેજોને આધારે, ૨)પછી રેવાયતોના બે ઇસાગઓને આધારે, ૩) અને પછી ૨૧૧ વર્ષ ઉપર લખાયલા એક પુસ્તકને આધારે જોયું, કે મેહેરજીરાણા, જેમ વાધો ઉઠાવવા આવેછે તેમ, એક અજાણ્યા પુરૂષ નહીં હતા, પણ એક જાણીતા પુરૂષ થઈ ગયા છે.

મેહેજીરાણાના પિતા રાણા જેશગ પણ નોસારીના જાણીતા પુરૂષ તે માટે દલીલો—પણ મેહેરજીરાણા પોતે એક જાણીતા પુરૂષ હતા, એટલુંજ નહીં, પણ તેવણ એક જાણીતા પિતાના બેટા થતા હતા તેવણના પિતા રાણા જેશગ પોતે નોસારીના એક જાણીતા અકાબર હતા. હુ એ માટે દલીલ તરીકે દસ્તાવેજો રજુ કરૂછુ.

૧ રાણા જેશગને બેહેદીન અનજુમન તરફથી ધર્મખાતે મળેલી જમીન બાબેનો દસ્તાવેજ—એ બાબે પેહેલો દસ્તાવેજ,(૨) જે હુ રજુ કરૂ છુ તે ૩૮૨ વર્ષનો પુરાણો છે. તે રોજ બહમન માહા બહમન સંવત ૧૫૭૬ (ઇસ્વી ૧૫૧૯-૨૦) નો છે આપણે ખુદ મેહેરજીરાણાના સબધમાં એક દસ્તાવેજ માટે આગળ બોલ્યા તે પ્રકારનો એ દસ્તાવેજ છે. તે દસ્તાવેજથી નોસારીના બેહેદીનો દસ્તુર મેહેરજી રાણાના બાવા રાણા જેશગને ધર્મખાતે ૧૦ વીઘા જમીન તે ઉપરના ૧૦૦ તાડના ઝાડ સાથે આપે છે.

એ દસ્તાવેજ ત્યારે દેખાડે છે, કે જ્યારે નોસારીની બેહેદીન અનજુમન

---

(૧) એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની હાથની લખેલી નકલ ફોલીઓ ૧૮ બ લીટી ૧૧. એ ૬૫ વર્ષની જુની નકલ છે. તે જમશેદ બીન માનક બીન રૂસ્તમે રોજ રશ્ને માહ અમરદાદ સને ૧૨૦૬ યજદજરદી (ઇ સ ૧૮૩૭) ને દિને લખેલી છે. જુઓ એ નકલની છેવટે કોલોફોન.

(૨) જુઓ ફોટો લીથો ફેકસીમીલી અને પાના ૧૫૮ થી ૧૬૧.

રાણા જેશંગને ધર્મ ખાતે "દીનને ખાતર" એક જગ્યા આપેછે, ત્યારે રાણા જેશંગ અનજુમનના એક વડા અકાબર હોવા જોઈએ.

૨. શાપુર આસાની રેવાયતમાં તેજણનુ નામ પેહેલુ મળેછે તે બાબે પુરાણુ પુસ્તક.—ય૦ સ૦ ૧૧૨૭ માં શાપુર આસા[1] નામના એક બેહેદીન ઇરાનથી એક રેવાયત લાવ્યા હતા તેમાં રાણા જેશગનું નામ સર્વથી પેહેલુ છે એ રેવાયતની ત્રણ નકલ મેં આગળ કહ્યુ તેમ [2] હુ રજુ કરૂ છુ

પેહેલી નકલ મેહેરજીરાણા લાયબ્રરીની છે. એ રેવાયતની શરૂઆતનો ભાગ નીચે મુજબ[3] છે

"અજ. ઇરાંન જમીન બ કેશ્વરે હિંદુસ્તાન બ દસ્તુરાંન વ હેરવદાન વ દહયોવદાન અથઉરનાન અર્થએશતારાન વ વાસ્ત્રયોશાન વ હુતોખ્શાન દીનદારાન વ દીન આશીદારાંન દીન પરવરતારાન દીન રોબાઈનીદારાન દીન યએોજદાશ્રનીદારાન ચુન દસ્તોરાને દીને માજદયસ્નાન અજ. કસબએ નવસારી ચુન હેરવદ ગણોણ (રાણા) બીન હોશગ . ..."[4]

અર્થ—ઇરાન જમીનથી હિંદુસ્તાનના મુલકમા દસ્તુરો અને એરવદો અને ગામના વડાઓ, આથોરનાનો, રથેશતારો અને વાસત્રયશો અને હુતોખ્શો, દીનદારો, દીનઆશીદારો, દીનની પરવરશ કરનારાઓ, દીનનો ફેલાવો કરનારાઓ, દીનનુ યોજદાશ્રનું કામ કરનારાઓ, જેવા કે નોસારી કસબાના માજદયશ્ની દીનના દસ્તુરો, જેવા કે એરવદ રાણા બીન જેશગને .

---

(૧) "બેહેદીન શાબોર આસા" એ મુજબ એ નામ મેહેરજીરાણા લાયબ્રરીની નકલમા લખેલુ છે જુઓ તેનો ફોલીઓ ૧૦૧ ખ લીટી ૯ ને ૧૦ જુઓ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની નકલ ફોલીઓ ૧૧૯ ખ લીટી ૧૧

(૨) જુઓ ઉપર પા ૨૫૧

(૩) એ અવસ્તા હરફે છે, તે માટે જુઓ ઉપર પાનુ ૬૬.

(૪) આ રેવાયતમા રાણાના બાવાનું નામ જેશગને બદલે હોશંગ લખેલું છે તેનો ખુલાસો સેહેલો છે. જેસગ جیسنگ નામના 'જીમ'ની હેઠનુ નુકતુ નહીં લખાય કે વચાય તો હોશગ થઇ જાય. તે મુજબ આ ભૂલ થયલી છે. ઈરાનવાળાઓમાં હીન્દી નામ જેશગ જણાયલુ નહીં પણ ઈરાની હોશંગ જણાયલું હતું તેથી તેઓએ જેશગને હોશગ વાંચ્યુ. એરવદ તેહમુરસના નકલમાં બરાબર જેશગ છે.

એ રેવાયત યજદ શાહેરમાં રોજ દેપાદર માહ બહમન સને ૮૯૬ યજદ જરદી (૧૫૨૭ ઈ.) માં લખી હતી તે નીચલા ફકરા ઉપરથી માલૂમ પડેછે.

"પેરજ પેત વ દરોદ શાદી ઓ રોમેશ્ન અન્દર રોજે દય પ આધર વ માહ વહમેન વ સાલ હશ્ત સદ નવદ શશ.........અન્દર પરખાન શાહરે યજદ."[1]

આ રેવાયતની બીજી જુની નકલ જે હું રજુ કરૂ છુ તે એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાની[2] છે. તે રોજ ખોરશેદ માહ સ્પનદારમદ સને ૯૨૭ યજદજરદી (ઈસ્વી ૧૫૫૮-૫૯) મા નોસારી ખાતે લખેલી છે, અને તે યજદ શેહેરની નકલ ઉપરથી લીધીછે તેમાંનો નીચલો[3] ફકરો તેની તારીખ આપેછે

પેરજ પેત ૫ દરોદ શાદી ઓ રોમેશ્ન અન્દર રોજે ખરશએત માહ સ્પેન-દારમદ સાલ અવર નોહ સદ બીસ્તો હફ્ત...અન્દર પરખાન ફરખએ નવસારી અજ નસ્ખએ શાહરે યજદ.

અર્થ—દરૂદ શાદી અને રામશ્ની સાથે ખોરશેદ રોજ અશ્પંદાદ મદ મહિનો સાલ ૯૨૭.. .. ..ને દિને મુબારક નવસારી કસ્બામાં યજદ શાહેરની નકલ ઉપરથી તમામ કર્યું.

એજ રેવાયતની ત્રીજી જુની નકલ હુ રજુ કરૂ છુ. તે એરવદ તેહેમુરસ દીનશાહ અંકલેસરીઆની છે[4] તે એક પુરાણી નકલ છે, પણ કમનસીબે

---

(૧) એના અસલ અવસ્તા હરફના લખાણમાટે જુઓ ઉપર પાનુ ૬૭ જુએ મેહેરજીરાણા લાયબ્રેરીની શાપુર આસાની રેવાયતની નકલ, ફોલીઓ ૯૯ ક લીટી ૫ થી ૧૧

(૨) એ ૨૪૧ ફોલીઓનુ જૂદી જૂદી બાબતોનુ પુસ્તક છે એમા ઉપલા સરનામા માટે જુઓ ફોલીઓ ૧ લીટી ૭ થી ફોલીઓ ૨ લીટી ૨

(૩) જુઓ એજ પુસ્તક ફોલીઓ ૧૧૬ બ લીટી ૪ થી ૧૧.

(૪) એરવદ તેહેમુરસનુ પુસ્તક ૮૦ ફોલીઓનુ એક પુસ્તક છે. તેમા ફક્ત આ રેવાયતજ છે. આ નકલને ઉપલી એરવદ માણેકજી ઉનવાળાની નકલ સાથે સરખાવતાં માલૂમ પડેછે કે તેનો એકાદ ફોલીઓ જતો રહેલોછે એ પુસ્તકમાં પણ સરનામુ (ફોલીઓ ૧ લીટી ૭ થી ૧૫ મા) ઉપર મુજબ ઉપલી બે નકલો માફકજ છે. પણ ફરક આ છે ક આ નકલ લખનારે દસ્તુર મેહેરજી રાણાના બાવા રાણાના બાવાનુ નામ જેશંગ બરાબર લખ્યુ છે, અને હોશંગ' તરીકે નથી લખ્યુ

છેલ્લા ફ્રાલાઓ જતા રહેવાથી તારીખ માટે તેનું કોલોફ્રાન મળતું નથી. પણ એરવદ તેહેમુરસ, જેવણ ઘણા જુના હસ્તલેખોના ભાગ્યશાળી માલિક છે, અને જેવણને એ બાબેનો અનુભવ છે, તેવણ હરફોની વળાણ અને રીતી ઉપરથી અને કાગળ ઉપરથી માનેછે, કે એ એક પુરાણી નકલ છે.[1]

૩. રાણા જેશંગને હાથે લખાયલી પાજંદ અને ફારસી પુસ્તકોની નકલો.—રાણા જેશંગ પોતે એક ભણેલા ધર્મ ગુરૂ હતા અને પાજંદ અને

---

(૧) આ બાબત લખાયા પછી મારૂં ધ્યાન એક બીજા લેખ ઉપર ખેંચાયછે, જે પણ દેખાડે છે કે રાણા જેશંગ નોસારીમા એક આગેવાન દરજ્જો ભોગવતા હતા. એ લેખ રોજ બેહરામ માહ અસપદારમદ સવત ૧૫૯૯ (ઈસવી ૧૫૪૩) નો છે. એ લેખ નોસારીખાતે સજાનનાં પથકવાળા જે મોબેદો આતશબેહરામ સાથે ગયા હતા તેઓ વચ્ચે અને નોસારીના ખુદ અસલ ભગર સાથ મોબેદો વચ્ચેનો લેખ છે ઈસવી સને ૧૮૮૧ ના સાલમા બાઈ મોતીબાઈ તે શેઠ બમનજી જમશેદજી મુલ્લાના વિધવાએ ખેરગામ ખાતે એક દખમુ અને અગીઆરી બાધવાનો વિચાર કર્યો, તે વખતે ત્યા ક્રિયા કરવાનો, કોણનો હક છે, ઉદવાડાવાળા મોબેદ સાહેબોનો કે નોસારીવાળા સાહેબોનો, તે બાબે વાધો ઉઠયો વલસાડના સબોરડીનેટ જજ આગળ તે બાબેનો મુકદમો નીકળતા તે બાબદ શેઠ દાદાભાઈ નવરોજીના લવાદી ઉપર સોંપવામાં આવી તે મુજબ સને ૧૮૮૩ ના એપ્રીલમા તેવણે એ મુકદમો હાથમા લીધો તે વેળાએ બેઉ બાજુથી એ દસ્તાવેજ રજુ થયો. એ દસ્તાવેજની બેઉ બાજુવાળાઓની અસલ નકલો ગુમ થઈ છે પણ તેની નકલો બેઉ બાજુઓએ રજુ કીધી હતી એ બેઉ નકલોના પાછલા ભાગમા હેરફેર છે. "નવસારીની ભગરસાથ અનજુમનના પથકના ખેરગામ બાબત ઊદવાડેના અજુમને વલસાડના કોરટમાં માંડેલી ફરીઆદનો એહેવાલ" એરે નામનું જે ચોપાનીઉ ફોર્ટ પ્રીનટીંગ પ્રેસમાં ૧૮૮૬ મા પ્રગટ થયુ છે, તેમા એ બેઉ બાજુની નકલો છપાઈછે ઉદવાડાવાળા સાહેબોની નકલ પાના ૧૧૩ ઉપર દસ્તાવેજ ના ૨૧ તરીકે છપાઈ છે નોસારીવાળા સાહેબોની નકલ પાના ૮૫ ઉપર દસ્તાવેજ ના. ૧ તરીકે છપાઈ છે. એ બેઉ નકલોમા શુ ફેરફાર છે, તે લવાદ શેઠ દાદાભાઈ નવરોજીએ દેખાડ્યુ છે (પાના ૬૬–૬૭). હવે એ લેખમાં બેઉ નકલો પ્રમાણે ડાહબા હાથ ઉપર સજાનાવાળા મોબેદ સાહેબોનુ મતું છે અને જમણા હાથ ઉપર નોસારીવાળા સાહેબોની શાખ છે. એ શાખોમાં રાણા જેશંગની શાખ પેહેલી છે. એ દેખાડેછે કે તેવણ તે વખતે નોસારીમાં આગેવાન દરજ્જો ભોગવતા હતા.

ફારસીમાં માહીતગાર હતા., એમ એવણુને પોતાને હાથે, લખાયલી પાઝંદ અને ફારસી પુસ્તકોની બે નકલો ઉપરથી માલૂમ પડે છે.

(ક) રાણા જેશંગને હાથની લખેલી પાજન્દ જામાસ્પી.— એવું પેહેલું એક પુસ્તક પાજંદ જામાસ્પી છે. એવણુને હાથની લખેલી આ જામાસ્પી નોસારીની મેહેરજીરાણા લાયબ્રીરીમાં છે (૧). તેની સેવટે જે ફારસી કોલોફોન છે તે મુજબ એ નકલ રાણા જેશંગે રોજ મેહેર માહ અર્દીબેહેશ્ત સને ૮૭૩ યજદજર્દી (સંવત ૧૫૬૦) એટલે ઈ. સ. ૧૫૦૪ ને દિને લખી હતી આ કોલોફોન, રાણા જેશંગની હરમજદયાર રામયાર સુધીની વશાવળી માટે, એક પુરાણી સત્તા તરીકે ઘણુ ઉપયોગી છે. એ કોલોફોન(૨) નો તરજુમો નીચે મુજબ છે.

"આ (પુસ્તક) તમામ થયું છે. આ જામાસ્પીનો લખનાર હું દીનનો બંદો કમતરીન ખાકસાર રાણા બીન હેરબદ જેશંગ બીન હેરબદ દાદા બીન હેરબદ જેસંગ બીન હેરબદ મુબદ બીન હેરબદ કયામદીન બીન હેરબદ મુબદ બીન હેરબદ કામદીન બીન હેરબદ જરતુશ્ત બીન મોબેદ હરમજદ-યાર બીન હેરબદ રામ્યાર છું. હેરબદ કર્વા બીન બીકજીવ (૩) ભરૂચી, જેવણુની લાંબી જીદગી હોજો, તેવણુની નકલ ઉપરથી મેં નવા અભ્યાસીઓની વાકેફી માટે અને બેહેદીનોના સવાબના વધારા માટે લખ્યું છે. તનદુરસ્તી દેરજી-વની તેઓને, જેઓ આ ગેથીમાં અરી હોય. મીનોમાં તેઓના રવાનને ગરોથમાન હોજો. રોજ મેહેર માહ અર્દીબેહેશ્ત સાલ ૮૭૩. હિંદી સાલમા સવત ૧૫૬૦ વર્ષે રોજ મેહેર માહ અર્દબહિશ્ત. પારસી સવત ૮૭૩ વર્ષે"

આ પુસ્તક પાજંદમા છે અને કોલોફોન ફારસી ભાષામાં છે. સેવટે તારીખ બાળબોધ હરફે છે. આ દેખાડે છે કે રાણાજેશંગ પોતાના ગુજરાત દેશની ગુજરાતી ભાષા ઉપરાંત પાજંદ અને ફારસી પણ જાણુતા હતા.

---

(૧) ૧૮૯૪ માં આ લાયબ્રરીનો જે કેટેલોગ છપાયોછે, તેમાં ગુજરાતી ટીપમાં પેહેલવી પાજન્દ ફારસી પુસ્તકોના લીસ્ટમાં પા. ૬૨ ઉપર આ પુસ્તક ના. ૯ તરીકે જણાવ્યું છે. આ લાયબ્રરીની કમીટીની પરવાનગીથી મારી "જા-માસ્પી" માં રાણા જેસંગની આ પાજદ જામાસ્પી મેં છપાવી છે.

(૨) એ કોલોફોનના ફારસી લખાણ માટે જુઓ ઉપર પાનું ૧૬૯

(૩) એ નામ યાતો ભીખાજી યાતો વીકાજી માટે છે.

(આ) રાણા જેશગને હાથનું ફારસી બહમન નામુ[1]—રાણા જેશગને હાથનું લખેલું બીજું પુસ્તક જે બચી રહ્યું છે, તે ફારસી બહમન નામાની નકલ છે. તે એરવદ મીનોચેહેર બરજોરજી પાવરીની માલેકીમા છે. તેના ૩૭૮ ફોલીઓ એટલે ૭૫૬ પાના છે, જે દરેક પાનામાં ૧૩ બેતો છે.[2] તેનું કોલોફોન, જે પુસ્તકની સેવટે છે અને જેમાં લખનારનું નામ અને સને છે, તેનો તરજુમો નીચે મુજબ છે.[3]

"બહમન નામાની આએ કેતાબ તમામ થઇ. 'એકજ ખરો માર્ગ છે જે અશોઇ નો છે'[4]. ઇરાનના શાહોના શાહ, શાહ બહમન બીન અસફન્દેયારનું આ દાસ્તાન તમામ થયુ. યજદાનની મરજી માફક થજો. દરૂદ શાદી અને રામશાની અને દેરજીવશની સાથે તમામ થયું. આ હરફનો લખનાર હુ દીનનો બંદો હેરબદ રાણા બીન હેરબદ જેસંગ બીન હેરબદ દાદા, મોબેદ હોરમજ્યાર હેરબદ રામ્યારની નસલનો છુ નોસારી કસબાની અંદર, મહમુદશાહ સુલતાન જે લતીફખાનનો છોકરો અને બાહાદુરશાહ સુલતાનના ભાઇનો છોકરો,[5] તેના વખતમાં રોજ આસ્તાદ માહ આદર

---

(૧) બહમન નામાની વિગત માટે જુઓ મો મોહલનુ શાહનામુ વાલમ ૧ દિબાચો પા. ૬૮.

(૨) એટલે ૭૫૬ પાનામા કુલે (૭૫૬×૧૩=) ૯૮૨૮ બેતો છે મોં મોહલ બહમન નામાના પોતાના વર્ણનમા જે જણાવે છે કે "બહમન નામાની નજદીક ૧૦ હજાર બેતો છે" તેને મળતી આ સંખ્યા છે.

(૩) ખુદ ફારસી કોલોફોન માટે જુઓ પા ૧૭૦.

(૪) જુના ફારસી પુસ્તકોની સેવટે ઘણી ખરી નીચલી અવસ્તા ભાષામા એક કહેવત આવેછે, તેનો આ પેહેલો ભાગ છે

"અએવો પન્તાઓ, યો અષહે,
વીસ્પે અન્યેષામ અપથનામ"

અર્થ—એકજ (ખરો) માર્ગ છે જે અશોઇનો છે બીજા સઘળા માર્ગો નહીં—માર્ગો (એટલે) આડા અથવા ખોટા માર્ગો છે

એનો પેહેલવી તરજુમો નીચે મુજબ કેટલાક પુસ્તકોમા આવેછે

"અયોકી અએત રાસે આહલાયશ
હરવેસ્પ વલમનશાન અવી-રાસ"

(૫) આ મહમુદશાહ તે ગુજરાતનો મહમુદ ત્રીજો છે કે જેણે ઈ સ ૧૫૩૮ (હીજરી ૯૪૪) થી ૧૫૫૩-૫૪ (હીજરી ૯૬૧) સુધી ૧૬ વર્ષ રાજ્ય કર્યું હતું. એલફીનસ્ટન પોતાની હિંદુસ્તાનની તવારીખ (૧૮૬૬ ની કોવેલની પાંચમી આવૃત્તિ પા.૭૬૭) માં એને માટે કહેછે કે "બહાદુર શાહનો હકદાર વારસ તેનો ભત્રીજો મહમુદ તે લતીફખાનનો છોકરો હતો."

મજફ્ફરે શીહેરમારનું સાલનું ૯૧૫ સુકરવાર ૯૫૫ (હીજરી). હિંદી સાલ સંવત ૧૬૦૬."

એ મહમુદશાહ કયા વર્ષમા ગાદી ઉપર આવ્યો, તે બાબ જૂદા જૂદા તવારીખનવેશોમાં જરાક ફેર છે. મીરાતે સેકંદરી મુજબ તે હીજરી ૯૪૩ (ઈ સ ૧૫૩૭) મા ગાદી ઊપર આવ્યો હતો તે કહેછે કે (બોંબે બ્રૅંચ રોયલ એશિઆટીક સોસાએટીની હાથની લખેલી નકલ પા ૩૯૯ લીટી ૮)

در سنه ثلث و اربعين و تسعمائه سلطان محمود بر تخت سلطنت جلوس فرمود درآن زمان عمر شریف سلطان و سن مبارک یازده سالگی رسیده بود

અર્થ.—ત્રણ અને ચાલીશ અને નવસો (એટલે ૯૪૩) ના વર્ષમા સુલતાન મહમુદ સલતનતના તખત ઉપર બીરાજમાન થયો અને તે વખતે સુલતાનની મુબારક ઉમર અને તેની જીંદગીની મુબારક દોરી ૧૧ વર્ષ પર પોહોંચી હતી (યાને તેની ઊમર ૧૧ વર્ષની હતી). (જુઓ Bayley's History of Gujarat (૧૮૮૬) પાનું ૪૦૬).

તબકાતે અકબરી મુજબ તે ૯૪૪ હીજરી (ઈ. સ ૧૫૩૮) મા ગાદી ઉપર આવ્યો હતો તબકાતે અકબરીમાં લખેછે કે (મુનશી નવલ કીશોરની ઈ.૧૮૭૫ ના આવૃત્તિ પાનુ ૫૧૦ લીટી ૨૪ થી પા. ૫૧૧ લીટી ૪)

چون میران محمد شاه فاروقی از خرابه دنیا بمعمورهٔ عقبی خرامید و وارثی بغیر محمود خان بن لطیف خان بن مظفر شاه نمانده بود .. .. در دهم ذیحجه سنه اربع و اربعین و تسعمائه محمود خان را بر تخت گجرات اجلاس نموده مخاطب بسلطان محمود ساختند

અર્થ—જયારે મીરાન મહમુદશાહ ફરૂકી આ દુનિયાના ખરાબામાંથી બીજી દુનિયાની સુખી જગ્યાએ કુચ કરી ગયો, અને મહમુદખાન બીન લતીફખાન બીન મુજફ્ફરશાહ સિવાય બીજો કોઈ વારસ રહ્યો નહીં. . ... ત્યારે ચાર અને ચાલીશ અને નવસો (એટલે ૯૪૪ હીજરી) ના સાલના જીલ્હજ્જે (મહિના) ની ૧૦ મી તારીખે મહમુદખાનને ગુજરાતના તખત ઉપર તખતનશીન કરી તેને સુલતાન મહમુદનો ખેતાબ આપ્યો.

તારીખે ફેરીશ્તે પણ એજ તારીખ આપેછે તે કહેછે કે

چون میران محمد شاه فاروقی از خرابه دنیا بمعمور آباد عقبی خرامید و وارثی بغیر محمود خان بن شاهزاده لطیف خان بن سلطان مظفر نمانده .. .. در دهم ذیحجه سنه اربع و اربعین و تسعمایه محمود خانرا بر تخت گجرات اجلاس دادند و مخاطب سلطان محمود شاه ساختند

રાણા જેશંગને હાથની લખેલી ઉપલી પાજંદ જામાસ્પીની અને ફારસી બહમન નામાની નકલોના ફારસી કોલિફોનમાં આપેલી તારીખો ઉપરથી માલુમ પડેછે કે પાજંદ જામાસ્પી તેવણે જવાન ઉમરે લખેલી હોવી જોઈએ તે લખવા પછી ૪૨ વર્ષે તેવણે બહમન નામું લખેલું છે. એ બેઉ પુસ્તકો ત્યારે દેખાડે છે, કે તેવણ પાજંદ અને ફારસીમાં માહિતગાર હતા.

આ કેટલીક લાંબી તપાસ ઉપરથી આપણે જોયું, કે દસ્તુર મેહેરજીરાણા શાહ અકબરની દરબારમાં ગયા, તેની આગમચ નોસારીમાં જાણીતા હતા, અને ત્યાંની અનજુમનના એક જાણીતા અકાબર હતા. એટલુંજ નહીં, પણ તેવણના પિતા રાણા જેશગ પણ, ૧) ઈ સ. ૧૫૨૦ ના એક પુરાણા દસ્તાવેજ પ્રમાણે, ૨) ઇ. સ. ૧૫૨૭ મા લખાયલી એક પુરાણી રેવાયત પ્રમાણે, અને ૩) ઈ. સ. ૧૫૪૩ મા સબાના વાળા મોબેદ સાહેબોએ નૌસારીવાળા માહેબોને લખી આપેલા એક દસ્તાવેજ પ્રમાણે, નૌસારીના એક આગેવાન અકાબર હતા, અને ૪) ઇ. સ. ૧૫૦૪ અને ૧૫૪૬ મા તેવણને પોતાને હાથની લખાયલી પાજંદ જામાસ્પી અને ફારસી બહમન નામાની પુરાણી નકલો પ્રમાણે પાજંદ અને ફારસી જબાનમા માહીતગાર હતા.

II ૨ દસ્તુર મેહેરજીરાણાનું નામ અકબરના વખતની તવારીખમાં નથી, એવા બીજા વાંધાની તપાસ. –દસ્તુર મેહેરજીરાણા સામે બીજો વાંધો આ ઉઠાવવામાં આવેછે, કે તેવણનું નામ અકબરના વખતની કોઈપણ તવારીખમાં નથી પણ કોઇ ચોકસ વખતની તવારીખમાં તે વખતના પુરૂષનું નામ નહીં હોય, તેથી તે ધણીના નામ, કામ યા હેયાતી ઉપર શક નખાવો નહીં જોઇએ. દાખલા તરીકે શાહ બાબર પોતાના પુસ્તકમાં પોતાની ગુલરૂખ બાયડીનું નામ એક પણ વખત દેતો નથી, જ્યારે તે બીજી બાયડીઓનું નામ દેછે. પણ જેમ મીસીસ બેવરીજ પોતાના હીમાયુન નામામાં કહેછે તેમ, એ "જે પોતાના વખતમા ખુલ્લી રીતે જાહેર હોય તે માટેની ચુપકીદી હોય"

અકબરના વખતની તવારીખોમાં તો અરદેશરનુ પણ નામ નથી. નહીં બદાઓની કે અબુલફજલ કે નીજામુદદીન, અરદેશરનું નામ દેતા બદાઓની તો ઇબાદતખાનાની તકરાર વેળાએ નૌસારીથી આવેલા જરથોશતીઓ માટે ખુલ્લું બોલી જાયછે, પણ ઇરાનથી આવેલા જરથોશતીઓ માટે તે એક

(૧૮૩૨ ઈસવી ની આવૃત્તિ વાલમ II પા. ૪૪૪ લીટી ૬ થી ૧૧.) ફેરીશ્તેનું લખાણ બરાબર તબકાતે અકબરી ઉપરથીજ લીધું છે. (Brigg's Ferishta vol IV p. 144). આ બેમાંથી તબકાતે અકબરી અને તારીખે ફેરીશ્તેની તારીખ બરાબર છે.

હરફ પણ કહેતો નથી. જો ઉપલી તકરાર વેળા ઈરાનથી અરદેશર આ બીજા જરથોસ્તીઓ આવ્યો હતે તો તેઓ માટે તે બોલતે.

પણ અકબરના વખતની તવારીખોમાં મેહેરજી રાણાનું નામ નથી, તેથી અકબરની દરબારમા મેહરજીરાણા જવાની હકીકત ઉપર શક નાંખવો જો વાજબી ગણાય, તો બીજી કોમના પ્રતિનિધીઓની હાજરીની હકીકત ઉપર પણ શક નાંખવો જોઈએ. દાખલા તરીકે આપણે આગળ કહ્યુ તેમ પાદરી કાત્રુ પ્રમાણે, ખ્રિસ્તિ પાદરીઓની ત્રણ ટુકડી એક પછી એક અકબરની દરબારમાં ગઈ હતી. એઓનાં નામ આપણે આગળ આપ્યાંછે.(૧) એ ત્રણ ટુકડીઓના સાત પાદરીઓમાંથી ફક્ત એકનુંજ અને તે પાદરી રૈદોલ્ફનું નામ દેવામાં આવેછે(૨) અકબર નામામાં એ પાદરી

---

(૧) જુઓ પાનુ ૨૧૭ પાદરી કાત્રુની History of the Mogal Dynasty નો તરજુમો (૧૮૨૬) પાનું ૧૦૫, ૧૨૬, ૧૨૭. જુઓ કોંટ દ નોએરના પુસ્તકનો L'Empereur Akbar નામનો ફ્રેંચ તરજુમો વો. I પાના ૩૨૬, ૩૩૦, ૩૩૧

(૨) અકબરનામા (બેંગાળ એશિઆટીક સોસાએટીની કલકત્તાની આવૃત્તિ વાલમ ૩ જું પાનું ૫૭૭ લીટી ૪ અને નોટ. એલીઅટ (ડાસન) વાલમ ૬ પા ૮૫) માં એક બીજા પાદરી ફર્મોલીયુન (پادری فرماليون જે બીજી નકલમા બાદહરી ફર્મેલીયુન بادهری فرمليون અને બીજીમા પાદરા ફરમલુન پادری فرملون છે) માટે બોલેછે, પણ તે કોઈ ધર્મ સબધી વાદવિવાદ માટે આવેલા ટુકડીનો પાદરી હોય એમ દિસતુ નથી. અબુ ફજલ પાદશાહના ૩૫ મા વર્ષે (હીજરી ૯૯૮ ઈસવી ૧૫૯૦—૯૧) ની હકીકતોમા કહેછે કે

پادري فرمليون از بندرِ گووه بدرگاهِ والا رسيد و از قدرداني بلند

پايگي يافت فراوان عقلي كلام و نقلي مقال ميداشت برخي خردانِ

تيز هوش را بآموزگاري سپردند تا سرمايهٔ ترجمه كردنِ يوناني نامها

فراهم آيد و گوناگون دانش بهمه فرا رسد

અર્થ—પાદરી ફર્મેલ્યુન ગોવા બંદરથી શાહનશાહી દરબારમાં આવ્યો અને કદરદાનીથી બુલંદ દરજ્જો પામ્યો તે ઘણાં અકલમંદ સખુન અને ડહાપણ ભરી જબાન ધરાવતો. કેટલાક ચપળ હુશિઆરી વાળા જવાનોને કેળવણી માટે તેને સોંપવામા આવ્યા, કે યુનાની પુસ્તકોનો તરજુમો કરવાની ગોઠવણ રચી શકાય, અને જૂદી જૂદી જાતનું જ્ઞાન સઘળાઓને મળી શકે "

આ ફકરો દેખાડે છે કે પાદરી ફર્મોલ્યુનને એક સાહિત્ય સબંધી કામ માટે તેડ્યો હતો કે જેમ બીજે વર્ષે અરદેશરને તેડાવવામાં આવ્યો હતો

માટે ફક્ત એકજ જગ્યાએ પાદરી રદીફ ([illegible]) [1] તરીકે બોલવામાં આવેછે. જ્યારે એમ છે,ત્યારે જો કોઈ એમ કહે, કે અકબરના વખતની મહોમેદન તવારીખોમાં બીજા પાદરીઓનાં નામો આવ્યાં નથી, તેથી તેઓ અકબરની દરબારમાં ગયલા નહીં હોવા જોઈએ, તો તે શુ વાજબી ગણાય ? નહીં જેમ ઉપલા બીજા પાદરીઓ માટે ઈસ્વી ૧૭૦૮ માં લખનાર પાદરી કાતુની સત્તાનો આપણને ટેકો છે, તેમ દસ્તુર મેહેરજીરાણા અકબરની દરબારમા જરથોશતી ધર્મ સમજાવવા ગયા હતા, તે માટે આપણને ૧૭૬૫ મા લખનાર દસ્તુર શાપુરજી સજાણાનો ટેકો છે. જો ખ્રિસ્તિ પાદરીઓના સંબંધમા તમો અકબરના વખતના ઈસ્લામી તવારીખનવેશોની સત્તાની ગેરહાજરીમા એક ખ્રિસ્તિ લખનારની સત્તા કબૂલ રાખો, તો એક પારસી દસ્તુરના સબંધમા તમોએ એક પારસી લખનારની સત્તા કબૂલ રાખવી જોઈએ

III ૩ દસ્તુર મેહેરજીરાણા સામે ત્રીજો વાંધો એક કહેવાતો મોજેજો.—દસ્તુર મેહેરજીરાણા અકબરની દરબારમાં ગયા હતા, તે સામે ત્રીજો વાંધો આ ઉઠાવવામાં આવેછે, કે દંતકથા તેવણને એક મોજેજો લાગુ પાડેછે દંતકથા તેવણની અકબરની દરબારની મુલાકાત સાથે એક મોજેજો જોડેછે, કે જે, કહેવામા આવેછે કે, તેવણે તેની દરબારમાં કરી બતાવ્યો હતો. કહેછે કે એક બ્રાહ્મણે પોતાના જાદુના જોરે આકાશમા એક થાળી ચઢાવી હતી, કે જે એક બીજા સૂરજ જેવી લાગતી, અને જે મેહેરજીરાણાએ પોતાની બંદગી અને નીરંગોથી નીચે જમીનપર પાડી હતી

એવા એક કહેવાતા મોજેજાની વાત ઉપરથી દસ્તુર મેહેરજીરાણાની અકબરની દરબારમાની મુલાકાત ઉપર શક નાંખવામાં આવેછે પણ તવારી-

---

(૧) બેંગાળ એશિઆટીક સોસાએટીનુ મોલવી અબદુલ રહીમની કલકત્તાવાળી આવૃત્તિનુ વાલમ ત્રિજુ, પા ૨૫૪ લીટી ૨૦ એમાં તેનો અધીપતિ નીચે નોટ આપી જણાવે છે કે કેટલીક નકલોમા એ નામ રવિક ([illegible]) છે એલીઅટની નકલ રડલફ નામ આપેછે (એલીઅતની હિંદુસ્તાનની તવારીખ વાલમ ૬ પા ૬૦). એલીઅટ આ ફકરાના સબધમાં એક બાબત કહેછે જે ઉપર હું ખાસ ધ્યાન ખેંચીશ તે કહેછે કે " અહી અને આ બાબના બીજા ભાગમાં હસ્ત લેખોમાં લાંબા ફકરાઓ છે કે જે લકનો એડીશનમા છાપવામા આવ્યા નથી એવા બીજા ફકરાઓમાં પાદરીને લગતો ફકરો છે " (એલીઅટની તવારીખ વાલમ ૬ઠુ પા ૬૦ નોટ ૧). પછવાડેના ઈસ્લામી નકલ કરનારાઓ કેટલીક વખતે જે ફકરાઓ બીજી કોમવાળાઓના કોઈ પુરૂષોના સારાં કામોને લગતા હોય છે તે મુકી દેછે.

બના પુરૂષો યા બનાવો સાથે પાછળા જમાનાઓ જે વાર્તાઓ યા કૃષાઓ જોડે તેથી અંચળ પુરૂષોએ તેવા તવારીખના પુરૂષો અને બનાવોની ઉપર શક નાખવો નહીં જોઈએ. જો એમ શક નાખવા દેવામાં આવે તો જૂદા જૂદા દેશોની તવારીખના ઘણાક જાણીતાં નામો પાછલા જમાનાના હાથમા સલામત રહી શકે નહીં. વર્ઝીલનો દાખલો લઓ દુનિયાના પુરાણા વખતની તવારીખમા એવો કોઈ પુરૂષ થઈ ગયો નથી, કે જેના નામ અને જેની કીર્તિ સાથે મોજેજા અને જાદુની આટલી બધી વાતો જોડાયલી હોય કે જેટલી વર્ઝીલના નામ અને કીર્તિ સાથે જોડાયલી છે તેના મરણ પછી સદીઓ બાદ, હાલમાં પણ નેપલ્સમાં મુસાફરી કરતા એક મુસાફર તેના મોજેજાઓની અને તેના નામની જાદુઈ અસરની વાતો સાભળે છે મેં પોતે ઈ. સ ૧૮૮૯મા ત્યાં મુસાફરી કરતાં એવી કેટલીક વાતો સાભળી છે. પણ તેટલા માટે આપણે કાંઈ તેના કામ અને તે જે વગ ધરાવતો હતો તેની ઉપર શક નાખતા નથી.

પણ દૂર ક્યા જાઓ છો? નજદીકનોજ દાખલો લઓ, અને તે ખુદ અકબરનાજ વખતનો, અને તેથી તેની દરબારનોજ લઓ અકબર નામા પ્રમાણે પાદરી રેડોલફે ખ્રિસ્તિ બાઈબલ ઉપર આકીન નહીં રાખનારાઓની ખાતરી કરવા માટે એક મોજેજો કરી બતાવવાની મરજી જણાવી અને તે આ કે હાથમા બાઇબલ લઈ આતશની ચેહેમાંથી ચાલી જવું અકબર નામાનો એ બાબેનો ફકરો નીચે મુજબ છે.

شبی انجمن عبادت خانہ روشنی افزای حقیقت بود پادری ردیف (کہ از دانشوران نصاری بفهم و فطرت نشان یکتائی داشت) درآن بزم آگهی نکتہ طراز شد . ...پادری دا خاطر آرامیدہ و دلی یقین پیرای بر زبان راند . . ...اگر این گروه کتاب مارا چنین اعتقاد دارند و فرقان را کلام خالص ایزدی میشمارند شایستہ آنست کہ حرمی آتش افروختہ گردد و ما انجیل بدست و علمای این دین کتاب خود بدست گرفتہ بدان عیارگاه راستی در شویم رستگاری هر کدام نشان حق طرازی باشد بی جگران سیاه دل یا لغز گشتہ در پاسخ آن بتعصب و لجاج پیچیدند(૧)

---

(૧) અકબરનામુ વાલમ ત્રીજું પાનું ૨૫૪—૨૫૫ એલીઅટની તવારીખ વાલમ ૬ પા. ૫૯-૬૦

અર્થ—એક રાત્રે એબાદત ખાનાની અનજુમન, સચ્ચાઇની રોશની વધારનાર થઇ પડી. પાદરી રદીફ, જે ખ્રિસ્તિ આલમાઓમાં, અસાધારણ સમજ અને ડહાપણ ધરાવતો હતો, તે આ ભરેલી મિજલસમાં સુંદર શબ્દો કહેનાર થયો .. ..પાદરીએ શાંત મનથી અને એકીનને સીંગાર આપનારા દીલથી બોલવા માંડયુ કે .. .." અગર જો એ લોકો અમારી કેતાબને માટે એવો એતેકાદ ધગવે છે અને કોરાનને યજદના ખાલિસ કલામો ગણતા હોય તો ધટારત આ છે, કે આતશની ચેહ સળગાવવામાં આવે અને અમો અનજીલ (એટલે બાઇબલ) હાથમા લઇને અને એ દીનના આલમાઓ પોતાની કેતાબ હાથમા લઇને રાસ્તીની તે કસોટીમાંથી પસાર થઇએ (એમાંથી) કોઇપણ બાજુની સલામતી સચ્ચાઇની નિશાણી ગણાશે." સીહા દીલના જીગર વગરનાઓ કુસડાઇ પડયા, અને તેના જવાબમાં ઝનુન અને કજીઓ દેખાડવા લાગ્યા[1]

આ ત્યારે ખુદ અકબરના વખતના એક તવારીખનવેશની શાહદત છે, કે એક ખ્રિસ્તિ પાદરીએ અકબરની દરબારમાં બાઇબલ હાથમા ધરી આતશની ચેહેમાંથી ચાલી જવાનો મોજેજો કરવા માગ્યો ત્યારે આ બાબત ઉપરથી એ પાદરીના અકબરની દરબારમા જવાના એક બનાવ ઉપર અને શાહ અકબરને પોતાની દીન સમજાવવાના બનાવ ઉપર શક નાખવાને શું આપણે વાજબી ગણાશું? અલબતે નહીં. ત્યારે દસ્તુર મેહેરજીરાણાની અકબરની દરબારની મુલાકાત અને તેવણે શાહને દીન સમજાવવાની બાબત ઉપર, તેવણના નામ સાથે કોઇ કહેવાતો મોજેજો જોડાયો હોય તેથી, શક નાખવાને આપણે કેમ વાજબી ગણાઇએ? દસ્તુર મેહેરજીરાણાનો મુકદમો તો વધારે મજબુત છે એવણના બાબમા તવારીખનો કોઇપણ લખનાર આવા કહેવાતા મોજેજાની વાત જણાવતો નથી એતો પાછલી દતકથા એવણના નામ સાથે કોઇ કહેવાતો મોજેજો જોડે છે. જો એક તવારીખનવેશે પાદરી રોડોલફના નામ સાથે જોડેલા મોજેજાની હકીકત ઉપરથી આપણે શાહ અકબરની દરબારની તેની મુલાકાત ઉપર શક નાખવામાં વાજબી નહીં ગણાઇએ, તો દસ્તુર મેહેરજીરાણાના નામ સાથે જોડાયલી કોઇ કહેવાતી મોજેજાની વાત, જેનો કોઇપણ તવારીખે ઇસારો કર્યો નથી, તે ઉપરથી તેવણની અકબરની દરબારની મુલાકાત ઉપર અને

(૧) બદઓનીની આ બાબત બીજી રીતે જણાવે છે તે કહે છે કે એક મહોમેદન શેખે ખ્રિસ્તિ પાદરીને હમનબર્દ તરીકે બોલાવ્યો કે આતશની ચેહેમાંથી પસાર થાય (લોવ અને આહમદ અલીના આવૃત્તિ વા II પા૦, ૨૯૯ લીટી ૧૦ થી ૧૫)

ત્યાં શાહને દીન સમજાવવાની હકીકત ઉપર શક નાખવામાં મુદલ વાજબી નહીં ગણાઇએ.

પાદરી રદુલ્ફના નામ સાથે જોડાયલા મોજેજા બાબે જૂદી જૂદી હકીકતો છે. મરે નીચલી હકીકત આપેછે. "સેવટે તેણે (અકબરે) પાદરીઓને કહેવડાવ્યું કે ખ્રિસ્તિ ધર્મનો ચહડતો દાવો સાબિત કરવા માટે હવે તેઓને હાથ એક તક આવીછે. એક ઇસલામી ધર્મગુરૂ હાથમાં કોરાન લઇને એક ભઠીમાં કુદવાને તૈયાર હતો તેઓ પોતાના ધર્મ માટે મજબુત આકીન ધરાવેછે, માટે તે બાબત ધ્યાનમાં રાખીને તેઓ બાઇબલ સાથે તેની સાથે ભઠીમાં જવાને અચીત વાંધો ઊઠાવશે નહીં. એમ કરવાથી બેઉ ધર્મોમાં સરસ કયોછે તેની ખાતરી એવી રીતે થશે કે તે બાબે કાંઇ વાંધો ઊઠશે નહીં. પાદરીઓ આ દરખાસ્તથી વિચારમાં પડ્યા તેઓએ જણાવ્યું કે ધર્મ સબંધી બાબતનો ચુકાદો કરવાનો આએ કોઇપણ રીતે વાજબી માર્ગ ગણાય નહીં. તેઓએ જણાવ્યું કે તેઓ મુલ્લાઓ સાથે લાંબી તકરારો કરી ચુક્યા છે અને હજુ પણ રીતસર એક કરવાને તૈયાર છે એમ જણાવતા તેઓએ થોડી ઘણી આશા રખાવી હતી કે અગર જો તે (બીજી તકરાર) નિષ્ફલ જાયતો આતશની એહની તપાસ અમલમાં લાવવાનો માર્ગ અખત્યાર કરવામા આવે" (૧)

ઉપલા મોજેજા બાબે ખ્રિસ્તિઓની આ હકીકત છે અકબરના પોતાના વખતના બે જાણીતા તવારીખનવેશો અબુફ્જલ અને બદઓની, ઉપર કહ્યું તેમ, એક બીજાથી હકીકતમા જૂદા પડેછે એક કહેછે કે ખ્રિસ્તિ પાદરીએ મોજેજો કરવા માગ્યો અને મહોમેદન ધર્મ ગુરૂને તેનો મોજેજો કરવાને હરીફ તરીકે બોલાવ્યો. બીજો એથી ઉલટુ કહેછે કે મહોમેદન ધર્મ ગુરૂએ પેહેલ એ મોજેજો કરવા માગ્યો અને ખ્રિસ્તિ પાદરીને હરીફ તરીકે બોલાવ્યો

હવે જ્યારે ખુદ અકબરના વખતના બે જાણીતા તવારીખનવેશોના લખાણોમાં કોઇક ખરી યા સભવિત હકીકતો, કે જે સાથે પાદરી રોદોલ્ફનું નામ જોડાયલું હતું, તેને ખોટી રીતે દરસાવવામાં આવીછે, યા ભુલભરી રીતે સમજાવવામા આવીછે, યા સહરાગતથી જણાવવામાં આવી છે, ત્યારે અજબ થવા જેવું નથી, કે કોઇ એવીજ ખરી યા સંભવિત હકીકતો, કે જે સાથે દસ્તુર મેહેરજી રાણાનું નામ જોડાયલું હતું, તેને પછવાડેની દંતકથાએ ખોટી રીતે દરસાવી હોય યા ભુલભરી રીતે સમજાવી હોય, યા સહરાગતથી જણાવી હોય. પણ જો પાદરી રદુલ્ફના નામ સાથે જોડાયલી કોઈ સંભવિત હકીકતોને ખોટી રીતે દરસાવવામાં યા ભુલ-

(૧) મરેની મુસાફરીઓ અને સોધો II પા ૯૧.

ભરી રીતે સમજાવવામા યા સહચ્યતથી જણાવવામાં આવી હોય, તે બાબત ઉપરથી શાહ અકબરની દરબારમાંની તેની હાજરી અને તેની અસર વિષે શક નાખવામાં આપણુ વાજબી નહીં ગણાઈએ, તો દસ્તુર મેહેરજીરાણાના નામ સાથે જોડાયલો કોઈ સંભવિત હકીકતને ખોટી રીતે દરસાવવામાં યા ભુલભરી રીતે સહમજાવવામાં યા સહચ્યતથી જણાવામા આવી હોય, તે બાબત ઉપરથી શાહ અકબરની દરબારમાંની તેવણની હાજરી અને તેની અસર વિષે શક નાખવામા પણ આપણ વાજબી નહીં ગણાઈએ.

એમ વાંધો લેવામા આવે છે કે દસ્તુર મેહેરજી રાણાએ જો ખરેખરો મોજેજો કર્યો હતે તો કોઈ તવારીખના પુસ્તકમાં તેની નોધ મળતે. પણ અકબરના સત્તાદાર તવારીખનવેશો મેહેરજીરાણાના નામ શાથે કોઈ મોજેજો જોડતા નથી, એ બીનાનો દસ્તુર મેહેરજીરાણાની તરફેણમા જવી જોઈએ, અને નહીં કે તેવણની વિરૂધ્ધમાં કોઇ નહીં બની શકે એવી વાત યા મોજેજો એવણના નામ સાથે તવારીખમા જોડાયો નથી. એ દેખાડે છે કે અકબરની દરબારમા એવણની સેવા ખરેખરી હતી અને નહીં કે નિરજીવ.

પેહેલવી ભાષાના જાણીતા ઉસ્તાદ ડા ઉવેસ્ટ આ બાબતમાટે કહેછે કે "મેહેરજીરાણા આશરે ૧૫૭૮ માં દીલ્લી ગયા હતા, તે વાત તેવણને એ વખતે જાગીર મળી હતી, તે બાબત ઉપરથી સારીપેઠે સાબિત થયલી દિસેછે. પણ દંતકથા તેવણને જે મોજેજો લાગુ પાડેછે, તે બેશક એક કલ્પિત વાત છે, કે જે હાલના જમાનાનો કોઇપણ કેળવાયલો પારસી ખરેખર માને નહીં એટલે કે એ (કહેવાતો મોજેજો) કોઈ વધુ સંભવિત ખરા બનાવની સમજ-ભૂલ યા ભુલભર્યો ખુલ્લાસો હોય આ સમજવાનું સહેલ છે, કે ખોરશેદ માટેનું પારસીઓનું માન બીજી દીનના વાદવિવાદ કરનારાઓથી હશી કાઢવામાં આવે અને તે વધારે સભવિક રીતે હિંદુઓ કરતા મહોમેદન અને રોમીશ (એટલે કેથલીક) ધર્મ ગુરૂઓથી એક હુશિઆર હિંદુ મદારી નકલી સૂર્યોની કોઇ પણ સખ્યા સેહેલાઇથી ઉભી કરી શકે છે, એવી સૂચના કરતા હશી કાઢવાની વધારે દુખ દેનારી બીજી કોઈ રીત હોય ? મેહેરજીરાણા નોસારી પાછા ફરવા પછી થોડાક વખતમાજ એક કલ્પિત વાત ઉભી કરવા માટે એવી કોઈ સૂચના, તે પાર પાડવાની કોઈપણ કોશેશ વગર પણ પુરતી હતી"(૧)

---

(૧) જુઓ ડા ઉવેસ્ટનો બેપલ લોજ ઉવોટફોર્ડથી તા ૧૦ મી જુન ૧૮૯૮ નુ મી મેહેરજીભાઈ પાલણજી કુતાર ઉપર લખેલો કાગળ. જુઓ એ કાગળના તરજુમા માટે તા. ૨૪ સપટેમબર ૧૮૯૮ નુ જામેજમશેદ આ બાબેના અસલ અંગ્રેજી ફકરા માટે જુઓ ઉપર પા ૭૩

ડા. સ્મિથ કહેછે તેમ, આ વાતની તળીયે "કોઈ સંભવિત ખરો બનાવ" હોય, અને પછી તેની આજુબાજુ કોઈ કલ્પિત વાતો જોડાઈ હોય. આપણે આ દંતકથા જરા બારીકીથી તપાસીએ અને જોઈએ કે તેને તળીએ કોઈ ખરી હકીકત દિસી શકે છે કે.

(ક) હાથ ચાલાકી—જેમ ગીતમાં જણાવે છે તેમ, વાત એ દિસેછે, કે એક હિંદુ ધર્મ ગુરૂએ કોઈ હાથ ચાલાકીથી હવામાં ઉંચે થાળી ચઢાવી હતી. શાહ અકબરની પ્રજા તેને બીજો સૂર્ય સમજી[1] વાર્તાના વર્ણન મુજબ તો એ હાથ ચાલાકી અથવા તો ઠગાઈ હતી. જ્યારે વાર્તાનુ વરણન કરનાર કહેછે, કે રૈયત તેને બીજો સુરજ સમજવા લાગી, ત્યારે તેનો મતલબ આ કે તે થાળી સુરજ જેવી દેખાવા લાગી. દસ્તુર મેહેરજીરાણા એમાં હાથ ચાલાકી શું હતી, તે જોઈ શક્યા હોય, અને તેથી તે ઉઘાડી પાડી હોય.

હવે અકબરની દરબારમા મદારીઓની આવી હાથ ચાલાકી અને ઢોંગો કંઈ અસાધારણ નહીં હતા આપણે બદઓની[2] ની મુનતખબ અલ તવારીખમા વાંચીએ છીએ, કે એક વખતે અકબરે પોતે એવા એક ઠગારાનો ઢોંગ પકડી આપ્યો હતો. તે કહેતો કે તેનામાં "એવી શક્તિ હતી કે વાત કરતા કરતા આંખના એક પલકારામાં તે ગેબ થઈ જાય અને નદીને બીજે પાર નીકળી આવે" ત્યારે દસ્તુર મેહેરજીરાણાએ એવો કોઈ મદારીનો ઢોંગ પકડી આપ્યો હોય, અને પાછળથી દંતકથાએ તેને મોજેજાનુ શહરાગાત ભર્યું રૂપ આપ્યું હોય. વાર્તા તો તેને હાથચાલાકીજ જણાવેછે ત્યારે એવી કોઈ શહરાગાત ઉપરથી મેહેરજીરાણાની શાહની દરબારની મુલાકાત ઉપર અને શાહ ઉપર તેવણે કરેલી કોઈ અશર ઉપર શક નાખવો વાજબી નહીં ગણાય

આ બાબતના સબધમાં આપણે યાદ રાખવું જોઈએ કે તે વખતમાં આવી અસાધારણ હાથ ચાલાકી, અથવા કિસબમા કોઈ પ્રકારની હુશિઆરી, એક જાતનું જાદુ ગણાતું. દાખલા તરીકે શાહ અકબરની દરબારનો એક

(૧) સરખાવો એ ગીતની પૅહેલી કલી જે નીચે મુજબ છે.

જગતગુરૂને થાળી ઊરાઈ બીરજોરશે ગગનમે
ઊશ થાલીકા સુરજ હુવા દો શુરજ દેખે બાદલમે
દો શુરજ દેખે રઈએત શારી અચરત હુવે અપને દેસમે

(જુઓ ૧૮૯૭ મા પ્રગટ થયલી "ગાએને દેલચમન" માં (પા ૫૭૪) "મેહરજીરાણા બરા નેક થા પુરા બંદા શાહેબકા" નુ ગીત.

(૨) આહમદઅલીની કલકત્તાની એશિઆટીક સોસાએટીની આવૃત્તિ વા II પા. ૩૬૬ લીટી ૨૨ થી પા ૩૬૭ લીટી ૧૨

ઉમરાવ મીર ફતહઅલ્લા શીરાઝીએ એક વખત એક પવનચક્કી બનાવી કે જેથી પોતાની મેળે આટો દળાતો હતો. લોકો તેને જાદુ સમજ્યા આ બાબતમાં તબકાતે અકબરી કહેછે કે "જાદુ અને મંતરના છુપા હુન્નરોમા પણ તે હુશિઆર હતો, દાખલા તરીકે તેણે એક પવન ચક્કી બનાવી કે જે પોતાની મેળે ઉત્પન્ન થતી હીલચાલથી આટો ઉત્પન્ન કરતી હતી " (૧)

(બ) વાતા વરણનો બનાવ—વળી આ બીજો સુરજ દેખાવાની વાતની બાબતના સબધમાં યાદ રાખવું જોઇએ કે, હાથ ચાલાકીનો સવાલ બાજુ મેલતાં, વાતાવરણમા આવો બનાવ બને, એ કાંઈ અસાધારણ નથી. વાયુચક્ર શાસ્ત્ર અથવા હવા વિશેની વિદ્યા (Meteorology) ની સઘળી(૨) ચોપડીમા વાતાવરણમા બનતા એવા બનાવોનું વર્ણન આવેછે "હેલોઝ" નામના સૂર્યની રોશનીના બનાવના સબધમા, જેમ બીજા અથવા ખોટા ચદ્રના બનાવ બનેછે તેમ, બીજા અથવા ખોટા સૂર્યના બનાવ બનેછે. એ બનાવોનુ વર્ણન નીચે મુજબ છે (૩)

"હેલોઝ (Halos)—સૂર્ય અને ચદ્રની આસપાસ કોરોનાના કુડાળાથી જુદી જાતના બીજા જુદા જુદા રંગના કુડાળા કોઈ વખત બને છે જેને હેલોઝ કહેછે એ કુડાળા એક એકની આસપાસ નથી હોતાં પણ પોતાના માર્ગમા એકમેકને આડે આવી એકમેકને ઓળગે છે પણ કોરોનાના કુડાળા તો એકમેકની માહે હોય છે માહેલાના વ્યાસ કરતા બાહેરનાનો વ્યાસ બમણો હોય છે સૂર્યની રોશની જ્યારે વાતાવરણના ઉચા ભાગોમા તરતા બરફના ઝીણા રજકણામાથી કોઈ વેળા પસાર થાય છે ત્યારે તેના કીરણો મરડાઇને અને પ્રતિબીંબ થઇને એ જુદાં જુદા રગની રોશનીના કુડાળા પડેછે મુબઇમા એવો દેખાવ છેલ્લો ૧૮૮૨ ના વર્ષમા આગસ્ટની ૨૯ મી તારીખે નોધવામા આવ્યો છે

"પેરહીલીઆ (Parhelia) અને પેરેસેલીના (Paraselina) અથવા ખોટા સૂર્ય અને ચદ્ર—હેલોની રોશનીના કુડાળાઓ જ્યા એક એકને ઓળંગે છે ત્યા કેટલીક વખતે સૂર્ય અને ચદ્રના ઓળાઓ જાણે ત્યાં બીજો સૂર્ય અથવા ચદ્ર ઉત્પન્ન થયો હોય તેમ દેખાય છે. એવા સૂર્યના બીજા ઓળાને પેરહીલીઆ અથવા ખોટા સૂર્ય કહે છે, અને ચંદ્રના બીજા ઓળાને પેરેસેલીના અથવા ખોટા ચદ્ર કહે છે"

---

(૧) એલીઅટની તવારીખ વા V પા ૪૯૯.

(૨) જુઓ બ્યુકનનુ વાયુચક્ર શાસ્ત્ર Introductory Text book of Meteorology by Alexander Buchan, (1871,) p. 193.

(૩) જુઓ મારી વાયુચક્રશાસ્ત્ર અથવા હવાવિષેની વિદ્યાની ચોપડી પા ૩૦૩–૩૦૪

ત્યારે સંભવિત છે કે દસ્તુર મહેરજી રાણાની મુલાકાત વખતે એવો કોઈ બોટા બીજા સૂર્યનો બનાવ શાહની દરબારવાળાં શેહેરમાં દેખાયો હોય. એ બની શકે એવું છે, કે એવી વખતે મેહેરજીરાણાએ બંદગી કીધી હોય—નહીં કે કોઈ મોજેજો કરવાના વિચારથી પણ સાધારણ રીતે-કારણ કે હાલમા પણ કેટલાક પારસીઓમાં રિવાજ છે, કે આવા કોઈ કુદરતના મોટા બનાવ-જેવા કે ગ્રહણોના બનાવ—વખતે બંદગી કરવી.[1] કોઈ હિંદુ મદારી અથવા ધર્મગુરૂએ કુદરતનો બેવડા સૂર્યનો આ બનાવ જોઈ તાલ મેલથી પોતે કીર્ત્તિ લેવા માગી હોય, કે "મેં મારા જાદુઇના જોરથી આ બીજો સૂર્ય ઉભો કીધો છે," તો તેવી વખતે દસ્તુર મેહેરજી રાણાએ તેના ઢોંગ બોટા પાડ્યા હોય.

(ગ) **પુછડ્યો તારો**—વળી અકબરના વખતની તવારીખો ઉપરથી દિસેછે, કે દસ્તુર મેહેરજીરાણા અકબરની દરબારમા ગયા, ત્યારે કુદરતનો રોશાનીના સબંધમા એક બીજો અસાધારણ બનાવ ખરેખર બન્યો હતો. એ બનાવ પુછડ્યા તારાનો હતો, અને તે સાંજના બંદગીની વખતે બન્યો હતો રોશાનીનો આ સુંદર બનાવ કદાચ કેટલાક ચંચળ અને હુશિયાર લોકો બરાબર સમજ્યા હોય પણ રૈયતનો મોટો અભણ અને અજ્ઞાન ભાગ બરાબર સમજ્યો નહીં હોય, અને તેથી તેઓએ તેને જુદુ મોટું રૂપ આપ્યુ હોય આ બનાવે અકબરની દરબારમા મોટી હોહા કરી મેલી હતી તબકાતે અકબરી એનું વર્ણન નીચે મુજબ આપેછે

ذکر ظاهر شدن ذو ذوابه

درین ایام در وقت نماز شام در طرف عرب مایل بشمال ذو ذوابه
روی آسمان ظاهر شد و حسب الحکم اهل تنجیم حاضر آمدند و رایهای
ایشان بران قرار یافت که تاثیر این در ولایت هندوستان نخواهد بود
و غالب اثر آن در خراسان و عراق ظاهر خواهد شد [2]

અર્થ—પુછડ્યો તારો જાહેર થવાની હકીકત—આ અયામમાં સાંજની નેમાજ વખતે અર્બસ્તાનની[3] દિશાએ જરા ઉત્તર તરફ ઢળતી બાજુએ

(૧) જુઓ "ગ્રહણવિષેના થોડાક અસલી આકીનો," એ બાબત ઉપરનો અનથ્રોપોલોજીકલ સોસાઈટી આગળ તા. ૨૫ એપ્રેલ ૧૮૯૪ ને દિને વાચેલો મારો વિષય જુઓ તે માટે એ મંડળીનુ ચોપાનીઊ વા. III ના ૬ પા ૩૬૦

(૨) ૧૮૭૫ નુ મુનશી નવલકીશોરનુ લખનોનુ લીથોગ્રાફ એડીશન પા ૩૩૯ લીટી ૪

(૩) عرب અરબ Arabia. જો એ શબ્દમાં 'આઇન' ને 'ગાઇન' બદલે ભૂલથી લખાયલો લઈએ તો غرب એટલે પશ્ચિમ દિશા. કોઈપણ રીતે કહેવાની મતલબ પશ્ચિમ દિશા છે, કારણ અર્બસ્તાન પણ પશ્ચિમ દિશાએ છે વળી બદઓની અને અબુ ફજલ પણ પશ્ચિમ દિશા (مغرب મગ્રેબ) જણાવે છે એલીઅતની તવારીખમા 'પૂર્વ દિશા' એમ તરજુમો કર્યો છે તે ભૂલ દિસે છે.

આશમાન ઉપર એક પુછડીઓ તારો જાહેર થયો. (શાહે) ફરમાવવા મુજબ નજુમીઓ હાજર થયા અને તેઓનો વિચાર આ મુજબ નક્કી થયો, કે તેની તાસીર હિંદુસ્તાનમાં નહીં થશે, અને મુખ્ય કરી તેની અસર ખોરાસાન અને ઇરાકમાં જાહેર થશે."

એલીઅટ જણાવે છે તેમ બદઓનીની, અને અબુલફઝલ પણ એ પુછડીઆ તારાના બનાવમાટે બોલી જાયછે બદઓનીની શાહ અકબરના રાજ્યના ૨૨) મા વર્ષમાં (એટલે ઈ સ ૧૫૭૭–૭૮)માં એ બનાવ બનેલો જણાવે છે તે કહેછે કે

" (એ વર્ષના) બનાવોમા આ, કે એ વર્ષે પશ્ચિમ દિશા તરફથી એક પુછડીઓ તારો જાહેર થયો ... .. અને તેજ વર્ષે ખબર આવી કે ઈરાનનો પાદશાહ શાહ ઈસમાઈલ, જે શાહ તેહમાસ્પનો છોકરો, તેને તેની બેહેન પરીજાન ખાનમે તેના અમીરોની મસલતથી મારી નાખ્યો .... અને પુછડીઆ તારાની તાસીર તે મુલકમા જાહેર થઈ અને ઈરાનમાં ઘણુ દુ:ખ અને વેદના આવી પડી."(૧)

નોઆમુદદીન પોતાની તબકાતે અકબરીમાં આ બનાવને અકબરના રાજ્યના ૨૩ મા વર્ષમાં મુકેછે, પણ બદઓની પોતાની મુનતખબ અલ તવારીખમા તેને અકબરના રાજ્યના ૨૨ મા વર્ષમા મેલેછે અબુ ફજલ પોતાના અકબરનામામા(૨) તેને અકબરના રાજ્યના ૨૩ મા વર્ષમા મેલેછે. સઘળાઓ એ પુછડીઓ તારો પશ્ચિમમા દિસેલો જણાવે છે

---

(૧) લીઝ અને આહમદ અલીની કલકત્તાવાળી આવૃત્તિ વા II પા ૨૪૦ લીટી ૧૬ થી પા ૨૪૧ લીટી ૫ એના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા ૭૬

(૨) અબદુર રહીમની કલકત્તાવાળી આવૃત્તિ વા III પા ૨૨૧ લીટી ૨૪ હવે એ તારો અકબરના ૨૨ મા કે ૨૩ મા વર્ષમા દેખાયો હતો તે બાબે જરા ફેર છે તે બાબતના સબંધમાં એલીઅટ નીચે મુજબ ખુલાસો કરેછે "૨૨ મું વર્ષ, હીજરી ૯૮૪ ના જુમ હીજરાની ૨૦ મી તારાખે શરૂ થયુ અને સૂર્યની ચાલનુ (solar) વર્ષ હોવાને લીધે તે હીજરી ૯૮૫ ના આખા સાલમાં ચાલુ રહ્યુ અને હીજરી ૯૮૬ ના વર્ષના પેહેલે દહાડે તમામ થયુ આ હકીકત ઉપરથી નજર ખસી જવાથી આ વખતની તારીખો બાબે જરાક ગુચવણ ઉભી થઈ છે, અને રાજ્યના ૨૩ મા વર્ષમા બનેલી હકીકતો તરીકે જે બનાવો નોંધાયાછે, તે અબુ ફજલે ૨૨ મા વર્ષમા મેલ્યા છે (એલીઅટની હિંદુસ્તાનની તવારીખ વા V પા. ૪૦૩ નોટ ૧.)

આ વર્ષના પુછડયા તારા બાબે બોલતા આગમમાં અબુલ ફ્જ઼લ એ બાબત ઉપર લાંબી વાતનો દિબાચો લખે છે, અને તેમાં આ પુછડ્યા તારાના બનાવ ઉપર પોતાના વિચારો જણાવે છે, અને આગલા વર્ષોમાં એવા તારાઓ દેખાયા હતા તેનું વર્ણન આપે છે. ત્યાર પછી તે શાહ અકબરના રાજ્યના વખત (હીજરી ૯૮૫ ઇસ્વી ૧૫૭૭-૭૮) માં દેખાયલા આ તારા ઉપર નીચે મુજબ કહે છે.

“ઇલાહી આવાં મહિનાના ૨૫ મા રોજ આશાદ (અરશીસંઘ)ને દિનો, તે વખતે, કે જ્યારે સુરજે વૃશ્ચિક રાશીના બુરૂજમાં પોતાનો મુબારક દેખાવ દીધો, ત્યારે ધન રાશીના બુરૂજમા પશ્ચિમ તરફ ઉત્તર દિશાની જરા વળાણમા આએ આકાશી નિશાણે (એટલે પુછડ્યા તારાએ) પોતાનો રોશન ચેહેરો પ્રકાશિત કીધો. તેની પુછડી લાંબી હતી. તે એટલી બધી હદે પહોંચી હતી કે ઘણાક શેહેરોમા લોકોએ પાંચ માસ સુધી તેને જોયો. આગાહી આપનારા સેતારેશનાસોએ અને ઉંચા (આકાશી) મંડળના ભેદ સમજનારાઓએ આ મુજબ ખુલાસો કીધો કે હિંદુસ્તાનના થોડાક વસાયલા બાગોમા[1] અનાજની મોંઘવારી થશે અને તેઓએ ચોક્કસ જગાઓની નિશાણી આપી (એટલે ચોક્કસ જગ્યાઓના નામ દીધાં કે ત્યાં એ પુછડ્યો તારો દેખાવાથી મોંઘવારી થશે યા ખરાબ પરિણામ આવશે) અને (કહ્યું કે) ઇરાનના પાદશાહનો વખત તમામ થશે, અને ઇરાક અને ખોરાસાનમાં કજીઆ કંકાસની ગેરદ ઉઠશે. જેમ તેઓએ કહ્યું હતું તેમ, કમી યા ઘટ વગર બન્યું. થોડાક વખતમાં ઇરાનથી એક કાફલો આવ્યો. તેના કેટલાક રાસ્તી વિચારના જાણકારોએ પાદશાહની દરગાહમાં શાહ તેહેમાસ્પ ગુજરવાની અને સુલતાન હેદર માર્યા જવાની અને શાહ ઇસ્માએલ સલ્તનત ઉપર આવવાની હકીકત જણાવી.”[2]

એલીઅટે જણાવવા મુજબ ફર્ગ્યુસને પોતાના ખગોળવિદ્યાના પુસ્તકમાં[3] પુછડ્યા તારાની જે ટીપ આપી છે તેમાં ઇસ્વી ૧૫૭૭ માં જાહેર થયલો એક તારો જણાવ્યો છે.

પુછડ્યા તારાઓનું અબુલફ્જ઼લ આ બાબતની શરૂઆતમાં જે વર્ણન આપે છે, તેમાં એક બાબત આપણું ખાસ ધ્યાન ખેંચેછે તે કહેછે કે “તે

(૧) અથવા “ગરીબો” માં અથવા “લોકો” માં.

(૨) અબ્દુર રહીમનું કલકત્તાવાળું અકબરનામું વાલ્યુમ III પા. ૨૨૪ લીટી ૩ થી ૧૨. એના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા. ७૭ નોટ ૨.

(૩) ફરગ્યુસનની ખગોળવિદ્યા ડા. બ્રુસ્ટરની આવૃત્તિ (૧૮૧૧) વા. II પા. ૧૬૦.

(પુછડીઆ તારા) જેટલો વખત ચાલુ રહેછે તે વખતના પ્રમાણ મુજબ તેના પરિણામો જાહેર પડે છે અને તેની અસર તોડનારી નીરંગો અસલી લોકોના બખાણમાં વર્ણન થઈ શકે તે કરતાં વધારે છે."[1]

અબુ ફજલ જે અસલી લોકો (પીશીનીગાન)[2]ની નીરંગ માટે બોલે છે તે અસલી ઇરાનીઓની નીરંગ દિસેછે. શીકન્દ ગુમાનીક વીજાર ઉપરથી આપણે જાણીએ છીએ કે અસલી ઇરાનીઓ એવું માનતા, કે પુછડીઆ તારાઓ દેખાવા સાથે જે દેશમાં તેઓ દેખાતા, ત્યાં જીઆંન અને નુકસાન આવી પહોંચતું.[3] તેઓ માનતા કે તે જીઆન અને નુકસાન બંદગી કરવાથી દફે થતું.

પારસીઓમાં હજુ પણ એવી એક નીરગ 'નીરંગે વનત યશત' ને નામની છે. તે નીચે મુજબ શરૂ થાયછે " કુલ બલા દફે શવદ વ દેવ વ દરૂજ વ પરી વ કફતાર વ શાહરાંન " એટલે " સઘળી બલા દફે થજો અને દેવ અને દરૂજ અને પરી અને કફતાર અને જાદુગરો (દફે થજો)"

આપણે યાદ રાખવું જોઈએ, કે પહેલું તો આ નીરગ ' શાહગાન ' એટલે જાદુગરો યા મદારીઓથી ઉપજતી હલાકી દૂર કરવાની નીરગ છે બીજું યાદ રાખવાનું છે કે અબુ ફજલે ઇસારો કરેલી નીરગો એક સેતારાના સંબંધમાં છે, અને અબુ ફજલ અને તબકાતે અકબરીનો લખનાર આ પુછડયા તારા માટે સેતારા તરીકે બોલે છે. હવે નીરંગે વનંત યશતનું નામ પણ વનંત ઉપરથી છે, કે જે વનત, એક સેતાગનું નામ છે.

પ્રોફેસર દાર્મેસ્ટેટર પોતાની જંદ અવસ્તામા[4] જણાવેછે, કે તેણે મેહેરજી-રાણા કુટુંબના એક કુટુંબી તરફથી સાભળ્યું હતું કે કહેવાતા મોજેજા વખતે દસ્તુર મેહેરજીરાણાએ વનત યશત ભણી હતી કદાચ જેમ ગ્રહણ વખતે નીઆએશ ભણવાનો હાલમાં પણ કોઇકમાં રિવાજ છે, તેમ દસ્તુર મેહેરજી રાણા આ પુછડયા તારાના બનાવ વખતે એ વનંત યશત ભણ્યા હોય, કે જે યશતને એક સેતારા ઉપરથી નામ મળ્યું છે, અને જે યશતની નીરંગથી કુલ બલાને દફે થવા માટે દુઆ ગુજારવામા આવેછે

(૧) ઉપલું અકબરનામું વા. III પા ૨૨૩ લીટી ૪ ને ૫. અસલ ફારસી લખાણ માટે જુઓ ઉપર પા. ૭૮

(૨) પ્રોફેસર દાર્મેસ્ટેટર અરદેશર બાબેગાનના દસ્તુર તાનસરના તબરીસ્તાનના પાદશાહ ઉપરના કાગળમાં જ્યાં એ શબ્દ આવેછે ત્યાં તેને "પોર્યોતકેશ" લોકોમાટે ગણેછે. (૩) S. B. E. Vol XXIV બાબ IV ૪૭-૪૮.

(૪) Le Zend Avesta વા. II પા. ૬૪૪.

આ કહેવાતા મોજેજાનો સવાલ મેં જરા લખાણથી તપાસ્યો છે, તે એવું દેખાડવાને, કે જેમ ડા. ઉવેસ્ટે કહ્યું છે તેમ, આ બાબતની તળેટીએ "કોઈ ખરી સંભવિક બાબત" હોય, કે જેની આજુબાજુ ,પછવાડેથી એક વાર્તા જોડાઈ હોય. એ બનાવ એક મદારીની હાથ ચલાકી યા ઢોંગ હોય, અથવા તો વાયુ ચક્ર શાસ્ત્ર મુજબ હવાનો ખોટા સૂર્યનો નજરે પડતો એક કુદરતી દેખાવ હોય, અથવા ખગોળશાસ્ત્રએ વર્ણવેલો એક પુછડયા તારાનો બનાવ હોય, કે જે બનાવ ખરેખર બન્યો હતો તેની અકબરના જમાનાના બદઆોની, અબુફજલ અને નીજામુદદીન જેવા ત્રણ જાણીતા તવારીખનવેશોએ પોતાના પુસ્તકોમાં નોંધ લીધી છે, અને જે તારો દેખાવાના બનાવની હકીકતને યુરોપિયન ખગોળ શાસ્ત્રીઓએ પણ ટેકો આપ્યો છે. હું ધારૂં છું કે આ છેલ્લો પુછડયા તારાનો બનાવ તે વખતે બન્યો હોય અને તેને પછવાડે કોઇ કહેવાતા મોજેજાનું દંતકથાએ રૂપ આપ્યું હોય. વળી યાદ રાખવું જોઈએ કે સને ૧૫૭૭-૭૮નું વર્ષ, જ્યારે એ પુછડીઆ તારાનો દેખાવ આકાશમાં દેખાયો હતો, તે તેજ વર્ષ હતું, કે જે અરસામાં નોસારીના પારસીઓ બદઆોની અને દબેસ્તાનના કર્તા મુજબ શાહ અકબરની દરબારમાં આવ્યા હતા, કારણ તેઓ ૧૫૭૯ ના શાલના બનાવોમાં, તેઓનું દરબારમાં આવવું, એક બની ગયલા બનાવ તરીકે જણાવે છે.

અબુલફજલ કહે છે તેમ, તે વખતે માનવામાં આવતું, કે પુછડયો તારો નજરે પડવાના બનાવ પછી બલાઓ ઉભી થાય છે. વળી તેઓ માનતા કે અસલી લોકો (પીશીનીગાન યા પોર્યોતકએશો) માં કોઈ નીરંગો હતી, કે જે એ બલા દફે કરતી. તેથી કદાચ એવી કોઈ નીરંગ ભણવા તેઓએ દસ્તુર મેહેરજીરાણાને કહ્યું હોય અને તેવણ ભણ્યા હોય. તેઓએ માન્યું હોય કે તેથી દેશ ઉપરથી તે તારો દેખાવાથી ઉત્પન્ન થવાની બલાઓ દફે થઈ હોય. તાનસેનના ગીતના શબ્દો કે "યાહુ પારશી પઢેસો કબૂલ" કોઈ એવોજ વિચાર દેખાડે છે.

એ મુજબ કોઈ આવો ચોક્કસ સંભવિક બનાવ ખરેખર બન્યો હોય, અને પાછળથી તેને ખોટી રીતે દરશાવવામા યા ભૂલભરી રીતે સમજાવવામાં આવ્યો હોય, યા તેને સહરાગાતનું રૂપ મળ્યું હોય. પણ તેવી સહરાગાત યા ભૂલભરી સમજુતીને ખાતર અને તે બનાવ ખરેખર શું હતો, તેની બરાબર સમજણ ન હોવા ખાતર, શાહ અકબરની દરબારની મેહેરજીરાણાની મુલાકાત ઉપર અને તેવણથી શાહ અકબર ઉપર થયલી કોઈ અસર ઉપર શક નાંખવો નહીં જોઈએ. એના કરતાં પણ વધારે સહરાગાત ભરેલી ચીજો, જેને મોજેજા તરીકે માનવામાં આવતી, તે શાહ અકબરને તેના તવારીખનવેશોથી લાગુ પાડવામાં આવી છે. તેને માટે એમ કહેવાયલું છે કે તેનામાં

બિમારોને સાજા કરવાની કરામતી શક્તિ હતી. એ સબબને લીધે, અને બીજા સબબોને લીધે થોડા તેની આગળ, જેમ પોતાના ઓદા આગળ પગે પડે તેમ, પગે પડતા પણ આવી વાતોથી તેની જીંદગીના તવારીખના બનાવો અને કામો ઉપર શક પડવા દેવા નહીં જોઇએ.

II ૪. ચોથો વાંધો, સદરા કુસ્તી બાબે.—દસ્તુર મેહેરજીરાણા સામે ચોથો વાંધો જે ઉઠાવવામાં આવે છે, તે આ છે, કે એક ખ્યાલમાં જણાવવા મુજબ દંતકથા જણાવેછે, કે મેહેરજીરાણાની શાહની દરબારની મુલાકાત એટલી બધી ફતેહમંદ હતી કે તેવણે શાહને જરથોશ્તી ધર્મની નિશાણી તરીકે સુદરેહ અને કુશ્તી પેરાવી તેને જરથોશ્તી ધર્મમાં લીધો શાહ અકબરે પારસીઓનો સુદરેહ કુસ્તી પેહેર્યાં હોય, એ બાબત ઉપર શક અને મશ્કરીની નજરથી જોવામાં આવેછે એવું ધારવામાં આવેછે કે શાહ અકબર, જેના ધર્મ માટે ખાસ નવા ચોકસ વિચારો હતા, તેણે જરથોશ્તી ધર્મની આ જાહેર નિશાણીઓ પેહેરી નહીં હોય. હવે હું કબૂલ કરૂં છુ, કે અકબર કદી પણ ચુસ્ત જરથોશ્તી હતો નહીં, કે જેમ તે કદીપણ ચુશ્ત ખ્રિસ્તિ, હિંદુ કે મુસલમાન હતો નહીં. પણ તે છતાં આ સંભવિક છે, કે તેણે એક વખત સુદરેહ કુસ્તી, જો કશાને ખાતર નહીં તો જીગ્નાસાને ખાતર, પેહેર્યાં હોય. આપણી પાસે સત્તાદાર લખાણો છે, કે તેણે બીજા ધર્મોની—જેવાકે ખ્રિસ્તી અને હિંદુધર્મોની—જાહેર નજરે પડતી નિશાણીઓ પેહેરી હતી

ફાધર કાત્રુ, જેણે ઇસ્વી ૧૭૦૮ માં પોતાની મોગલ વંશની તવારીખ, માનુશી નામના એક વીનીશીઅન, જેણે શાહ જેહાનના વખતમાં મોગલ દરબારની મુલાકાત લીધી હતી, તેના એક પોર્ચુગીજ હસ્તલેખને આધારે લખી છે, તે કહે છે કે "અકબરે બાઇબલ લીધું, માનની નિશાણી તરીકે તેણે પોતાના માથાપર મેલ્યું, તેણે (ક્રાઇસ્ટ અને મેરીના) પુતળાંઓને બોસા લીધા, અને પોતાના છોકરાઓ પાસે બોસા દેવાડયા."[1] "તેણે કેટલીક વખતે જીસસ અને મેરીને માન આપ્યું. તે પોતાના ગળામાં ફાધર એક્વેવીવાએ આપેલી અસલના વખતની ધર્મને લગતી બાકી રહેલી ચીજ (a relic), એક ધાર્મીક નિશાણી (an Agnus Dei) અને વર્જીન મેરીનું પુતળું પેહેરી રાખતો."[2] વર્જીન મેરીના પવિત્ર (assumption ના) દિવસે તેણે એક તખત ઉભું કરાવ્યું હતું કે જેની ઉપર વર્જીનનું પુતળું મુક્યું હતું"[3] "અકબરે પાદરીઓ આગળ જીસસ ક્રાઇસ્ટના અને વર્જીન મેરીનાં પુતળાંઓ રજુ કર્યાં. તેણે તેઓને પોતાને હૈડે લગાડયાં, અને

---

(૧) ફાધર કાત્રુની મોગલ વંશની ૧૮૨૬ માં પ્રગટ થયલી તવારીખ પા. ૧૪૬. (૨) બીજા પુસ્તક પા. ૧૨૨ (૩) બીજા પુસ્તક પા. ૧૬૫

પ્રીતિ સાથે તેઓને ભાસો લીધા."(૧) "હવે વધુ વખત શક રાખવાનું આરાક્ય હતું કે અકબર પોતાના મનની વલણમાં અને આકીનમાં ખ્રિસ્તિ હતો .... પાદરીઓ પોતાના દેવલમાં જે ભક્તિ કરતા હતા, તે ભક્તિમાં તે વારે ઘડીએ હાજર થતો હતો. ગુઠણ મડી પડી બંદગી કરી તે તેઓની બંદગીમાં ભાગ લેતો."(૨)

આ સઘળા વિચારો ખ્રિસ્તિ પાદરીઓના પોતાની ખ્રિસ્તિ નજરે જોઇને જાહેર કરેલા વિચારો છે. જો કે મોહોમેદન તવારીખ નવેશો, ખ્રિસ્તિ પાદરીઓની શિખવણી તરફ અકબર ઢળ્યો હતો, એમ જાહેર કરે છે, તોપણ તેઓ ખ્રિસ્તિ પાદરીઓ જે કહેછે તેટલું બધું કહેતા નથી. શાહ અકબરની ખ્રિસ્તિ ધર્મ તરફની દીલસોજીના આવા દેખાવો છતાં, ખ્રિસ્તિ પાદરીઓ, ફાધર કાત્રુ કહેછે તેમ, ચિંતા રાખતા હતા કે "શાહના બોલવા ચાલવામાં ફક્ત બહારનો દેખાવ અને ફનેહ વધારે ભાગ લેતા "(૩)

હિંદુ ધર્મ ઉપર આવીએ છીએ તો મેહોમેદન તવારીખ નવેશો ઉપરથી આપણને માલમ પડે છે કે તેણે તે ધર્મની નજરે પડતી નિશાણીઓ અખત્યાર કીધી હતી. તેણે માસને ભક્ષ કરવાનું મેલી દઈ ભાજીપાલાનો ખોરાક લેવા માંડ્યો હતો તેણે કપાળે હિંદુઓનો ટીલો કરવા અને તેઓની જનોઈ પહેરવા માંડ્યું હતું. બદઓની કહે છે કે.

و در روز عید شکم سنبله برسم اہل ہند قشقه کشیده بدولت خانه برآمدند و ریسمانی جواہر دران کشیده از دست براہمنه بتبرک بر دست بستند و امرا فرا خور حالت مروارید و جواہر دران روز پیشکش ساختند موافقت دران باب نمودند و راکھی که عبارت است از تلک پیچیده بر دست بستن در گرد شد

(લીઝ.અને આહમદ અલીની કલકત્તાવાળી આવૃત્તિ વા. II પા. ૨૬૧ લીટી ૧૮ થી પા. ૨૬૨ લીટી ૧)

અર્થ—આ સાલમાં કન્યારાશીમા સૂર્ય દાખલ થવા પછીના આઠમા દહાડાના તેહેવારે તે કપાળે હિંદુની માફક ટીલો કાહાડીને મેહેલના મકાનમાં આવ્યો અને આશીર્વાદ તરીકે બ્રાહ્મણોને હાથે (પોતાના) હાથ ઉપર જહવેરો સાથેની દોરીઓ બંધાવી, અને ઉમરાવોએ પોતાની શક્તિ મુજબ, તે દહાડે મરવારીદ અને જહવેરો ભેટ આપીને તે બાબતમાં સામેલગીરી દેખાડી અને બાકડી, કે જેનો કપડું વીતાળવાનો અર્થ થાય છે તે, હાથપર બાંધવાનો રિવાજ પડ્યો."

---

(૧) એજ પુસ્તક પા. ૧૨૭. (૨) એજ પુસ્તક પા. ૧૨૮
(૩) એજ પુસ્તક પા. ૧૦૭

આ ફકરામાં જણાવેલી લાકડી અથવા રાખી તે હિંદુઓ નાળીએરી પુનમ અથવા બળેવને દહાડે તાવીજ તરીકે જે દોરી બાંધેછે તે છે. હાલમાં સાધારણ રીતે તેને "બળેવની લાકડી" કહેછે, જે લાકડી રાખીનું અપભ્રંશ છે.

હવે જ્યારે અકબરે ખ્રિસ્તિ અને હિંદુઓના ધર્મની નજરે પડતી નિશાણીઓ અખત્યાર કીધી હતી,—અને તે યાતો તે ધર્મો માટેની થોડા વખતની ખરી પ્રીતિથી હોય, અથવા તો ખોટો દેખાવ કરવા માટે હોય, અથવા તો જીગ્નાસા માટે હોય—ત્યારે તે પારસીઓનો ધર્મ, કે જે ઉપરથી તેણે, તેના જમાનાના તવારીખ નવેશો પ્રમાણે, પોતાના નવા ધર્મમા ઘણા તત્વો લીધાં હતાં, તેની જાહેર પડતી નિશાણીઓ—સદરો અને કુસ્તી—થોડા વખતને ખાતર પણ પેહેરે, તો તેમાં કાંઈ નવાઇ નથી.

સદરા અને કુસ્તીની આ બાબતમા એક ચીજ આપણું ખાસ ધ્યાન ખેંચેછે. બદઓનીના પુસ્તકમાં અકબરના રાજ્યના ૨૪) મા વર્ષ (ઈ૦ ૧૫૭૯—૮૦) ની હકીકતમાં આપણે, આગળ ઈસારો કર્યો તેમ, વાંચીએ છીએ કે બીરબલે શાહ અકબરને ખોરશેદની સેતાયશની શીફારસ કીધી હતી ત્યા એ બાબેના ફકરાની સેવટે કહેછે કે "કીશકે વ જુનાર જબે દાદ." બ્લોખમાન એનો તરજુમો કરેછે કે "(બીરબલે કહ્યું કે આવા સબબોને લીધે માણસે) કપાળપરના ટીલાને અને બ્રાહ્મણોની જનોઈને માન આપવું જોઇએ [1]" રેહાટસેક એ ફકરાનો તરજુમો કરેછે કે "તેણે કપાળપરના ટીલાની અને જનોઈની ભલામણ કીધી.[2]" રેહાટસેક નોટમા જણાવેછે કે "આ બેઉ એઓની ન્યાત જાતની નિશાણી છે. કપાળ પરના ટીલાને આપણો ગ્રથકર્તા 'કશ્કે' કહેછે, અને દોરીને જીનાર કહેછે" લો તરજુમો કરેછે કે "તેણે કપાળપરનો ટીલો અને બ્રાહ્મણોની દોરી અખત્યાર કરવી જોઈએ"[3] હવે બદઓનીએ વાપરેલા (زنار) જુનાર અથવા જીનાર શબ્દનો અર્થ શ્ટાઇનગાસ પ્રમાણે નીચે પ્રમાણે છે. "એક પટો (ખાસ કરીને એક દોરી જે પૂર્વ ભણીના ખ્રિસ્તિઓ અને યાહુદીઓ અને વળી ઈરાનના માજીઓ (મોબેદો) કમ્મર ઉપર વીટાળે છે). બ્રાહ્મણોની દોરી."

બદઓની 'બ્રાહ્મણની' શબ્દ વાપરતો નથી. એવું દિસેછે કે પાછળથી આ શબ્દ જૂદી જૂદી કોમવાળાઓ જે પવિત્ર દોરી પ્હેરે છે તેને

---

(૧) બ્લોખમાનનુ આઈને અકબરનું વાલ્યુમ ૧ પા ૧૮૩.

(૨) The Emperor Akbar's Repudiation of Esllâm પા. ૨૫.

(૩) લોનો તરજુમો વા II પા ૨૬૮.

લગાડવામાં આવ્યો. પણ અસલમાં તો તે ઇરાની માજીઓ (મોબેદો) જે પવિત્ર દોરી વીટાળતા તેનેજ લગાડવામાં આવતો. ફીરદોશી તે અસલી ઇરાનીઓની કુસ્તીનેજ લગાડે છે. દાખલા તરીકે તે મીનોચેહેર માટે કહેછે કે

" મીનોચેહેર બેનેહાદ તાજે કેઆન.
બે બસ્તશ બ જુન્નાર ખુનીન મેઆન " (૧)

એટલે " મીનોચેહેરે કેઆની તાજ પેહેર્યું અને કીના માટે બાંધેલી કમ્મર ઉપર જુન્નાર (કુસ્તી) બાંધી "

અકબરના રાજ્યમાં લખાયલી ફરહંગે જેહાંગીરી એ શબ્દ માટે કહેછે કે " જુન્નાર—રીશતે રા ગુયન્દ કે આતશ પરસ્તાન બા ખુદ દારન્દ " (૨)એટલે " જુન્નાર એક દોરીને કહેછે કે જે આતશ પરસ્તો પોતે પેહેરે છે "

મને એવું દિસેછે, કે એ જુન્નાર અથવા જુન્નાર શબ્દને અહીં બદ-એોની અકબરે કબૂલ રાખેલી ઓરરીદની સેતાયશના સંબધમાં અને આતશ કદેહની સ્થાપનાના સબધમા વાપરે છે, તેથી તે જરથોશતીની કુસ્તીનો ઇસારો હોય એમ સમજવામા આવ્યું હોય

જુન્નાર શબ્દનો અર્થ, ઉપર કહ્યું તે મુજબ, કુસ્તી થાયછે, અને વળી એ શબ્દનો અર્થ, રીચર્ડસન પોતાના શબ્દ કોષમાં આપેછે તેમ, " ધર્મ ગુરૂનો જભ્ભો" (a priest's gown) પણ થાયછે તેથી કુદરતી દિસેછે, છે કે બદએોનીના ઉપલા ફકરાને કોઇક પારસીએો—ભૂલથી પણ—સુદરેહ અને કુસ્તીને લાગુ પડતો ગણવા લાગ્યા હોય તેથી અકબરે જેમ ખ્રિસ્તિ અને હિંદુધર્મીની નિશાણી પેહેરી હતી, તેમાં ખરેખર સુદરેહ અને કુસ્તી પહેર્યાં હતો કે નહીં,—અને તે કદાચ ફક્ત જીગ્નાશા માટે પેહેડ્યો હોય,—તે સવાલ બાજુએ મુકતાં દિસેછે કે, આ તદન સભવિક છે, કે બદએોનીના ઉપલા વાક્યએ કેટલાક પાછલા વખતના પારસીએોને આ અનુમાન ઉપર મેલ્યા હોય, કે જુન્નારનો અર્થ સુદરેહ અને કુસ્તી થાયછે. એ મુજબ ત્યારે આપણે જોઇએ છીએ, કે જો પાછલા કોઈ ગીતે જણાવ્યું હોય, કે અકબરે સુદ-રેહ કુસ્તી પેહેર્યાં હતો, તો તેઓના કહેવાને કોઈ સત્તા—પછી તે ખરી કે ભૂલ ભરેલી—નો ટેકો હતો

પણ ફક્ત હિંદી ખ્યાલીએો અને ગાનારાએો એકલાજ એમ કહેતા નથી, કે અકબરે પારસી ધર્મ અખત્યાર કર્યો હતો મોહોમેદન લખનારાએોની

(૧) મોહલનું શાહનામુ વોલમ ૧, પા ૨૧૦ લીટી ૧૧૩૯
(૨) લકનો એડીસન, જલ્દ બીજી પા ૧૨૪.

સુચના ઉપર આધાર રાખી યુરોપિયન જખનારાઓ વટીક એ સેવટ ઉપર આવેછે, કે અકબર કેટલીક હદે જરથોસ્તી થયો હતો, અને નોસારીના પારસીઓ એ પરિણામ લાવ્યા હતા. પ્રોફેસર ઉવીલસન અકબરના ધર્મ બાબેના બદઓનીના ફકરાને એમજ સમજે છે કે "કેટલાક આતશની સેતાયશ કરનારાઓ, જેઓ ગુજરાતના નોસારીથી આવ્યા હતા, તેઓએ જરથોસ્તના ધર્મમાં ઘણાકોને વટળાવ્યા. શાહાનશાહ ચોકસ હદે તેઓમાંનો એક હતો."(૧) વળી એક જર્મન ગ્રંથકાર પણ એમજ કહેછે. તે કોંટ ફ નોયેર છે, તે કહેછે કે "ગુજરાતમા આવેલા નોસારી ખાતે જરથોસ્તના ધર્મને માનનારા કેટલાકો હતા .... તેઓના ધર્મ ગુરૂઓમાના કેટલાકોને સીકરી ખાતે બોલાવવામા આવ્યા હતા અને તેઓએ શાહનશાહને પોતાના ધર્મમાં દાખલ કર્યો. (યા ધર્મ શિખવ્યો હતો)" (૨)

એ મુજબ, જ્યારે આ ગ્રંથકર્તાઓ પ્રમાણે નોસારીના પારસીઓએ અકબરને ચોકસ હદે જરથોસ્તી ધર્મ તરફ ઢળતો કીધો હતો, ત્યારે કુદરતી છે કે નોસારીના એ પારસીઓના વડા દસ્તુર મેહેરજી રાણાનો આ કામમા સબળ હાથ હોવો જોઈએ.

કવિ તેનીસન પણ પોતાના "અકબરનો સ્વપ્નો" (Akbar's Dream) નામની કવિતામાં એવો વિચાર લે છે, કે અકબર જરથોસ્તી બન્યો હતો. તે અકબરને ફર્યાદ કરતો રજુ કરે છે, કે લોકો તેની સામે એક જરથોસ્તી તરીકે બખારતા હતા. તે અકબરના મોહમાં નીચલા શબ્દો મેલે છે

"ઓરરોદ! ઓરરોદ! તેઓ મારી સામે હુ જરથોસ્તી છુ, એમ બખારે છે. ઓરરોદ, જે આપણી જમીનને અનાજ અને મેવો આપતી કરવા માટે ગરમી આપેછે, અને જે જેમ તારા ખેતર ઉપર તેમ મારા ઉપર ખુશાલી પાથરે છે, અને સીહા અને સુની બેઉના લોહીને ગરમ કરે છે, તેને માટે (એમ બોલાવ્યા) દેઓ. તે હમેશાગીની નિશાણી! અને વળી શું પાદશાહો, સબળાઓ, જેઓ ઉપર તેઓ રાજ્ય કરે છે, તેઓ માટેની પોતાની મેહેરબાનીની ગરમીથી તેની ઉપમા નહીં દેખાડે? સઘળાઓ માટે એક સરખા ઇનસાફથી નહીં દેખાડે! પોતાના કામોથી માણસને રોશની નહીં દેખાડે!"(૩)

તેનીસનના આ ફકરામાં એક ચીજ ખાસ ધ્યાન ખેંચે છે. તે અક-

---

(૧) ડા. રોસ્ટે પ્રગટ કરેલાં ઉવીલસનના પુસ્તકો વા II પા ૩૮૯

(૨) શાહનશાહ અકબર" પાનું ૩૧૪—૧૫

(૩) તેનીસન અકબરનું સ્વપ્નું, અસલ અંગ્રેજી ફકરા માટે જુઓ પા. ૮૩.

બરને ચોકો ચાંમે દ્દવાહ કરતો રજુ કરે છે, કે ચોકો તેની સામે જરથોશ્તી તરીકે બખારે છે અને પછી તેને ખોરશેદની સેતાયશને વાજબી સાબિત કરતો રજુ કરેછે. તે અહીં પોતાના વિચારોનો આધાર બદઆઓનીના બરાબર તેજ ફકરા ઉપર રાખે છે, કે જેમાં કુસ્તી માટેનો ઉપલો જીબાર અથવા જુબાર શબ્દ આવેછે, અને જેમાં બીર્બલ ખોરશેદની સેતાયશને વાજબી જણાવે છે, કે જે વાજબીપણાની તેની દલીલમાં તેને દરબારના કેટલાક ઓલમાઓનો ટેકો મળે છે, કે જે ઓલમાઓ દબેસ્તાન પ્રમાણે આતશની સેતાયશ કરનારાઓનો એક તાયફો હતો તેનીસનના આ શબ્દો કે 'ખોરશેદ, જે આપણી જમીનને અનાજ અને મેવો આપતી કરવા માટે ગરમી આપે છે. અને જે જેમ તારા ખેતર ઉપર તેમ મારા ઉપર ખુશાલી પાથરે છે," તે બદઓનીના નીચલા શબ્દો ઉપરથી લીધેલા છે "ખેતીના પાકનું, મેવાનું અને તરકારીનું પુખ્ત થવું તેની અસરથી છે, અને જ્યારે આલમની રોશની અને આલમના લોકોની હૈયાતીનો આધાર તે ઉપર છે, ત્યારે તે (આફતાબ), એબાદત અને માનને લાયકનો હોવો જોઇએ"

સારાંશ.

આ વિષયનો સારાંશ નીચે મુજબ છે ચાર ગ્રંથો, જેના લખનારાઓ-માના બે—બદઓની અને અબુલફજલ—શાહ અકબરના પોતાના વખતના લખનારાઓ હતા, તેઓની સત્તા આપણને મળેછે, એવું કહેવાને, કે શાહને જરથોશ્તી ધર્મ સમજાવનારા હિંદુસ્તાનના પારસીઓ હતા બદઓની કહેછે, કે તે પારસીઓ નોસારીના હતા દબેસ્તાનનો લખનાર, જેણે પોતાનું પુસ્તક બદઓની પછી ઓછામા ઓછા ૫૭ વર્ષે લખ્યું હતું, તે બદઓનીને લગભગ બદઓનીનાજ શબ્દોમા ટેકો આપેછે, અને કહેછે, કે તે નોસારીનાં પારસીઓ હતા આ લખનારઓ ઉપરથી અને તારીખે મમાલીકે હિંદના લખનાર ઉપરથી આપણે જોઇએ છીએ, કે ઈ સ ૧૫૮૨-૮૪ સુધીમાં તો શાહ અકબરે પારસીઓની બદગીની કેટલીક રીતીઓ, પારસી રોજ-માહ અને પારસી જશનો અખત્યાર કર્યા હતા દબેસ્તાનમા એક બાબત વધારે છે, કે ઈરાનથી અરદેશર પણ શાહના ખાસ આમત્રણથી આવ્યો હતો. અરદેશરનું આવવું ઈ. સ ૧૫૯૨ મા યા તે પછી થયુ હતુ, એટલે શાહ અકબરે પારસી બદગીની કેટલીક રાહ રીતીઓ વિગેરે અખત્યાર કરવા પછી બહુ લાંબે વખતે તે આવ્યો હતો. આ સબબે બદઓની તેના આવવાની કાંઈ ખબર લેતો નથી, પણ દબેસ્તાનનો લખનાર, જેણે બદઓ-ની પછી ઓછામાંઓછા ૫૭ વર્ષે પોતાનું પુસ્તક લખ્યું હતું, તે એ બનાવની

નોંધ લે છે. ફરહંગે જેહાંગીરી પરથી દિસે છે, કે અરદેશારને જે ખાસ સબબ માટે બોલાવ્યો હતો, તે તે ફરહંગના કર્તાને તેના ફરહંગના કામમાં મદદ કરવાનો હતો અને તેને ઈ. ૧૫૯૨ માં યા ત્યારપછી બોલાવ્યો હતો

દસ્તુર મેહેરજીરાણા નોસારીથી ગયલા આ પારસીઓના વડા હતા. ૧ દસ્તુર શાપુરજી સંજાણા, કીસ્સે આતરાબેહરામે નોસારી નામનું પોતાનું ફારસી પુસ્તક, જે ૧૭૬૬ મા તેવણે લખ્યું હતું, તેમા ખુલ્લું કહેછે કે "તેવણ શાહ અકબર આગળ ગયા હતા, અને દીનની ઘણીક દલીલો જાહેર કીધી હતી" તેવણના આ કહેવાને બીજી હકીકતોથી ટેકો મળે છે ૨ શાહ અકબરના બે ફર્માનો, એક પરવાનો અને સુરતની સરકારનો એક મેહેજર નામનો દસ્તાવેજ જણાવે છે, કે તેવણને શાહ અકબર તરફથી ૨૦૦ વીઘા જમીન 'મદદે મઆશ', જે એક પેહેલી પંક્તિની ઉમદા પ્રકારની ભેટ હતી, તે મળી હતી ૩ વળી ત્રણ પુરાણા દસ્તાવેજો મળેછે, કે જે ખુલ્લું દેખાડે છે, કે અકબરની દરબારમાથી પાછા ફરવા પછી તુરત તેવણને નોસારીના મોબેદોએ પોતાના વડા તરીકે સ્વિકાર્યા હતા ૪ અવસ્તાનાં ભણવાના પુરાણા દફતરો, જેમાનું એક તો ૧૯૨ વર્ષ ઉપર લખાયલું છે, તે ખાતરી આપેછે, કે અસલના વખતથી ધર્મક્રિયાના ભણતરોમા તેવણનું નામ યાદ કરવામાં આવતું હતું તે શા કાજે? દસ્તુર શાપુરજી સંજાણાએ પોતાના પુસ્તકમા જે જણાવ્યું છે, કે તેવણે શાહ અકબરની દરબારમા પારસીઓનો ધર્મ સમજાવ્યો હતો, તે મુજબની તેવણની સેવાના બદલામાં એ નામ યાદ કરવામા આવતું રહ્યું છે ૫ વળી પુરાણા ગીતો, જેમાનુ એક તો ૧૧૦ વર્ષ ઉપર લખાયલા એક પુરાણા પુસ્તકમાં નોંધાયલું છે, અને અકબરના પોતાના જાણીતા ગવૈયા તાનસેનને હાથે લખાયલું માનવામા આવેછે, તેમા દસ્તુર મેહેરજી રાણાની અકબરની દરબારની મુલાકાતની નોંધ મળેછે

હવે આ બાબતમા લેવાતા વાંધાઓ ઉપર આવતા, નોસારીના સઘળા પારસીઓ સામે કહેવામા આવેછે, કે અકબર શાહના વખતમા નોસારીના પારસીઓ સઘળા અજ્ઞાન હતા ડાકટરો ઉવેસ્ટ અને ગેલ્ડનર અને પ્રોફેસર હોડીવાળાએ બીજે ઠેકાણે દેખાડયું છે, કે કહેવામા આવે છે તેવું સામાન્ય અજ્ઞાનપણું નહીં હતું રેવાયતોમા નોંધાયલા ઈરાનથી આવેલા બે કાગળોની આપણને સત્તા છે, કે હિંદુસ્તાનના પારસીઓ કરતા ઈરાનના પારસીઓની હાલત વધારે સારી હતી નહીં. વાંધો લેવામાં આવેછે, કે તે વખતે નોસારી પોતે એક નહીં જણાયલું ગામ હતું અને તેથી લાયક ભણેલા પુરૂષો બહાર પાડી શકે તેવી હાલતમાં નહીં હતું એ વાંધા સામે આપણને એક પછી એક આઠ રેવાયતોનો ટેકો છે, કે નોસારી નહીં જણાયલું

આમ નહીં હતુ, પણ ધર્મસંબંધી માનની બાબતમાં પારસીઓનુ એક જાણીતુ ગામ હતું, અને ઇરાનના દસ્તુર દાવરો હિંદુસ્તાન તરફ ધર્મસંબંધી બાબતોના કાગળો લખતી વેળા નોસારી કસ્બાને અને ત્યાના હેરબદો અને બેહેદીનો-ને પેહેલે યાદ કરતા હતા

ખુદ દસ્તુર મેહેરજીરાણા સામે લેવામા આવતા વાંધાના સબધમાં, આપણને ત્રણ અસલ દસ્તાવેજો, બે હસ્તલેખ પુરાણા લખાણો અને ૨૦૦ વર્ષ ઊપર થઈ ગયલા એક જાણીતા લખનાર દસ્તુર દારાબ પાહાલણની સ-ત્તાનો ટેકો છે, એવું સાબિત કરવાને, કે જેમ કહેવામા આવેછે તેમ, તેવણ કોઈ નહીં જણાયલા પુરૂષ નહીં હતા, પણ નોસારીના એક જાણીતા વડા અકાબર હતા. તેવણજ નહીં પણ તેવણના પિતા રાણા જેશગ પણ નોસારીના એક જાણીતા પુરૂષ અને અકાબર હતા, એવું દેખાડવાને આપણી પાસે એક નજદીક ૩૮૦ વર્ષના પુરાણા દસ્તાવેજની અને એક પુરાણી રેવાયતની અને એક બીજા નજદીક ૪૦૦ વર્ષના પુરાણા દસ્તાવેજની સત્તા છે વળી રાણા જેશગની પોતાને હાથની લખેલી બે ચોપડીઓ-પાજદ જામાસ્પી અને ફારસી દારાબનામુ-છે જે દેખાડે છે કે એવણ પાજદ અને ફારસીમા કુશળ હતા ત્યારે દસ્તુર મેહેરજીરાણા એક ભણેલા અને જાણીતા પિતાના ભણેલા અને જાણીતા બેટા હતા

આ સવાલની બાબતમા ત્યારે એ બાબતોના જે મુખ્ય મુદ્દાઓ ચુકવવાના છે તે નીચલા છે

I A ૧ બદઓનીની ઈ સ ૧૫૭૯ ના સાલના બનાવોમા જણાવે છે કે નહીં કે (ક) " આતશ પરસ્તો, જેઓ ગુજરાતના મુલકમાથી નોસારી શાહેરથી આવ્યા હતા તેઓએ જરથોશતી દીનની મચ્ચાઈ દેખાડી, " (ખ) " તેઓએ (શાહને) પોતાના બોલવા તરફ ખેચીને કયાનીઓની ઇસ્તેલાહ અને ગહ અને રવેશથી વાકેફ કીધો," અને (ગ) " તેથી (શાહે) ફરમાવ્યુ કે ઇરાનના પાદશાહો, જેઓના આતશ કદેહો હમેશા બરપા રહેતા, તેઓની રીત મુજબ આતશને મેહેલમા અબુફજલની સભાળ હેઠળ, શુ રાત કે શુ દિવસ, જારી તપાસેલો રાખવામા આવે ?"

૨ નોસારીના પારસીઓના સબધના બદઓનીના ઊપલા લખાણને દબેસ્તાન ટેકો આપે છે કે નહીં ?

૩ અબુફજલ પોતાના અકબરનામામા અકબરના રાજ્યના ૨૩ મા વર્ષના એટલે ઈ સ ૧૫૭૮ ના વર્ષના બનાવમા ધર્મસબધી તકરારોની મિજલસોમા જરથોસ્તીઓની હાજરી જણાવે છે કે નહીં ?

૪. અને તારીખે મઆસીરે હિંદ ઈ. સ. ૧૫૭૪ ના વર્ષના બનાવ તરીકે જણાવે છે કે નહીં કે અકબરને ઈસલામી ધર્મ ઊપરથી પારસીઓએ ફેરવ્યો?

ટુંકમાં કહીએ તો ચુકાદા માટે મુખ્ય મુદ્દો આ છે કે ઈ. સ. ૧૫૮૨-૮૩ ની આગમજ અકબરે પારસીઓની બંદગીની કેટલીક નજરે પડતી રીતીઓ અને પારસી રોજ માહ અને પારસી જશનો અખત્યાર કીધાં હતાં કે નહીં?

B ઈરાનથી અકબરની દરબારમાં અરદેશર આવ્યો, તે બાબતમાં હકીકત આ છે કે નહીં, કે ફરહંગે જેહાંગીરી પ્રમાણે ૧) અરદેશર એ ફરહંગના કામમાં મદદ કરવા આવ્યો હતો અને ૨) તે ઈ સ. ૧૫૯૨ માં યા તે પછી આવ્યો હતો?

અગર જો આ મુખ્ય મુદ્દાઓ તમો હા મા ચુકવો તો તમો આ ચુકાદા ઊપર આવ્યા વિના રહો નહીં, કે શાહ અકબરને જરથોશતી દીન સમજાવનારા પારસીઓ નોસારીના પારસીઓ હતા

II હવે નોસારીના પારસીઓનો વડો કોણ હતો તે બાબે જે મુખ્ય મુદ્દા ચુકવવાના છે તે આ છે.

૧ આપણી પાસે જે ખુદ શાહ અકબરના વખતના ચાર દસ્તાવેજો છે તે એવું દેખાડે છે કે નહીં, કે દસ્તુર મેહેરજી રાણાને શાહ અકબરે મદદે મઆશ, જે જમીનની ઊંચા પ્રકારની બખશીશની રીત હતી, તે મુજબ ૨૦૦ વીઘા જમીન ભેટ આપી હતી?

૨ આપણી પાસે શાહ અકબરના વખતના જે ગુજરાતી દસ્તાવેજો છે, તે દેખાડે છે કે નહીં, કે જે વખતે દરબારની ધર્મ સબંધી મિજલસો ખલાસ થઈ અને દસ્તુર મેહરજીરાણા પાછા નોસારી ફર્યા, તે વખતે ત્યાના મોબેદોએ તેવણને પોતાના વડા તરીકે ગણ્યા હતા?

૩ આપણી પાસે જે ૧૯૨ વર્ષનું પુરાણું અવસ્તાનું દફતર છે, અને જેને બીજા હસ્તલેખ પુરાણા પુસ્તકો ટેકો આપેછે, તે દેખાડે છે કે નહીં, કે દસ્તુર મેહેરજીરાણાનું નામ એક મોટું માણસ, જેણે પોતાના ટોળાની સેવા બજાવી હોય, તેવા માણસ તરીકે ભણતરમા ઘણા પુરાણા વખતથી યાદ થતું આવ્યું છે?

જો આ મુદ્દાઓનો તમો હામા જવાબ આપો, તો સવાલ આ છે, કે ૧) દસ્તુર મેહેરજીરાણાને ૨૦૦વીઘા જમીન શાહ અકબર તરફથી શા કાજે મળી હતી? ૨) નોસારીના મોબેદોએ એવણને પોતાના વડા તરીકે, નિયમિત દસ્તાવેજથી, અકબરની દરબારની ધર્મ સબંધી મિજલસો ખલાસ થવા

પછી પોતાના વડા તરીકે શા કાજે કબુલ રાખ્યા હતા? ૩) તેવણનું નામ જુના વખતથી ધર્મ ક્રિયામાં શા કાજે યાદ થતું આવ્યું છે?

એ સવાલોનો જવાબ આ છે, કે એ સઘળુ તેવણની કોઈ સેવાના બદ-લામાં હતું. તે સેવાઓ શું હતી, તે એક પારસી ગ્રંથ કર્તાના લખાણ ઉપરથી માલુમ પડેછે, કે જેવણે ઈ સ ૧૭૯૫-૯૬ મા લખેલા પોતાના એક પુસ્ત-કમાં ખુલ્લું જણાવ્યું છે, કે તેવણ શાહ અકબરની દરબારમાં ગયા હતા અને તે શાહને જરથોશતી ધર્મ સમજાવ્યો હતો અકબરની દરબારની આ મુલાકાતની હકીકતને ખુદ અકબર શાહની દરબારના ગવૈયા તાનસેનના એક ગીતથી ટેકો મળેછે, કે જે ગીત ૧૧૦ વર્ષ પર લખાયલી એક જુની ચોપડીમાં નોંધાયલુ મળેછે

એ સઘળા મુદ્દાઓનો ત્યારે જો તમો હામા ચુકાદો આપો, તો આ સેવટ ઉપર આવ્યા વિના રહો નહીં, કે નોસારીના પારસીઓ, જેઓ શાહ અકબરની દરબારમાં ગયા હતા, તેઓના વડા, દસ્તુર મેહેરજી રાણા હતા આ મુખ્ય અગત્યના મુદ્દાઓ છે એનો ચુકાદો કરવા વિના ઉઠાવેલી તકરારો ફોકટની અને નિર ઉપયોગી છે

મેહેરજીરાણા કુટુંબ સામે મેલાયલુ અણઘટતુ આળ—હુ તમામ કરૂ, તેની આગમચ કહેવા માગુ છુ, કે મી કરકરીઆએ દસ્તુર મેહે-રજીરાણાના વારેસોને ઘણો ગેર ઈનસાફ કર્યો છે બોમ્બે બ્રાંચ રોયલ એશિઆટીક સોસાએટી સનમુખ પોતે આ બાબતને લગતા વાચેલા વિષય(૧) માં તેવણે જણાવ્યું છે કે "મેહેરજીરાણાના હાલના વારેસો, કે જેઓ નોસારીમા રહેછે, તેઓ તરફથી મારા હાથમાં એક કાગળ મેલવામા આવ્યો છે, કે જેમા ઉપલી દતકથાને લગતી કહેવાતી તવા-રીખની સત્તાઓ આપવામા આવેછે આ કાગળનો લખનાર કેટલાક ફક-રાઓ ઉતારે છે, કે જે અકબરના ત્રણ જાણીતા તવારીખનવેશો બદઓ-ની, અબુફજલ અને તબકાતે અકબરીના કર્તાના તરીકે ગણવામા આવેછે, અને જે દરેકમા તે દતકથા પુરેપુરી અને ભાર મુકીને જણાવવામા આવેછે. પણ અજબ વાત છે કે આ તવારીખનવેશોમા એજ ફકરાઓ મને માલૂમ પડતા નથી બદઓની અને અબુ ફજલની સરસ આવૃત્તિઓ, જે "બીબલીઓથિકા ઈનદીકા" મા બેંગોલ એશિઆટીક સોસાએટીએ છપાવી છે, તેમા એ ફકરાઓ પોતાની ગેરહાજરીથી જાણીતા થયા છે"

હવે જે કાગળો મી. કરકરીઆના હાથમા મેલવામા આવ્યા હતા, તેજ

---

(૧) વોલ્યમ ૧૯ ના પ૩ પા. ૨૯૩-૯૪

કાગળો હું અંહીં રજુ કરૂ છુ મી કરકરીઆએ તે પાછાં આપવા આગમચ, તેની ઉપર બે ત્રણ જાણીતા શેહેરીઓની ટુકમા સહી લેવાની સભાળ રાખી છે તે સહીઓમા હુ K N K. અને D. F. વિગેરે ટુકી સહીઓ જોઉં છું. આ બે મી કેખશરૂ નવરોજી કાબ્રાજી અને મી ડોસાભાઇ ફરામજી કરાકા સી એસ આઈ ની સહીઓ છે. સારા ભાગ્યે, જે મી કરકરીઆએ પોતાના બચાવ માટે જરૂરનું ધાર્યું, તે દસ્તુર મેહેરજીરાણાના વારેસોના બચાવ માટે જરૂરનુ થઈ પડ્યુ છે.

મી. કરકરીઆ ઉપલા ફકરામા કહેછે, કે જે કાગળ તેવણને આપવામા આવ્યો, તેમા બદઓનીના ફકરા આવેલા જણાવ્યા હતા એવું કાંઈપણ હુ એ **કાગળમાં જોતા નથી** આ કાગળમા જે નામ દીધુ છે તે બદઓનીનુ નથી, પણ તે તો કોઈ અબદુલ કાદર બદલાનીનુ છે, અને જે પુસ્તકનું નામ છે, તે તો “ વાકઆતે અકબરી ” છે કદાચ મી કરકરીઆ કહેગે, કે તેવણ ભૂલથી બદલાનીને બદઓની સમજ્યા પણ તેવણને આપેલા કાગળમા બદલાનીના પુસ્તકને ‘ વાકઆતે અકબરી ’ કહ્યુંછે, અને આપણે જાણીએ છીએ કે બદઓનીનુ પુસ્તક તો “ મુનતખબ અલ તવારીખ ” છે

બીજુ મી કરકરીઆ કહે છે, કે તેવણને અબુફજલના ફકરાઓ તરીકે ફકરાઓ પુરા પાડવામા આવ્યા હતા, કે જે અબુફજલના પુસ્તકો (આઇને અકબરી અને અકબરનામા)ની સરસ આવ્રત્તિઓ ‘ બીબલીઓથેકા ઇન્ડીકા” માં બેંગાલ એશિઆટીક સોસાએટીએ પ્રગટ કીધી છે પણ તેવણને આપવામા આવેલા કાગળમા તો હુ જોઉંછુ કે ઉપલા પુસ્તકોના નામ **મુદલ દીધાં નથી** તેમા તો “ તવારીખે માહા નામે ” નામની ચોપડીનુ નામ છે

ત્રીજુ એવણ કહે છે, કે એવણને આપવામા આવેલા કાગળમાં તબકાતે અકબરીના ફકરાઓ આવેલા જણાવવામા આવ્યા હતા જેને તેવણ “ નીજામુદ્દીનની મરમ તબક્રાતે અકબરી” કહે છે, તેનું નામ આ કાગળમા **મુદલ દીધુ નથી** પણ જે તબક્રાતનુ નામ દીધુ છે, તે તો મોલવી અબદુલ નબી સીસ્તાનીની લખેલી જણાવવામા આવી છે

ઉપલી સઘળી ત્રણે ચોપડીના બાબમાં મી કરકરીઆએ તદન ખોટાં નામો આપ્યા છે. એવણ દસ્તુર મેહેરજી રાણાના વારેસોને ત્રણ જાણીતી ચોપડીઓ (બદઓનીની મુનતખબ અલ તવારીખ, અબુ ફજલની આઇને અકબરી, અને નીજામુદ્દીનની તબકાતે અકબરી)માથી એવા ફકરાઓ આપતા જણાવે છે, કે જેવા ફકરાઓ તે પુસ્તકોમા છેજ નહીં

પણ ખરી વાત તો આ છે કે એવણુને આપેલા કાગળમાં એ ફકરાઓ તો કોઈ બીજીજ ચોપડીઓના જણાવ્યા છે પણ ઘણુ ખરાબ તો આ છે, કે એવણુને જે ધણી તરફથી આ કાગળ પુરૂ પાડવામા આવ્યુ હતુ, તે ધણીએ ખુલ્લે ખુલ્લું કહ્યું હતું, કે તે કાગળમા જણાવેલી ચોપડીઓ તેણે ઘણી કોશેશ કીધા છતા મળી નથી, અને તેની ખાત્રી નથી કે એ ચોપડીઓ હૈયાત છે કે નહીં, અને જો હૈયાત હોય તો, તેની ખાત્રી નથી કે તેમાં તે ફકરાઓ છે કે નહીં તે છતા આવું આળ દસ્તુર મેહેરજી રાણા કુટુબ ઉપર મેલવામા આવ્યુ છે

ખરી હકીકત તો આ છે, કે આ ફકરાઓ મુલ્લા ફીરોજ પુસ્તકખાનાના કાબેલ પુસ્તક અધિકારી મરહુમ દસ્તુર એરચજી સોરાબજી મેહેરજી રાણાને પુણેથી એક મિત્રે પુરા પાડયા હતા આગ્રામા કોઈ હાથના લખેલા પુસ્તકોમા એક મુનશીને મળેલા તરીકે તે પુરા પાડવામા આવ્યા હતા પોતાના કુટુબની તવારીખને લગતી સઘળી બાબતોમા લાભ લેનાર એક ધણી તરીકે તેવણે એ ફકરાઓ પોતાના કુટુબની નોધના હસ્તલેખ પુસ્તકમા ઉતારી લીધા જે નામો જણાવ્યા છે, તે નામો ઉપલા જાણીતા પુસ્તકોના હતે, તો તેવણે મુલ્લાફીરોજ લાયબ્રેરીના પુસ્તકોમાથી તેના ફકરાઓની તુરત ખાત્રી કીધી હતે આપણા એક નાયબ સરનશીન મી ખરશેદજી રૂસ્તમજી કામા, મુલ્લા ફીરોજ પુસ્તકખાનાના સરનશીન તરીકે ખાત્રી આપી શકશે, કે દસ્તુર એરચજી એક ભણેલા અને ઉદ્યોગી અસલી રીતી મુજબના વિદ્વાન હતા, અને તેવણે પોતાના પુસ્તકખાના માટે ઘણીક ચોપડીઓની નકલ કીધી હતી. તેથી તેવણે પોતાના પુસ્તકખાનામાથી ઉપલી ચોપડીઓ જોઈ ઉપલા ફકરાઓની ખાત્રી કીધી હતે પણ એ ફકરાઓના પુસ્તકો તરીકે જે નામો આપ્યા હતા, તે તદન નહીં જણાયલા હતા તેથી તેવણે એ ફકરાઓ, તેઓની જેટલો અગત્ય હોય તેટલી અગત્ય માટેનાજ ગણી, ફક્ત ઉતારી લીધા

જે ગ્રહસ્થે મી. કરકરીઆને તેવણુની ખાહેશ ઉપરથી ઉપલા ફકરા આપ્યા હતા, તેવણે તે વખતે ખુલ્લુ લખ્યુ હતું કે “એ કેતાબોની હૈયાતી છે કે નહીં તે જણાતુ નથી, કારણ માહારી મુસાફરી દરમ્યાન મેં ઘણી તજવીજ કરવા છતા એ કેતાબો મને મળી નથી, અને કદાચ કેતાબો હોય તો તેમા એ ફકરા છે કે નહીં તે પણ હુ કહી શકતો નથી. મને તો જેવા મળ્યા છે તેવાજ મેં નકલ ઉતારી લીધી છે.”

મી કરકરીઆએ ગુજરાતી વર્તમાન પત્રોમા એક ફકરો આપ્યો હતો અને મેહેરજી રાણાના સબધના કાગળોની માગણી કરી હતી. એ કુટુ-

બના એક ગ્રહસ્થે એ કાગળો મોકલ્યા, અને ખુલ્લું જણાવ્યું કે તેની મુસાફરીમાં તેણે એ નામ દીધેલી ચોપડીઓ મેળવવાની ઘણી કોશેશ કીધી હતી, અને તે તે મેળવી શક્યો હતો નહીં. તેના શબ્દો ખુલ્લું દેખાડે છે કે તેની મતલબ કાંઈ બદઓની, અબુફ્જલ, અને નીજામુદદીનનાં જાણીતાં પુસ્તકો માટે બોલવાની હતી નહીં આ સઘળુ છતા મી. કરકરીઆ કહેવાની હિમ્મત કરે છે કે ' એ ફકરાઓ નકલ કરનારની પોતાની તરફથી કદાચ ફોર્જરી હતી" નરમમા નરમ શબ્દોમાં બોલીએ તો, આમ કહેવું ઘણું ગેરઈનસાફી છે, અને હુ નમનતાઈ સાથે કહુંછુ કે મી. કરકરીઆએ જો પોતાને ખાતર નહીં, તો જે મંડળીના ચોપાન્યામાં આ લાઈબલ પ્રગટ થયું છે, તે મંડળીને ખાતર, દસ્તુર મેહેરજી રાણાના કુટુંબને ખુલ્લાસો આપવો ઘટે છે, કે જે કુટુંબે તેવણ ધારે છે કે પોતાના વડીલને માટે "એક ઢોંગી દાવો" કર્યો છે

સેવટે આ વિષયમાં જે ગ્રહસ્થોના મેં નામ દીધા છે, તેઓનો મોટો આભાર માનુંછુ, કે તેઓએ પોતાને હસ્તકના કિમતી દસ્તાવેજો અને હસ્તલેખ પુસ્તકો મને વાપરવા આપ્યાં છે નોસારીના હાલના વડા દસ્તુર દારાબજી માહીયારજીનો હુ મોટો ઉપકાર માનુંછુ, કે તેવણ સાહેબે શાહ અકબરનું પેહેલું અસલ ફર્માન મને વાપરવા આપ્યુ છે પ્રોફેસર શાપુરશા હોરમસજી હોડીવાળાનો હુ મોટો ઉપકાર માનુંછુ, કે તેવણે મેહેરબાની કરી મેહેરજી રાણાને નોસારીના મોબેદોએ વડા નેમવાને લગતા અસલી દસ્તાવેજો અને બીજા દસ્તાવેજો મને વાપરવા આપ્યા છે આ દસ્તાવેજો મોટે ભાગે નોસારી વાસી મી હોરમસજી બેહરામજી દસ્તુરના છે એ સઘળા દસ્તાવેજો પ્રોફેસર હોડીવાળા ૫૦ વર્ષ ઉપર જ્યારે આ બાબતની તકરાર ચાલતી ત્યારે નોસારીથી તેઓના માલિકો પાસેથી લાવ્યા હતા પ્રોફેસર હોડીવાળાએ આ બાબતના પોતાના અભ્યાસનું પરિણામ Edie Ochiltree Junior અને J, O. E. ના તખલ્લુસથી ૧૮૯૬ મા બોંબે ગેઝેટ જોગા પોતાના પત્રોમાં રજુ કર્યું છે તેવણના તે પત્રો મને ઘણા ઉપયોગી થઈ પડ્યા છે આ વિષયમાના મારા ઘણાક ઈસારાઓ માટે હુ તે કાગળોને આભારી છુ આ બાબતને લગતાં કેટલાંક જુના હાથનાં લખેલા પુસ્તકો માટે હુ એરવદ માણેકજી રૂસ્તમજી ઉનવાળાને આભારી છુ. સેવટે નોસારી મેહેરજી રાણા લાયબ્રેરીની કમીટીનો અને મુલ્લા ફીરોજ પુસ્તકખાનાની કમીટીનો તેઓનાં કેટલાક જુના હાથનાં લખેલા પુસ્તકો આ બાબતસર મને જોવા આપવા માટે ઉપકાર માનુંછુ

તમામ થયું તે દાદારનો ઉપકાર માનુંછુ

વધારો.

આ વિષયમાં ઊપર જે દસ્તાવેજોનો મેં ઇસારો કર્યો છે, તે દસ્તાવેજો અને તેના તરજુમા હું અતરે આપીશ. પેહેલે શાહ અકબરના રાજ્યના ૪૦ મા અને ૪૮ મા વર્ષના બે ફર્માનો આપીશ, કે જે ફર્માનો દસ્તુર મેહેરજી રાણાના બેટા દસ્તુર કેકોબાદને આપવામા આવ્યાં હતાં, અને જે ફર્માનોમાં જણાવ્યુ છે, કે તે ફર્માનો આપવાની તારીખની આગમચ, તે ફર્માનોમાં જણાવેલા ૩૦૦ વીઘા જમીનમાંની ૨૦૦ વીઘા જમીન દસ્તુર મેહેરજી રાણાને "મદદે-મઆશ" તરીકે આપવામાં આવી હતી. આ બે ફર્માનોની અને આ વિષયમા જણાવેલા બીજા દસ્તાવેજોની ફોટો-લીથો ફેક-સીમીલી મેં આ પુસ્તકમા આપી છે આ બે ફર્માનોના ફોટોગ્રાફ માટે હું મી જેહાગીર રૂસ્તમજી ઊનવાળાનો અને બીજા દસ્તાવેજોના ફોટોગ્રાફ માટે ન્યુ લીથો પ્રીટીંગ પ્રેસવાળા શેઠો કુપર અને ધોડીનો ઊપકાર માનુંછુ આવા પુરાણા દસ્તાવેજોનો ફોટો લેવો એ કાંઈ સેહેલું કામ નથી, મુખ્ય કરીને તે આ સબબને લીધે, કે એ દસ્તાવેજોમાના કેટલાક દસ્તાવેજો એટલા લાબા છે, કે એકજ વખતે તેઓ 'કેમેરા'ની અસર તળે આવી શકે નહીં આ સબબે ફારસી દસ્તાવેજોમાંના કેટલાકોનો ફોટો, જૂદા જૂદા ભાગમા લઈ, પછી ગોઠવીને તેને પથ્થરપર નાખવા પડ્યા હતા વળી આવા દસ્તાવેજોને લીથોગ્રાફ કરવાનું કામ ,પણ સેહેલ નહીં હતું. લીથોગ્રાફના પથ્થરોને તેઓ ઊપરની લીટીઓ અને હરફોની વચ્ચેથી સાફ કરવાની જરૂર હતી, કે ને દસ્તાવેજો ખુલ્લા થાય અને બરાબર વંચાય. ગમે તેટલી મેહેનત લેવા છતા, અને કાળજી દેખાડવા છતાં, એ કામ કોઈ ઇચ્છે તેવું ઘણું સરસ થયું નથી. તોપણ હું એજ્યુકેશન સોસાએટી પ્રેસનો, તેઓએ આ ફોટોલીથોનુ કામ અને આ વિષય છાપવાનું કામ જે સબુરીથી કર્યું છે, તે માટે આભારી થયો છુ. આ પુરાણા દસ્તાવેજો છાપાખાનામાંથી છપાઈ બહાર પડેલા જોવાના કામમાં મને જે મદદ આપી છે તે માટે હુ મારા મિત્ર એરવદ માનેકજી રૂસ્તમજી ઊનવાળાનો ઊપકાર માનુંછું.

અભ્યાસીઓને અને સાધારણ વાંચનારાઓને મદદ કરવા માટે હુ એ પુરાણા દસ્તાવેજો બીબાંમાં છાપીને આ પુસ્તકમાં આપુંછુ આ પુરાણા

ફર્માનો બરાબર ચોકસાઇથી વાંચવા માટે કેટલાક મહાવરાની જરૂર છે, જે મને આ કામ માથે લીધું તેની આગમચ ન હતો. તેટલા માટે એ વાચવા માટે મને મદદ કરવા માટે હું મી ઓદાયાર શેહરયાર દસ્તુરનો આભારી થયોછુ. અહીં તહીં કોઇક શબ્દો હજુ મને ખુલ્લા માલુમ પડ્યા નથી અને મારાથી વચાઈ શકાયા નથી, અને વળી કોઇકિ શબ્દો, મેં વાચ્યા છે અને તરજુમો કીધો છે, તેથી જુદી રીતિ બીજા સાહેબો વાચે અને તરજુમો કરે પણ તેથી સામટી રીતે આ દસ્તાવેજોની મતલબ સમજવામા કોઈ મોટો ફરક પડતો નથી ઊપલા બે ફર્માનોનો છેલ્લો મોહર સાથેનો ભાગ છાપતા મેં તે ઊંધો, નીચેથી ઊપર છાપ્યો છે, કે જેવી રીતે તે અસલ ફર્માનોમા પણ છાપેલો છે (જુઓ ફોટો લીથો ફેક-સીમીલી). એ ફર્માનો મેં બીબાંમા છાપ્યા છે, તે જેમ અસલ દસ્તાવેજોમાં છે, તેમ લીટીએ લીટી છાપ્યા છે.


શાહ અકબરના વખતનાં આ ફર્માનો, આ વિષયની બાબતને જે ટેકો આપેછે, તે ટેકાનો સવાલ બાજુ મેલતા પણ, તેઓ પોતે ઘણા જાણવાજોગ દસ્તાવેજો છે હરફોના લખાણની રૂઢીઓના અભ્યાસી માટે તેઓ અગત્યના છે વળી તેઓ બીજી રીતે પણ અગત્યના છે. તેઓ અકબરના વખતની જાગીરોની અને મેહસુલની રીતીઓ સાથે સબંધ ધરાવનારા રિવાજો અને કાનુનોનો આપણને ખ્યાલ આપેછે એ રીતે જોતા તેઓ અબુ ફજલની આઇને અકબરીની કેટલીક આઇનોના સમજ પાડનાર દાખલા સમાન થઈ પડેછે. એ સબબે મેં એ ફર્માનોનો તરજુમો જાણે આઇને અકબરીની ખુદ મદદથીજ કર્યો છે તેમા વપરાયલા ખાસ શબ્દો અને વાક્યોનો ખુલ્લાસો મેં આઇને અકબરીની ભાષા મારફતેજ કરવાની કોશેશ કરી છે.

આ વિષયમાં આપેલા ઘણાક દસ્તાવેજો ખુદ તેઓના સબધની કેટલીક બાબતોને લીધે અભ્યાસ કરવા જોગ છે હુ ભૂલતો નહીં હોવુ તો શાહ અકબર અને શાહ બાબરના વખતના આવા દસ્તાવેજો આ પેહેલીજ વાર પ્રગટ થાય છે. આ બાબતના મારા અભ્યાસના કમીના પરિણામ તરીકે હુ આ વધારો આપવાની રજા લઉંછુ.

પેહેલો દસ્તાવેજ. શાહ અકબરના રાજ્યના ૪૦ મા વર્ષમાં આપેલુ પેહેલુ ફર્માન.

(જુઓ પા. ૨૨૯ અસલ ફારસી લખાણ માટે જુઓ પા ૯૩).

ખોદા મોટો છે.[૧]



---

(૧) ફર્માનમા અસલ ફારસી શબ્દો "અલ્લા અકબર" છે. બદઓની કહેછે કે પેહેલે એકમેકને સલામ કરવા માટેનો શબ્દ 'સલામ' કરી હતો, પણ તેને બદલે અકબરે "અલ્લા અકબર" શબ્દો દાખલ કર્યા એકજણ અલ્લા અકબર" એટલે "ખોદા મોટો છે," એમ શબ્દો બોલી બીજાને સલામ કરે, તો લે બીજો "જલ જલાલે" એટલે "તેની મોટાઈની કીર્તિ વધજો" એમ જવાબ આપે (બદઓનીની મુનતખબ અલ તવારીખ, લીઝ અને આહમદઅલીની આવૃત્તિ વા. II પા ૩૫૬ લીટી ૧૭) હીજરી ૯૯૫

જલાલુદીન મહમદ અકબર બાદશાહ ગાજી(૧)નું ફર્માન.(૨)

(ઈ સ ૧૫૮૬) મા અકબરે સલામ કરવા માટે "અલ્લા અકબર" એ શબ્દો દાખલ કર્યા હતા પણ તેની આગમચ હીજરી ૯૮૩ (ઈ સ. ૧૫૭૫-૭૬) માં તેણે તે પોતાની મોહોરો અને સિક્કાઓ ઉપર દાખલ કીધા હતા આ શબ્દો દાખલ કરવા આગમચ તેણે પેહલે એ બાબે પોતાના દરબારીઓ સાથે કેટલીક તકરાર કીધી હતી, એમ બદઓની ઉપરથી માલૂમ પડે છે. બદઓની પોતાની મુનતખબ અલ તવારીખમા કહેછે કે "આ વખતે પાદશાહે પુછયું કે અવજંગ (યાને બાદશાહી) મોહોર ઉપર અને સિક્કા ઉપર "અલ્લા અકબર" (શબ્દો કોતરવાને) ફરમાવુ તો કેવુ? ઘણાખરાઓએ જવાબ આપ્યો કે ઠીક છે હાજી ઈબ્રાહીમ તેથી ઉલટા વિચારનો હતો તેણે કહયુ કે 'આ શબ્દો બીજો અર્થ પણ ધરાવે છે તેથી જો પાદશાહ (કોરાનની એક) આયતના લજકકુર અલ્લા અકબર (એટલે ખોદાની યાદ એ મોટા-માં મોટી ચીજ છે) (શબ્દો કોતરવાને) ફરમાવે તો બેહેતર થાય, કારણ તે ઉપલો બીજો અર્થ ધરાવતા નથી.' પાદશાહને તેના શબ્દો પસદ આવ્યા નહીં અને બોલ્યો કે 'આ તદન ખુલ્લુ છે કે તમામ કમીના પણા સાથેના એક (ખાકી) બદા તરફથી ઈશ્વરી શક્તિનો દાવો કેવી રીતે વાજબી ગણાય ! અને મારી મકસદ શબ્દોના બદબેસતા સંબધની છે તેથી એ મુદ્દાનો ઉપલી તરફનો (યાને ઊપર મુજબનો) અર્થ ઊઠાડવો એમા શી મતલબ?" (લીઝ અને આહમદઅલીની આવૃતિ વા II પા. ૨૧૦ લીટી ૭ થી ૧૫)

(૧) શાહ અકબર "જલાલુદીન મહમદ અકબર બાદશાહ ગાજી" એવા ખેતાબી નામથી જણાયલો હતો (જુઓ "તબકાતે અકબરી" મુનશી નવલ-કીશોરની લખનોમાં પ્રગટ થયલી હીજરી ૧૨૯૨ (ઈ સ ૧૮૭૫) ની આવૃત્તિ, પા ૨૪૨ લાટી ૮ જુઓ બદઓનીની મુનતખબ અલ તવારીખ, લીઝ અને આહમદ અલીની આવૃત્તિ વાલમ II પા. ૮. લીટી ૧. પાનું ૯ લીટી ૧૧) જલાલુદીનનો અર્થ "દીનની કીર્તિ" એમ થાય છે ગાજી એટલે બહાદુર

(૨) અબુ ફજલ પ્રમાણે ત્રણ સબબો માટે ફર્માનો બહાર પાડવામા આવતાં એ ત્રણમાંના બીજા સબબના ફર્માનોમાં લશ્કરી સેવા બજાવવા વગરની જાગીરની નેમનુકો સમાતી હતી, અને ત્રીજી જાતના ફર્માનોમા ગુજરાન માટેની બખશેશો સમાતી હતી (જુઓ આઈને અકબરી દફતર II આઈન ૧૧ મી બ્લોખ્માનની આવૃત્તિ વા. I પા ૧૯૪ લીટી ૪-૫).

હાલ નવાજેશ દરસાવનારૂં પાદશાહી ફર્માન જાહેરાતનું માન પામ્યુ છે, કે ઇલાહી[1] ગજની આસરે ૩૦૦ વીઘા[2] જમીન તાડ અને ખજુરી વિગેરેનાં ઝાડો, કે જે તે જમીન ઉપર થાય છે, તે સાથે નોસારીના કસ્બા[3] વિગેરેની પડોશમાં[4] (આ ફર્માનમાં) સમા-

---

(૧) આઇને અકબરી (દફતર III આઇન ૮) મુજબ ઈલાહી ગજ અકબરના વખતમા એક સત્તાધાર માપ ગણાતો. હિંદુસ્તાનમાં એવા ત્રણ માપ ચાલુ હતા એક લાંબો, મધ્યમ, અને ટુંકો. દરેકના ૨૪ સરખા ભાગ કર્યા હતા, જે દરેક ભાગને તસુ કહેતા. મધ્યમ સર કદના ૮ જવના દા-ણાઓને પોહોળાઈમા એકમેકની પાસે મેલે ત્યારે જેટલી જગ્યા ઘેરાય તેટલી જગ્યાને પેહેલા પ્રકારનો તસુ (એટલે લાબા ઈલાહી ગજનો તસુ) કહેતા એવા ૭ અને ૬ જવના દાણાઓથી બીજા અને ત્રીજા પ્રકારના (મધ્યમ અને ટુકા ઈલાહી ગજના) તસુ બનતા. ખેતીની જમીન માપવા માટે લાંબો ગજ વપરાતો હતો." (બ્લોખમાનની આવૃત્તિ વા. I પા. ૨૯૪ લીટી ૨૧ થી ૨૫)

(૨) આઇને અકબરી (દફતર ત્રીજું આઈન ૧૦) પ્રમાણે એક વીઘુ તે "૬૦ ગજ પોહોળી અને ૬૦ ગજ લાબી જમીનનુ બનતું કોઈ જમીનની લબાઈ યા પોહોળાઈ કેયે વધારે યા ઓછી હોતી તો ચોરસ માપની ગણત્રી કરી ૩૬૦૦ ચોરસ ગજ ગણવામા આવતા" (બ્લોખમાનની આવૃત્તિ વા-લમ પેહેલું પાનું ૨૯૬ લીટી ૨૧). બ્લોખમાન કહેછે તેમ એક વીઘાના ૩૬૦૦ ચોરસ ગજ એટલે આસરે ૨૬૦૦ ચોરસવાર એટલે ૦·૫૩૮ એટલે આસરે અરધો એકર ત્યારે આઈને અકબરી મુજબ આપણે અકબર શાહના વખતના બાદશાહી ઈલાહી માપના વીઘાનું કોષ્ટક બનાવ્યે તો તે નીચે મુજબ થાય ૮ જવ (પોહોળાઇમા) = ૧ તસુ. ૨૪ તસુ=૧ ગજ. ૩૬૦૦ ચોરસ ગજ= ૧ વીઘુ હવે એક વીઘાના ૨૬૦૦ ચોરસવાર એટલે ૦.૫૩૮ એકર ત્યારે દસ્તુર મેહેરજી રાણાને મળેલી ૨૦૦ વીઘા જમીન આસરે ૧૦૭ાા એકર થાય, અને કેકોબાદ ને મળેલી કુલે ૩૦૦ વીઘા જમીન આસરે ૧૬૧ાા એકર થાય

(૩) દબેસ્તાનમાં પણ નોસારીને કસ્બા તરીકે જણાવ્યો છે.

(૪) આ ફર્માનમા અહીં 'સવાદ' શબ્દ વાપર્યો છે. તે આ ફર્માનમાં હેઠે, જ્યાં મેહેરજી રાણા (માહીઆર)ની ૨૦૦ વીઘા જગ્યા માટે બાલવામા આવેછે, ત્યાં પાછો વાપર્યો છે તે આઈને અકબરીમા જૂદા જૂદા સુબાઓ અને મગણાઓના સબંધમા વાપરેલો છે. (દફતર ત્રીજું આઈન ૧૫. બ્લોખમા-નની આવૃત્તિ પા. ૩૭૭).

વેસી[૧] હકીકત મુજબ માળીયારના છોકરા કેકોબાદ પારસોના ગુજરાનની મદદ (મદદે મઆશ[૨]) માટે જાગીરદારના હવાલામાથી[૩] કુઇલની[૪] ખરીફની રૂતુથી સુરતની સરકાર હસ્તકથી મુકરર[૫] કરવામા આવી છે કે વર્ષોવર્ષ તેની આવપત પોતાના ગુજરાન માટે વાપરીને (પાદશાહના) એકબાલ અને દોલતની જીઆદતી માટે દુઆ ગુજારવામાં તે મશગુલ રહે તેથી જરૂરનુ છે કે તે મહાલના[૬] હાલના અને હવે પછીના હાકમો,[૭]

(૧) અહીં 'જમન' શબ્દ ફર્માનમાં વાપર્યો છે તે આઇને અકબરી મુજબ ફર્માનના સબધમા વપરાતો એક ખાસ અર્થ ધરાવનાર શબ્દ છે 'સાહેબે તઓજીએ' નામનો અમલદાર એ 'જમન' લખેછે (દફતર બીજુ આઈન ૧૧ બ્લોખમાનની આવૃત્તિ પા. ૧૯૪ લીટી ૧૩-૧૪) એ બાબેના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા ૯૬ નોટ ૬

(૨) આ જાતની મદદ માટે જુઓ ઉપર પા ૨૨૫

(૩) 'તઈન' શબ્દ જે અહીં ફર્માનમા વપરાયલો છે, તે જૂદા જૂદા મનસબદારો જાગીરદારો વિગેરેની નેમનુક માટેનો ખાસ શબ્દ છે (જુઓ બ્લોખમાનનો આઈને અકબરીનો તરજુમો I પા ૨૪૨)

(૪) કુઈલ એ શબ્દોમા કુ શબ્દ માટે આઈને અકબરી (દફતર III આઈન ૧) તુર્કી સનેને માટે બોલતા, કહેછે કે તેઓ 'જુગ' (cycle) થી વર્ષો ગણતા દરેક જુગમાં ૧૨ વર્ષ હોતાં અબુ ફજલ જુગનાં ૧૨ વર્ષોનાં જે નામો આપે છે, તેમા કુ (ગોસફન્દ), તે જુગના ૮ મા વર્ષનું નામ છે 'ઈલ' શબ્દ છે તે માટે અબુફજલ કહેછે, કે તેઓ 'ઈલ' શબ્દ ઉપલા ૧૨ નામોમાના દરેકની આગળ વધારતા અને તેનો અર્થ 'સાલ' અથવા વર્ષ થતો (બ્લોખમાનની આવૃત્તિ વા I પા ૨૭૩ લીટી ૧૬-૧૭)

(૫) "મુકરર શુદ" એ ફર્માનોના સબધમા ખાસ વપરાતા શબ્દો છે બદઓની ઉપરથી માલૂમ પડેછે કે જાગીરના ફર્માનોના સબધમા તે ખાસ રીતે વપરાતા જુઓ સાદીક મહમદખાનને ભરૂચ અને સુરતની જાગીર મળી તે સબધમાં વપરાયલા શબ્દો (બદઓનીની લીજ અને આહમદઅલીની આવૃત્તિ વા II પા ૩૮૭ લીટી ૧૭ થી ૨૧. જુઓ ફારસી ફકરા માટે ઉપર પાનુ ૧૪૫).

(૬) 'મહાલ' એટલે લત્તા હાલપણ મેહેસુલી ખાતાના સબધમા જગ્યાના સબધમા મહાલ શબ્દ વપરાય છે.

(૭) એ અમલદારોના સબધમા જુઓ બ્લોખમાનનો આઈને અકબરીનો તરજુમો વા I પા. ૨૪૧. "મોટા મનસબદારો ઘણા ખરા સુબાના હાકમો હતા તે હાકમોને પેહેલે સીપેહસાલાર કહેતા, અકબરના રાજ્યની સેવટે તેઓને "હાકેમો" કહેતા . બીજા મનસબદારો 'જાગીર' ધરાવતા "

અને મુન્શીઓ, અને કરોરીઆઓ[1] અને જાગીરદારોએ[2] લખવા મુજબ અમલ કરી અને ઉપર કહેલી જમીનને માપીને અને ચક[3] બાંધીને ઉપલા ધણીના સ્વાધિનમા તે કરવી અને તે (જમીન) ની નિત્યતા અને કાયમી માટે સભાળ લેવાને કોશેશ કરીને ફેરફાર અને બદલી નહીં કરવી અને માલ[4] (એટલે જમીનનો કર) અને

---

(૧) જે મેહેસુલી અમલદારોના હસ્તકમા એક 'કરોર' દામનુ આએપત રહેતુ, તેઓને 'કરોરી' કહેતા. (આઈને અકબરી દફતર પેહેલુ આઇન ૨ બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૧૦ લીટી ૪ અને ૫. અસલ ફકરા માટે જુઓ ઊપર પાનુ ૯૭)

(૨) જુઓ ઉપર પા ૨૯૯ નોટ ૭.

(૩) આઈને અકબરી (દફતર ત્રીજુ આઈન ૬ બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૨૮૭ લીટી ૧૬) મુજબ અમલ ગુજારો એટલે મેહેસુલ જમા કરનારની " ફરજ હતી કે 'ચક-નામા'ને ચોકસ કરવા " જેરેટ મુજબ ચકનામું જમીનની હદ મુકરર કરતું એલાઅટના કેહવા મુજબ ચકની જમીન તે તે જમીન હતી, કે જેને ગામડાંથી છુટી પાડી કરથી નિરાળી રાખવામા આવતી (આઈને અકબરીનો તરજુમો જેરેટનો વા II પા ૪૭ અને નોટ ૧)

(૪) માલ એટલે " જમીનનુ ભાડુ અથવા જમીનની આએપત " (શ્ટાઇનગાસનો શબ્દકોષ) આઇને અકબરી (દફતર ત્રીજુ આઈન ૭, બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૨૯૪ લીટી ૧૨ થી ૧૬) નો નીચલો ફકરો આ શબ્દ અને આ ફર્માનમા વપરાયલા જૂદા જૂદા કરો માટેના શબ્દોનો ખુલ્લાસો કરેછે "દરેક મુલકમા ખેતી ઉપરાંત માણસોની મિલકત (માલ) માંથી કાઈક માગવામા આવેછે અને તેને તમગા કહેછે તુરાન અને ઈરાનમા કેટલાક પાસે જમીનનો કર (**માલ**) લેછે અને કેટલાકો પાસે **જેહાત** લેછે અને કેટલાકો પાસે **સાયેર જેહાત** લેછે અને કેટલાકો પાસે **વજુહાત** અને **ફૂરૂઆત** (નામના કરો લેછે) ટુકમા આ કે જે ખેતીની જમીનપર ભાડાં તરીકે લેવામા આવેછે તેને **માલ** કહેછે અને તરેહવાર નામીચી ચીજો ઉપરના કરને **જેહાત** કહેછે અને બાકીના કરને **સાયેર જેહાત** કહેછે માલ કરથી જે વધુ લેવામાં આવે છે, તે જો દીવાની ખાતે જતુ હોય તો તેને **વજુહાત** કહેછે, નહીં તો **ફૂરૂઆત** કહેછે" (આ માટેના અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા ૯૮ નોટ ૨). આઇને અકબરીના બીજા ભાગ (દફતર બીજુ 'સનદ'ની બાબતની ૧૧ મા આઈન) ઉપરથી દિસેછે કે દેશની આએપતના ત્રણ દફતરો રાખવામા આવતાં તેમાં આ **માલ** નામનો કર, જે જમીનની મેહેસુલનો કર, તે માટે એક ખાસ દફતર રેહતુ ત્યાં કહેછે કે " અબવાબ ઉલ માલ " માં દેશની આએપતનુ વર્ણન આપેછે એ કરમા વધઘટ થાય, તો તે તેમા જણાવેછે

જેહાત[1] (એટલે ચીજો ઉપરનો કર) અને અખરાજાત[2] (એટલે માથા વેરો) અને સાયરે જેહાત[3] (એટલે બીજા બાકીના કરો) જેવા કે કનલગે[4]

અને કોઈ પણ રીતે પૈસા જમા થયા હોય, તે તેમાં જણાવેછે (બ્લોખમાનની આવૃત્તિ વા. I પા. ૧૯૩ લીટી ૨૨ થી ૨૩. અસલ ફકરા માટે જુઓ ઉપર પાનું ૯૮ નોટ ૨)

(૧) આ કર શું છે તે માટે જુઓ આ નોટની આગમચની ઉપલી નોટ

(૨) આ શબ્દ ખરાજ ઉપરથી નીકળ્યોછે. આઈને અકબરી (દફતર ત્રીજું આઈન ૭ બ્લોખમાનની આવૃત્તિ વા I પા ૨૯૨ લીટી ૨૪-૨૫. અસલ ફારસી ફકરા માટે જુઓ પા, ૯૯ નોટ ૨) માં આ કર માટે કહેછે કે "અસલના વખતમાં દરમાણસ દીઠ કાંઈ કર લેવામા આવતો અને તેને ખરાજ કહેતા." એ બાબે ઉપલીજ સાતમી આઈનમાં નીચે પ્રમાણે કહેછે. "જે (જમીન) બીજી દીનવાળાઓ ધરાવતા તેને ખરાજી કહેતા, અને ખરાજી જમીન ઉપર ખરાજનો કર બે રીતે ગણતા. (૧) મુકાસમે, જેમાં આએપતનો પાંચમો યા છઠો ભાગ લેતા (૨) ખરાજે વજીફે કે જે જમીનદારની શક્તિ અને લાભ પ્રમાણે મુકરર કરવામાં આવતો. કેટલાકો સઘળી ઉપજને ખરાજ કહેછે અને જ્યારે તે લોકોની આવક ખરચ કરતાં વધારે હોયછે, ત્યારે ચોકસ સરત મુજબ તે ઉપર જગાત લેછે, અને તે જગાતને તેઓ અશર (એટલે ૧૦ મો ભાગ) કહેછે" (જુઓ બ્લોખમાનની આવૃત્તિ વા. I પા ૨૯૪ લીટી ૫ થી ૯ અસલ ફકરા માટે જુઓ ઉપર પાનું ૯૯ નોટ ૨)

(૩) જુઓ ઉપર પાનું ૩૦૦ નોટ ૪ 'સાયેર' એટલે 'બાકીના' જેરેટ કહેછે કે જમીન ઉપરના કર સિવાય બાકીના બીજા કરો, જેવા કે દેશના આવતા જતા માલ ઉપરની જગાત, ઘરવેરો, બજારવેરો, લગનવેરો વિગેરે, સાયેર જેહાતને નામે ઓળખાતા (આઈને અકબરીના તરજુમાનુ બીજું વાલમ, જેરેતનો તરજુમો પા ૫૮ નોટ ૧.)

(૪) આઈને અકબરી (દફતર ત્રીજુ આઈન ૧૧ બ્લોખમાનની આવૃત્તિ વા I પા. ૩૦૧ લીટી ૮) માં અકબર પાદશાહના વખતના કેટલાક કરોના નામો આપ્યાં છે, તેમાં આ પણ એક કર છે આઈને અકબરીની એક બીજી નકલ બ્લોખમાનના જણાવવા મુજબ એ નામ "કતલગે" આપેછે. એ કર કેવા પ્રકારનો હતો તે જણાતુ નથી. જેરેટ પણ તરજુમો કરતા કહેછે, કે તે "એ કરનુ મુળ મુકરર કરી શકતો નથી." અસલ ફર્માનમા એ શબ્દ તદન બરાબર ખુલ્લો નથી. કદાચ એ શબ્દ કલે વાંચી શકાય. જો એમ લેઈએ તો સ્ટાઈનગાસના શબ્દકોષ પ્રમાણે "રાજ્યની તીજોરીમા જોખ વગર અપાયલું નાણું, અથવા ઊધીકુ નાણું" એમ અર્થ થાય.

અને પીશ કશ[1] અને જરમાને[2] (એટલે દંડ) અને જાબ્તાને[3] (એટલે પાક ઉપરનો ખાસ કર) અને મહરાને[4] (એટલે લગન વેરો)

---

(૧) આ કર પણ આઈને અકબરીનાં ઉપલી નોટમાં જણાવેલાં દફતરમાં જણાવેલો શાહ અકબરના વખતનો એક કર હતો. સ્ટાઈનગાસ પ્રમાણે "એક મોટો ઓહ્દો મેળવતી વખતે પાદશાહ અથવા મોટા માણસો અથવા ખાતાના વડાઓ વિગેરેને અપાતી મોટી ભેટ" 'પીશકશ' ને નામે જણાતી હાલમા પણ એ નામની ભેટો જણાયલીછે.

(૨) મેહેસુલના સંબંધની કાયદાની સરતોને માન નહીં આપવાથી જ્યારે કોઇ ચીજ જપત કરવામાં આવતી, અથવા તે માટે દડ નાખવામાં આવતો, તો તે આ નામે જણાયલો હતો

(૩) આઇને અકબરી (દફતર બીજુ આઇન ૧૫ મી બ્લોખમાનની આવૃત્તિ વા I પાનુ ૪૧૭ લીટી ૧૬) મુજબ 'જબતી' એ પાકની આએપત માટેનો કોઈ ખાસ કર હતો 'જાબેત' શબ્દનો અર્થ 'હાકમ' થાયછે તેથી કદાચ ગામના હાકમને અપાતા પૈસા 'જાબતાને' તરીકે જણાયલા હોય.

(૪) સ્ટાઈનગાસ મુજબ "લગન વખતે કાજીઓ મુસલમાનો પાસે જે લવાજમ લે છે" તે એ નામથી જણાયલો છે આઈને અકબરી (દફતર બીજુ આઈન ૨૪) મા એક આઈન "કદખોદાઈ" એટલે "લગનની બાબત" ઉપર છે (બ્લોખમાનની આવૃત્તિ વા I પા. ૨૦૧) તેમાં જણાવવા મુજબ શાહ અકબરે લગન ઉપર એક વેરો નાખ્યો હતો લગન કરનારની હાલત મુજબ તે ચહડ ઉતર નાખવામા આવતો અબુફજલ કહેછે કે "અજ્ મીઆને મર્દુમ યક રૂપીએ વ અજ આમે યક દામ. હાલે પેદર પજ્રૂહશ રવદ વ પાયે એ ઊ એતેબાર ગીરન્દ" (લીટી ૧૮-૧૯) એટલે "મધ્યમ વર્ગના પાસે એક રૂપીઓ અને આમ (એટલે સાધારણ ગરીબ) લોક પાસે એક દામ બાપની હાલત તપાસવામા આવતી અને તેની સ્થીતિ ઉપર ધ્યાન આપવામા આવતુ હતુ" અબુ ફજલ કહેછે, કે "એ કર આપવો સારા સગન (ફરખુન્દગી) ગણાતા" ત્યારે ફર્માનમાં જણાવેલો આ મહરાને કર અબુફજલે ઇસારો કરેલો એ લગન વેરો દિસેછે શાહ અકબર પછી મરાઠાઓ પણ એ લગન વેરો લેતા હતા હાલ એક પોર્ટુગીજ દસ્તાવેજ બસો વર્ષનો હાથ આવ્યો છે, તે ઉપરથી દિસેછે, કે નારગોલ સજાન વિગેરે ગામોમાં પારસીઓ ઉપર એ લગન વેરો હતો તે સામે એક પારસીએ અરજી કીધી હતી, કે એ લગન વેરાને લીધે સુરતના પારસીઓ તેઓ સાથે લગનના સાટા કરતા અચકાય છે, તેથી તે કાહડી નાખવો. તે અરજી બાહાલ રાખીને ત્યાંના પારસીઓ ઉપરથી તે કાહડી નાખવામાં આવ્યો હતો.

અને દારૂગગાને[૧] અને મહસુલાને[૨] (એટલે મેહસુલ એકઠી કરનારનો લવાજમ) અને દેહનીમ[૩] (એટલે સેંકડે પાચ ટકાનો કર), અને સદ[૪] દુઈ (એટલે સેંકડે બે ટકાનો કર) અને કાનુનગુઈ[૫]

---

(૧) આઇને અકબરી (દફતર III આઈન ૧૧, બ્લોખ્માનની આવૃત્તિ પા ૩૦૧ લીટી ૬) મુજબ શાહ અકબરના વખતના કરોમાંનો એ એક કર હતો સ્ટાઈનગાસ મુજબ કોઈ ખાતાના વડા યા ઉપરીને અથવા ગામના ઉપરીને દારૂગો કહેછે તે ઓધ્ધાના સબધનો એ કોઈ કર હોય

(૨) સ્ટાઈનગાસ મુજબ "મેહસુલ એકઠી કરવા આવનાર માણસનો લવાજમ" હુ ધારૂછુ કે આઈને અકબરી (દફતર ત્રીજુ આઈન ૧૧ બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૩૦૧ લીટી ૬) મા "તેહસીલદારી" તરીકે જે કર માટે બોલવામા આવેછે, તે એ કર છે

(૩) "દેહ–નીમ" એટલે ૧૦ નો અર્ધો ભાગ, એટલે પાચ, એટલે સેકડે પાચ ટકાનો કર. આઈને અકબરી (દફતર ત્રીજુ આઈન ૧૧, બ્લોખ્માનની આવૃત્તિ વા I પાનું ૩૦૦ લીટી ૨૧ થી ૨૪) મા આ કર અને ફર્માનમા એના પછી નામ દીધેલા બે કરો "સદ્દુઈ" એટલે "સેંકડે બે ટકાનો કર" અને "કાનુનગુઇ" માટે નીચે પ્રમાણે કહેવામા આવેછે

"આગાહ દેલ ધરાવનાર પાદશાહે માલ યાને કરના સબધમા ઉપર વર્ણવ્યુ તે મુજબ નવાજેશ કીધી જેહાત કરના સબધમા તેણે 'દેહ–ચક' (એટલે સેકડે ૧૦ ટકાનો કર) માફ કરી "દેહ–નીમ" (એટલે સેંકડે પાચ ટકાનો કર) મુકરર કીધો, અને 'સદ-દુઈ' (એટલે સેંકડે બે ટકાના કર) ને અર્ધો પતવારીમા અને અર્ધો 'કાનુનગુ'મા પાછો ફેરવ્યો પેહલો (ઓધ્ધેદાર) તે ખુર્જીગરો (યાને ખેડુતો) તરફનો લખનારો છે તે આવક જાવકનો હિસાબ લખેછે અને કોઈ ગામડુ તેના (એટલે પતવારી) વગરનુ નથી પાછલો (યાને કાનુનગુ) ખેડુતોને રક્ષણ દેનાર છે, અને તે દરેક પરગણામા એકેકો હોય છે અને હાલમા કાનુનગુનો હિસ્સો (એટલે કર, જે ઉપર મુજબ સેકડે ૧ ટકો થાય છે, તે) કાહાડી નાખ્યો છે, તેઓ પોતાની સરત મુજબ ત્રણ રીતે દરબારમાથી પોતાનો મુસારો મેળવે છે (અસલ ફારસી ફકરા માટે જુઓ પા ૧૦૧ નોટ ૧)

(૪) સેંકડે બે ટકાનો કર એના ખુલ્લાસા માટે જુઓ ઉપલી નોટ

(૫) જુઓ ઉપલીજ નોટ ઉપર જણાવવા મુજબ એ કર સેંકડે ૧ ટકાનો છે કાનુન-ગુ અમલદાર કોણ હતો, તે બાબે જેરેટ (આઈને અકબરીના તરજુમાના બીજા વાલ્યુમ પાનુ ૪૭ નોટ ૩ મા) નીચે મુજબ ખુલ્લાસો કરે છે

"એ દરેક જીલ્લાનો એક અમલદાર છે જે તેના રિવાજો અને જમીનના પટાની હકીકતોથી વાકિફ હોય છે. તેનો ઓધ્ધો વંશપરમપરા હોયછે.

અને ખેતી અને બાગબાની માટેના કરો અને માલની જગાત[1] અને જબ્ત[2] (એટલે જમાબંધી) માટે, દર વર્ષે ચક મુકરર કરવા સિવાય અને સર્વે દીવાની કરો અને સર્વે સુલતાની કરો સિવાય, તેને કોઈ હેરાન ગતી નહીં પહોંચાડે. અને સઘળા ખરચોથી તેને માફ કીધેલો અને નિરાળો રાખી તેની પેડાશે નહીં જાએ (એટલે તેને હેરાન કરે નહીં) અને દર વર્ષે આ બાબતમા નવું ફર્માન અને પરવાનો[3] નહીં માગે અને જ્યારે (આ ફર્માન) બુલદ પાદશાહની બાદશાહી મોહોર સાથે આવી પહોચે[4] ત્યારે તે ઉપર વિસ્વામ રાખે ઇલાહી[5] સને ૪૦ ના છેલ્લા મહિના અસ્ફન્દારમજની ૧૦ મી તારીખે લખ્યું છે

તે રેલથી બનેલી નવી જમીન યા ઘસડાઈ ગયેલી જમીન, વેચાણો, પટા, જમીનની બખશેશો વિગેરે, જેથી જમીનને લગતી યાદીના દફતરોમા ફેરફારો કરવા પડેછે, તે સઘળાનો હેવાલ પતવારી તરફથી મેળવેછે તે એક મેહસુલી અમલદાર છે અને તેહસીલદારના હાથ તળે હોયછે"

(૧) જુઓ ઉપર પાનુ ૩૦૦ નોટ ૪ ત્યા આપેલા વર્ણન મુજબ એ કર ઉપજનો ૧૦ મો ભાગ દિસેછે જેરેટ (આઇને અકબરીનો તરજુમો દફતર બીજુ પાનુ ૫૭ નોટ ૪) પ્રમાણે એ કર ઘણો ખરો આસરે સેકડે રાા ટકા પ્રમાણે હતો જે ધણીના હાથમા કોઇ મિલકત ૧૧ માસ સુધી હોતી તે ધણી એ કર આપતો એ ધર્મ ખાતાનો એક કર ગણાતો

(૨) એ શબ્દ માટે જુઓ ઉપર પાનુ ૩૦૨ નોટ ૩

(૩) આઈને અકબરી (દફતર બીજુ આઈન ૧૧ બ્લોખમાનની આવૃત્તિ વા I પા ૧૯૫ લીટી ૭ થી ૮) મુજબ ફર્માનો અને પરવાનચે અથવા પરવાના વચ્ચે ફરક છે "ફર્માનો કેટલીક વખતે તોગ્રા હરફે લખવામા આવેછે, પણ તેમાં બે પેહેલી લીટીઓ ટુકી કરવામા આવતી નથી એવા ફર્માનને પરવાન્ચે કહેછે" બે ફર્માનો અને એક પરવાનાનો ફોટો-લીથો ફેક-સીમીલી આપ્યાછે તે ઉપરથી અને તેજ રીતે તે ફર્માનો અને પરવાનો પાના ૯૩,૧૧૯ અને પાના ૧૩૩ ઉપર છાપ્યાછે, તે ઉપરથી આ બાબત સમજ પડશે ઉપલાં બેઉ ફર્માનો (પાના ૯૩ અને ૧૧૯) મા પેહેલી બે લીટીઓ ટુકી લખી છે, પણ પરવાના (પા ૧૩૩) મા એમ પેહેલી બે લીટીઓ ટુકી લખી નથી પણ બીજી લીટીઓની માફક છે

(૪) આ ફકરાનો અર્થ એમ પણ થાય કે "તે (એટલે ઉપર કહેલો પુરૂષ કેકોબાદ વલદે માહીયાર) બુલદ પાદશાહની પાદશાહી મોહોર સાથે (એટલે મોહોર સાથેના લખાણ યા ફર્માન સાથે) આવી પહોચે, ત્યારે તેની ઉપર વિસ્વાસ રાખે

(૫) એટલે રોજ ૧૦ આવા માહ ૧૨ અસફંદારમદ યજદજરદી ૯૬૪

તઅલીકની[1] શરેહ. રોજ ૧૩ મો તીર માહ આવાં ઇલાહી સને ૪૦ ની તારીખે (પાદશાહે) હુકમ ફરમાવ્યો કે આસરે ૩૦૦ વીઘા જમીન, તાડ અને ખજુરી વિગેરેનાં ઝાડો, કે જે તે જમીન ઉપર થાય છે, તે સાથે નોસારી કસ્બા વિગેરેની પડોશમાં નીચલી વિગત મુજબ માહીયારના છોકરા કેકોબાદ પારસીના ગુજરાનની મદદ માટે મુકરર કરવામાં આવે આ (તારીખ) થી આગમચ (રોજ) ૧૫ મો માહ મેહેર ઇલાહી સને ૪૦ ની તારીખે હુકમ થયો હતો પણ તે (હુકમ) વાકઅ[2] (યાને પાદશાહના હુકમોની નોંધનાં દફતર) માં ખુલ્લાસા સાથે દાખલ થયો ન હતો. તેથી અેલામી[3] શેખ અબુ ફજલ, જે અેફાદતને[4] પનાહી આપનાર, ઘણી સત્તા ધરાવનાર અને સચ્ચાઈ અને જ્ઞાનમાં આગાહ છે, તેના 'રેસાલા[5] અને

(ઈ સ ૧૫૯૫) શાહ અકબર ૧૦ માર્ચ ૧૫૫૬ ને દિને ગાદીપર આવ્યો હતો તેથી એનુ ૪૦ મુ વર્ષ તે ઇ સ ૧૫૯૫. એને મળતુ યજદજર્દી વર્ષ ૯૬૪

(૧) આઇને અકબરી મુજબ, ફર્માનો વિગેરેના પાદશાહ અકબર જે હુકમો આપતો હતો, તેને લગતી 'યાદદાશ્ત' અથવા નોંધના દુક ઈનતેખા બને 'તઅલીક' કહેતા તેને લગતી જે વિગતવાર હકીકત તે શરેહ અથવા ખુલ્લાસો ૧૦ મી અને ૧૧ મી આઈનમા સમજાવે છે કે એ 'યાદદાશ્ત' અથવા નોંધ અને તઅલીક અથવા દુક ઈનતેખાબ કોણ કરતુ, અને તે કેમ કરવામા આવતાં, અને 'યાદદાશ્ત' ની 'તઅલીક' આ ફરમાનમા અહીં શા કાજે ઉમેરવામા આવીછે ૧૦ મી આઈન, "વાકઅ નવીસ" એટલે (શાહની દરબારમા બનતા) "બનાવોની હકીકત લખનાર" ની બાબત ઉપર છે

(૨) એ શબ્દ અને એ વાકઅ લખનાર 'વાકઅ નવીસ' ની હકીકત માટે જુઓ નીચલી નોટ ૫ ત્યાં જણાવવા મુજબ આ અમલદારનુ કામ આ કે પોતાના 'વાકઅ' યાને દફતરમા પાદશાહના ફર્માનો અને કામોની નોંધ લખી લે (હર ફર્મુદે વ કાર કર્દે એ ગેતી ખોદાવન્દ બર નવીસદ)

(૩) 'એલામી' એટલે ઘણો ભણેલો શાહ અકબરે અબુ ફજલને એ નામનો ખેતાબ આપ્યો હતો.

(૪) 'એફાદત પનાહ' એટલે 'લોકોને આપેલા મુસારા વિગેરેનુ રક્ષણ કરનાર'

(૫) આઈને અકબરી (દફતર બીજુ આઈન ૧૦, બ્લોખમાનની આવૃત્તિ I પા. ૧૯૩) મુજબ રેસાલેદાર તે શાહની દરબારમા એક અમલદાર હતો. તેના ઓહદાને અને તેના દફતરને રેસાલે કહેતા પાદશાહ જે ફર્માનો આપતો તે 'વાકઅ નવીસ' 'વાકઅ' યાને પોતાના વાકઅ-નવીસ તરીકેના દફતરમા નોંધી લેતો પાદશાહે આપેલાં ફર્માનો હુકમો

ચોકીમાં[૧] અને ખાજે મુઅજ્જુદ્દીન હુસએનની વાકઅની નઓબતમાં[૨] વિગત વાર દાખલ થયો છે.

વગેરેની વાકઅ-નવીસની દરરોજની યાદી (રૂજ નામ્ચે) પાદશાહનો એક વિસ્વાસુ દરબારી તપાસતો અને પછી તે પાદશાહની હજુર રજુ કરવામાં આવતી જે તે બાહલ રાખતો. ત્યારપછી બીજો અમલદાર તેની નકલો કરતો અને જે અમલદારોને પાદશાહના હુકમો, ફર્માનો વિગેરે સાથે લાગતુ વળગતું હોય, તેઓને તે નકલ પહોચાડતો. તે ઉપર પરવાનચી, અને મીર અર્જ નામના અમલદારો સહી કરતા એવી સહી સાથેની સત્તાદાર રોજની નોધો (રૂજ નામ્ચે) ને "યાદદાશ્ત" કહેતા. એ યાદદાશ્ત, જે જરા લાબી હોતી, તે ઉપરથી એક ટુક ઈનતેખાબ (ગુજારશી) તૈયાર કરવામા આવતી તે ઈનતેખાબ ઉપર વાકઅ-નવીસ, રેસાલે યાને રેસાલેદાર, મીર અર્જ અને દારોગા નામના ઓહ્દેદારો સહી કરતા એવી રીતના ઈનતેખાબને 'તઅલીક' કહેતા. ત્યારે 'રેસાલે' તે રેસાલેદારના દફતરને કહેછે, કે જે અમલદાર પાદશાહે આપેલા ફર્માનોની યાદદાશ્તના ટુક ઈનતેખાબ ઉપર સહી કરી તેની નોધ લેતો.

(૧) ચોકી એ પણ એક જાતનું દફતર હતું આઈને અકબરી (દફતર બીજુ આઈન ૯, બ્લોખ્માનની આવૃત્તિ વા. I પા ૧૯૨ લીટી ૪ થી ૭. અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા ૧૦૪ નોટ ૨) મુજબ, એ કશ્ક યાને ચોકીબાનો ના વડા અમલદારનુ દફતર હતુ. ઉપલી આઈનમા કહેછે કે '(કશ્ક યાને પોહરો ભરવાને) (આ) વખતની જબાનમાં 'ચોકી' કહેછે તે ત્રણ જાતની હતી ચાર પ્રકારના લશ્કરના સાત ભાગ કરવામા આવ્યા હતા, અને તેમાથી દરેક (ભાગ) દરરોજ મુકરર કરવામા આવતો અને એક બુર્જોગ હોશવાળા અમીરને તેઓ ઉપર સરદાર નેમવામા આવતો. દરબારનો મામલો પિછાનનાર અને રીતભાત જાણનાર એક ધણી મીર અર્જ તરીકે ભાગ્યશાલી નેમનુક પામેછે પાદશાહના સઘળા હુકમો આ બે નામિચા અમલદારોની જાણ સાથે બહાર પડતા એઓ રાત અને દહાડો દૌલતખાના (એટલે મેહેલ) ની નજદીકમા ફર્માન બરદારીમાં રેહેતા અને પાદશાહના હુકમોની ઈનતેજારીમા રહેતા."

આ ફકરા મુજબ ત્યારે લશ્કરની એક ટુકડી હમેશા શાહના મેહેલ આગળ ચોકીબાન તરીકે રેહેતી તેઓનો વડો અમલદાર પોતે એક દફતર યાને નોધ-પોથી રાખતો, જે તેની 'ચોકી' ગણાતી પાદશાહ તેના અમલના દિવસે જે ફર્માનો યા હુકમો બહાર પાડતો, તેની નોધ તેના દફતરમાં પણ લેવાની. હાલના શબ્દમાં કહીએ તો આ અમલદાર પાદશાહનો તે દિવસે ઓહ્દો બજાવનાર લશ્કરી (aide-de-camp) એદ દ કાપ હતો.

(૨) ફા 'નઓબત' એટલે વખત અથવા વારી આઈને અકબરીને

હાશીઆની શરહ વાકઅ નવીસના હાથની છે, મતનની[1] શરહ બદાએો માના કમતરીન મુઆઝુદ્દીન હુસએનના વાકઅની બરાબર છે. બીજી શરહ મુલ્લાં નજરને હાથની છે. જાગીરદારના નામપરની મિલકતમાથી ઇલાહી ગજથી ભરી (ઉપલી જગ્યા) નામ ઉપર કુઇલની ખરીફની[2] ફસલથી ચઢાવી આપવી.

૩૦૦ વીઘા

પારચોલ પરગણામાં[3] એરૂઇના ગામમા	નૌસારી કસ્બાની પેડારામા જે મજકુર જમીન આ વખતની આગમચ મા-હીયારની મદદે મઆશ માટે હતી
૧૦૦ વીઘા	૨૦૦ વીઘા
સહી[4]	સહી

ફર્માનનો તરજુમો ઉપર આપ્યા બાદ, હાશીઆ ઉપર જે સતરો લખીછે તેનો, અને ફર્માનના પાછલાં પડ ઉપર પેહેલી પટી (fold) ઉપર જે લીટી-ઓ લખી છે તેના, અને જુદી જુદી મોહરોની નીચે જે લખાણો છે, તેનો તરજુમો નીચે આપુ છુ. આ તરજુમામા અને હવેપછીના ખુલ્લાસામા હુ સીલો યાને મોહોરોને એક બે ના આંકોથી જણાવુ છુ, કે તે મુજબ ખુલ્લાસો બરાબર મહમજ પડે (તે આંકોમાટે જુઓ પા ૯૮ ઉપર છાપેલી મોહોરોનુ અનુક્રમ)

આધારે ઉપર કહ્યુ તેમ પાદશાહની હજુરમા હમેશા દરરોજ વારાફરતી બે વાકઅ-નવીસો હાજર રેહેતા પાદશાહ ફરમાનો અથવા હુકમો આપે તે વખતે જે વાકઅ નવીસની નઓબત અથવા વારી હોય, તે પોતાના દફતરમા તેની નોધ લે, અને પછી ફર્માન યા હુકમને લગતા દસ્તાવેજ ઉપર સહી કરે કે તે તેના કામની વારી (નોબત) ઉપર હતો, તે વખતે તે ચોકસ ફર્માન, યા હુકમ બહાર પડ્યો હતો તેથી તેનુ દફતર પણ 'નઓબત' ગણાતુ.

(૧) 'મતન' એટલે મૂળ લખાણ (૨) એટલે પાનખર રૂતુ.

(૩) એલીઅટ મુજબ "કેટલાંક પરગણા મળીને એક સરકાર બનેછે" જેરટ (આઇને અકબરીનો તરજુમો II પા ૧૧૪ નોટ) મુજબ "એક સુબાને જુદી જુદી સરકારમા વેંહચી નાખેલી હોય છે અને એક સરકારના કેટલાંક પરગણાં અથવા મહાલ હોય છે" નોસારીના આગગાડીના સ્ટેશનથી આસરે ૨ મેલ ઉપર આવેલુ એક ગામ હાલમાં પણ એરૂના નામથી જણાયલુ છે તે પારચોલના પરગણામા ગણાય છે.

(૪) 'સહ' એ અરબી શબ્દ 'જોયું અને ખાતરીકીધી' (seen and certified) અથવા 'સહી' એટલે બરાબર એવે અર્થે વપરાય છે

(હાશીઆ ઉપરની પેહેલી લીટીનો તરજુમો) તારીખ (રોજ) ૨૯ માહ અસફંદારમજ ઇલાહી સને ૪૦. [1] (એ લીટીની આગમચ ફારસી બે ના આંક છે, તે શા માટે છે, તે બરાબર સહમજ પડતી નથી.)

(હાશીઆ ઉપરની બીજી લીટી) ઇલાહી વર્ષ ૪૧ ના ફરવરદીન મહિનાના પેહેલે દિવસે નકલ લીધી છે

(પાછલા પડની પેહેલી પટી ઉપરની બે લીટીનો તરજુમો.) નવાબ અલ્લામી શેખ અબુ ફજલ, જે એકાદત ને પનાહી આપનાર, ઘણી સત્તા ધરાવનાર અને મરચાઈ અને ગ્યાનમાં આગાહ છે, તેના રેસાલા અને ચોકીમા, અને વાકઅ-નવીસ મુઅજુદદીન હુસએનની નોબતમાં. જોઈ ખાતરી કીધી.

(મોહોર ના ૧ પરના લખાણનો તરજુમો) શાહ અકબરનો મુરીદ[2] ખાન ખાનાન

(મોહોર ના ૨) મીરજા કુકે

(મોહોર ના ૩, ૪, ૫, ૭ અને ૮ ઉકલતી નથી).

(મોહોર ના ૬) કમતરીન બંદો સદરે જેહાન અલ હુસઈની.

(મોહોર ના ૭ ની નીચેની તારીખ) ૭ (?) માહ અસફન્દારમજ ઇલાહી સને ૪૦ ની તારીખે દાખલ કરવામા આવ્યુ

(મોહોર ના ૮ ની નીચેની તારીખ) માહ અર્દીબેહેશ્ત સને ૪૧ ની તારીખે દાખલ કરવામા આવ્યુ (સેવટે એક બે શબ્દો છે જે ઉકલતા નથી)

(મોહોર ના ૯) નજરઅલી બીન હુસએન

(મોહોર ના ૯ ની નીચેની તારીખ) સને ૪૧ ના ફરવરદીન મહિનાની પેહેલી તારીખે લખવામા આવ્યુ (મર્કુમ શુદ)

(મોહોર ના ૧૦) દુઆ ગુજારતો બંદો હુસએન કમાલુદદીન

(મોહોર ના ૧૦ ની નીચેની તારીખ) ઇલાહી સને ૪૦ ના અસફન્દારમજ મહિનાની ૨૯ મી તારીખે વાકેફ થવામાં આવ્યુ.

(મોહોર ના ૧૧) બંદો હુસએન કમાલુદદીન.

(મોહોર ના ૧૧ ની નીચેની તારીખ) ઇલાહી સને ૪૦ ના અસફન્દારમજ મહિનાની ૨૯ મી તારીખે લખવામાં આવ્યુ

પેહેલા ફર્માનનો તરજુમો આપી હવે આપણે એ ફર્માન ઉપરની મોહોરો તપાસીએ ફર્માનની ઉપર પેહેલવેહેલ પાદશાહની મોહોર છે

---

(૧) ઉપર ફર્માનમા હાશીઆ ઉપરની સરેહ માટે કહેવામા આવે છે, કે તે "વાકઅ નવીસના હાથની છે," તે કદાચ આ હાશીઆ પરની નોંધ હોય

(૨) મુરીદ એટલે ચેલો અથવા શિષ્ય

અબુ ફ્જલ પાદશાહની મોહોર માટે જે જગ્યા જણાવે છે, ત્યાંજ એ મોહોર છે. તે કહેછે કે "પાદશાહની મોહોર ફ્રમાનના મથાળા ઉપર તોગ્રા(૧) લીટીઓની ઉપર મારેલી હોય છે (૨)" એ લખવા મુજબ આપણી તપાસવાળા ફ્રમાન ઉપર પાદશાહ અકબરની મોહોર બરાબર ફ્રમાનના મથાળા ઉપર છે, અને જ્યાં પાદશાહનો ખેતાબ અને નામ વિગેરે લખેલાં છે તે ઉપર છે.

હવે પાદશાહની મોહોરના આકાર બાબે અબુફ્જલ પોતાની આઇને અકબરી (દફ્તર પેહેલું આઇન ૨૦) માં પાદશાહી મોહોર (નગીને શાહનશાહી) માટે નીચે મુજબ કહેછે.

"(અકબરના) રાજ્યની શરૂઆતમાં મોહોર કોતરનાર મઓલાના મકસુદ કામ કરતો હતો તેણે પોલાદની સપાટી ઉપર ગોળ આકારમા રીકા(૩) હરફે નામદાર પાદશાહના અને તેમુરલગ સુધીના તેના નામાંકિત વડવાઓનાં નામો કોતરતો હતો, અને ત્યારપછી તેણે બીજી એ મુજબની મોહોર નસ્તાલીક હરફે ફકત પાદશાહના નામ સાથે કોતરી . નાની ગોળ મોહોર ઉઝુકના (ચગતાઇ) નામથી ઓળખાય છે અને તે ફ્રમાને-સબ્તી માટે વપરાય છે. મોટી મોહોર, જેમા તેણે પાદશાહના વડવાઓના નામો કોતર્યાં છે, તે પેહેલે પારકા રાજાઓ ઉપરના કાગળોમાંજ વપરાતી હતી, પણ હાલ બેઉ કામમા રૈનક આપે છે" (આઇને અકબરી બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૪૭ લીટી ૧૮ પા. ૪૮ લીટી) આપણી તપાસવાળા ફ્રમાનમા અને હવે પછી તપાસીશું તે બીજા ફ્રમાનમા ઉપલી મોહોટી મોહોર, જેમા પાદશાહના વડવાઓના નામો કોતરેલા છે, તે વપરાયલી છે

એલફીનસ્ટન પોતાની હિંદુસ્તાનની તવારીખમાં(૪) અકબરના વડવાઓના નામો તેમુરલગથી ઊતરતા નીચે મુજબ આપે છે તેમુર-મીરાન શાહ હુસએન-મોહમદ મીરજા અબુ સઇદ-ઓમરશીખ-બાબર-હુમાયુન-અકબર

---

(૧) શ્તાઇનગાસના કહેવા પ્રમાણે "કાગળો, બખશેશના ફ્રમાનો અને બીજા જાહેર લખતો ઉપર પાદશાહી ખેતાબો સુંદર શોભિતા દસ્તખતે લખેલાં હોય છે તે લખાણને તોગ્રા કહેછે"

(૨) આઇને અકબરી બ્લોખ્માનનો તરજુમો વા I પા ૨૬૪, તેક્સ્ટ I પા ૧૯૫ લીટી ૨૫ અસલ ફારસી લખાણ માટે જુઓ પાનું ૧૦૬

(૩) રીકા એ લખાણની એક ચોકસ રીતી છે

(૪) કોવેલે પ્રગટ કરેલી પાચમી આવૃત્તિ (૧૮૬૬ની) પા ૭૭૩

આ ટીપ મુજબ તેમુરથી અકબર સુધી આઠ પાદશાહો થયા છે આપ-ણી તપાસવાળા ફર્માનની ગોળ મોહોટી મોહોરમાં પણ આઠ કુડાળાં છે, અને તે દરેકમાં ઊપલા આઠ પાદશાહોમાંના એકનું નામ છે. વચમાંનું કુડાળું મોટું છે અને તેમાં ખુદ અકબરનું પોતાનું નામ છે. આ ફર્માનનો હસ્તલેખ ઘણો પુરાણો થવાથી તેનો ફોટો અને ફોટો-લીથો જેવો આપણે ઇચ્છીએ તેવો નીકળ્યો નથી. પણ ફર્માનના અસલ દસ્તાવેજમા એક મોહટું દેખાડનાર કાચ (magnifying glass) ની મદદથી– જો કે થોડીક મુશ્કેલીથી—એ નામો આપણે ઉકલાવી શકીએ છીએ

પાદશાહનું નામ મધ્ય કુડાળામા જલાલુદ્દીન મહમદ અકબર બાદશાહ છે. એ નામ નીચેથી ઊપર વચાય છે તેના નામના કુડાળાની બરાબર ઉપર તેના વડવા તેમુરના નામનું કુડાળુ છે. તેમાં "એબને તેમુર સાહેબે કેરાન" શબ્દો છે. 'સાહેબે કેરાન' એ તેમુરનો એક ખેતાબ હતો એબને શબ્દ, જેનો અર્થ છોકરો થાય છે, તે અકબર સિવાય સઘળાં નામો સાથે વપરાયો છે. એની મતલબ આ કે પેહેલે નામ દીધેલો પાદશાહ, તેની પછી નામ દીધેલા પાદશાહનો છોકરો થાય એ મુજબ એક પછી એક તેમુર સુધી છે જેમ હાલમા ગોળ મોહોરોમાં અને મોનોગ્રામ (monograms) ના સુંદર લેખોમા લોકો પોતાના નામો અથવા નામની ટુંકી નિશાનીઓ પોતાને પસદ પડતી શોભિતી રીતીએ છપાવેછે, તેમ આપણે ઉપલી મોહોરમા અને તેના નામોના સબંધમા જોઇએ છીએ તેમુરના નામના કુડાળામા તેનું નામ નીચેથી વાંચતા "એબ્ને અમીર તએમુર સાહેબે કેરાંન" એ મુજબ છે

મથાળા ઉપરના તેમુરના નામવાળા કુડાળા ઉપરથી ડાહબી બાજુએથી નીચે આવતા આપણે એક પછી-એક એની ઉતરની પેહેડીના નામો જોઇએ છીએ ટોચ ઉપરથી નીચે આવતા ડાહબી બાજુએ પહેલાં કુડા-ળામા આપણે "એબ્ને મીરાનશાહ" એ મુજબ નામ વાચીએ છીએ એ એલફીનસ્તનની તવારીખ પ્રમાણે નો "મીરાન શાહ હોસએન" છે, જે તેમુરનો છોકરો થાય તેની પછીનું નામ નીચે ઉતરતાં "એબ્ને સુલતાન મહમદ મીરજા" છે. ત્યાર પછી નીચે "એબ્ને સુલતાન અબુસેયદ" નામ આવે છે. આ સર્વ છેલ્લાં ત્રણ નામોમા 'એબન' શબ્દ દરેક નામને નીચેથી સરૂ કરેછે અને તે શબ્દની ઉપર 'સુલતાન' શબ્દ છે પછી ની-ચેથી જમણી બાજુએ ઉપર જતાં આપણે "એબ્ને ઊમર શેખ મીરજા" નામ જોઇએ છીએ. પછી ઉપર ચહડતા "એબ્ને બાબર બાદશાહ" અને "એબ્ને બાદશાહ હુમાયુન" ના જાણીતાં નામો જોઈએ છીએ એ

મોહોરમાં એ નામોનો બરાબર સીલસીલો નીચે મુજબ છે જલાલુદીન મહમદ અકબર બાદશાહા—એઓને હુમાયુન બાદશાહ (એટલે જે બાદશાહ હુમાયુનનો છોકરો)—એઓને બાબર બાદશાહ—એઓને ઊમ્મર શેખમીરજાં—એઓને સુલતાન અબુ સયદ—એઓને સુલતાન મહમદ મીરજાં—એઓને મીરાન શાહ—એઓને અમીર તએમુર સાહેબે કેરાન. આ દસ્તાવેજ પુરાણો હોવાથી કેટલાક નામો ઉકલાવવા મુશ્કેલ છે

હવે આપણે દસ્તાવેજની સેવટે જુદા જુદા અમલદારોએ પોતાની જે મોહોરો મારીછે તે તપાસીએ હાલમા જેમ સહીઓ થાયછે, તેમ તે વખતે મોહોરો થતી હતી અબુ ફજલ આઇને અકબરી (બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૪૭ લીટી ૧૭, ૧૮) મા કહે છે તેમ સર્વને મોહોરની જરૂર હતી બલોખમાન કહે છે કે "જેમ આપણે દસ્તાવેજો ઉપર સહી કરીએ છીએ તેમ પૂર્વભણીના લોકો પોતાના નામની તે ઉપર મોહોર મારતા' ' (બ્લોખ્માનની આઇને અકબરીનો તરજુમો વા. I પા ૫૨ નોટ ૨)

આ દસ્તાવેજ ઉપર પાદશાહની મોહોર ઉપરાત બીજી ૧૧ મોહોરો છે એ અગ્યારમાથી ૬ વધતી કે ઓછી ઉકેલાઈ શકે એવી છે, અને ૫ નહીં ઉકેલાઈ શકે એવી છે મોહોરો મારવાની રીત અને મોહોરો ઉપરના નામો બાબે કેટલાક ખુલ્લાસાની જરૂર છે એ ખુલ્લાસો વાંચનાર બરાબર સમજે તે માટે ફર્માનની છાપેલી નકલમા મેં મોહોરના કુડાળા ઊપર અગ્રેજીમા ચઢ ઉતર આંકો મુક્યા છે મોહોરોની જગ્યા બરાબર કહ્યા છે તે ફોટો લીથોગ્રાફ કરેલી નકલમા જોવાથી બરાબર માલુમ પડશે

પેહેલ વેહેલા આપણે જોઇએ છીએ કે ૩૦૦ વીઘા જમીન કહ્યા આવીછે તે જણાવવા પછી ફર્માનના દસ્તાવેજને ઊલટાવવામાં આવ્યો છે, એટલે કે મોહોર મારનારાઓ તે દસ્તાવેજને નીચેથી ઉપર ઉલટાવે છે અને પછી પોતાની મોહોરો મારે છે, અને પોતાના દફતરોમા તે દસ્તાવેજ ક્યારે નોંધ્યો છે તેની તારીખો નોંધેછે (જુઓ ફોટો-લીથો-ગ્રાફ કરેલી નકલ) એ મોહોરો દસ્તાવેજના એમ ઉલટાવેલા રૂપમા કેમ મારેલી હોયછે તેનો સબબ આઇને અકબરીના બીજા દફતરની ૧૨ મી આઇનના નીચલા ફકરામાં સમજાવેલો મળેછે, કે જયાં કહેછે, કે મોહોરોને ફર્માનના દસ્તાવેજોની ઘડી (શેકનજી) ના અનુક્રમમાં મારવામા આવતી હતી. તેથી જો આપણે એ દસ્તાવેજને, જેમ તે શરૂ થાયછે તેમ, આપણા હાથમાં ધર્યે તો પેહેલી ઘડી દસ્તાવેજની બીજી અથવા પાછલી

બાજુને તળીએ આવે, કે જ્યાં આપણે મુખ્ય અમલદારોની મોહોરો જોઈએ છીએ. આ બાબે આઇને અકબરીમાં નીચે મુજબ ફકરો છે (આઇને અકબરી બ્લોખમાનની આવૃત્તિ વા. I પા. ૧૯૫ લીટી ૧૯ થી ૨૬).

"ફર્માન અને પરવાનચે અને બરાતને નીચેથી લઇને તેની કેટલીક ઘડીઓ કરવામાં આવેછે. પેહેલી ઘડી, જે થોડી પોહળી છે, ત્યાં કીનારી ઊપર લાગત પછવાડે, જે જગ્યાએ કાગળ કાપવામા આવે છે ત્યા, વકીલની મોહોર થાય છે, અને તેની સામે જરા તેની મોહોરની નીચેથી મુશારરફે દીવાનની મોહોર હોય છે, તે એવી રીતે કે, અર્ધી બીજી ઘડી ઊપર આવેછે તેજ મુજબ જરા તેનીથી વધારે નીચે સદરની મોહોર હોય છે. પણ શેખ અબદુલ નબી અને સુલતાન ખાજે, (જ્યારે સદર હતા, ત્યારે) વકીલની બગબર (એટલે સામે એક હારમા) પોતાની મોહોર મારતા હતા તે ઘડીની અધવચમા, તે ધણીની (મોહોરની) જગ્યા હોય છે, કે જેનો ઓરધો વકીલના ઓહ્દા પછીનો હોય છે..... ..અને દીવાન અને બખશી બીજી ઘડીની બહાર જતા નથી (એટલે મોહોર મારતા નથી) અને દીવાન અને બખશીએ જુજ અને દીવાને બયુતાત ત્રીજી (ઘડી) પર (મોહોર મારે છે) મુસ્તઓફી ચોથી ઘડી ઉપર અને સાહેબે તઓજીએ પાચમી (ઘડી) ઊપર (પોતાની મોહોર મારેછે) અને પાદશાહની મોહોર તોગ્રા (લીટીઓ)ની ઊપર ફર્માનને સીંગાર આપેછે"

જૂદા જૂદા અમલદારો પોતાની મોહોરો પાદશાહી દસ્તાવેજો ઊપર કયા મારતા હતા, તેનો આ સામાન્ય ખુલ્લાસો છે તે ફર્માન, પરવાનચે અને બરાત (નાણાસબધી ફર્માનો)ને લાગુ પડે છે તેથી દિસેછે કે સઘળા અમલદારો સઘળા દસ્તાવેજો ઊપર સહી કરતા હતા નહીં.

હવે આપણે આપણી તપાસવાળા ફર્માન ઊપરની મોહરોની જગ્યા અને સહી કરનારાઓનાં નામો તપાસીએ

પેહેલ તો પેહેલી ઘડી ઊપર વચ્ચોવચમા આપણે બે લીટીઓ જોઇએ છીએ, જેમા કહેછે, કે એ ફર્માન અબુ ફજલના રેસાલામા અને ચોકીમાં નોધવામા આવ્યું છે અબુ ફજલ એ વખતે રેસાલા અને ચોકીને લગતો અમલદાર હોવો જોઇએ. વળી આઇને અકબરી (દફતર II આઇન ૧૯) નો નીચલો ફકરો ખુલ્લાસો કરેછે, કે અબુ ફજલને બીજા શા સબબે કેટલીક વખતે જાગીરની બખશીશોની નોધ લેવી પડતી હતી (બ્લોખમાનની આવૃત્તિ I પા ૧૯૯ લીટી ૬ થી ૧૦)

"અમન અને આસુદગી જાહેર થવાથી (એટલે દેશમાં સામાન્ય સુલેહ પથરાયાથી જમીનદારો) પોતાની જમીનોમાં બાગો બનાવી મોટો નફો મેળવવા લાગ્યા. (આ ઊપરથી) સલતનતના અમલદારોને, લોભે, અને (જમીનદારો માટે) કેટલી આવક પુરતી છે તેના ખ્યાલે, કર માગવા તરફ લલચાવ્યા. પાદશાહ તેથી ગુસ્સે થયો અને ફરમાવ્યું કે (વધુ નફો) બખશીશ કરે. અને જ્યારે માલુમ પડ્યુ, કે ૧૦૦ વીઘા અને વળી તેથી પણ કમતી જમીનના માલિકો (લાંચ આપવાના) અપ્રમાણિકપણાથી ખરડાયલા છે, ત્યારે ફર્માવ્યું કે મીર સદર જેહાને એવા શખસોને પાદશાહ હજુર રજુ કરવા અને ત્યારપછી એમ નક્કી કરવામા આવ્યું કે સદરે આ લખનારની સલાહથી શરર્ફનામાને (એટલે જમીનની બખશેશોને) વધતી યા ઓછી કરવી."

આ ફકરો ત્યારે દેખાડે છે કે જમીનની બખશેશોની બાબતમા ઊપલો ફકરો લખનારની, એટલે અબુફજલની સમતી લેવાની જરૂર હતી.

ઊપલીજ બે લીટીઓમાં વધુ નોધ આપણે આ જોઇએ છીએ, કે એ ફર્માનની નોધ વાકઅ નવીસ મુઅજ્જુદદીન હુસએનની નઓબતમા (યાને તેની વારી યા વખતની યાદીમા) નોધવામા આવી છે આઇને અકબરી (દફતર II આઇન ૧૦) નો વાકઅનવીસ બાબેનો નીચલો ફકરો આપણને સમજાવે છે, કે વાકઅનવીસ અમલદાર તે કોણ હતો, અને તે જમીનની બખશેશોની નોધ શા કાજે લેતો, અને આપણી તપાસ-વાળા ફર્માનમાં એમ શા કાજે લખવામાં આવ્યુ છે, કે તે તેના દફતરમાં નોધવામાં આવ્યું છે. (બ્લોખમાનની આવૃત્તિ I પા. ૧૯૨ લીટી ૨૦ આઇને વાકઅનવીસી)

"ચૌદ મોટી નજરના સારી કલમવાળા કીર્તિવત લખનારાઓને મુકરર કરવામાં આવ્યા છે, અને દરરોજ બે જણ કામપર લાગેછે,[1] અને થોડા દહાડા પછી એકેકની નોબત (વારી) આવે છે......... પાદશાહનાં ફર્માનો અને કામો તેઓ લખી લે છે અને સલતનતના અમલદારો જે જે ખબરો પહોંચાડે છે, તે તેઓ લખી લે છે. પાદશાહનું ખાણુ અને પીણુ સુવું અને ઊઠવું, ઊભુ થવું અને બેસવું, પોતાના જનાનખાનામાં જવું, બારગાહે ખાસ અને આમમાં જવું, શેકારની હકીકત, જાનવરોને મારવાં, તેણે કુચકરવી, અને તેણે મુકામ કરવો.........મનસબ, માહીઆને

---

(૧) બ્લોખમાન કહેછે તેમ, એક દહાડે પેહેલો ને બીજો, તો બીજે દહાડે બીજો ને ત્રીજો વાકઅનવીસ, એમ તેઓ કામ કરતા હોવા જોઈએ

વા જાગીર આપવી, ...ફર્માનો ઉપર પાદશાહે મોહર કરવી (ફર્માન બ મોહરે અકદસ રસીદન),......... (એ સઘળાંની તેઓ નોધ લેછે)................(પાદશાહના) આગાહ-દેલ અને રાસ્ત મનશાનીના બંદાઓમાંથી એક જણની સલાહ લેવા પછી આ દાનાવ મરદો (એટલે વાકઅ નવીસો) નુ રોજનામું (એટલે પાદશાહના દરરોજનાં કામની હકીકતની નોધ) પાદશાહના કાન ઉપર લાવવામાં આવેછે (એટલે તેની આગળ વાંચી સભળાવવામાં આવેછે) અને તેની બાહાલીનો છાપ[1] મેળવેછે તે લખનાર તે બનાવની હકીકત લખેછે અને તે ઉપર પોતાની મોહોર કરેછે અને જે ધણી તે માગેછે તેને આપેછે અને તે ઉપર પરવાનચી અને મીરઅર્જ (નામના અમલદારો) મોહોર કરેછે અને પછી તે ધણી, કે જેની જાણમા તેણે (એટલે તે લખાણે પાદશાહની) બાહલી મેળવેલી, તે ધણીની મોહોરથી તે દસ્તાવેજ મજબુત થાયછે. તે (લખાણ) ને તે વખતે "યાદદાશ્ત" કહે છે. વળી કેટલાક રોશન બેઆનના અને રાસ્તીવાળા ખુશ દસ્તખત લખનારા જૂદા નેમેલા હોયછે. તેઓ જ્યારે એ યાદદાશ્ત તમામ થાયછે ત્યારે લેછે અને પોતા પાસે રાખેછે અને તેનો તેની મકસદ મુજબનો ખુલ્લાસો (ગુજારશી એટલે ટુંક સાર) લખી કાઢેછે અને પોતાની મોહોર સાથે તે (યાદદાશ્ત) ને બદલે આપેછે. તે ઉપર વાકઅ-નવીસની મોહોર અને સહી અને રેસાલે અને મીર અર્જ અને દારૂગાનો સિક્કો પડેછે. આ લખાણ (એટલે ઉપલા ટુંક સાર) ને તઅળીકે અને તેના લખનારને તઅળીકે-નવીસ કહેછે ત્યાર પછી ઉપર કહેવા મુજબની રીતે રાજ્યના બીજા મોટા અમલદારોની તે ઉપર મોહોર થાયછે."

હવે આપણે એ પેહેલા ફર્માન ઉપરની મોહોરો તપાસીએ

મોહોર ૧ લી.—ઉપર વર્ણવેલી ચોકી, વાકઅ-નવીસ અને રેસાલેદારની નોધની બે લીટીઓની જમણી બાજુએ છેક નાકેથી આપણે સર્વથી પેહેલે જે મોહોર જોઈએ છીએ, તે ઉપર "મુરીદે શાહ અકબર ખાન ખાનાન" એમ ખુલ્લું નામ વાંચીએ છીએ. આ મોહોરના સબધમા આઈને અકબરી (બ્લોખ્માનની આવૃત્તિ વા. I પા. ૧૯૫ લીટી ૧૯-૨૦) ના ઉપર આપેલા ફકરામા જે નીચલો ફકરો આવ્યો છે તે ખાશ નોધવો જોઈએ, કે "નખુસ્તીન લખ્તી કમ-પેહનાં બર કેનારે પુશ્ત પએવસ્ત જાઈ કે કતઅ કુનન્દ મોહરે વકીલ શવદ" એટલે "પેહેલી ઘડી જે થોડી

---

(૧) [illegible] rouge for the face અસ્તર અથવા પડ

પીછલીછે તેની કીનારી ઉપર લાગત પછવાડે જે જગ્યા એ કાગળ કાપવામાં આવેછે ત્યાં વકીલની મોહોર થાયછે"

હાલની તપાસવાળું પેહેલું ફર્માન અને હવે પછીની તપાસવાળું બીજુ ફર્માન, જે બેઊ અસલ ફર્માનો હાજર કરવામા આવ્યા છે, તે બેઊમા આપણે જોઇએ છીએ કે ફર્માનોની હેઠને છેડે (જે છેડો નીચેથી ઘડી કરતાં પેહેલી ઘડી બનેછે) જમણા હાથના ખુણામા કાગળનો થોડો ભાગ કાપવામા આવેલોછે, અને બરાબર જ્યા કાગળ કાપેલોછે ત્યા કીનારીએ ખાન ખાનાનની મોહોર છે, કે જે ખાન ખાનાન આ ફર્માનને વખતે (હીજરી ૧૦૦૩ મા) રાજ્યનો વકીલ હતો આ કાપેલો ભાગ ફોટો-લીથોમા દેખાડી શકાયો નથી કારણ કે તે તો ફર્માનોના લખેલા ભાગનો ફોટો છે, પણ અસલ ફર્માન જોવાથી તે ઝટ સમજ પડેછે

આ ખાન ખાનાન માટે આઇને અકબરી ઉપરથી આપણને નીચલી હકીકત મળેછે.

ફર્માનમાં આપણે એની મોહોર ઉપર "મુરીદે અકબર શાહ ખાન ખાનાન," એટલે "અકબરશાહનો ચેલો ખાન ખાનાન" એમ નામ વાંચીએ છીએ એનું આખુ નામ "ખાન ખાનાન મીરજા અબ્દુર રહીમ" હતું જ્યારે તેના બાપ બેહરામ ખાનનું ખુન કરવામા આવ્યું હતું ત્યારે તે નાનો બાળક હતો અકબરે તેને પોતાને સ્વાધિન લીધો હતો. બદએોની પ્રમાણે તેણે જે ફતેહો મેળવી હતી તેને માટે હીજરી ૯૯૨ મા તેને ખાન ખાનાનનો ખેતાબ આપવામા આવ્યો હતો. અકબરના રાજ્યના ૨૫ મા વર્ષે તેને મીર અર્જ નેમવામા આવ્યો હતો અને ૩૪ મે વર્ષે વકીલ નેમવામા આવ્યો હતો તે હીજરી ૧૦૩૮ મા ગુજર્યો હતો અબુ-ફજલ પોતાની આઇને અકબરી (દફતર બીજુ આઇને ૩૦ બ્લોખ્માનની આવૃત્તિ I પા ૨૨૨) મા અકબરની દરબારના મોટા માણસો (બુજોર્ગાને જાવીદે દઔલત) ની જે ટીપ આપેછે, તેમા એનું નામ (ના ૨૯ પા ૨૨૩) પણ એક જાણીતા દરબારી તરીકે આપેછે.

મોહોર ૨૭.-ચોકી અને રેસાલેદાર તરીકેની અબુ ફજલની અને વાકઅ-નવીસ તરીકે મુઅજુદ્દીનની નોંધની ઉપલી બે લીટીઓની જમણી બાજુએ અને ખાન ખાનાનની ઉપલી મોહોરની જરાક ડાહાબી બાજુએ જે બીજી મોહોર છે તે મીરજા કુકાહની છે. તે નામ અસલ ફર્માન ઉપર ખુલ્લુ વંચાયછે. એ ધણી માટે અને અકબરના રાજ્યમાં તેણે જે જૂદા જૂદા ઓહ્દાઓ ભોગવ્યા હતા તે બાબે આપણને નીચલી હકીકતો મળેછે.

તેનું આખુ નામ "ખાને આજમ મીરજા અજીજ કુકાહ" છે. તે અકબરનો ઘણો માનીતો હતો. અબુ ફજલ, ઊપર જણાવવા મુજબ, આઇને અકબરીમા અકબરના મોટા દરબારીઓની જે ટીપ આપેછે તેમાં એનુ પણ નામ છે (ના ૨૧). અકબરના રાજ્યના ૩૪ મા વર્ષે તેને ગુજરાતનો હાકમ નેમવામાં આવ્યો હતો તેના રાજ્યના ૩૯ મા વર્ષે તે મકકે હજ કરવા ગયો હતો. હીજરી ૧૦૦૩ ના શાલની શરૂઆતમા તે અકબરને પાછો આવી મળ્યો હીજરી ૧૦૦૪ માં તેને રાજ્યનો વકીલ નેમવામા આવ્યો હતો "આજમખાન"નો ખેતાબ તેને પછવાડેથી આપવામાં આવ્યો હતો (એની હકીકત માટે જુઓ બ્લોખ્માનનો આઇને અકબરીનો તરજુમો વા I પાના ૩૨૫-૩૨૭)

હવે મીરજા કુકાહ આ ફર્માન ઊપર કયા ઓહ્દાની રૂએ સહી કરે છે? તે વકીલના ઓહ્દા પછીના ઓહ્દેદાર તરીકે અથવા હાલના શબ્દોમા બોલીએ તો મદદનીશ વકીલ તરીકે સહી કરે છે આઇને અકબરીના બીજા દફતરની ૧૨ મી આઇનમાથી આપણે ઊપર (પા ૩૧૨) જે એક ફકરો ઉતાર્યો છે, તેમાં જણાવ્યું છે કે "તે (પેહેલી) ઘડીની અધવચમા તે ધણીની (મોહોરની) જગ્યા હોય છે, કે જેનો ઓહ્દો વકીલના ઓહ્દા પછીનો હોય છે" એમ સહી કરવાના દાખલા તરીકે અબુ ફજલ ઊપલીજ આઇનમા ઉપલા ફકરા પછી જણાવે છે, કે "જે મુજબ મુનીમખાન અને અદહમખાનના વખતમા અટકેખાન સહી કરતો હતો" અબુ ફજલ આઇને અકબરી (દફતર બીજુ આઇન ૨૯ બ્લોખ્માનની આવૃત્તિ વા I પા ૨૩૨ લીટી ૭-૮) મા અકબરના રાજ્યના વકીલોની ટીપ નીચે મુજબ આપેછે,—બએરામખાન-મુનીમખાન અટકેખાન-બહાદુરખાન-ખાજે જેહાન-ખાનખાનાન મીરજાંખાન—અને ખાને આજમ મીર્જા કુકેહ

હવે એ ટીપ ઊપર નજર કરતા દિસેછે, કે જેમ અબુફજલ ઊપર દાખલો જણાવે છે તેમ, જ્યારે મુનીમખાન અને અદહમ ખાન(૧) વકીલો હતા, ત્યારે

---

(૧) અબુફજલ પોતાની ટીપમા અદહમખાનનુ નામ આપતો નથી. તે એની દેખીતી ભુલ છે, કારણ કે તે ઊપલા ફકરામા ખુલ્લુ કહેછે કે તેણે અને મુનીમખાને વકીલ તરીકે કામ કર્યું હતુ મુનીમખાન, બએરામખાન પછી રાજ્યનો વકીલ થયો હતો (બ્લોખ્માનનો આઇને અકબરીનો તરજુમો I પા. ૩૨૩) તેથી એ અદહમખાન, મુનીમખાન પછી રાજ્યનો વકીલ થયો હતો બ્લોખ્માન (તરજુમો પા પ૨૭ નોટ ૧) જણાવે છે કે અબુફજલની ટીપ ભુલભરી હતી.

અતકેખાન વકીલથી ઊતરતા ઓહ્દેદાર તરીકે સહી કરતો એ અતકેખાન તેઓ પછી પોતે ઊપલી ટીપ મુજબ વકીલ થયો હતો. એ ઊપરથી દિસે છે, કે જેઓને વકીલ પછી વકીલાતપર આવનારા ઊમેદવાર ગણવામા આવતા, તેઓ વકીલ પછીના તુરતના ઊતરતા ઓહ્દેદર ગણાતા એ મુજબ મીરજાં કુકેહ જે ખાનખાનાન પછી તુરત વકીલ થયો હતો તે આ પેહેલા ફર્માનમા તેનાથી ઊતરતા ઓહ્દેદાર તરીકે આઇને અકબરીમાં બરાબર એ ઓહ્દેદાર માટે જણાવેલી જગ્યાએ સહી કરે છે આપણે જોઈશું કે બીજાં ફર્માનની વખતે તે વકીલને ઓહ્દે ચહડ્યો હતો તેથી તે ફર્માનમાં તે ખાનખાનાનવાળો વકીલની જગ્યાએ પોતાની મોહોર કરે છે.

મોહોર ૩ જી—એ ઊપરનું નામ મુદલ વચાતું નથી

મોહોર ૪ થી અને ૫ મી—એ બેઊ પણ ઊકલતી નથી ઊપર જણાવેલી બે લીટીઓ, કે જેમા જણાવ્યુ છે કે ફર્માન શેખ અબુ ફજલની ચોકીમાં અને વાકઆનવીસ મુઅજ્જુદ્દીન હુસએનની વાકઅમા નોંધ્યુ છે, તે લીટીઓની બરાબર નીચે એ મોહોરો છે. તેથી તેઓ એ બે અમલદારોની મોહોરો દિસે છે એ બે મોહોરોમાની પેહેલી એટલે ના ૪વાળી મોહોર ઊપર 'શેખ' શબ્દ જરા ઊકલે છે. કદને મોટું બતાવનાર એક કાચ (a magnifying glass) ની મદદથી એ શબ્દ વધારે ખુલ્લો દિસેછે. તેથી એ શેખ અબુફજલની મોહોર હોય એમ દિસેછે એ બેમાની બીજી મોહોર (ના ૫) વાકઆનવીસ મુઅજ્જુદ્દીનની હોય

મોહોર ૬ ઠી—ઉપર જણાવેલી બે લીટીઓની ડાહબી બાજુએ, અને ખાનખાનાન અને મીરજા કુકેહની મોહોરોની સામી બાજુએ, એક મોહોર છે, જે ઉપરનું લખાણ થોડું ખુલ્લું છે અને ઊકલી શકેછે. તે "અલ-હુસએની મદ્ર જેહાન કમતરીન બનદે" એટલે "કમતરીન બન્દો સદ્ર જેહાન અલ હુસએની" છે. એ મોહોર બાબેની ઊપર જણાવેલી આઇનમા આપણે વાંચ્યું કે (જુઓ ઊપર પા ૩૧૨) જ્યાં "વકીલની મોહોર થાય છે, તેની સામે, જરા તેની મોહોરની નીચેથી, મુશરફે દીવાનની મોહોર હોયછે, તે એવી રીતે, કે અર્ધી બીજી ઘડી ઊપર આવેછે. તેજ મુજબ જરા તેનાથી વધારે નીચે સદરની મોહોર હોય છે." ત્યારે આપણી તપાસવાળી આ મોહોર, જે ઊપર "સદર જેહાન" નું નામ છે, તે આઇને અકબરી મુજબની ઊપર જણાવેલી સદરની મોહોર છે. ઊપર સદરની મોહોરની જે જગ્યા દેખાડી છે ત્યાંજ આપણી તપાસવાળા ફર્માનમાં એ મોહોર આવી છે.

સદર એ રાજ્યનો મોટો અમલદાર હતો. અબુલફજલ આઇને અકબરી (દફતર બીજું આઇન ૧૯ બ્લોખ્માનની આવૃત્તિ વા. I પા ૧૯૮ લીટી ૮.) માં કહેછે, કે "(જે ધણીઓને બખશીશો આપવાની હોય, તે) ધણીઓની હાલતની તપાસ કરવી અને તેઓની આરજુનાં અંદાજાની તપાસ કરવી એ એક ઘણુ મોટુ કામ છે તેથી એ ઓહદા ઉપર એક નેક હેતુના અનુભવિ માણસની નેમનુક કરવામા આવેછે, કે જેના શબ્દો અને કામની પેશાની (એટલે દેખાવ) ઉપર તમામ સુલેહ અને આમ લોકો સાથેની મેહરબાની અને હમેશાનો દબદબો પ્રકાશતો હોય. એવા (અમલદાર)ને સદર કહેછે. કાજી અને મીરઅદલ તેના હુકમો હેઠળ હોયછે" બ્લોખ્માન કહેછે કે સદર, જેને ઘણુ કરીને સદરે જેહાન કહેતા, તેનો દરજ્જો અકબરના વખતમા શાહનશાહતમા ચોથો ગણાતો હતો[1]

આ ફર્માનની વખતે એટલે શાહ અકબરના રાજ્યના ૪૦ મા વર્ષે (હીજરી ૧૦૦૩ મા), જે ધણી સદર અથવા સદરે જેહાન હતો, તેનુ નામ પણ એતેફાકથી 'સદરે જેહાન'જ હતું. એ સબબે આપણે સદરની મોહોરની જગ્યા ની મોહોર ઉપર "સદરે જેહાન" નામ જોઇએ છીએ. અબુલફજલે આઇને અકબરી (દફતર બીજુ આઇન ૩૦ બ્લોખ્માનની આવૃત્તિ પા ૨૩૨ લીટી ૧૫) મા શાહ અકબરના વખતના સદરોની જે ટીપ આપીછે, તેમા આપણે એ સદરે જેહાન નામના સદરનુ નામ છેલ્લુ જોઇએ છીએ તે હીજરી ૯૯૭ માં ઓહદા ઉપર આવ્યો હતો અને જેહાંગીરના રાજ્યમાં પણ એ ઓહદા ઉપર ચાલુ રહ્યો હતો.

મોહોર ૭ મી—આ મોહોર તદન ઉકલતી નથી તે કદાચ મુશરીફે દીવાનની મોહોર હોય, કે જેને આઇને અકબરીનો મોહરો બાબેનો ઉપર આપેલો ફકરો, પેહેલી ધડીમા સદરની મોહોરની હારમાની જગ્યા આપેછે. આપણા ફર્માનમા એ મોહોર સદરની મોહોરની ધડી ઉપરજ અને તેનીજ લીટીમા અને તેની ઘણી નજદીકમાંજ આપણે જોઇએ છીએ જ્યારે આઇને અકબરીમા મુશરીફે દીવાનની મોહોર માટે જે જગ્યા જણાવી છે, તેજ જગ્યામાં આ મોહોર છે, ત્યારે સભવિત દિસેછે, કે એ મુશરીફે દીવાનની મોહોર છે. એ મોહોર ઉપર એક શબ્દ વચાય છે અને તે 'જહાન' છે, પણ ફકત આ શબ્દ આપણને એ ધણી કોણ હતો અને આ મોહોર કોણની હતી તે નક્કી કરવામાં મદદ કરતો નથી

---

(૧) શાહનશાહતના ચાર મુખ્ય અમલદારો નીચલા હતા — ૧ વકીલ અથવા વડો પ્રધાન. ૨ વઝીર અથવા મેહેસુલી પ્રધાન. ૩ બખશી અને ૪ સદર.

મોહોર ૮ મી.—આ મોહોર મુદલ ઊકલતી નથી તે ઊપરના એક પણ શબ્દ યા હરફ ઊકલાવી શકાતો નથી એ મોહોર મારવાની તારીખ ત્યા જે આપવામાં આવી છે તે નીચે મુજબ છે. "માહ અર્દીબેહેશ્ત સને ૪૧ ની તારીએ દાખલ કરવામા આવ્યું (સખ્તશુદ)." એ લીટીની સેવટે એકાદ શબ્દ છે, જે ઊપલા મહિનાનો ચોકસ રોજ હોય. પણ તે હું ઊકલાવી શકાતો નથી. આ મોહોરની 'સાથે સખ્તશુદ' (એટલે દાખલ કરવામા આ-વ્યું છે યા લખવામા આવ્યુ છે), આવા જે શબ્દો વપરાયલા છે, તે દેખાડે છે, કે એ મોહોર દીવાનની હોય. આઇને અકબરી (દફતર બીજુ ૧૧ મી આઇનિ "આઇને સરનજામે અસ્નાદ" એટલે 'સનદો તમામ કરવા બાબેની આઇન'. બ્લોખ્માનની આવૃત્તિ વા. I પા ૧૯૪ લીટી ૧૧ થી ૧૩) માં ફ્ર્માનોના ખરડા બાબે કહેછે કે " પેહેલે દીવાન 'સખ્ત નુમાયન્દ' એવા શબ્દોથી તે ખરડો નોધે છે (કએંદ કુનદ); ત્યારપછી તે ઊપર દફતરની નિશાણ, અને દીવાન, બખ્શી અને મુશરફે દીવાનની મોહોરથાય છે, અને પછી તેના પરખીડા ઊપર પાદશાહી ફ્ર્માન નોધાય છે, અને પછી તે દીવા-નની સહી માટે જાય છે." આ ફકરા ઊપરથી આપણે જોઇએ છીએ, કે 'સખ્ત' એ દીવાનની નોધ માટેનો ખાસ (technical) શબ્દ છે વળી દીવાનની મોહોરની જગ્યા બાબે ઊપર જણાવેલી મોહોરની આઇનિમા કહે છે, કે દીવાન અને બખ્શી બીજી ઘડીની બહાર જતા નથી (એટલે મોહોર મારતા નથી) આપણા ફ્ર્માનમા આ ૮ મી મોહોર પણ બીજી ઘડી ઊપર દિસે છે તેથી જ્યારે આઇને અકબરીમા દીવાનની મોહોરની જે જગ્યા દેખાડી છે તેજ જગ્યાએ આપણા ફ્ર્માન ઊપર આ આઠમી મોહોર છે અને વળી દીવાનની નોધ માટે 'સખ્ત' તરીકે જે ખાસ શબ્દ આઇને અકબરીમા જણાવ્યો છે તેજ શબ્દ આપણા ફ્ર્માનમાં આ આઠમી મોહોરની નીચે માલમ પડે છે, ત્યારે દિસેછે કે એ મોહોર દીવા-નની હોવી જોઇએ

મોહોર ૯ મી—આ મોહોર ખુલ્લી છે અને ઊકલી શકેછે આપણું અસલ ફ્ર્માન, જે રીતે હાલ ઘડી કરવામા આવ્યુ છે, તે રીત ઊપરથી આ-પણે તદન બરાબર ચોકસ કહી શકીએ નહીં, કે એ દસ્તાવેજની પેહેલી ઘડી બરાબર ક્યા સુધી કહેવાય અને બીજી અને ત્રીજી અને ચોથી ક્યા સુધી કહેવાય પણ પેહેલી ઘડી ઊપરની મોહરોની જગ્યા આઇનેઅકબરી (દફ-તર બીજું આઇનિ ૧૨) મુજબ છે તે ઊપરથી જોતા આ નવમી મોહોર ત્રીજી ઘડી ઊપર દિસેછે. તેની ઊપર 'નજર અલી બીન હુસએન' નામ છે. એ મોહોરની નીચે "સને ૪૧ ના ફરવરદીન મહિનાની પેહેલી તારીએ

લખવામાં આવ્યુ (મર્કુમ શુદ)" એવા શબ્દો છે. એજ તારીખ જરા નીચેથી ફર્માનની કીનારી ઊપર ઊભી લીટીમા આપવામા આવીછે

હવે ત્યારે આ નજર અલી અથવા અલીનજર કોણ છે ? તે પોતાની મોહોર મારવાની અને પોતાના દફતરમાં આ ફર્માન નોધવાની તારીખ આપેછે. તે 'તઅલીક' અથવા 'યાદદાશ્ત' સાથે સંબધ ધરાવનાર કોઈ અમલદાર દિસેછે તેનું નામ ફર્માનના ખુદ લખાણમા પણ ફર્માનની શરઅ લખનાર તરીકે આપ્યુ છે

મોહોર ૧૦ મી—આ મોહોર ઊપરનું નામ તદન ખુલ્લુ ઊકલે તેવું છે તે "દાઈ બન્દે હુસએન કમાલુદદીન" એટલે "દુઆ ગુજારતો બંદો હુસએન કમાલુદદીન" છે. એ મોહોર નીચે તારીખ નીચે મુજબ છે. "ઇલાહી સને ૪૦ ના અસફન્દારમજ મહિનાની ૨૯ મી તારીખે (રોજે) વાકેફ થવામાં આવ્યું." એજ તારીખ થોડેક નીચે દસ્તાવેજના હાશીયા ઊપર ઊભી લીટીમા આપવામાં આવીછે આ મોહોર ચોથી ઘડી ઊપર દિસેછે, જે ઊપર, ઊપર (પા ૩૧૨ માં) આપેલા આઇને અકબરીના ફકરા મુજબ મુસ્તએફી મોહોર મારતો હતો. એ અમલદારનુ કામ પાદશાહી હિસાબો તપાસવાનુ અને તે ઊપર કાબુ રાખવાનું હતું. કદાચ આ મોહોર એ અમલદારની હોય હવે એ મોહોર ઊપર જણાવેલો કમાલુદદીન કોણ હતો તે ચોકસ નથી અકબરના વખતમા આપણે કમાલુદદીન નામના ત્રણ પુરૂષોના નામ મળેછે

૧ મીર કમાલુદદીન ખાફી તેણે શાહઅકબરની સેવા બજાવી હતી, પણ કયા ઓહ્દા ઊપર તે હતો તે જણાતું નથી (બ્લોખમાનનો આઇને અકબરીનો તરજુમો I પાનું ૪૪૫ નોટ ૧)

૨ અબુ તુરબ, જેને અકબરે મીર હાજી એટલે મક્કે હજ કરવા જનારાઓનો વડો નેમ્યો હતો, તેનો બેટો કમાલુદદીન, જે પોતાના એલમ માટે જણાયલો હતો (બ્લોખમાનનો આઇને અકબરીનો તરજુમો વા I પા. ૫૦૬–૭).

૩ મઔલાના કમાલુદદીન હુસન કે જે અકબરના ઊસ્તાદ મઔલાના અલાઊદદીનનો બાપ થતો હતો (બ્લોખમાનનો આઇને અકબરીનો તરજુમો I પા ૫૪૦) આ ત્રીજો કમાલુદદીન આ મોહોરવાળો પુરૂષ દિસેછે.

મોહોર ૧૧ મી—આ મોહોર પણ ખુલ્લી ઊકલાય તેવી છે તે ઊપર "અલ-અબ્દ હુસએન કમાલુદદીન" એટલે "બંદો હુસએન કમાલુદદીન" કરી નામ છે એ મોહોરની નીચે નીચલી તારીખ છે "ઇલાહી સને ૪૦ ના અસફન્દારમજ મહિનાની ૨૯ મી તારીખે (રોજે) લખવામાં આવ્યું છે (કલમી શુદ)"

એ મુજબ ત્યારે ૧૦ મી અને ૧૧ મી મોહોરો ઊપરનાં નામો અને તેઓની નીચેની તારીખો પણ એક સરખાં છે. એકજ ધણી બે ઓહ્દા ધરાવતો હોય તે ઊપરથી એમ એકજ નામની અને તારીખની બે મોહોર દિસેછે. આ મોહોર છેલ્લી છે અને સર્વથી નીચે છે આઇને અકબરી (દફતર બીજું ૧૨ મી આઇન) માં ફર્માનનો સોથી નીચેનો ભાગ યા પાચમી ઘડી, "સાહેબે તઓજીએ" નામના અમલદારની મોહોરની જગ્યા તરીકે જણાવીછે. એ અમલદારનું કામ હિસાબો નક્કી કરવાનું હતું એ અમલદાર માટે આઇને અકબરી (દફતર બીજુ આઇન ૧૧) માં કહેછે કે "સાહેબે તઓજીએ આખરીન તઅલીકિરા પીશે ખુદ નેગાહ દારદ વ શરએ આનરા દર જ.મને ફર્માન નવીસદ વ નેશાન વ મોહરે ખુદ નુમાયન્દ "(બ્લોખમાનની આવૃત્તિ I પા ૧૯૪ લીટી ૧૩) એટલે "સાહબે તઓજીએ સેવટે તઅલીક (એટલે પાદશાહે આપેલા ફર્માનની યાદદાશ્તના ઇનતેખાબ) ને પોતા પાસે રાખેછે, અને તેની શરઅ ફર્માનની વિગતમાં લખેછે અને પોતાની સહી અને મોહોર કરેછે." વળી એજ આઇનમાં જરા ઊપરથી આપણે વાંચીએ છીએ (પા ૧૯૪ લીટી ११) કે જ્યારે પાદશાહ તઅલીક બહાલ ગખેછે ત્યારે દસ્તાવેજ ઉપર "કલમી નુમાયન્દ" એટલે "લખી કાહાડે" એવા ખાસ (technical) શબ્દો નોધવામાં આવેછે હવે આ મોહોર સર્વથી નીચે છે, અને તેની નીચે "કલમીશુદ" એવા શબ્દો આપણે વાચીએ છીએ, અને સાહેબે તઓજીએ, જે સેવટે તઅલીક પોતા પાસે રાખેછે અને તેની શરઅ ફર્માનની વિગતમા લખેછે, અને પોતાની સહી અને મોહોર કરેછે, તેની મોહોરની જગ્યા પણ સોથી નીચે પાંચમી ઘડીપર જણાવીછે તેથી સભવિત દિસે છે કે આ મોહોર 'સાહેબે તઓજીએ'ની હોય

હવે આપણે ફર્માનમા આવેલી જૂદી જૂદી તારીખો તપાસીએ. તઅલીકની રાહ એટલે એનતેખાબની હકીકત ઊપરથી માલૂમ પડે છે કે શાહ અકબરે આ ફર્માન માટેનો પેહેલો હુકમ પોતાના રાજ્યના ૪૦ મા વર્ષ (હીજરી ૧૦૦૩) ના સાલમાં મેહર મહિનાના ૧૫ મા રોજે આપ્યો હતો તેજ વર્ષના ૮ મા આવા મહિનાના ૧૩ મા તીર રોજે તે હુકમની નોધ લેવામા આવી હતી તે હુકમ મુજબ તેજ વર્ષના ૧૨ મા અસફન્દારમદ મહિનાના ૧૦ મા રોજે ફર્માન તૈયાર કરવામાં આવ્યું.

ત્યાર પછી તારીખોના બીજાં ત્રણ લખાણો છે, જેમા આપણે રાજ્યના ૪૦ મા વર્ષનો અસફનદારમદ મહિનો વાંચીયે છીએ એવું એક લખાણ, ૭ મી મોહોર, જે ઊકલતી નહીં, અને જેમાં ફકત 'જેહાન' શબ્દજ બરા-

બર ઊકલેછે, તેની નીચે છે. મુશર્રીફ અથવા દીવાન સાથે તાલુકો રાખ-નાર કોઈ અમલદારે પોતાની મોહોર મારવાની એ તારીખ છે. એ તારીખનો રોજ ચોકસ નથી. તે સાલ જેવો દેખાયછે, પણ તે તે રોજ નહીં હોય, કારણ તે ૧૦ ની પછીનો હોવો જોઈએ તે ૧૭ મો હોય. અ-થવા કદાચ તે પેહેલી શરૂઆના સબંધની કોઈ તારીખ હોય.

એ પછી કમાલુદ્દીનની ૧૦ મી અને ૧૧ મી મોહોરોની નીચે તારી-ઓ છે, જે તદન ખુલ્લી છે તે રાજ્યના ૪૦ મા વર્ષના અસફંદારમદ મહિનાના ૨૯ મો રોજ છે. હાશીઆ પરનાં બે લખાણોમાંના એકમાં આપણે એજ રોજ જોઈએ છીએ

એ પછી નજરઅલી વાળી ૯ મી મોહોરમાં એ પછીના બીજા મહિ-નાની તારીખ આપણે જોઈએ છીએ, એટલે કે રાજ્યના ૪૧ મા વર્ષના ફરવરદીન મહિનાની એ તારીખ છે. હાશીયાપરની બે તારીખોમાંની એકમા આપણે એજ તારીખ જોઈએ છીએ ત્યાર પછી ૮ મી મોહોરમાં એ પછીના મહિનાની, એટલે રાજ્યના ૪૧ મા વર્ષના અર્દીબેહેશ્ત મહિનાની તારીખ આપણે જોઈએ છીએ

આ તારીખોના સબધમાં આપણે એક ચીજ નોંધીએ છીએ, અને તે આ, કે સઘળા અમલદારો પોતાની મોહોરો મારવાની તારીખ લખતા નથી ફકત તેજ અમલદારો, જેઓનાં દફતરોમાં ફર્માનો બરાબર દાખલ કરવામાં યા નોંધવામાં આવતા હોય, તેઓજ પોતાની મોહોર કરવાની તારીઓ લખતા હોય, કે તેથી જરૂર વખતે તેઓનાં દફતરમા કોઈ વખતે જોવું પડે તો સવળ પડે.

હુ ધારૂછુ કે અબુલફજલ જ્યારે કોઈ અમલદારના સબંધમાં "નિશાન વ મોહોર" શબ્દ વાપરે છે, અને કેટલાકોના સંબંધમાં ફકત 'મોહોર' શબ્દ વાપરેછે, ત્યારે કોઈ ફરક ધ્યાનમાં રાખી એ શબ્દો વાપરે છે. જ્યારે અમલદારો પોતાની મોહોરો હેઠળ તે મારવાની તારીઓ પણ લખતા, ત્યારે તે "નેશાન અને મોહોર" કરેલી કહેવાતી. જેઓ ફકત મોહોર મારતા અને તારીઓ નહીં લખતા તેઓએ ફકત 'મોહોર કરેલી' કહેવાતી. દાખલા તરીકે અબુલફજલ કહેછે, કે માહેબ'તઓજીએ, મુસ્તઓફી, નાજર, અને બખશી પોતાની "નેશાન અને મોહોર" કરતા. દેવાન, તેનો મદદનીશ અને વકીલ ફકત મોહોર કરતા (બ્લોખ્માનની આઇને અકબરીની આવૃત્તિ I પા. ૧૯૪. લીટી ૧૩ થી ૧૫).

આપણે પેહેલા ફર્માનની વિગતવાર તપાસ તમામ કરી. તે ફર્માનના તરજુમાની, નોટોમાં, અને તરજુમા પછી, આપણે આઇને અકબરી મુજબ,

19

શાહ અકબરની ફર્માનો આપવાની અને તેના અમલદારોએ તે ઊપર મોહોર મારવાની વિગતોની કેટલીક હકીકતો તપાસી. એ તપાસનો સાર હું અહીં સામટો આપીશ, કે તે ઊપરથી આપણી તપાસવાળુ ફર્માન તે હકીકતો સાથે કેવું મળતું છે, અને તે કેવું સહી છે, તે સામટી રીતે જોવાને બને. આઇને અકબરી (દફતર બીજુ આઇન ૯ થી ૧૨) મુજબ ફર્મામો નોધવાની હકીકત ટુંકમા નીચે પ્રમાણે છે.

પાદશાહી મેહેલ આગળ હમેશાં વારા ફરતી લશ્કરી ટુકડીઓ નેગેહબાની માટે હોતી, જેને માટે દરબારી બોલ "ચોકી" હતો, જે બ્લોખ્માન જણાવે છે તેમ, હાલના લશ્કરી શબ્દોમાં "Mounting guard" તરીકે ગણાય દરરોજ બે અમલદારો એ ટુકડી ઉપર સરદારી ભોગવે તેમા એક સઘળી દરબારી શાહરસમ (ceremonies of the court) જાણતો હોવો જોઇયે. એ બે અમલદારોનુ કામ, મારા વિચાર પ્રમાણે, હાલમાં (aides-de camp) એડીકાપ નામના લશ્કરી અમલદારો પાદશાહો અને હાકમો આગળ જે કામ બજાવે છે, તેને મળતું દિસે છે. એ કામ ઉપર લશ્કરનો જે અમલદાર હોય તે "ચોકી" ઉપર હોતો એમ બોલાતુ. હવે તે અમલદાર પોતાનુ દફતર યા નોધ-પોથી રાખતો. તેની નોકરીના વખતમા પાદશાહ જે હુકમો આપતો, યા ફર્માનો બખશતો, યા ઓહ્દાઓ આપતો, યા ભેટ સોગાદ કરતો, યા જેબી બાદશાહી કામ કરતો, તેની તે પોતાનુ દફતર, જે પણ જાણે તેની "ચોકી" કહેવાતુ, તેમાં નોધ લેતો; અને જ્યારે પાદશાહનુ ફર્માન લખાઇ સતાવાર બહાર પડતું, ત્યારે તે ચોકીનો અમલદાર તે ફર્માન ઉપર સેવટે પોતાની પણ મોહોર મારતો, કે તેની "ચોકી" ના વખતમાં પાદશાહે તે ફર્માન આપ્યુ હતુ.

શાહની હજુરમાં વધારે અગત્યનો અમલદાર "વાકેઅનવીસ" એટલે 'વાકેઅ' નો લખનાર હતો 'વાકેઅ' એટલે બનાવ પાદશાહની હજુરમાં પાદશાહી કામકાજના જે પણ બનાવો (વાકેઅ) બનતા તેની નોધ, તે માટેનુ દફતર જે 'વાકેઅ' તરીકે જણાતું, તેમાં તે લેતો. તેથી તે "વાકેઅ-નવીસ" તરીકે જણાતો. એ અમલદારો ઘણા હુશિયાર, અનુભવિ અને ચપળ હોતા. દરબારના એવા ૧૪ વાકેઅનવીસ હોતા, જેઓમાંથી ૨ દર રોજ વારાફરતી કામ કરતા. તેઓનુ કામ એ હોતું કે

પાદશાહના હુકમો યા ફર્માનો, અને પાદશાહ જે દરરોજ કામ કરે તે પોતાના દફતરમાં નોંધવું. પાદશાહ દરરોજ શું ખાય છે અને પીએ છે, ક્યારે સુવે છે, અને ઉઠે છે, દરબારમાં ક્યારે આવે છે, પોતાના ખાનગી ઓરડામાં ક્યારે પધારે છે, તે વિગેરે સઘળી વિગતની દરરોજની નોંધ (diary) તેઓ રાખતા. એઓ વારી પ્રમાણે કામ કરતા, જે વારીને 'નઓબત' અથવા 'નોબત' એટલે 'વખત' કહેતા. જે 'વાક-અનવીસ' પોતાના ઓધ્ધાપર હોય અને તેના 'વખત યા વારી'માં પાદશાહ કાંઈ ફર્માન આપે, યા કામ કરે, તે તેની 'નોબત' યા એટલે 'તેના વખતની નોંધ'માં નોંધાય, અને તેથી તેવા ફર્માનો યા હોક-મનામાઓ ઉપર તે 'નોબત' યા વખતનો વાકઅ-નવીસ પણ પોતાની મોહોર યા સહી કરે. પાદશાહના દરરોજના કામની જે નોંધ એ વાક-અનવીસ પોતાની વારી પ્રમાણે રાખે, તે પાદશાહ હજુર રજુ થતી અને તે તે બહાલ રાખતો. એવી બહાલ રહેલી જૂદી જૂદી બાબતોની નોંધોને 'યાદદાશ્ત' કહેવામા આવતી. એ 'યાદદાશ્ત' ઉપરથી દરેક બાબતનો સંક્ષેપ સાર (ગુજરશી, abridgement) ઉપજાવવામા આવતો, જે ઉપર 'વાકઅનવીસ,' 'રેસાલેદાર' અને 'મીરઅરજ' નામના અમલદારો સહી કરતા. એવા સહી સાખ સાથે બહાલ રહેલા સંક્ષેપ સારને 'તઅલીક' કહેતા. ઉપલા અમલદારમાથી 'રેસાલેદાર' જે નોંધ લેતો, તેના દફતરને 'રેસાલે' કહેતા. પછી એવા તઅલીક ઉપર રાજ્યના બીજા લાગતાવ-ળગતા અમલદારો પોતપોતાના દફતરમાં નોંધ લઈ સહી કરતા. આ-ઇને અકબરી મુજબના ઉપલાં વર્ણન પ્રમાણે, પાદશાહની હજુરના અ-મલદારો, જેઓ પાદશાહ પોતે ફર્માન આપે તે વખતે પોતપોતાના ઓ-ધ્ધા ઉપર ખુદ દરબારની હજુરમા હોય, તેઓ સહી કરતા અને પછી રાજ્યના બીજા મોટા ઓધ્ધેદારો, જેવા કે વકીલ, સદરે જેહાન, દીવાન, મુસતઓફી વિગેરે સહી સાખ કરતા. ત્યારે આપણી તપાસવાળાં ફર્મા-નપર 'ચોકી, રસાલે, નોબત' વગેરેની જે નોંધો છે, અને તેને લગતા અમલદારોની અને વકીલ, સદર, દીવાન વગેરે રાજ્યના અમલદારોની જે સહી છે, તે એ સબબે છે.

હવે જૂદા જૂદા અમલદારોએ મોહોર ક્યા કરવી, તે માટેના ચોક્કસ

કાયદા હતા એમ આઇને અકબરીની 'પાયે નગીનહા' નામની મોહોર બાબેની આઇન ઉપરથી માલુમ પડે છે. ત્યાં ફર્માનો શુધ્ધ રીતે કરવા માટે જે જરૂરી કાયદાઓ જણાવ્યા છે તે મુખ્ય આ છે.

૧. ફર્માનો અને પરવાનાઓની કેટલીક ઘડી (શેકનૂજ fold) હતી, અને તે કાગળની ઉપરથી નહીં પણ નીચેથી શરૂ કરવામાં આવતી.

૨. પહેલી ઘડીની પોહોળાઇ બીજીઓ કરતાં થોડી હતી

૩. તે પેહેલી ઘડીને એક નાકેથી કાગળ કાપવામાં આવતું

૪. તે કાગળને કાપેલ નાકે વકીલ પોતાની મોહોર કરતો

૫. તેની સામે પણ જરા નીચે 'મુશરીફે દીવાન' પોતાની મોહોર કરતો, તે એવી જગ્યાએ કે તેની મોહોર અર્ધી પેહેલી ઘડી ઉપર જાય અને અર્ધી બીજી ઘડી ઉપર જાય; અને તેજ મુજબ જરા નીચેથી 'સદર' પોતાની મોહોર કરતો. તે ઘડીની વચમા તે ધણી સહી કરતો, કે જેનો ઓહ્દો વકીલથી બીજો હોય, અથવા હાલના શબ્દોમાં બોલીએ તો, જે મદદનીશ વકીલ હોય, કે જે તેની પછી ઓહ્દા ઉપર આવે.

૬. બીજા અમલદારો, જેવા કે દીવાન, બખશી, મુસ્તઓફી વગેરે બીજીથી ચોથી ઘડી ઉપર મોહોર કરતા

૭. "સાહેબે તઓજીઆ" જે ઉપર વર્ણવેલી "તઅલીક" રાખતો તે પાંચમી ઘડીપર સહી કરતો.

૮. પાદશાહ પોતે ફર્માનની શરૂઆતમા ઉપર મોહોર કરતો

૯. પાદશાહની મોહોર "તોગ્રા" લીટીઓની ઉપર કરવામાં આવતી. તોગ્રા લીટીઓ તે તે, કે જેમાં પાદશાહનો ખેતાબ વગેરે સુંદર મરોડદાર રીતે લખવામા આવે. વળી પાદશાહની પોતાની મોહોર કેવી હોવી જોઇએ તે બીજી આઇનને આધારે આપણે જોયુ છે.

૧૦. પાદશાહની મોહોર ઉપર તેનું નામ અને તએમુર સુધીના તેના વડીલોનાં નામ હોતાં અને તે રીકા હરફે લખાતાં. એ 'રીકા' તે લખવાની એક રીત હતી, જેમાં અક્ષરો નાના ખુલ્લા છુટા લખાય. તે 'નસતાલીક' થી જૂદી છે.

૧૧. વળી ફર્માનોમાં પહેલી બે લીટી હમેશાં ટુંકી લખવામાં આવતી, જ્યારે પરવાનામાં તે આખી લખવામાં આવતી.

હવે આઇને અકબરીમાં ફર્માનો બાબે એ સઘળી જરૂરીયાતો દેખાડી છે, તે તમો હજુર રજુ કીધેલું ફર્માન, જેની ફોટો લીથો ફેકસીમીલી મેં અત્રે ફરતી કીધી છે, તેમાં તપાસશો, તો તમો જોશો, કે તે બધી આ ફર્માનમાં બરાબર છે. તમે જોશો કે ૧) આ ફર્માનની ઘડી નીચેથી કરવામાં આવી છે. ૨) તેની પહેલી ઘડી બીજીઓ કરતા ટુકી છે. ૩) તે નાકેથી કાપેલી છે. ૪) કાપેલ નાકે 'ખાન ખાનાન'ની સહી ખુલ્લી છે. એ ખાનખાનાન અકબરે આઇન મુજબ અકબરના રાજ્યના ૩૪ મા વરસે વકીલ થયો હતો. તે આ ફર્માનની વખતે (રાજ્યના ૪૦ મે વરસે) દરબારનો વકીલ હતો. ૫) વકીલની મોહોરની સામે જરા નીચેથી "સદરે જેહાન" નામના પુરૂપની મોહોર છે, જે અર્ધી પહેલી ઘડી અને અર્ધી બીજી ઘડીપર ગણાય. એ ધણી એ વખતે 'સદર'નો ઓહ્દો ધરાવતો, એમ અબુ ફજલ અકબરના વખતના 'સદરો'ની જે ટીપ આઇને અકબરીમાં આપે છે તે ઉપરથી માલુમ પડે છે. અજબ સંજોગો વચ્ચે એનો ઓહ્દો સદરનો હતો, અને એનુ નામ પણ સદરે જેહાન હતું. વળી એજ ઘડીની વચ્ચમાં મદદનીશ વકીલની મોહોરની જગ્આ અકબરે આઇન જણાવે છે. એ જગ્યાએ આપણી ફર્માનમા ખુલ્લુ આપણે "મીરઝા કુકે" નામના ધણીની મોહોર જોઇયે છીયે. એ ધણી તવારીખ પ્રમાણે અકબરનો માનીતો હતો. તે હીજરી ૧૦૦૪ માં 'વકીલ'ના ઓહ્દા ઉપર આવ્યો હતો. ત્યારે આ ફર્માનને વખતે એટલે હીજરી ૧૦૦૩ માં તે વકીલના હાથ તળેનો ઓહ્દેદાર હતો, અને તે મુજબ તેણે ઘટતી જગ્યાએ મોહોર કરી છે. ૬) બીજીથી ચોથી ઘડીની કેટલીક મોહોરો બગબર ઉકલતી નથી, પણ તેઓ આઇને અકબરી, દીવાન, બક્ષી, મુસતઓફી વગેરે અમલદારોની મોહોરોની જે જગ્યા જણાવે છે તે જગ્યાએ મારેલી છે. ૭) તઅલીકે ધરાવનાર અમલદારની 'સાહેબે તઓજીએ' તરીકે મોહોર પાંચમી ઘડીપર જણાવી છે. આ ફર્માનમાં 'નઝરઅલી' અને કમાલુદ્દીન નામના અમલદારોનાં નામોની મોહોરો ઉકલે છે. એમાંનો પહેલો મુસતઓફી અને બીજો 'સાહેબે તઓજીએ'ના ઓહ્દા ઉપર દિસે છે. ૮) પાદશાહની મોહોર આઇને અકબરી કહે છે તેમ ફર્માનની શરૂઆતમાં છે. ૯) તે તોગ્રા લીટીઓની ઉપર છે. ૧૦) ને ઉપર તેનુ અને

તેના વકીલોનાં નામ આપણે ઉપર જોયું તેમ છે. ૧૧) આ ફર્માનનો પહેલી બે બીટી તુકી છે

એ મુજબ ત્યારે આ ફર્માન, આઇને અકબરીની શાહ અકબરના વખતમાં ફર્માનો કેમ લખાતાં તેની વિગતવાર હકીકતને મળતું છે આ મોહોરોમાંથી કેટલીકની નીચે તારીખો લખી છે, જે તારીખો તે મોહોરો મારવાની અને ફર્માનની નોધ તે મોહોરો મારનાર અમલદારોનાં દફતરોમા લેવાવાની છે. આઇને અકબરી (આઇન ૧૧) પરથી દિસે છે કે કેટલાક અમલદારોના પોત પોતાના દફતરમાં ફર્માનો વિગેરેની નોધના ખાસ શબ્દો (Technical words) હતા, જેવા કે "સબ્ત નુમાયનદ," "કલમી નુમાયનદ." એવાજ શબ્દો આપણી તપાસવાળાં ફર્માનની કેટલીક મોહોરો, દાખલા તરીકે ૮ મી અને ૧૧ મી મોહોરોની નીચે આપણે જોઇયે છીયે

એ ફર્માનો ઉપરની જુદી જુદી તારીખો તપાસતાં દિસે છે કે પાદશાહે પોતાના રાજ્યના ૪૦ મે વરસે મેહેર મહિનોને દેપમેહેર રોજે એ ફર્માનમાં જણાવેલી ૨૦૦ વીઘા મેહરજી રાણાવાળી જગ્યા અને બીજી ૧૦૦ મળી ૩૦૦ વીઘા જમીન કેકોબાદને આપવા માટે હુકમ આપ્યો તઅલીકની સરેહમા તેજ વરસના આવાં મહિનાના તીર રોજે એ હુકમ નોધાયો. તે હુકમ મુજબ ફર્માન તેજ વરસના અસપદાદ મહિનાના આવાં રોજે તઇયાર થયુ અને પાદશાહની મોહોર થઇ. રાજ્યના બીજા અમલદારોએ અસપંદાદ મહિનાના મારેસપદ રોજે પોતાની મોહોર કરી તેની નોધ લીધી છે ઉપર જણાવેલા નઝરઅલી નામના અમલદારે તે પછીના મહિનામા એટલે ફરવરદીન મહિનામા મોહોર કીધી છે અને બીજા એક અમલદારે સેવટે અર્દીબેહેશ્ત મહિનામા મોહોર કીધી છે.


આ ફર્માનમા બે ભાગ છે. તેમાં પહેલા ભાગમાં લખેલી હકીકત બીજા ભાગમાં પાછી આવે છે. તે બાબે જાણવું, કે આઇને અકબરીમા જણાવવા મુજબ, ફર્માનમાં 'તઅલીક'ની સરેહ તરીકે વાકઅનવીસે પોતાના વાકઅના દફતરમાં જે નોધ લીધી હોય, તે ફર્માનમાં દાખલ કરવાનો રિવાજ હતો. હાલમાં પણ ખત પત્રોમા કેટલીક વખતે અસલ ખતનો કેટલોક ભાગ આપણે 'શીડયુલ'મા પાછો નોધાયલો જોઇયે છીયે, અથવા તો એક ખતમા આગલા ખતનું વર્ણન પાછુ વર્ણવવામાં આવે છે,' તેથી કેટલોક ભાગ જાણે બે વખત લખાયલો દિસે છે. આ પહેલું ફર્માન મેં જરા વિગતવારે સમજાવ્યું છે, કે તેથી બીજુ ફર્માન અને બીજા દસ્તાવેજોની હકીકત જલદીથી સમજ પડે

બીજો દસ્તાવેજ.

શાહ અકબરના રાજ્યના ૪૮ મા વર્ષમાં આપેલુ બીજુ ફર્માન.

(જુઓ પા. ૨૨૭ જુઓ ફોટોલીથો ફેકસીમીલી જુઓ
અસલ ફારસી લખાણ માટે પા ૧૧૯-૧૨૦)

મોહોર મોટો છે.[૧]



(૧) અહીં શાહ અકબરની જે મોહોર છે, તે બરાબર પેહેલા ફર્માન મુજબની છે તે પરના નામ વિગેરે માટે જુઓ ઊપર પા ૨૯૬ આ ફર્માન માટેના મુશ્કેલ શબ્દો, ખુલાસા વિગેરે માટે જુઓ પેહેલાં ફર્માનની નોટો. જરૂર જોગા ફેરફારો સિવાય એની ઈબારત. રચના વિગેરે પેહેલા ફર્માન માફક છે.

જલાલુદ્દીન મહમદ અકબર બાદશાહ ગાઝીનું ફર્માન.

હાલ નવાજેશ દરસાવનાર પાદશાહી ફર્માન આશકારા થવાની ઈજ્જત અને જાહેરાતનું માન પામ્યું છે કે ઈલાહી ગજની આમરે ૩૦૦ વીઘા જમીન, તાડ અને ખજુરી વિગેરેનાં ઝાડ કે જે તેની ઉપર થાય છે તે સાથે, નોસારી કસ્બા વિગેરેની પડોશમાં (આ ફર્માનમાં) સમાવેલી હકીકત મુજબ આગળ માહીયારના છોકરા કેકોબાદ પારસીના ગુજરાનની મદદ માટે જાગીરદારના હવાલામાથી, બહાર પડેલા ફર્માન મુજબ કુઈલની ખરીફની ઋતુની શરૂઆતથી સુરતની સરકાર હસ્તકથી મુકરર કરવામા આવી હતી કે વર્ષો વર્ષ તેની આયપત પોતાના ગુજરાન માટે વાપરીને (પાદશાહના) એકબાલ અને દોલતની જીઆદતી માટે દુઆ ગુજારવામાં તે મશગુલ રહે. તેથી જરૂરનું છે કે તે મહાલના હાલના અને હવે પછીના હાકમો અને મુનીમો અને જાગીરદારો અને કરોરીઆઓએ લખવા મુજબ મુકરર કરી તે ૩૦૦ વીઘા જમીન, જેમ ઉપર હુકમ કરવામાં આવ્યો છે તેમ, તમામ અને સપૂર્ણ રીતે તેના સ્વાધિનમા કરવી અને તેમાંથી કાંઈ પણ ચીજ ઓછી નહીં કરવી અથવા ના નહીં પાડવી અને ગયા વર્ષમા યા ચાલુ વર્ષમા ૩૦૦ વીઘા જમીનની ઊપજમાથી જે કાંઈ લીધું હોય તે પાછું આપવું અને તે બાબતમા કાઈપણ બોજો ચાલુ નહીં રાખવો અને તેની નિત્યતા અને કાયમી માટે સભાળ લેવાની કોશેશ કરી ફેરફાર અને બદલી નહીં કરવી અને તે જમીનમાંથી કાંઈ પણ ઓછુ નહીં કરવું અને જમીનનો કર અને ચીજોનો કર અને માથા વેરો અને બીજા કરો જેવા કે કનલગે અને પીશકશ અને દડ અને પાક ઊપરનો કર અને લગનવેરો અને દારૂગગાને અને મેહસુલ એકઠો કરવાનો લવાજમ અને સેંકડે પાચ ટકાનો કર અને સેંકડે બે ટકાનો કર (અને) કાનુનગુઈ[1] અને ખેતી અને બાગબાની માટેના કરો અને માલની જગાત અને જમાબંધી માટે, દર વર્ષે ચક મુકરર કરવા (એટલે હદ બાંધવા) સિવાય અને સર્વ દીવાની કરો અને સર્વ સુલતાની કરો સિવાય, તેને કાંઈ હેરાનગતી નહીં પહોંચાડે અને સઘળી રીતે અને સઘળા ખરચોથી તેને માફ કીધેલા, સલામત અને નિરાળો રાખી તેની પડોશી નહીં જાય અને દરવર્ષે આ બાબતમાં નવું ફર્માન અને પરવાનો નહીં માગે અને જ્યારે (એ

(૧) એ પેહેલાં ફર્માનની નોટમા જણાવવા મુજબ સેકડે એક ટકાનો કર છે. આ શબ્દની આગમચનો 'વ' (એટલે અને) આ ફર્માનમાં નથી પણ પેહેલા ફર્માનમાં છે.

ફર્માન)[1] માનવંત પાદશાહની માનવંત પાદશાહી મોહોર સાથે સીંગારેલું અને પ્રકાશ પામેલું થાય ત્યારે તે ઊપર વિશ્વાસ રાખે. ઇલાહી સને ૪૮ના રોજ ૨[2]માહ મેહરની તારીખે લખ્યું છે.

વાકેઅની હાશીઆની સરેહ[3]

રોજ ૨ બહમન માહ મેહર ઇલાહી સને ૪૮ અને અંગ્રેજી મળતા વાર બરેસપતને દિને જુમલતુલમુલકી[4] મદારૂલમહામી[5] નીજામુલરસા[6] આસફખાનના[7] રેસાલામાં અને પાદશાહના માનીતા બખ્શી-અલ-મુલકી ખાનગી ફતહઅલ્લાની[8] ચોકીમાં (અને) વાકેઅનવીસ બંદાઓમાના કમતરીન મહમદ શફીઅની નઓબતમાં (લેવાયલી નોંધો મુજબ). આફતાબનું નુર (ધરાવનાર પાદશાહ), જેને કુલ જેહાન તાબે છે, તેનો હુકમ જાહેર થયો છે, કે ઇલાહી ગજની આસરે ૩૦૦ વીઘા જમીન, તાડ અને ખજુરાં વિગેરેનાં ઝાડો કે જે તેના ઉપર થાયછે, તે સાથે નોસારી વિગેરે કસ્બામાંથી આગળ માહીઆરના છોકરા કૈકોબાદ પારસીના ગુજરાનની મદદમાટે જાગીરદારના હવાલામાંથી, બહાર પડેલાં ફર્માન મુજબ કુઇલની ખરીફની રૂતુની શરૂઆતથી સુરતની સરકાર હસ્તકથી મુકરર કરવામાં આવી હતી કે વર્ષોવર્ષ તેની આયપત પોતાના ગુજરાન માટે વાપરીને (પાદશાહની) રોજ

---

(૧) અથવા એનો અર્થ એમ થાય કે "ઉપલા ધણી (કએકોબાદ) માનવત પાદશાહની માનવત બાદશાહી મોહોર સાથે સીંગાર પામેલા અને પ્રકાશીત થાય," એટલે પાદશાહની મોહોર સાથેના ફર્માન સાથે આવી પહોંચે.

(૨) આ માટેનો ફારસી ۲ નો અંક અસલ ફર્માનમા છે પણ તેની પાસે અસલ ફર્માનમા જરાક શાહીનો ડાઘ પડેલો હોવાથી ફોટોગ્રાફનો પથ્થર સાફ કરનાર માણસે તેને ફારસી સુન ગણી ۲۰ હોય તેમ દેખાતો કર્યો છે પણ એ તારીખ ૨ બીજીજ છે તે એ પછીના બીજી સીટો અને ફર્માન ઊપરની બીજી તારીખો ઊપરથી માલૂમ પડે છે.

(૩) આ સઘળા શબ્દોના ખુલાસા માટે જુઓ પેહલા ફર્માનની નોટો.

(૪) "જુમલતુલમુલક" એ એક ખેતાબ હતો, જે શાહનશાહતના વકીલને ઘણો ખરો આપવામાં આવતો.

(૫) "મદારૂલમહામ" એટલે "જેની ઉપર રાજ્યકારોબારનો મદાર" એ પણ એક ખેતાબ હતો.

(૬) "નીજામુલરસા" "એટલે હુશિઆર રાજકારોબારી." એવી એક ખેતાબ હતો. એ શબ્દ "નીજામ અલ રયાસત," જે ઊપલા શબ્દોની માફક બરાબર બનવો જોઈએ, તેનું રૂપ હોય.

(૭) એ ધણી માટે જુઓ પછવાડે પાનું ૩૩૫.

(૮) એ ધણી માટે જુઓ પછવાડે પાનું ૩૩૪

જીઆદિ થવી દોલત માટે દુઆ ગુજારવા માટે મશગુલ રહે, તેથી તે મહાલના હાલના અને હવે પછીના હાકેમો અને મુનીમો અને જાગીરદારો અને કરોરીઆઓએ લખવા મુજબ મુકરર કરી ૩૦૦ વીઘા જમીન, જે મુજબ કે માનવતા હુકમમા જાહેર થયુ છે તે મુજબ પાછી તેના સ્વાધિનમાં કરવી અને ગયા વર્ષ યા ચાલુ વર્ષમા ૩૦૦ વીઘા જમીનની ઊપજમાંથી જે કાંઈ લીધુ હોય તે પાછુ આપવું. હાશીઆની શરહ વાકઅનવીસની વાકઅ મુજબ છે.

૩૦૦ વીઘા જમીન પાદશાહના આગલા ફર્માન મુજબ નીચે પ્રમાણે મુકરર. ૩૦૦ વીઘા

તલારી પરગણામાં તવરીગામમા ૧૦૦ વીઘા	નૌસારી કસ્બાની પડોશમાં જે મજકુર જમીન આ વખતની આગમચ માહીયારની મદદેમઆશ માટે હતી. ૨૦૦ વીઘા

સહી (યાને જોયુ અને ખાતરી કરી છે)

(હાશીઆ ઊપરની ફારસી લીટીઓનો, ફર્માનના પાછલાં પડની પેહેલી પટીપરના લખાણુનો અને મોહોરોનો અને મોહોરો હેઠળની તારીખોના લખાણોનો તરજુમો)

ઊમદતુલમુલ્કી,(૧) રૂકન અલ સલતનત અલ આલા,(૨) ઈતીમાદ ઊલ દઓલત અલ ખાકાનીઅ,(૩) લાયકુલ ઈનામ વ અલ એહસાન,(૪) જુમલતુલમુલ્કી,(૫) મદારૂલ મહામી,(૬) નીજામઊલરસા (૭) આસાફખાનના રેસાલામાં અને બખ્શી અલ મુલ્કી(૮) મુકરરબુલ હજરત ઊલ સુલતાની(૯)

(૧) આ અને એના પછીના ૬ મળી સાત શબ્દો આસફખાનના ખેતાબો છે. આ શબ્દનો અર્થ "રાજયનો સ્તંભ."

(૨) આ ખેતાબનો અર્થ "સલતનતનો બુજોર્ગ સ્તંભ"

(૩) એટલે "શાહનશાહી દોલતનો વિશ્વાસ."

(૪) એટલે "ઈનામ અને એહસાનને લાયકનો"

(૫) જુઓ ઊપર પા ૩૩૦ નોટ ૪

(૬) જુઓ ઊપર પા ૩૩૦ નોટ ૫

(૭) જુઓ ઊપર પા. ૩૩૦ નોટ ૬

(૮) આ શબ્દ અને એની પછીનો શબ્દ એ ખાજગી ફતહઅલ્લાના ખેતાબો છે. આ શબ્દનો અર્થ "રાજયનો બખ્શી". બખ્શી એ અકબરના વખતમા શાજયનો એક ઓહ્દો હતો ફતહઅલ્લા એક વખતે બખ્શીનો ઓહ્દો પામ્યો હતો

(૯) એટલે "નામદાર પાદશાહનો માનિતો"

ખાજગી ફતહઅલ્લાની ચોકીમાં અને વાકઅનવીસ મહમદ શરીઅની નોબતમા. રોજ ૨ જો માહ મેહેર ઇલાહી સને ૪૮ જેને મળતો વાર ભરેસપત તે તારીખે. સહી (યાને જોયુંછે અને ખાતરી કીધી છે).

(મોહોર ના. ૧ અને ૨ ઊકલતી નથી.)

(મોહોર ના. ૩) ફતહઅલ્લા (બીજા શબ્દો ઊકલતા નથી)

(મોહોર ના. ૪) આસફખાન.

(મોહોર ના. ૫) કમતરીન બંદો સદર જેહાન અલ હુસએની

(મોહોર ના. ૬ ઊકલતી નથી).

(ના ૬ અને ૪ વાળી મોહોરો, જે ભેળાઈ ગઈ છે, તેની નીચેની તારીખ) રોજ ૧૪ માહ મેહેર ઇલાહી સને ૪૮ ની તારીખે દાખલ કીધુ.

(ઊપલી તારીખની નોધની નીચે ઊભી લીટીમા લખેલી તારીખ) રોજ ૧૪ માહ મેહેર ઇલાહી સને ૪૮ ની તારીખે બરકરાર થયુ અને ખાતરી સાથે મોહોર કરવામાં આવી જોઈને ખાતરી કરવામા આવી (બ સહ)

(મોહોર ના. ૭) યજદાનો બન્દો અબદુલ કરીમ.

(મોહોર ના ૭ ની નીચેની તારીખ) રોજ ૯ માહ મેહર ઇલાહી સને ૪૮ ને દિને વાકેફ થયો.

(મોહાર ના ૮ એ મોહોર આખી ઊકલતી નથી. જે શબ્દો ઊકલે છે તે નીચલા છે) અલી મુર્તજા.

(મોહોર ના. ૮ ની નીચેની તારીખ) રોજ ૭ માહ મેહેર ઇલાહી સને ૪૮ ને દિને લખાયુ.

(મોહોર ના ૯) બંદો કમાલુદદીન હુસએન.

(મોહોર ના ૯ ની નીચેની તારીખ.) રોજ ૭ માહ મેહેર ઇલાહી સને ૪૮ ને દિને લખાયુ

(મોહોર ના. ૮ ની હેઠે ઊભી લખેલી લીટી) રોજ ૭ માહ મેહર ઇલાહી સને ૪૮ ની તારીખે દફતરમાં લખાયું

હવે આપણે આ બીજા ફર્માન ઊપરની મોહોરો તપાસીએ. પેહેલા ફર્માનની માફક અને આઇને અકબરીમાં જણાવવા મુજબ પાદશાહની મોહોર ફર્માનને મથાળે છે (જુઓ પાનું ૧૧૯) પેહેલા ફર્માનની માફક તેમા અકબર અને તેના સાત વડીલોનાં નામનાં ૮ કુંડાળા છે પેહેલા ફર્માનના જેવાં આ કુડાળાઓમાંનાં નામો ખુલ્લાં અને ઊકલી શકે એવાં નથી અને માઠાં ભાગ્યે તેનો ફોટોગ્રાફ પણ બરાબર ઊઠ્યો નથી. પણ આ

બન્ને ફર્માનોને એકમેકની પાસે મેલતાં એક મોટું દેખાડનારા કાચની મદદથી કોઈ પણ નામો ઊકલાવી શકે.

હવે આપણે ફર્માનની સેવટની મોહોરોનો વિચાર કરીયે. પેહેલા ફર્માનની માફક આપણે ફર્માનને સીધુ ધરવા પછી તે ઊપરની મોહોરો વાંચવાને અને વાકઅનવીસ વિગેરે અમલદારોની નોધો વાંચવાને માટે તેને ઊલટાવવું અને પછી પહેલી ઘડીથી શરૂ કરવું.

મોહોર ૧ લી—આ ઊપરનું નામ ઊકલતુ નથી, પણ આઇને અકબરીમાં પેહેલી ઘડી ઊપરની અને નાકેની જગ્યા, જ્યાંથી કાગળ કાપેલુ હોય છે, તે જગ્યા પરની મોહોર માટે જે કહ્યુ છે તે ઊપરથી, અને તે કહેલાંને પેહેલા ફર્માન પરની એજ જગ્યાની વચાતી મોહોર ઊપરથી ટેકો મળ્યો છે તે ઊપરથી, આપણે સલામત રીતે કહી શકીએ કે આ મોહોર ખાન આજમ મીરજાં અજીજ. કોકાહની છે, કે જે આ ફર્માન વખતે અકબરના રાજ્યનો વકીલ હતો. પેહેલાં ફર્માનની તપાસમા આપણે જોયુ કે તે વખતે (હીજરી ૧૦૦૩ માં) તે વકીલથી તુરતના ઊતરતા ઓહ્દા ઊપર હતો અને તેથી તેણે ખાનખાનાન, જે તે વખતે વકીલ હતો, તેની મોહોરની ડાહબી બાજુએ પેહેલી ઘડીએ મોહોર કીધી હતી. પણ હીજરી ૧૦૦૪ મા તેને વકીલની પદવીએ ચહડાવ્યો હતો. એ ઓહ્દો તેને અકબરના મરણ સુધી ચાલુ રાખ્યો હતો. તેથી આ બીજા ફર્માન વેળાએ (હીજરી ૧૦૧૧-૧૨, રાજ્યના ૪૮ મા વર્ષમાં) તે વકીલના ઓહ્દા ઊપર હતો. તેથી આ પેહેલી મોહોર તેની દિસેછે. આઇને અકબરી વકીલની મોહોરની જે જગ્યા મુકરર કરેછે, ત્યાંજ એ મોહોર છે.

મોહોર ૨ જી.—એ ઊપરના હરફ વચાઈ શકાતા નથી. અહીંતહીં એકાદ હરફ વંચાય છે. હું ધારૂંછુ કે પેહલા ફર્માનમા મોહોરોની જે જગ્યા છે, તેની સરખામણી ઊપરથી આપણે અનુમાન કરી શકીએ કે આ ફર્માન આપતી વખતે પાદશાહની હજુરમાં સેવા બજાવનાર વાકઅનવીસની એ મોહોર હોય. પેહલા ફર્માનના સબધમા આપણે જોયુ, કે ત્યાં પેહલી ઘડી ઊપર વચમાં બે લીટીઓની એક નોધ એવા પ્રકારની હતી કે તે દસ્તાવેજ અબુલ્ફજ઼લની ચોકી અને રેસાલામાં અને વાકઅનવીસ મુઅજુદ્દીન હુસેનની નઓબતમાં નોધવામા આવ્યો હતો. વળી આપણે જોયુ કે એ બે લીટીઓની ડાહબી બાજુએની બે મોહોરો ચોકી અને રેસાલાનો સામટો હવાલો રખનાર અમલદાર અબુલ્ફજ઼લની અને વાકઅનવીસ મુઅજુદ્દીનની હતી. હવે આ ફર્માનમાં પણ આપણે પેહલી ઘડી ઊપર પેહલા ફર્માનની માફક વચમાં નોધ જોઇએ છીએ,

કે એ દસ્તાવેજ રસાલે, ચોકી અને નૌબતમાં નોંધવામાં આવ્યો છે. પણ ફરક આ છે કે, પેહલા ફર્માનમાં રેસાલે અને ચોકી બેઉ એકજ અમલદાર અબુલફજલના અમલ તળે હતાં, ત્યારે આ બીજા ફર્માનમાં તે બે જૂદા જૂદા અમલદારોના આમલમાં છે. આસફખાન નામનો અમલદાર રેસાલા ઊપર છે અને ખાજગી ફતહઅલ્લા ચોકી ઊપર છે. વાકઅનવીસ તરીકે નૌબત, મહમદ શરીફ નામના અમલદારની છે. તેથી આ બીજા ફર્માનમાં ઊપલી પેહલી ઘડીની વચોવચમાંની નોંધવાળી લીટીઓની ડાહબી બાજુએ ત્રણ અમલદારોની મોહોરોની આપણે આશા રાખવી જોઇએ હવે ત્રીજી અને ચોથી મોહોરોમાં આપણે ઊપલા બે અમલદારો આસફખાન અને ખાજગી ફતહઅલ્લાનાં નામો વાંચીએ છીએ. ત્યારે હું ધારૂંછું કે આએ નહીં ઊકલતી મોહોર ત્રીજા અમલદાર વાકઅનવીસ મહમદ શરીફની હોય.

મોહોર ૩ જી—એમાં આપણે ઊપરથી ફતહઅલ્લા શબ્દો વાંચીએ છીએ. નીચેના શબ્દો વચાતા નથી. આ નામ ત્યારે દેખાડે છે કે આ મોહોર ખાજગી ફતહઅલ્લાની છે કે જે, ઊપલી પેહેલી ઘડીની વચમાંની ત્રણ લીટીઓમાં જણાવવા પ્રમાણે, ચોકીનો હવાલો ધરાવતો હતો. એ ચોકીનો હવાલો ધરાવનાર અમલદાર અને વાકઅનવીસ અને રેસાલેદાર પોતપોતાની ચોકી અને નૌબત અને રેસાલાના સબધમાં ફર્માનો ઊપર સહી કરતા હતા, તે આઇને અકબરી (દફતર બીજી આઇન ૯) મુજબ આપણે ઊપર જોયું છે

આ ખાજગી ફતહઅલ્લા બાબે અબુલફજલની આઇને અકબરીમાંથી નીચે મુજબ હકીકત મળેછે. એનું નામ અકબરના મોટા દરબારીઓની ટીપમા આપણે ૨૮૫ મા નબરે જોઇએ છીએ (બ્લોખમાનની આવૃત્તિ I પા. ૨૨૯) તે "સે-સદી-પજાહ" એટલે "૩૫૦ માણસ ઊપર સરદારી ભોગવનારાઓ" માંનો એક હતો. બદઓની પ્રમાણે એક વખતે તે રાજ્યનો બખ્શી પણ હતો (લીઝ અને આહમદઅલીની આવૃત્તિ પા. ૩૧૩ લીટી ૧૫ પાનું ૩૬૧ લીટી ૨. લોનો તરજુમો II પા. ૩૨૩,૩૭૨). એ સબબે આપણા ફર્માનમાં એને "બખશી અલ મુલકી" કહ્યો છે. અકબરના રાજ્યના ૪૫ મા વર્ષે (હીજરી ૧૦૦૮) માં જ્યારે અકબરે આસીર ઊપર ઘેરો નાખ્યો હતો ત્યારે લલન્ગના કિલ્લા ઊપર ઘેરો નાખવામાં તે મુજફ્ફરની સાથે શરીક થયો હતો.

મોહોર ૪ થી—આ મોહોર ઊપર આપણે આસફખાન નામ ખુલ્લું વાંચીએ છીએ ઊપર જણાવવા મુજબ, પેહેલી ઘડીની વચમાંની ત્રણ

નોંધોમાં જણાવવા મુજબ, તે આ ફર્માન વખતે રૈસાલાના હવાલામાં હતો યાને રૈસાલેદાર હતો. આપણે ઊપર જોયું કે પાદશાહે આપેલાં ફર્માનની એક યાદદાશ્ત બનાવવામાં આવતી હતી. ત્યારપછી તેનો તઅલીક યાને ટુંક એનતેખાબ બનાવવામાં આવતો. તે તઅલીક ઊપરથી ફર્માનો ઘડવામાં આવતાં. એ તઅલીક ઊપર આઇને અકબરી કહેછે કે રૈસાલેદાર પણ સહી અને મોહોર કરતો.

આ અમલદાર આસફખાન બાબે આપણને નીચલી હકીકત મળેછે. આસફખાન તો એક એતાબ છે. અકબરે એ એતાબ પોતાના ત્રણ મોટા દરબારીઓને આપ્યો હતો. એ ઊપરથી ઊભી થતી ગુચવણ ટાળવા માટે બદઓની બીજા અને ત્રીજા આસફખાનને "આસફખાને સાની" યાને "બીજો આસફખાન" અને "આસફખાને સલ્સ" એટલે "ત્રીજો આસફખાન" એવાં નામોથી ઓળખે છે. પેહેલો આસફ ખાન, જેનુ નામ અબદુલ મજીદ હતું, તે હીજરી ૯૮૧ ની આગમચ ગુજરી ગયો હતો. બીજો આસફખાન, જેનુ નામ ખાજે મીરજા ગીઆસુદ્દીન અલી હતું, તે હીજરી ૯૮૯ માં ગુજર્યો હતો ત્યારે આ ફર્માનવાળો આસફખાન તે આસફખાન ત્રીજો હતો, જેનું નામ મીરજા જાફરબેગ હતુ અને જે આ ફર્માન વેળા હેયાત હતો (બદઓનીની લીથ્ર અને અહમદઅલીની આવૃત્તિ વા. II પા. ૩૧૨ લીટી ૧૧. લોનો તરજુમો II પા ૩૨૨). અબુલફજલે આઇને અકબરીમાં અકબરના મોટા દરબારીઓની જે ટીપ આપી છે, તેમાં એ ૯૮ માં અકનો દરબારી છે. તે અકબરના રાજ્યના ૨૨ મા વર્ષે કાજ્વીનથી આવ્યો હતો. તેને પેહેલે "બીશતી" એટલે "૨૦ સેપાહોની ટુકડીનો સરદાર" નેમ્યો હતો. થોડા વખત પછી તેને "દો હજારી" એટલે "બે હજાર સેપાહોનો સરદાર" બનાવવામાં આવ્યો હતો, અને તે વખતે તેને આસફખાનનો[1] એતાબ આપવામાં આવ્યો હતો. રાજ્યના ૪૪ મા વર્ષ (હીજરી ૧૦૦૮) મા એને "દીવાને કુલ" નેમવામાં આવ્યો હતો તે અકબર તરફથી ઘણીક લડાઇઓમા લડયો હતો. બદઓની મુજબ તે અકબરના વખતનો એક જાણીતો લખનાર હતો. "તારીએ અલફી" એટલે "એક હજાર વર્ષની યા હજારાની તવારીખ," એવે નામની તવારીખ, જે અકબરે આસરે હીજરી ૯૯૦ માં, હીજરી સનેના એક હજાર વર્ષસુધીની સઘળી મહોમેદન પ્રજા માટે લખાવા માંડી

(૧) آصف بن برخیا આસફ બીન બરખીઆ નામનો એક ધણી અરબોના વિચાર પ્રમાણે સુલેમાન (Solomon) પાદશાહનો વજીર હતો. તે ઘણો દાનાવ હતો. એનામ ઉપરથી કદાચ એ એતાબનું નામ નીકળ્યુ હોય.

હતી, તેના લખનાર મુલ્લાંના આહમદ સાથે તે એ પુસ્તક લખવામાં સામેલ હતો (એલીયટની તવારીખ વા. V પાના ૧૫૦-૫૩) મુલ્લાંના આહમદે ઊપલી તવારીખના બે દફતરો લખ્યાં, કે તેને તેના એક દુશ્મને મારી નાખ્યો હતો. તેથી બાકીનું પુસ્તક હીજરી ૯૯૭ ના શાલ સુધીનું આ આસફખાને લખ્યું હતું. બદઓનીનો પણ એ પુસ્તક લખવામા હાથ હતો. રાજ્યના ૩૮ મા વર્ષ (હીજરી ૧૦૦૧) મા આસફખાને સવાત અને બજોરના આફગાનો સામે લડવામા જઇનખાન કોકાસાથે ભાગ લીધો હતો (એલીઅટ V પા. ૪૬૭). અકબરનામા પ્રમાણે રાજ્યના ૪૫ મા વર્ષમાં અબુફજલની સાથે તેણે આસીરના કિલ્લાપર ઘેરો નાખવામાં ભાગ લીધો હતો. (એલીએટ VI પા. ૯૭)

મોહોર પાંચમી.—આ મોહોર ઊપર, આપણે "અલહુસઇની સદરે જેહાન કમતરીન બંદે" એટલે "કમતરીન બંદો સદરે જેહાન અલ હુસઇની" શબ્દો વાંચીએ છીએ આ ધણીની મોહોર આપણે પેહેલાં ફર્માનપર પણ જોઈ છે ત્યાં કહ્યું તેમ, તે અકબરના રાજ્યનો છેલ્લો સદર હતો. તે હીજરી ૯૯૭ માં એોહ્દા ઊપર આવ્યો હતો, અને અકબરના મરણ સુધી તે ઊપર ચાલુ રહ્યો હતો, અને વળી જેહાંગીરના રાજ્યમા પણ થોડો વખત સુધી કાયમ રહ્યો હતો. તેથી આપણે તેની મોહોર આ ફર્માન ઊપર પણ જોઇએ છીએ આ ફર્માનમાં પણ આપણે એજ મોહોર તેજ જગ્યા ઊપર જોઈએ છીએ, કે જે જગ્યા આઇને અકબરીમાં, આગળ જણાવવા પ્રમાણે, સદરની મોહોરને આપી છે તેની મોહોરની નીચે અને ડાહબી બાજુએ આપણે એક તારીખ જોઈએ છીએ. તેમા કહેછે, કે "રોજ ૧૪ માહા મેહર ઈલાહી સને ૪૮ ની તારીખે દાખલ કીધું." પેહેલી નજરે ચોકસ દિસતું નથી, કે આ તારીખ સદરે જેહાનની મોહોરની છે, યા તે આસફખાન વાળી ૪ થી મોહોરની છે, યા ૬ ઠી મોહોર, જે ઊકલતી નથી અને જે ૪ થી મોહોર સાથે ભેળાઈ ગઈ છે, તેની છે. પણ જે રીતે આ તારીખ અહીં લખી છે તે રીતનો, જે રીતે તે પેહેલાં ફર્માનમાં સદરે જેહાંનની મોહોર નીચે લખી છે તે રીત સાથે મુકાબલો કર્યે છીએ, ત્યારે એ તારીખ સદરે જેહાનની મોહોરનીજ દિસેછે. પેહેલાં ફર્માનમાં પણ આ ફર્માન માફક તે સદરે જેહાનની મોહોરની નીચે જરા ડાહબી જગ્યાએથી લખેલી છે. જે ઘણું ધ્યાન ખેંચનારૂં છે તે આ, કે બેઊ ફર્માનોમાં તારીખ ઊપર એક ચોકસ રીતનો લીસોટો છે. જ્યારે સદરે જેહાન ફક્ત એકજ એવો પુરૂષ છે, કે જેનું નામ બેઊ ફર્માનમાં દિસેછે. અને જ્યારે બેઊ ફર્માનોમાં એની મોહોર આગળ એક ચોકસ પ્રકારનો

મોટાડદાર લીસોટો છે, ત્યારે આપણને માનવાને કારણ મળેછે, કે એ તારીખ ખરેખરે જેહાનગીરની મોહોરની છે.

મોહોર ૬ ઠી.—એ તદન નહીં ઊકલે એવી છે, અને તે ચોથી મોહોર સાથે ભેળાઈ ગઈ છે.

ના. ૬ અને ના. ૭ વાળી મોહોરોની વચ્ચે કદાચ કોઈક અમલદારોની એક યા વધુ મોહોરો હોય. પણ અસલ ફ્રર્માનમાં એ બે મોહોરોની વચ્ચે-ના ભાગ ઊપર દસ્તાવેજના પુરાણા કાગળની ફાટીતુટી હાલતને ટેકવી રાખવા ખાતર એક કાગળનો ટુકડો વળગાવેલો છે, તેથી આપણે ચોકસ કહી શકતા નથી કે ત્યાં કોઈ મોહોર હતી કે નહીં

મોહોર ૭ મી.—એ મોહોર ઊપર આપણે "અબદુલ કરીમ બન્દે એ યજ્દાની" નામ વાચીએ છીએ અને તેની હેઠે "રોજ ૯ માહ મેહેર ઈલાહી સને ૪૮ ને દિને વાકેફ થયો" એવા શબ્દો વાચીએ છીએ. એવું દિસેછે કે જૂદા જૂદા અમલદારોની દસ્તાવેજ નોધવાના શબ્દોની જૂદી જૂદી રૂઢીઓ હતી એક 'સબ્ત શુદ' લખતો, તો બીજો "કલમી શુદ," તો ત્રીજો "મર્કુમ શુદ" લખતો, કે જે સઘળાની મતલબ કે "લખાયું" યા "નોધાયું" વળી કોઈ ચોથો "મુતલઅ શુદ" એટલે વાકેફ થયો, એમ લખતો. એ સઘળા શબ્દો જૂદા જૂદા અમલદારોના યા તેઓના ખાતાંના ખાસ (technical) શબ્દો હતા, કે જેની મતલબ એવું દેખાડવાની હતી, કે એ ફ્રર્માન તેઓના ખાતાંમાં નોધવામાં આવ્યુ છે, યા તેઓના જોવામાં આવ્યું છે. હવે આ મોહોર ઊપર "મુતલઅ શુદ" એવા જે ખાસ શબ્દો છે, તે પેહેલાં ફ્રર્માન ઊપરના ના ૧૦ વાળી મોહોરના શબ્દોના જેવાજ છે. પેહેલાં ફ્રર્માનમા આપણે જોયું કે કદાચ તે ૧૦ મી મોહોર મુસ્તઓફીની હોય. તેજ મુજબ ત્યારે આ મોહોર વાળો અબદુલ કરીમ (યા કદાચ અબદુલ રહીમ), મુસ્તઓફી હોય. એ ધણી કોણ હતો તે આપણે ચોકસ કહી શકતા નથી

મોહોર ૮ મી—આ મોહોર ઊપરના સઘળા શબ્દો ખુલ્લા નથી, પણ "અલી મુર્તજા" શબ્દો આપણે ખુલ્લા વાંચીએ છીએ. એ મોહોરની હેઠે આપણે "રોજ ૭ માહ મેહેર ઈલાહી સને ૪૮ ને દિને લખાયું (મર્કુમ શુદ)" એવી મતલબના શબ્દો જોઈએ છીએ. એ મોહોરની જરા નીચે હાશીઆ ઊપર ઊભી લીટીમાં આપણે એજ તારીખ જોઈએ છીએ. એવીજ ઈબારત (મર્કુમ શુદ) સાથેની મોહોર પેહેલાં ફ્રર્માનમાં ના. ૯ વાળી મોહોર હતી. એ બેઊ મોહોરોમાં 'અલી' શબ્દ સામાન્ય છે. વળી બેઊ મોહોરોના સંબંધની તારીખ હાશિયા ઊપર પાછી લખેલી મળેછે. તેથી

પેહેલે નજરે કોઇને કહેવાની લાલચ થાય કે એકજ ધણીએ બેઉ ફર્માનો ઉપર એ મોહરો કરી છે. પણ એમ નથી. પેહેલા ફર્માનમાં આપણે જોયું કે તે (૯ મી) મોહોર તઅલીક તૈયાર કરવાના કામસાથે સંબંધ ધરાવનાર કોઈ અમલદારની દિસે છે. આ મોહોર પણ ત્યારે તેવાજ કોઈ અમલદારની છે. કદાચ તે દારૂગાની મોહોર હોય. આઇને અકબરીની સત્તા ઉપરથી આપણે જાણીએ છીએ, કે અસલ તઅલીક, જે ઉપરથી ફર્માન બનાવવામાં આવે છે, તે ઉપર "વાકઅનવીસ, રેસાલેદાર, મીર અર્જ (ચોકીના સબંધનો અમલદાર) અને દારૂગો સહી અને મોહોર કરેછે." આ ચાર અમલદારોમાથી આપણે જોયું કે પેહેલા ત્રણ, જેઓ મુખ્ય અમલદારો છે, તેઓને પેહેલી ઘડીની વચમાંની ત્રણ લીટીઓમાં જણાવ્યા છે, અને તેઓ એ પોતાની મોહોરો મારી છે. ત્યારે આ કદાચ ચોથા અમલદાર દારૂગાની મોહોર હોય.

મોહોર ૯ મી—આ મોહોર તદન બરાબર ઊકલે છે તે ઉપર "અબ્દે હુસએન કમાલુદદીન" એટલે "બંદો હુસએન કમાલુદદીન" એવા શબ્દો છે. એ મોહોર નીચે રોજ ૭ માહ મેહેર ઈલાહી સને ૪૮ ને દિને લખાયુ (કલમી શુદ)" એવા અર્થના શબ્દો છે પેહેલાં ફર્માનમા ૧૧ મી મોહોર જે જગ્યા ઉપર છે તેજ જગ્યા ઉપર આ ફર્માનમાં આ ૯ મી મોહોર છે વળી બેઉ ઉપર એકજ ધણીનુ નામ છે, જો કે તેની મોહોર બેઉ ઉપર એકજ પ્રકારની નથી પેહેલા ફર્માનમા શબ્દો "અલ અબ્દહુસએન કમાલુદદીન" છે ત્યારે આ બીજા ફર્માનમા "અબ્દે હુસએન કમાલુદદીન" છે. નામતો એક છે, પણ કમીનાપણુ દેખાડનારો સરેસતાનો શબ્દ, જો કે તેજ છે તો પણ, રચનામા જરા જુદો છે પેહેલા ફર્માનમા તે "અલ અબ્દ" છે પણ બીજામા "અબ્દે" છે. વળી બેઉ મોહોરોની નીચેની તારીખની ઈબારત એક સરખી છે. બેઉમા એ ઈબારતમા "કલમી શુદ" એવા ખાસ શબ્દો છે એ શબ્દો આઇને અકબરીમા પણ મળેછે તે ઉપરથી, અને એ મોહોરની જગ્યા ઉપરથી આપણે પેહેલાં ફર્માનના સબંધમા ઠેરવ્યું છે, કે તેની ૧૧મી મોહોર "સાહેબ તઓજીએ" ની દિસેછે, તેજ સબબો ઉપરથી, અને વળી બેઉ મોહરો ઉપર એકજ નામ છે તે ઉપરથી, આપણે સલામત રીતે કહી શકીએ, કે આ મોહોર પણ "સાહેબ તઓજીએ"ની છે.

હવે આપણે બીજા ફર્માનની તારીખોનો અનુક્રમ તપાસીએ. બીજા ફર્માન ઉપરથી દિસે છે કે પેહેલાં (હીજરી ૧૦૦૩ ના) ફર્માન મુજબ કેકોબાદને તેવણના બાવાની ૨૦૦ વીઘા જમીન અને પોતાની ૧૦૦ વીઘા જમીન મળી ૩૦૦ વીઘા જે જમીન આપવામાં આવી હતી, તેનો ભોગવટો તેવણને નિરાંતે કરવા દેવામા નહીં આવ્યો હતો તેવણને હરકત કરવામાં

આપેલી દિસેછે. એ સબબે આઠ વર્ષ પછી આપવામાં આવેલાં બીજાં ફર્માનમાં આગલાં ફર્માનની હકીકત કહેવામા આવેછે, અને ફરમાવવામાં આવેછે, કે સઘળી જમીન તેવણુંને પાછી આપવામાં આવે, અને ચાલુ વર્ષ (એટલે પાદશાહના રાજ્યના ૪૮ મા વર્ષ) માં અને તેની આગમચના વર્ષમાં તેવણુની જમીનની જે આવક તેવણથી છીનવી લેવામાં આવી હોય, તે તેવણને ભરી આપે વળી ફરમાવવામાં આવેછે કે તેવણ પાસે દરવર્ષે નવાં ફર્માનો નહીં માગવા, પણ પાદશાહી મોહોર સાથેનું આ બીજું ફર્માન પુરતું સમજવું. આ બીજાં ફર્માન ઊપર શાહના રાજ્યના ૪૮ મા વર્ષના મેહર મહિનાનો બીજો રોજ છે.

પેહેલા ફર્માનના સબંધમાં આપણે જોયું કે (હીજરી ૧૦૦૩ માં) મેહર મહિનાના ૧૫ મે દેપમેહર રોજે પાદશાહે જમીન ભેટ આપવા માટે હુકમ આપ્યો હતો ત્યાર પછી ૨૮ દહાડે આવાં મહિનાના તીર રોજે તે હુકમની કાયદાસર નોધ લેઈ તઆલીક બનાવવામાં આવી હતી, અને ત્યારપછી અસપદાદ મહિનો ને આંવાં રોજે, એટલે પેહેલા હુકમ બહાર આવવા પછી આસરે ચાર મહિને, એક સત્તાવાર પાક્કુ ફર્માન કૈકોબાદને કરી આપવામાં આવ્યું હતું ત્યારપછી બીજા અમલ-દારોએ પોતપોતાના દફતરોમા તેની નોધ લેવા માટે અને તે ઊપર પોતાની મોહોરો મારવા માટે આસરે બે મહિના લીધા હતા. સઘળું કામ બીજા વર્ષ (હીજરી ૧૦૦૪)ના અર્દીબેહેશ્ત મહિનામા તમામ થયું હતું. હવે પેહેલાં ફર્માનમાં આપેલી જમીનનો ભોગવટો શાતીથી તેવણને કરવા દેવામાં નહીં આવેલો અને તેવણને હરકત કરવામા આવેલી, તે સબબને લીધે આપણે બીજા ફર્માનના સબધમાં જોઇએ છીએ, કે તે પક્કુ કરી આપ-વામા ઢીલ કરવામા આવી નહીં પાદશાહે મેહર મહિનોને બહમન રોજે ફર્માન ઊપર પોતાની મોહોર કીધી. તેજ દહાડે તઆલીક સાથે સબધ ધરાવનારા અમલદારોએ પોતાની મોહોરો કરી છે, અને સદરે જેહાંને તે ઊપર સહી ને મોહોર કરીછે, અને ૧૨ દહાડામાં સઘળા અમલદારોએ પોત પોતાની મોહોરો કરીછે.

ત્રીજો દસ્તાવેજ.

(શાહ અકબરના રાજ્યના ૪૮ મા વર્ષે થયલો પરવાન્ચે એટલે પરવાના નામનો દસ્તાવેજ).

ખોદા મોટો છે.

ખાનખાનાન મીરજાંખાન બાહાદુર સેપેહ સાલારનો હુકમ.
સુરતની સરકાર અને નોસારી કસ્બાના અને તલારી પરગણાના

કારોબાર અને અમળના અમલદારોને માલુમ થાય કે (પાદશાહનો) હુકમ, જેને કુલ જેહાન તાબે થાય છે અને આલમ કબૂલ રાખે છે, તે ગુજરાતના વજીફા ધરાવનારાઓના સંબંધમાં જાહેર થયો હતો, કે મદદે મઆશ તરીકે જે કાંઈ ધરાવવામાં આવતું હોય, તેમાંથી અર્ધું આપવામાં આવે; તેથી આસરે ૩૦૦ વીઘા જમીન, કે જે પાદશાહના આગલાં ફર્માન મુજબ, કમ્એકોબાદ ફારસીની મદદેમઆશ માટે ઉપલા કસ્બામાંથી તવરીના ગામમાંથી, તબારી પરગણાના અમલમાંથી મુકરર કરવામાં આવી હતી, તેમાંથી ૧૫૦ જમીન ઊપલા ધણીને આપવામાં આવી છે. આ વેળાએ જ્યારે ઊપલો ધણી પાદશાહનું નવું ફર્માન લાવ્યો છે, કે કમ્એકોબાદની મદદે મઆશ માટેની જમીન, કે જે ૩૦૦ વીઘા છે, તે તમામ અને સંપૂર્ણ, ખજુરીનાં ઝાડા સાથે, તેની અસલી જમીનમાંથી આપવી, ત્યારે બુલંદ હુકમ થયો છે, કે આસરે ૩૦૦ વીઘા જમીન, તેના અસલ હવાલામાંથી, ઝાડપાનો સાથે (ફર્માનમાં) સમાવેલી વિગત મુજબ, તેની મદદે મઆશ માટે મુકરર થવી જોઈએ, અને વળી ઉપલી જમીન ઊપલા ધણીને પાછી સપુરદ કરવી જોઈએ, કે તેની આવકનો તે માલિક થાય અને પાદશાહના બન્દાઓની સાથે જોડાઈને તેની જાયુકની દોલત (યાને સારાં નસીબ) માટે દુઆ ગુજારવામાં મશગુલ રહે અને જમીનના કર અને ચીજો ઊપરના કર અને બીજા કરો અને સઘળા દીવાની કરો તરીકે તેની પાસે કાંઈ નહીં માગવું અને કોઈપણ રીતે તેના હવાલામાં હરકત અને ઢીલ કરવી નહીં અને બુલંદ હુકમ મુજબ અમલ કરી ફર્માનથી ફરવું નહીં.

લખ્યું છે ઈલાહી સને ૪૮ ના અસફન્દારમદ મહાના પેહેલા રોજે, જેને મળતો દિવસ ૧૦૧૨ ના રમજાન અલમુબારક મહિનાનો ૨૧ મો દિવશ.

તઅલીકની હકીકત કરારમાંથી મુકરર (કીધી). ઈલાહી સને ૪૮ નો માહ બહમન રોજ ૨૨ બાદ (ગુઆદ)ને દિને, જેને મળતી રમજાન અલ મુબારક મહિનાની તારીખ ૧૦ મી સને ૧૦૧૨ કારોબારને પનાહ આપનાર અને બહાદુરીમાં સરસ મીરજા હસન અલીબેગ અને સદારત(૧) ને મદદ આપનાર મીરજા અબ્દુલ મુલ્ક દીવાન અને દોલત ઇચ્છનારાઓનો સ્થભ ખાજે મહમદ મઅસુમ મીર બખ્શીની મોહર સાથે. મુમલિકતને ટેકો આપ-

---

(૧) સદારત એટલે સદરનો ઓદ્ધો એ અને પછીના બીજા શબ્દો નામ દીધેલા અમલદરોની સીફતમા છે.

નાર સત્તાવાળા નવાબે હુકમ ફરમાવ્યો છે કે (પાદશાહનો) કુલજેહાનથી માન પમાયેલો જે હુકમ-કે ગુજરાતના સુબાના વજીફાના માલિકો મદદેમઆશ તરીકે જે (જમીન) ધરાવતા હોય, તેમાંની અર્ધી તેઓને આપવામાં આવે-તે મુજબ, આસરે ૩૦૦ વીઘા જમીન, કે જે પાદશાહના આગલાં ફર્માન મુજબ કેકોબાદ પારસીને મદદે મઆશ તરીકે, નોસારી કસ્બામાંથી તેના તવરી ગામમાથી મુકરર કરી આપી હતી, તેમાંથી ૧૫૦ વીઘા જમીન ઉપલા ધણીને એનાયત કરવામાં આવી હતી, (પણ) આ વેળાએ તે ધણી પાદશાહનુ નવું ફર્માન લાવ્યો છે, કે કેકોબાદની મદદે મઆશાની જમીન, જે ૩૦૦ વીઘા જમીન છે, તે તમામ અને સંપૂર્ણ, ખજુરીનાં ઝાડો સાથે તેની અસલી જગામાથી પાછી આપવામાં આવે, તેથી બુલદ હુકમ થયો છે, કે આગલીજ માલિકીની આસરે ૩૦૦ વીઘા જમીન ખજુરીના ઝાડો સાથે તેની મદદે મઆશ માટે મુકરર કરવામા આવે (માટે) જરૂરનું છે કે સરકારના અમલદારો એક ખાસ સનદ તુરત ઉપલા ધણીને આપે. મગ-માઈના ભંડાર અને સદરના ઓફાને મદદ કરનાર મોલાના અબદુલ અ-જીજની પરવાનગી અને દરબારને પનાહ આપનાર મીરજા અબદુલ મુલક દીવાનના પોતાના દસ્તખતથી હાશીઆની સરહ. બુલદ હુકમ મુજબ પાદ-શાહના ફર્માન માફક આગલી માલિકીમાંથી પરવાનો તમામ લખી આપ-વામા આવે.

તલારી પરગણામા તવરી ગામ ૧૦૦ વીઘા	નોસારી કસ્બો જે મજકુરજમીન આ વખતની આગમચ માહીઆરની મદદે મઆશ માટે હતી ૨૦૦ વીઘા.

(હાશીઆ ઉપર પરવાનાને ફેરવીને આડી લખેલી બે લીટીઓનો તરજુમો આ લીટીઓ પા. ૧૩૩ ઉપર પરવાનો ખીબામા છાપ્યો છે, ત્યાં છાપી નથી, પણ પાના ૧૩૭ ઉપર છાપી છે એની જગ્યા માટે જૂઓ ફોટો ફેકસીમીલી).

ખોદા મોટો છે

પરવાનાની બાબત ઉપર અમલ કરી, જ્યા પણ પાદશાહનું ફર્માન નવુ કરવામાં આવ્યુ છે, ત્યાં પરવાના માટે ગફલતી કરવામા નહીં આવે. જોઈ ખાતરી કીધી છે.

ઊપલી લીટીઓની નીચે નીચલાને મળતા શબ્દો છે خلد الله ملكه એટલે "ખોદા તેના રાજ્યને હમેશાં કાયમ રાખે." (May God protect his reign for ever).

શાહ
અકબર મુરીદ
ખાનખાનાન

(ઊપલી લીટીઓ ઊપલી મોહોરની નીચે છે. આ મોહોર ઊપરનું લખાણ જેટલું વચાય છે તેટલું નીચે મુજબ છે. તે નીચેથી વચાય છે,) "ખાન-ખાનાન મુરીદ અકબરશાહ" એટલે "શાહ અકબરનો ચેલો ખાનખાનાન."
(એ મોહોરની થોડેક નીચે નીચલા અર્થના શબ્દો છે. ફારસી લખાણ માટે જૂઓ પા. ૧૩૭) લખ્યું છે.

(પરવાનાના પાછલાં પડ ઊપર ઊપરથી હાશીઆ ઊપર ઊભી લખેલી જે લીટી છે તેનો તરજુમો) તઅલીકે મુજબ બુલંદ પરવાનાનો હુકમ લખાયો છે.

આ દસ્તાવેજ એક 'પરવાન્ચે' અથવા પરવાનો છે. એવા દસ્તાવેજ માટે અબુલફજલ કહેછે કે (બ્લોખમાનની આઇને અકબરીની આવૃત્તિ I પા. ૧૯૫ લીટી ૭-૮) "ફર્માનો કેટલીક વખતે તોગ્રા હરફે લખવામાં આવેછે, પણ તેઓની પેહેલી બે લીટીઓ ટુકી કરવામાં આવતી નથી. આવાં ફર્માનને પરવાન્ચે કહેછે."

અબુલફજલના ઊપલાં કહેવા મુજબ (જુઓ ફોટો-લીથો ફેક-સીમીલી), જ્યારે આગળ આપેલાં બેઊ ફર્માનોની પેહેલી બે લીટીઓ ટુકી છે, ત્યારે આ તપાસવાળા પરવાનાની ટુકી નથી, પણ બીજી લીટીઓ માફક આખી છે.

વળી પરવાનાઓ ઊપર પાદશાહ મોહોર કરતો નહીં હતો. અબુલફજલ એ બાબે કહેછે કે

ار مهربانی و آسان گیری قبض مهرِ گیتی خداوند نرسد

(બ્લોખ્માનની આવૃત્તિ I પા. ૧૯૫ લીટી ૧૩-૧૪.)

એટલે "મેહેરબાનીને ખાતર અને ધીલ આસાન કરવા ખાતર પાદ-શાહની મોહોર માટે તે આવતો નથી" એ સબબે આપણે જોઇએ છીએ કે એ પરવાના ઊપર ખુદ પાદશાહની મોહોર નથી.

હવે આપણે એ પરવાના ઉપરની મોહોરો તપાસીએ:—

આગલા ભાગ ઉપર હાશીઆ ઊપરના લખાણની નીચે આપણે ખાનખા-નાનની મોહોર જોઈયે છીએ તે ઉપર લખેલું છે, કે "ખાનખાનાન મુરીદ અકબર શાહ." આ મોહોર ઉપરનું લખાણ, પેહેલાં ફર્માન ઉપર એજ ખાનખાનાનની મોહોર છે તેના લખાણને મળતું છે, જો કે મોહોર જૂદા પ્રકારની છે. ખાન ખાનાને, એક વડો અમલદાર, જેના વકીલ ત-રીકેની મોહોર હેઠળ પેહેલુ ફર્માન બહાર પડ્યુ હતું તે અમલદાર તરીકે આ પરવાના ઉપર મોહોર કરી તે બહાર પાડેલોછે

આઈને અકબરી (દફતર બીજું આઈન ૧૨) માં જણાવવા પ્રમાણે ફર્માનોની માફક આ પરવાનાની પેહેલી ઘડી પણ બીજીઓ કરતા ટુંકી છે અને નકિથી કાગળ કાપેલું છે. આ પરવાના ઉપર ખાન ખાનાનની મોહોર સુધાં ૧૦ મોહોરો છે.

પહેલી ઘડી ઊપર જમણી બાજુએ જે પેહેલી મોહોર છે, તે ઉપર "મઅસુદ અલી હસન અલ અબદ" જેવા શબ્દો છે "મીરજા હસન આલી બેગ" નામના જે અમલદારનુ નામ આપણે એ પરવાનાના લખાણમાં જોઇએ છીએ, તે ધણીની એ મોહોર દિસેછે.

પેહેલી ઘડી ઉપર ઊપલી પેહેલી મોહોરની જરા ડાહબી બાજુએ બીજી મોહોર છે. તે ઉપર "ખાનખાનાન......મઅસુમ" એવા શબ્દો ઉકલી શકે છે. વચમાંનો શબ્દ 'મુરીદ' જેવો દિસેછે જો એમ લઈએ તો એ નામ "ખાન ખાનાનનો ચેલો મઅસુમ" એ અર્થનું થાય.

પેહેલી ઘડી ઉપર બીજી મોહોરની જરા ડાહબી બાજુએ અને જરા ઉપરથી ત્રીજી મોહોર છે. તેના છુટા છવાયા અહીં તહીં હરફો ઊકલે છે, પણ આખી મોહોર ઊકલતી નથી. બાકીની ૬ મોહરો ઉકલી શકતી નથી

તારીખના સંબંધમાં આપણે જોઇએ છીએ કે આ પરવાનો ફર્મા-નોથી આ બાબતમાં જૂદો છે, કે જો કે ખુદ પરવાનાના લખાણમાં ઇલાહી સને આપ્યો છે, તોપણ અમલદારોની મોહોરોના સબંધમાં જે આગ તારીખો આપીછે, તેમાં હીજરી તારીખો છે. એવી ત્રણ જગ્યાએ

હીજરી ૧૦૧૨ ના રમજાનની તા. ૨૨ મી છે, અને ચોથી જગ્યાએ તેજ મહિનાની ૨૩ મી તારીખ છે.

આપણે બીજા ફર્માનના સંબંધમાં જોયું કે પાદશાહના રાજ્યના ૪૮ મા વર્ષે મેહેર મહિનામાં તે આપવામાં આવ્યું હતું. એવું દિસે છે કે એ બીજાં ફર્માન્ પછી પણ કૈકોબાદની મુશ્કેલીઓ તમામ થઈ હતી નહીં. પાદશાહે એક સામાન્ય હુકમ બહાર પાડ્યો હતો કે "મદદે મઆશ" તરીકે આપેલી જમીનો અર્ધો અર્ધ કરી નાખવી. તે મુજબ કૈકોબાદને આપેલી કુલે ૩૦૦ વીઘા જમીનમાંથી તેની પાસે ૧૫૦ વીઘા રહેવા દેવામાં આવી હતી અને ૧૫૦ પાછી લેવામાં આવી હતી. એ ઉપરથી ત્યારે આ પરવાનો ફરીથી આપવામાં આવ્યો અને તેમાં ફર્માવ્યું કે કૈકોબાદના બાબમાં જમીનની કાંઈપણ કાપકુપ કર્યા વિના એકદમ સઘળી તેની જમીન તેને આપવી. એ બાબે તઅલીક બહમન મહિનાના ગુઆદ રોજે તૈયાર કરવામાં આવી અને છેવટનો પરવાનો ૯ દહાડામાં, એટલે અસફંદાદ મહિનાના હોરમજદ રોજે કરી આપવામાં આવ્યો.

(ચોથો દસ્તાવેજ. દસ્તુર મેહેરજીરાણાને આપેલી ૨૦૦ વીઘા જમીન માટે ખાસ બોલતો મેહજર)

ખોદા મોટો છે.

નવાબ નામદાર સાદિક મહમદખાન

આ લખવાની મકસદ આકે સને ૧૦૦૫ ના રબીઅલ સાની મહિનાની ૨૬ મી તારીખે (૧)ના અમલમાં, નોસારી

(૧) કહેછે કે આવા કેટલાક પુરાણા દસ્તાવેજોમા જયારે હાથ નીચેના અમલદારોને પાદશાહ અથવા શાહજાદાનું નામ દેવું પડતુ ત્યારે તે પાદશાહ અથવા શાહજાદા તરફના માનને ખાતર તેઓ નામને માટેની જગ્યા ખાલી રાખતા હતા, અને વાંચનારાઓ તે સમજી લેતા હતા. કોઈવાર હાશીઆમા તે નામ લખતા આ મેહેજરમાં ફારસીમા 'અમલ' શબ્દ પછી એવીજ મતલબે જગ્યા ખાલી રાખેલી દિસેછે અહીં જે ધણીના અમલનો ઈસારો છે તે આખા દેશના પાદશાહ તરીકે, શાહ અકબરનો હોય, યા તો ગુજરાત પ્રાંતના હાકેમ તરીકે શાહજાદા સુલતાન મુરાદનો હોય.

[વિભાગના શારએ શારીફની[૧] અને મજકુર કસ્બાના શીકદાર[૨] ખાજે મીરજા જાનની હજુરમાં એક ધણી નામે કેકોબાદ જે મેહેરયાર પારસીનો છોકરો, તે પાદશાહનુ ફર્માન લાવ્યો કે આમરે ૨૦૦ વીઘા જમીન, ઝાડો અને તાડ અને ખજુરી વિગેરે કે જે તે જમીનમાં થતાં હોય તે સાથે, મજકુર કસ્બાની પડોશમાં, આ (વખત) આગમચ મેહેરયારની મદદે મઆશ માટે અસલ માલિકીમા હતી, તે તેને સોંપવામા આવે. તેટલા માટે આગલી માલિકીની તેહકીક કરવા માટે ઊપલા ખાજેએ અને મજકુર કસ્બાના મુસલમાનોની જમાતે અને કારકુનોએ અને અમીન[૩] અને શુમારીના[૪] ગુમાશતાઓએ અને રઇઅને[૫] અને મુકાદમોએ

---

(૧) અસલ ખતમા છેલ્લા બે હરફો ફાટી ગયા છે આ એક ખેતાબ છે અને તે ખેતાબથી કાજીનો ઈસારો કીધેલો દિસેછે જાગીરોની બખશેશના સંબધમાં એક જગ્યા સાથે કાજીઓને પણ કાંઈ લાગતુ વળગતું હતું, તે આઈને અકબરી (દફતર બીજું આઈન ૧૯ બ્લોખમાનની આવૃત્તિ I પા ૧૯૮ લીટી ૨૪)ના મદદેમઆશ વિગેરેની બખશેશના સબધના નોચલા ફકરા ઉપરથી માલૂમ પડેછે.

و چون پارهٔ ستانی قاضیان دلنشین آمد گیتی خدیو داین
خوشنودی از سخن سازی این عمامه پیرایان خراب درون و دراز
آستینان کوتاه خرد نیندیشیده مغز کار ایشان بر جست

અર્થ—જ્યારે કાજીઓની લાચ (lit 'પારેહ' યાને હિસ્સો) લેવાની રીત (પાદશાહના) દેલમા વાસો કરનારી થઈ પડી (એટલે પાદશાહ તેથી વાકેફ થયો), ત્યારે દુનિયાના ખાવિંદે (એટલે પાદશાહે) ખોદાતાળાને ખુશનુદ કરવાના વિચારથી આ કોલાહ (અમામે) પેહેરનારા, જેઓ ભીતરમા બૂરા હતા, અને લાંબીબાંહે (ના જભા) વાળાઓ, જેઓ અક્કલમા કોતાહ હતા, તેઓની સખુન સાજી (એટલે બીજાઓને નુકસાન કરનારા સખુન) નો વિચાર નહીં કરીને તેઓના કામની મતલબ સોધી કાહાડી

(૨) 'શીક' તે હાલના 'કલેકટરેટ' ને મળતો મુલકનો એક ભાગ, અને 'શાકદાર' તે તે ભાગનો અમલદાર એ હાલનો કલેકટરને મળતો ઓહદો દિસે છે

(૩) તે મેહેસુલ ઉઘરાવનારૂ ખાતું

(૪) શુમારી તે 'શુમાર' યાને ગણત્રી કરનારૂં ખાતુ

(૫) 'રઆયાન', એ મુસલમાની રાજ્યોમાં જેઓ ઈસલામી ધર્મ નહીં પાળતા તે રૈયતને કહેતા.

આગલી માલેકીની જમીન ઊપર (મળવાને) ઠરાવ કીધો અને તમામ માલેકીની જમીનને નીચે મુજબની વિગત પ્રમાણે તપાસીને અને માપ કરીને આ વિગત મુજબ નક્કી કીધું છે.

(આ લખાણની નીચે જમીનના માપની કેટલીક વિગતવાર હકીકત છે. ત્યારપછી જમણા હાથના હાશીઆ ઊપર કેટલોક ખુલ્લાસો કરનારી કેટલીક સતરો છે. જમણા હાથ ઊપરના હાશીઆમાં પેહેલી સતર છે (જુઓ પા. ૧૩૯) તેનો તરજુમો નીચે મુજબ છે.)

આ વર્ણન જાણકારોની હકીકત, જે હું બદા હજૂર શરઅ શરીફમાં (યાને ઈનસાફની દરબારમાં) લાવવામાં આવી, તે મુજબ લખી છે [1] (આ લીટીની નીચે જમણા હાથ ઊપર એક મોહોર છે. તે ઊપરના લખાણનો તરજુમો નીચે મુજબ છે) કીર્તિવત ઓદાતાળાનો બંદો ફજલલા તે.. .. [2] છોકરો.

(હાશીઆનું બીજું લખાણ, જે જમણા હાશીઆ ઊપર ઊપલી લીટીની નીચે (જુઓ પાનું ૧૩૯) છે, તેનો તરજુમો નીચે મુજબ છે)

નોસારી કસ્બાના શરએ શરીફની હજુરમાં કૈકોબાદ મેહેરયારની મદદે મઆશના મામલામાં ફરમાન અને અસલી પરવાના મુજબ [3]..... મહમદ સદીક .....[4]

(એ લીટી ઊપર ડાહબી બાજુએ નીચલી મોહોર છે.) બંદો મીરજાં જાન બીન ખાજે જાન

(ઊપલી લીટીની જમણી બાજુએ થોડુક ગુજરાતીમા ઊભી લીટીમાં જે લખાણ આપ્યું છે, તે પા ૧૪૦ મા જેટલું ઊકલી શકેછે તેટલું ઊતાર્યું છે. અસલ માટે જુઓ ફોટો-લીથો-ફેકસીમીલી. આ લખાણ મુજબ મેહેરજી રાણાને મળેલી ૨૦૦ વીઘા જમીનના પણ બે ભાગ માપણીમા કરેલા દિસેછે તેમા ૮૦॥૩ વીઘા જમીન "દરખ્તાન" એટલે ઝાડ પાન સાથેની આવેલી દિસેછે અને બાકીની ૧૧૯॥ વીઘા ઝાડપાન વગરની ખાલી ખેતી યા ઘાસની દિસેછે. એ ગુજરાતી લખાણપર તારીખ ૨૬ રબીઊલ આખેર ૧૦૦૫ અને સવત ૧૬૫૩ છે એટલે ઈ ૧૫૯૭ છે).

---

(૧) સેવટના બે ત્રણ શબ્દો સમજ પડતા નથી.

(૨) અહીં નામ ઉકલતું નથી.

(૩) અહીં શબ્દ બરાબર ઉકલતો નથી, પણ તે 'નવાબ' દિસેછે, કે જે શબ્દ આ મોહોરની શરૂઆતમાં મહમદ સીદીકના નામ આગળ વપરાયો છે.

(૪) પછવાડેના શબ્દો મને ઉકલી અને સમજ પડી શકતા નથી.

(એ ગુજરાતી લીટીઓની ઊપર ઊભી ત્રણ લીટીઓમાં ફારસી લખાણ છે (જુઓ પા. ૧૪૦). તેનો તરજુમો નીચે મુજબ છે.)

જ્યારે ગયા વર્ષમાં ખજુરીના ઝાડ સાથે એની ખેડેલી જમીનને પારચોલ પરગણાના ફીકાદેસાઇ (?) નું પાણી બદ થઈ જવાથી તમામ ગરક જવાથી તેમાંથી કાંઈ હાસલ થયું નહીં.

(આ ફારસી લખાણ પછી પાછી થોડીક લીટીઓ જમીનના માપની છે. તેની પછી થોડીક ફારસી સતરો, જે દસ્તુર મેહેરજીરાણાને આપેલી ૨૦૦ વીઘા જમીન માટેની ગવાહીની છે. તેનો તરજુમો)

આ તમામ માલેકીની જગ્યા ઊપલી શરઅમાં મજકુર મેહેરયારની મદદે મઆશ માટે આ વખતની આગમચ મુકરર કરેલી હતી જેઓ આ હકીકતના ખરાપણાં અને આ લખાણની સચ્ચાઈ બાબે આગાહ અને રોશાન હોય, તેઓ આ મેહેજરની નીચે પોતાની ગવાહી લખે કે જે વિસ્વામ અને બંદોબસ્તનો સબબ થઈ પડે (એટલે જેઓ આ મેહેજર મુજબ માપની જમીન બાબે વાકેફ થયા હોય, તેઓએ પોતાની સહી કરવી કે એ જમીનનો બંદોબસ્ત થાય).

(ઊપલી માપણી અને તપાસમા, નોસારીના જે રહીસોએ ભાગ લીધેલા તેઓ ઊપલાં ગવાહીના લખાણ ઊપર, સહી કરેછે ઇસલામી રાજ્ય હતું, માટે કુદરતી રીતે મુસલમાનો પેહેલે સહી કરેછે. અને પછી પારસી અને હિંદુઓ ભેળસેળ સહી કરેછે મુસલમાનોની સહી તેઓની લખાણની મરોડ અને ખાસ રૂઢીને લીધે બરાબર ઊકલાવવી મુશ્કેલ છે. તે જેમ ઊકલાવી શકાઈ છે તેમ નીચે આપી છે. કદાચ કોઈ તે બીજી રીતે પણ વાંચે અને ઊકલાવે)

૧ આગળ જે લખ્યુ છે તે બાબે સાક્ષી અબદુલ કરીમ નુરમહમદ, પોતાને હાથે (લખ્યુ છે)(૧)

૧ મહમદ અબદુલ રજ.ક પોતાને હાથે.

૧ ફકીર (એટલે બંદો યા સેવક) નેઅમત અલ્લા જમીલ અલ્લા.

---

(૧) સહીઓ સાથેના કેટલાક શબ્દો સંપૂર્ણ રીતે સમજ પડતા નથી પેહેલી ત્રણ સહીઓ સાથે "અલ વાહેદ," એટલે તે "એકલો," એટલે ખોદા શબ્દ છે. પછી "મીન અલ હાજરીન" એટલે "હાજર રેહેલા પુરૂષોમાંથી" એવા શબ્દો છે તેની મતલબ આ દિસે છે, કે સહી કરનારાઓ કહેછે કે 'તેઓ ઉપલા માપવિગેરે વખતે હાજર હતા અને તેઓ ખોદાને હાજર નાજર (ન-હાજરે) જાણી સહી કરે છે."

૧ આગળ જે લખ્યું તે બાબે સાક્ષી તાજુદદીન બીન લતફઅલ્લા

(બધા મળી ૧૭ જણોની સહીઓ છે. તેઓ ઊપર મુજબ ચાર મુસલમાનો છે. બાકીના હિંદુ અને પારસીઓ છે, તેઓના નામ ગુજરાતી હરફે પા. ૧૪૧ પર આપ્યાં છે. કોઇકિ નામ હિંદુનું છે કે પારસીનું છે, તે ચોકસ કહેવું મુશ્કેલ છે. ગુજરાતી હરફે કરેલી સહીઓમાં બીજું નામ મેં 'નાહાંનાં' વાંચ્યું છે, તે બાબે શકમંદ છું. પાંચમા નામમાં 'બમન' નામ કદાચ 'આષદીન,' હોય. સાતમા નામમાં 'કુકા' બોલ માટે શકમદ છું. આ અને એની પછીનું નામ હિંદુઓનાં દિસેછે. ૧૨) મું નામ જે "ગોવદ નરાણ" છે, તે હાલની રૂઢી મુજબ "ગોવીંદ નારણ" થાય.)

હવે આપણે આ ચોથા દસ્તાવેજ 'મેહેજર'ની હકીકત તપાસીએ.

પેહેલું તો સદીક મહમદખાન નામના અમલદારે આ મેહેજરનો હુકમ બહાર પાડ્યો છે. એ ધણી બાબે આપણને નીચલી હકીકત મળે છે. એ ધણી અકબરના મોટા દરબારીઓમાંનો એક હતો અબુ ફજલ આઇને અકબરી (દફતર II આઇન ૩૦ બ્લોખ્માનની આવૃત્તિ પા. ૨૨૩) માં મોટા દરબારીઓની જે ટીપ આપેછે તેમાં એનું નામ (ના. ૪૩) મળે છે. અબુફજલ એનું નામ ત્યાં ફકત 'સાદકખાન' આપેછે પણ આપણા મેહેજરમાં તો આપણે તે "સાદીક મહમદખાન" જોઇએ છીએ. અબુફજલ 'મહમદ' નામ એના નામ સાથે નથી આપતો, તેનો સબબ બ્લોખ્માન, સમજાવે છે. તે કહે છે કે, "અકબર મુહામદ અને આહમદ નામ નાપસદ કરતો હતો. એ સબબે અબુફજલ આ ટીપમા એ નામો મેલી દેછે." (બ્લોખ્માનનો આઇને અકબરીનો તરજુમો વા I. પા. ૩૫૫ નોટ ૧) "બીજા" તવારીખનવેશો તેને શાદીક મુહમદખાન કહે છે ......અકબરના સર્વેથી સરસ અમલદારોમાંનો તે એક હતો" "(ઊપલુંજ પુસ્તક પા. ૩૫૫ અને ૩૫૭). એને માટે બદઓની[1] કહેછે કે "આ ખબર[2] મળતાં શાહજાદા સુલતાન મોરાદ ઊપર માલવે હુકમ પહોંચ્યો કે તે ગુજરાતની હાકમી (દારાઈ) નો ઓધ્ધો લીએ અને

---

(૧) જુઓ મુનતખબ અલ તવારીખ. લીજ અને આહમદ અલીની આવૃત્તિ વા. II પા ૩૮૭ લીટી ૧૭ થી ૨૧. અસલ ફારસી ફકરા માટે જુઓ ઉપર પા ૧૪૫

(૨) આ ખબર, તે એ કે બાજે આજમ મીરજા કુકેહ, જેનુ નામ આપણે પેહેલાં ફર્માનની બીજી મોહોરમાં જોઈએ છીએ (જુઓ ઉપર પા ૩૧૫), અને જે ગુજરાતનો હાકેમ હતો, તેણે એકાએક પોતાનો ઓદ્ધો મેલી દીધોહતો અને મકકે હજ કરવા ગયો હતો

મહમદ સાદક ખાનને ઇસ્માઇલ કુલીખાનની જગ્યાએ તેના વકીલ તરીકે નેમી તેને પોતાની દરબારમાંથી રૂખસત આપે અને કુલીચખાનની બદલીએ સુરત અને ભરૂચની સરકાર તેની જાગીર તરીકે મુકરર થઈ."

આ બનાવ હીજરી ૧૦૦૧ ના વર્ષના બનાવ તરીકે વર્ણવવામાં આવ્યો છે. એ મુજબ ત્યારે આપણે જોઇએ છીએ કે હીજરી ૧૦૦૧ માં શાહજાદા મુરાદના હાથ હેઠળ સાદીક મુહમદ ખાનને સુરતની સરકારના વડ- તરીકે નેમવામાં આવ્યો હતો તે હીજરી ૧૦૦૫ માં ગુજર્યો ત્યાંસુધી એ ઓહ્દા ઊપર હતો[1] ત્યારે તેણે પોતાના મરણની થોડુંક આગમચ આ મેહેજરને લગતો હુકમ આપેલો દિસેછે.

પરવાનામાં એને 'નામદાર' કહ્યોછે. પણ જો એ શબ્દને 'પાયદાર'વાંચીએ તો તે પાદશાહની નોકરીમાંનો એક ઓહ્દો દિસેછે એક વખતે એ સાદીક ખાનને 'રેકાબદાર' પણ કહેતા હતા. એ ઓહ્દો તે બેહરામના અમલમાં ધરાવતો હતો.[2]

પેહેલા ત્રણ દસ્તાવેજો ખુદ પાદશાહની દરબારના હતા. તેઓ જેને આપણે પાદશાહી (Imperial) દસ્તાવેજો કહીએ તે હતા પણ આપણી તપાસવાળો મેહેજરનો આ ચોથો દસ્તાવેજ પાદશાહી નહીં પણ જેને આપણે પ્રાંતીક (Provincial) કહીએ,તે છે. પણ એ સર્વમા તે ઘણો અગતનો આ સબબે છે, કે તે દસ્તુર મેહેરજીરાણાને આપેલી ૨૦૦ વીઘા જમીન માટે વધારે ખાસ રીતે બોલેછે. એવું દિસેછે કે જ્યારે કએકોબાદ, પાદશાહનું પેહેલું ફર્માન (હીજરી ૧૦૦૩નું), જેમા, તેવણના પિતાની ૨૦૦ વીઘા અને તેવણની ૧૦૦ વીઘા જમીન મળી, ૩૦૦ વીઘા જમીન તેવણને આપી હતી, તે લઈ સુરતની સરકારમાં ગયા, ત્યારે તે પરગણાના નવાબે એ મેહેજરવાળો હુકમ બહાર પાડયો, કે મેહેરજીરાણાને આપેલી અસલ ૨૦૦ વીઘા જમીન મુકરર કરવામાં આવે અને જાણકાર પુરૂષોની સત્તા ઊપરથી નક્કી કરવામાં આવે. એવું દિસેછે મેહેરજીરાણાના મરણબાદ કેકોબાદને તેવણના પીતાની ૨૦૦ વીઘા જમીનના કબજામાં સુલેહથી રહેવા દેવામાં નહીં આવ્યા હોય. તેથી તેવણ પોતે જાતે અકબરની દરબારમાં ગયા અને જાતે એ ફર્માન લાવેલા હોવા જોઇએ આ મેહેજરમા મેહેરજીરાણાવાળી ૨૦૦ વીઘા જમીન માટે જે ખાસ તપાસ ફરમાવી છે તે એ ફર્માનનું પરિણામ છે

શાહ અકબરના વખતના ફારસી દસ્તાવેજો—બે ફર્માન, એક પરવાનો,

---

(૧) બ્લોખમાનનો આઈને અકબરીનો વરજુમો વા I પા ૩૫૭.
(૨) બ્લોખમાન આઈને અકબરીનો તરજુમો વા I પા ૩૫૫

અને એક મેહેજર—જેમા દસ્તુર મેહેરજીરાણા વાળી અસલ ૨૦૦ વીઘા જમીન માટે જણુવેલું છે, તેના અસલ લખાણુ અને તરજુમાએ આપી અને તેઓમાંની હકીકતો વિગતવાર તપાસી, હવે આપણે આપણા વિષયમાં ઇસારો કરેલા કેટલાક ગુજરાતી દસ્તાવેજો તપાસીશું. આપણા વિષયની બાબતમાં એ દસ્તાવેજો ઘણા અગત્યના છે. પણ એવી અગત્યનો સવાલ બાજુ રાખતાં પણ તેઓ બીજી કેટલીક રીતે અગત્યના છે. ગુજરાતી ભાષાના એક અભ્યાસી આગળ તેઓ ૩૦૦ વર્ષ ઊપર લખાયલી ગુજરાતીના, ખાસ કરી પારસી ગુજરાતીના, નમુના રજુ કરેછે. વળી તેઓ તે વખતના ધર્મસંબધી કોઇક રિવાજો ઊપર થોડીક રોશની નાખેછે. ફારસી દસ્તાવેજોના સબધમા મેં તેઓની આબેહુબ છબીના છાપો (ફોટો-લીથો-ફેકસીમીલીઓ) આપ્યા છે અને પછી જેવી રીતે તેઓ લખાયા છે તેવી રીતે બરાબર તેઓને બીબામાં છાપી આપ્યા છે ગુજરાતી દસ્તાવેજોના પણ મેં આબેહુબ તસવીરના છાપ આપ્યા છે, પણ તેઓને બીબામા આપતાં હરફોના જુના આકારો જરાક ફેરવ્યા છે, અને મેં તેઓને એવી રીતે છાપ્યા છે કે જેવી રીતે હાલના ગુજરાતી વાચનારાઓ તેને બગબર વાંચી શકે શબ્દોના પુરાણા ઇમલાઓના સબધમા, પાના હેઠળ નોટોમાં, તેઓના હાલના આકારો બની શકે તેમ મેં આપ્યા છે મેં એ દસ્તાવેજો અને તેના તરજુમાઓ,—એક છેલ્લા દસ્તાવેજ સિવાય—જે અનુક્રમે વિષયમા તેઓવિષે ઇસારો કીધો છે તે અનુક્રમે, આપ્યા છે.

દસ્તાવેજ ૫ મો.—નોસારીના મોબેદો દસ્તુર મેહેરજીરાણાને પોતાના વડા ગણે છે તે બાબેનો પેહેલો લેખ.

આ દસ્તાવેજ પાના ૧૪૭ ઊપર આપ્યો છે આ દસ્તાવેજ ઊપરથી દિસેછે કે હાલની માફક ૩૦૦ વર્ષ ઊપર પણ મોબેદો કેટલુંક દરેમેહેરને લગતુ ક્રિયા કામ પોતાની વારી પ્રમાણે કરતા આ દસ્તાવેજમા ' પોતદાર વરાએ' (એટલે પોતદાર સીવાય) શબ્દોમા 'પોતદાર' શબ્દનો અર્થ યાતો 'વારીદાર' થાય, યાતો કદાચ તે ફારસી پوتدار હોય જેનો અર્થ ફારસી 'પોતે' એટલે 'ખજાના' ઊપરથી એમ થાય, કે "ને ધણી કે જે આવક એકઠી કરી રાખી પછી ફાળા પ્રમાણે વેંહેચી આપે". આ દસ્તાવેજમા મોબેદો કબૂલ થાય છે કે તેઓ જે ક્રિયા કામ કરે, તે મેહેરજીરાણાને પુછીને કરે અને નહીં પુછે તો અનજુમનના ગુનેહગાર થાય

દસ્તાવેજ ૬ ઠો.—નોસારીના મોબેદો દસ્તુર મેહેરજી રાણાને પોતાના વડા ગણે છે તે બાબેનો સવંત ૧૬૩૬ નો બીજો લેખ.

(એ લેખ માટે જુઓ પાનુ ૧૪૮–૧૪૯)

આ દસ્તાવેજ, પાંચમા દસ્તાવેજની મતલબનોજ છે, પણ તેમાં જે વધારે દિસેછે તે આ છે, કે એમાં "અગીઆરી સંબંધી જે કાંઈ આવે" એટલે જે આવક થાય તે પણ દસ્તુર મેહેરજી રાણાને તસ્લીમ કરવા એટલે સોંપવા ઓએદો કબૂલ થાય છે, કે તેવણ પછવાડેથી સઘળાને ફાળા પ્રમાણે વેહેચી આપે. તેવણની રજા વગર ક્રિયાકામ કરનારાઓને એક વર્ષસુધી ભાગ લાગથી દૂર રાખવાને જણાવે છે. જો કોઈ આવકની બાબતમાં અપ્રમાણિકપણુ કરે, યાને ઊપર જણાવવા મુજબ મેહેરજી રાણાને સોંપે નહીં, તેઓ માટે, તે વાંક સાબેત થાય તો, સજા જણાવી છે, કે તેઓ, જેટલા પેસા પોતે દબાવી બેસે, તેથી બમણી રકમ તે સાબેત થતા દડતરીકે આપે. સેવટે કહેછે કે આ કોલકરારનો લેખ મેહેરજી રાણાની પાસેજ રહે. આ લેખમાં એક શબ્દ 'ઊઆલ' કરી છે, તે જરા ગુચવણ ભર્યો છે તેનો અર્થ યાતો આગલા આવા પેહેલા લેખ (દસ્તાવેજ પાંચમા) માં આવેલા 'આલે' શબ્દને મળતો થાય, અથવા તો વધારે સંભવિક આ દિસેછે, કે તે ફારસી ... 'આલીદન' એટલે "લખતથી પાછુ ફરવુ" તેને અર્થે હોય.

દસ્તાવેજ ૭ મો ક્રિયાઓ બરાબર કરવા બાબેનો સંવત ૧૬૨૨નો લેખ, જેમાં મેહેરજી રાણા વડા તરીકે પેહેલી સહી કરેછે.

એ દસ્તાવેજ પાના ૧૫૧ ઊપર છાપ્યો છે. તે ઊપર નજર કરતા દિસેછે કે નીચલી બાબતો માટે તેમાં બંદોબસ્ત કરી માહોમાહે કરાર કીધો છે.

૧ અગ્યારીના ક્રિયાકામમા બેદરકારી નહીં કરવી, અને ભાગ લાગની વાંટણીમાં અપ્રમાણિકપણુ નહીં વાપરવું, અને પોતાના હકના દરૂન ઊપરાંત બેહેદીનોનાં દરૂન પોતાના કરી પોતા સાથે લઈ જવા નહીં.

૨ જેનો વારો બાજ ધરવાનો હોય, તેણે દિવસના પોહોરમાં, એટલે સવારની યા પેહેલી ગેહમાં ખુબ કરી 'બે પોહોર' યાને બપોર સુધીમાં બાજ ધરવી, અને બાજ ધરવામાં કાંઈ ખામી કરવી નહીં

૩ બાજ ધરવા માટે જે લવાજમ મુકરર કીધો હોય તેથી વધુ લેવો નહીં.

૪ "બાજ ધરતાં ઇજિશને હીંડોલાને કોઈ દારાહી નહીં દીએ." આ ફકરાનો અર્થ ખુલ્લો દિસતો નથી. કદાચ એનો અર્થ એમ હોય કે "બાજ ધરતી વખતે ઇજિશનેના હીડોલા (ઇધોરા) ને અડકવું નહીં." હાલ પણ રિવાજ છે કે બાજ અતરંગ બેસી ધરવી. એમ અર્થ લઇએ તો 'દારાહી' શબ્દને ફા. 'દાગઈદન' એટલે 'પકડાવવું', (૧) એ શબ્દ ઊપરથી

(૧) 'દારાહી' શબ્દને બદઓની પોતાની મુનતખબ અલ તવારીખમાં જે અર્થે વાપરે છે તે અર્થ સાથે સરખાવો એ શબ્દના ફારસી ફકરા માટે જુઓ ઉપર પાનુ ૧૪૫ જુઓ એ ફકરાની લીટી ૨ માં એ શબ્દ જુઓ ઉપર પાનું ૧૫૧.

લઇએ. અથવા એનો અર્થ એમ થાય કે "કોઈ બાજ ધરતો હોય તો તેના હીંધોલા ઊપર જઈ કોઈ તેને અડકે નહીં. તેની ક્રિયાને અવાવ (અપાવ) કરે નહીં." મતલબ આ કે કોઈએ બાજ ધરનારને હરકત કરવી નહીં પણ તેને માટે કાંઇ ફર્યાદ કરવી હોય, તો દાવર આગળ જઈ રીતસર તેને માટે ફર્યાદ કરવી.

૫ 'ભગર વાંતવી' તે બાજ ધર્યા આગમચ નહીં વાંટવી ભગર વાંટવી એટલે "ભાગ વેંહેચી આપવો." ભગર સાથ (તોયો) શબ્દ આ શબ્દ ઉપરથી નીકળ્યો છે. હવે એ ભગર અથવા ભાગ કાંઈ પૈસાનોજ નહીં, પણ ચીજોનો પણ. અહીં બાજના સંબધમાં એ શબ્દ વાપર્યો છે, તેથી તે બાજના દરૂનની વાંટણીની બાબત દિસેછે. રિવાજ પ્રમાણે સરોશાની બાજનાં દરૂન લેવાનો મોબેદનો હક ગણાય છે. વળી મને જણાવવામાં આવ્યું છે કે કોઈકે જગ્યાએ એ સરોશાનાં દરૂન ઊપરાત બીજી દરેક બાજમાથી પણ એકેક દરૂન લેવાનો હક મોબેદાનો ગણાય છે તે સર્વ દરૂનો ગોઠવણ મુજબ ભાગ પાડી વેંહેચી લેવાની આ બાબત છે.

આ લેખની સેવટે "અમલ ખત વધે પ્રપાલનાય" એવા શબ્દો છે. તે કેટલાક અસલી ગુજરાતી લેખોમાં દુઆ તરીકે વપરાતા જણાય છે. (જુઓ "નવસારીની ભગર સાથ અજુમનનાં પથકના એરગામ બાબત ઊંડવાડિની અનજુમને વલસાડની કોરટમાં માંડેલી ફરીઆદનો હેવાલ (સને ૧૮૮૯)" એવે નામનું ચોપાનીઊ. પા ૧૧૩ દસ્તાવેજ ના ૨૧મો) તેની મતલબ આ દિસેછે કે લેખ કરનારાઓએ લેખની સરતોને વળગી રહેવું આ લેખની નીચેની સહીઓમાં એક સહી આપણું ધ્યાન ખેંચે છે. તે ચોથી સહી "કાકા સુત આસદીન" છે એનો અર્થ "કાકા તે આસદીનનો છોકરો" એમ લેવો, એટલે આપણી સહીની સાધારણ રીતી પ્રમાણે લઇએ તો એ સહી "આસદીન કાકા" એમ થાય.

એ લેખોની સહીઓમાં "કતબ, લખત કતણુ, લખતંગ" વિગેરે આખા યા ટુકા જે ઇમલાઓ છે, તે સર્વનો અર્થ 'લખનાર' થાયછે.

દસ્તાવેજ ૮ મો.—આતશ બેહરામની ક્રિયા કામ કરતાં તાડી નહીં પીવા બાબેનો સંવત ૧૬૨૬ નો લેખ.

(એ માટે જુઓ ઉપર પા. ૧૫૪.)

આ લેખ, જેમાં દસ્તુર મેહેરજીરાણાની પેહેલી સહી છે, તેમા મોબેદો નીચલી બાબતોનો બંદોબસ્ત માહોમાહે કરે છે

૧. "હેરબદ સારતુ થાય" તેણે તાડી પીવી નહીં. 'સારતુ' "શબ્દ" "ગેહ સારતો, આશીર્વાદ સારતો," એવા શબ્દોમાં 'સારતો' શબ્દ જે અર્થે વપરાયલો છે તે અર્થે વપરાયલો દિસે છે. 'ગેહ સારવી' એટલે "ગાથાના હા ભણવા," કારણ ગેહેસારનાંના હામા ગાથાના હા ભણાય છે. એ ઉપરથી મતલબ આ દિસે છે કે ગાથાના હા ભણનાર યાને ઇજિશ્ને વિગેરેનું પાવ ક્રિયા કામ કરનાર બરશનુમ વાળા મોબેદે તાડી પીવી નહીં. તે પીએ તો તેનુ બરશનુમ રદ થાય અને તેનાથી પાવ મેહેલનું ક્રિયા કામ થાય નહીં.

૨. એજ મુજબ આતશ બેહરામની બોએ દેનારથી તાડી પીવાય નહિ તે પણ જો તાડી પીએ તો તેનું બરશનુમ રદ થાય અને તેથી તે બોએ દેઈ શકે નહીં

૩ જે મોબેદની વારી બાજ ધરવાની હોય, તેણે, તે પોતે ખુબની[1] હાલતમા હોવાને લીધે, એટલે "તેને ખુબ હોવાને લીધે," દરવદને અડકવું નહીં

આ લેખની સહીઓમાં ૧૩ મી સહી 'કઇઆ માણક'ની છે એમા પેહેલો શબ્દ બરાબર ખુલ્લો નથી (જુઓ ફોટો લીથો ફેકસીમીલી) પણ સવત ૧૬૨૨ ના લેખની પુગણી નકલમા ૧૭ મી સહી "કઇયા મણકા" છે, તે એજ ધણીની દિસેછે તે ઉપરથી હુ ધારૂ છુ કે પેહેલો શબ્દ અહીં પણ 'કઇઆ' દિસેછે હવે સવત ૧૬૨૨ ના લેખની નકલ ખુદ અસલ દસ્તાવેજ નથી, પણ તેની એક ઘણી પુગણી નકલ છે તેથી તેમાં પણ એ નામ જે કઇઆં છે, તે હુ ધારૂછુ કે અસલમાં 'ધઇઆ' હોય અને તેથી આ હાલની તપાસવાળા લેખમાં પણ એ નામ 'ધઇઆ હોય, કે જેવું નામ આપણને તે વખતના નામોમા દિસે છે વળી સવત ૧૬૨૨ ના લેખની નકલમા એ ધણીના બાપનુ નામ 'મણકા'છે પણ આ તપાસ વાળા ખુદ અસલ લેખમા તે માણક છે માટે તે અસલ લેખમા પણ તે માણક હોવુ જોઇએ, કે જેવું નામ હાલમા પણ પારસીઓમાં આપણે જોઇએ છીએ.

દસ્તાવેજ ૯ મો. દસ્તુર મેહેરજીરાણાને આપવામાં આવેલી પીપલીઆ નામની જગ્યા મધેની વાડી બાબેના લેખ.

(એ લેખની છાપેલી નકલ માટે, જુઓ પા ૧૫૫-૫૬)

આ લેખ સવત ૧૬૭૯ નો છે. એ સવત આંકમા આપ્યાપછી 'ઊગણુત્રીસોતરા' એમ લખાણમા તે પાછો આપ્યો છે. અસલના કોઇકિ

---

(૧) એ 'ખુબ' શબ્દ ફારસી خوب 'ખુબ' એટલે 'સારૂ' દિસેછે એક 'ખુબ' વાળો મોબેદ તે સરખામણી કરતા, ક્રિયા કામો કરવાની લાયકાતના બાબતમા, સારો અથવા ભલો ગણાય

દસ્તાવેજો અને પુરાણા પુસ્તકોમાં એમ પારસી રોજમાહ આપવામાં આવતા, પણ સાલ હિંદુ સંવતના આપવામાં આવતાં.

આ લેખમાં નોસારીનું એક અસલ નામ નાગમંડળ તરીકે આપણે જોઈએ છીએ.

એ લેખ કોણના વખતમાં થયો હતો તે બાબે જણાવે છે કે “ કરણે પાદશાહ શ્રી અકબરશાહ વેજ ગજે હવાલેખાન શી કલેચ મહમદખાન,” એટલે “ અકબર પાદશાહના વખત (કરણ) માં અને કલીચ મહમદખાન, જે વેપારી અને પ્રજાનો અને પાંચ વર્ણની પ્રજાનો ધણી હતો, તેની ફતેહમંદ હકુમતમાં.”

એ લેખમાં સહી કરનાર બેહેદીનોમાના પેહેલા ત્રણ આગેવાનોનાં નામ ખુદ લેખમા પણ લખેલા મળેછે. એ અસલ સહીઓ ખુદ અસલ લેખમા (જુઓ ફોટો લીથો ફેકસીમીલી) જોતાં, અને એ ખુદ લેખના હરફો જોતા, અને તેમા ત્રીજી સહી કરનાર રૂસ્તમ જમશેદનું નામ ખુદ લેખમાં જેમ લખ્યુ છે તેમ જોતાં, માલૂમ પડેછે, કે એ લેખના દસ્તખત એ રૂસ્તમ જમશેદના છે.

લેખમા લખેલાં નામોમા એક “ શા. મનોચહેર બહ્મન ” છે એમાં શા. તે ‘ શાહ ’ નો ટુંકો આકાર છે. એ ‘ શાહ ’ શબ્દ હાલમા કોઈકે હિંદુઓમાં પણ માનની ઇધાણી તરીકે વપરાય છે. કહે છે કે કાબુલમા પણ વેપારી શેઠો માટે હાલમા એ શબ્દ વપરાય છે. આ મનોચહેર બહમન નોસારીના આગલા જાણીતા પુરૂષ ‘ ચાગાશાહ ’ના કુટુંબના દિસે છે એ કુટુંબના ઘણાકોના નામ ‘ શાહ ’ શબ્દ સાથે આપણે જોઈએ છીએ. તે મુજબ આ મનોચહેર બહમનના નામ સાથે આ ‘શા’. શબ્દ વાપર્યો છે એ કુટુંબના પેહેલા સ્થાપક ‘ ચાંગાશાહ ’ના બાપનું નામ આશા હતું. તેથી એવણનું નામ ચાગા આસા લખાય છે તે ‘ ચાંગા આસા ’ ઉપરથી કદાચ શરૂઆતમાં ‘ ચાંગાશા ’ એમ અપભ્રંશ થયો હોય, અને પછી એક કુટુંબી નામ તરીકે એ ‘ શાહ ’ શબ્દ રહ્યો હોય. કોઈકે લખનારે એ ચાગા આસાના અને તેવણના કુટુંબના દોર દમામનો તોર પાદશાહી જણાવ્યો છે. આ લેખમા જે મનોચહેર બહમનનું પેહેલું નામ છે, તે ધણીની સહી માટે સહી કરનારાઓએ ખાલી જગ્યા રાખી છે, પણ કોઈ સબબે તે સહી થવાની રહી ગઈ છે

આ લેખમાં કલેચ મહમદખાન નામના જે હાકમનું નામ મળેછે, તે બાબે આપણને નીચલી હકીકત મળેછે. તબકાતે અકબરી પરથી માલૂમ પડેછે કે

એ ધણી આ લેખને વખતે (સંવત ૧૬૨૯ ઇસિવી ૧૫૭૩ ૭૪) સુરતનો હાકમ હતો. તબકાતે અકબરીમાં કહેછે કે હીજરી ૯૮૦ માં શાવલ મહિનાની ૨૩ મી તારીખે સુરત શહેર લેવામા આવ્યું (મુનશી નવલકીશોરની આવૃત્તિ પા. ૨૯૮ લીટી ૧૮ એલીઅટ (ડોસન) ની હિંદુસ્તાનની તવારીખ વા. V પા ૩૫૦). બીજે દહાડે પાદશાહ અકબર તેનો કિલ્લો તપાસવાને ગયો. ત્યારપછી આ ધણીની સુરતની હાકમીની નેમણુક માટે તબકાતે અકબરી કહેછે કે

"વ હમાન રૂજ નામે હકુમત વ હગાસતે કીલેએ સુરત વ આન નાહીએ રા એકતેદારે કલીજ મહમદખાન કે બ શર્ફે વ મનજ઼લત એખ્તેસાસ દારદ તફવીજ઼ શુદ" (મુનશી નવલકીશોરની સને ૧૮૭૫ ની આવૃત્તિ, પા. ૨૯૯ લીટી ૪-૫. અસલ ફારસી ફકરા માટે જુઓ પા. ૧૫૭)

અર્થ.—તેજ દહાડે સુરતના કિલ્લાની અને તેની પડોશના મુલકની હકુમત અને કબજો કલીજ મહમદખાન, જે કીર્ત્તિ અને દરજ્જામાં મશાહુરી ધરાવે છે, તેના સ્વાધિનમા સોપવામા આવ્યો."

તબકાતે અકબરી ત્યારે જણાવે છે, કે હીજરી ૯૮૦ (ઈ. ૧૫૭૩) માં અકબરે સુરત શહેર લીધુ અને "કલીચ મહમદખાન" ને તેણે હાકમ નેમ્યો હવે આ પુરાણો દસ્તાવેજ, જે મુજબ નોસારીના આગેવાન બેહદીનોએ દસ્તુર મેહેરજીરાણાને પીપલીઆ નામની જગ્યાએ એક વાડી સપુરદ કીધી, તેનો સને સવત ૧૬૨૯ છે એટલે ઇસ્વી ૧૫૭૩-૭૪ છે ત્યારે એવું દિસેછે કે અકબરશાહે સુરત શહેર લીધા પછી થોડુકમા આ દસ્તાવેજ થયલો છે. તબકાતે અકબરીના ઊપલા ફકરા મુજબ કલીચ મહમદખાનને સુરત ઊપરાત પડોશના મુલકનો પણ હાકમ નેમ્યો હતો, અને નોસારી સુરતની પડોશમા હોવાથી તે તેનો પણ હાકમ હોવાને લીધે, આ દસ્તાવેજમા શાહ અકબરના રાજ્ય સાથે તેની હાકમી જણાવીછે

જે કહેવામા આવેછે, કે અકબરશાહ સુરત આવ્યો ત્યારે મેહેરજીરાણાનુ નામ તેના જાણવામા આવ્યુ અને તેવણ તેની જાણમા આવ્યા, તેને આ દસ્તાવેજથી અને તેની અને સુરત શહેરની ફતેહની તારીખોથી ટેકો મળેછે આ વખતે મેહેરજીરાણા નોસારીના મોબેદાનુજ નહીં પણ બેહેદીનોનું પણ વડપણ ભોગવતા હતા, તે એટલે સુધી, કે બેહેદીનોએ એવણને એક વાડી ધર્મખાતે, તેના સરકારી કરો પોતે ભરવાની અને તેને કરથી નિરાળી જાળવી રાખવાની શરતે, સપુરદ કીધી ત્યારે પડોશના નોસારી ગામના એવા જાણીતા પુરૂષ તરફ સુરતની ફતેહ વખતે શાહ અકબરનુ ધ્યાન ખેચાયું હોય એ તદન કુદરતી છે

દસ્તાવેજ ૧૦ મો. દસ્તુર મેહેરજી રાણાના બાવા રાણા જેસંગને એક વાડી ધર્મખાતે આપવા બાબેનો લેખ.

(આ લેખ માટે જુઓ પાના ૧૫૮-૫૯)

આ લેખ સવત ૧૫૭૬ નો છે, જે સવત, શરૂઆતમાં અંકમાં આપવા પછી, છોતેરનો અંક પાછો લખાણમા પણ 'છુતરા' તરીકે આપ્યો છે. આ લેખ સુલતાન મુજફ્ફર શાહના રાજ્યમાં થયલો છે. આ લેખ ઉપર ૧૦ ધણી-ઓની સહી છે અને એ ૧૦ જણાનાં નામ લેખમાં પણ છે પણ લેખમાં જે અનુક્રમે એ નામો આવ્યાં છે તેજ અનુક્રમે તેઓએ સહી કીધી નથી, પણ ફેરફાર સહી કીધી છે સહીના દસ્તખત તપાસતાં, અને તે સહીવાળા નામો, જેમ લેખમાં લખ્યાં છે તેમ, તેના દસ્તખત તપાસતા, માલુમ પડે છે, કે આખો લેખ ચોથી સહી કરનાર રાણા જામાસના હાથનો લખેલો છે, કારણ તેના નામના લેખના હરફ અને તેની સહીના હરફ મળતા આવે છે.

આ લેખમા એક ચીજ આપણે ખાસ જોઇએ છીએ, તે આ કે તેમા ફારસી ઢબ યા ઇબારત વધારે છે. (ક) દાખલા તરીકે 'અને અથવા તથા' ને માટે ફારસી 'વ' શબ્દ વાપર્યો છે. (ખ) "ન માલા ષાએ સાલ ૫ સાલ " એ પણ ફારસી ઢબે છે, કે "ન માલે સાએર (એટલે કર વગર) સાલ બ સાલ (એટલે દરસાલ)" (ગ) "એક દીગરી થાઈ," એ પણ ફારસી ઢબે છે કે " એક બીજા સાથે મળીને" (ઘ) " કલકાવલ " એ પણ ફા-રસી શબ્દો کل અને قول દિસેછે (જુઓ પાનુ ૧૫૯ નોટ ૫ અને ૬). એટલે કે ' એ બાબતમાં કાંઈ ફેરફેર કે તકરાર નહીં (ઙ) સુખ્ત રહે એમા સુખ્ત એ ફારસી ' સુફ્તે ' એટલે ' ભેટ બખશેશ ' છે

આ અને મેહેરજીરાણાને આપેલી વાડીના આગલા લેખમા "એનામ (ઇનામ)વાડીને પાળે પળાવે", એવા જે શબ્દો છે, તેનો અર્થ 'કરથી છુટી રખાવે' એવો દિસેછે. એ ફારસી 'પાલીદન' એટલે ' સ્વચ્છ રખવું, ઊધારવુ, પાળવુ' શબ્દ પરથી દિસેછે. એ બેઉ લેખોમાં જમીનને 'અનામ' અથવા 'એનામી' એટલે 'ઇનામી' જણાવી છે આઇને અકબરી પ્રમાણે "ઇનામી જમીન" અને "ઇનામી દેહ" (ગામડુ) એ મોગલોના વખતની આગમચથી વપરાતા જમીનના સબધના શબ્દો છે (બ્લોખમાનનો તરજુમો I પા. ૨૭૧).

લેખમા એક નામ ગા. મેહેરવાન કરીછે. એ ધણી પોતાની સહી બેહરામ રાણા તરીકે કરેછે લેખમાંની ટીપમા પેહેલા ચાર જણા બરાબર અનુક્રમે પેહેલે ચાર સહીઓ કરેછે પાંચમી સહી કરનાર ખુરશેદ ચાચાનુ નામ લેખની અંદરની ટીપમા સાતમુ છે. ૬ ઠી સહી કરનાર માનક બેહ-

રામનું નામ લેખમાં પણ ૬ ઠુંજ છે. સાતમી સહી કરનાર આશાબેહરામનું નામ લેખમાં પાંચમું છે. ૮ મી સહી કરનાર નઈઆ રાણા ધઇઆંનું નામ લેખમાં નેયા રાણા તરીકે નવમું છે. ૯ મી સહી કરનાર બેરામ સાગરનું નામ લેખમાં આઠમું છે. ત્યારે હવે બાકી રહેલુ ૧૦ મી સહી કરનારનું નામ બેહરામ રાણા લેખની ટીપમાં જે બાકી ૧૦ મુ રહ્યું તે ગા. મેહેરવાન છે. એટલે ત્યારે એવું દિસેછે કે એ ધણીનુ ખરૂ નામ બેહરામ રાણા હોય પણ તેનું લોકોમાં સાધારણરીતે જણાયલું નામ ગા. મેહેરવાન હોય. હવે એ નામમાં ગા. તે શાનો ટુંકો આકાર છે? હું ધાઇછુ કે જેમ આ. અને એ 'અંધીઆરૂ'નું અથવા 'એરવદ'નું ટુંકુ રૂપ છે તેમ ગા. અથવા ગો. એ ગોર અથવા ગોરજીનું ટુંકુ રૂપ હોય. જોકે આપણામાં ગોર શબ્દ વપરાતો નથી પણ તેના સ્ત્રીરૂપ તરીકે "ગોરાણી" શબ્દ વપરાય છે એક મોબેદની બાયડી-જેણી ક્રિયામાં વપરાતી પવિત્ર ચીજો જેવી કે દરૂન બનાવે તેને ગોરાણી કહેછે. તેથી તેવી ચીજો તૈયાર કરનાર મરદને ગોર કહેવાનો કદાચ ચાલ હોય તેથી ગો મેહરવાન એટલે ગોરજી અથવા ગોરજી મેહરવાન થાય.

આ લેખમા સુલતાન મુજફ્ફર શાહનું નામ છે, કે તેના વખતમા સવત ૧૫૭૬ (ઇસવી ૧૫૨૦) નો આ લેખ થયો હતો. તે ગુજરાતનો સુલતાન મુહમદ મુજફ્ફર હતો બાબર બાદશાહ પોતાની તુજકે બાબરીમાં જે ૫ મુસલમાન પાદશાહો જણાવે છે, કે તેઓ, તેણે જ્યારે હિંદુસ્તાન જીત્યુ ત્યારે, હિંદુસ્તાનમા રાજ્ય કરતા હતા, તેઓમાંનો એક એ હતો તે કહે છે કે

"તે મુલક જ્યારે મેં જીત્યો ત્યારે પાંચ મુસલમાન રાજાઓ અને બે પાગકા ધર્મના રાજાઓ પાદશાહી સત્તા ચલાવતા હતા જો કે પહાડોમા અને જંગલથી ભરપૂર મુલકોમા ઘણાક નાના અને નજીવા રાય અને રાજાઓ હતા, તોપણ આ મુખ્ય હતા, અને તેઓજ અગત્ય ધરાવતા. આ સત્તા ભોગવનારાઓમાનો એક અફગાન હતો, જેઓની હકુમત તળે રાજધાની શેહેર હતું. ...... બીજો પાદશાહ ગુજરાતમાં સુલતાન મહમદ મુજફ્ફર હતો સુલતાન ઇબ્રાહીમની[૧] હારની થોડા દહાડા આગમચ તે આ જીંદગીથી ગુજર પામ્યો હતો. એ એલમમા હુશિઆર પાદશાહ હતો અને હદીસ (કોરાનની અસલી દંતકથાઓ) વાચવામા શોખી હતો. (એલીઅટની તવારીખ વા. IV પા ૨૫૯).

(૧) ઈબ્રાહીમ લોદી, જેને બાબરે પાનીપતની લડાઈમા ઈસ્વી ૧૫૨૬ મા હરાવ્યો.

આ પાદશાહ તવારીખમાં[1] મુજફ્ફર બીજા તરીકે જણાયલો છે. તેણે ગુજરાતમાં ૧૫ વર્ષ ઇસિવી ૧૫૧૧ (હીજરી ૯૧૭) થી ૧૫૨૬ સુધી રાજ્ય કીધુ હતું.

દસ્તાવેજ ૧૧ મો. દીવ લખેલો કાગળ.

(એ દસ્તાવેજની નકલ માટે જુઓ પા. ૧૬૧)

આ દસ્તાવેજની ભાષા અને લખાણ કેટલીક જગ્યાએ અસાધારણ છે, અને તેના કોઇક શબ્દોનો અર્થ કોઇક બીજી રીતે કરે, જો કે મતલબ ખુલ્લી દિસે છે. દિવના જરથોશતીઓએ નોસારી ખાતેથી મોબેદ તેડાવ્યો છે. કાકા સુત આસદીન એટલે આસદીન કાકા, જેવણ તે વખતે નોસારીમા એક જાણીતા મોબેદ હતા, તેવણ રોજ ગુઆદ માહ આદર સવંત ૧૬૪૯ ને દિને દીવની અનજુમનને ફારસી ધપે "બ પહાના એ એજદા બાદ" એટલે કે "તેઓ યજદાની પનાહમાં રહે," એવા દુઆના શબ્દો કહી જબાબ લખે છે, અને તેમાં જણાવે છે, કે મેહેરજીરાણાને પુછીને તેવણની બાહલીથી તેવણે બીજા સાહેબો સાથે મળી મોબેદ મોકલવાની ગોઠવણ કીધી છે. આ દસ્તાવેજમા શરૂઆતમા "જ તબ ચાંદી ક્યામદીન હુ લીએ" શબ્દો છે. તેનો અર્થ ખુલ્લો નથી કદાચ એ "જણ બે, ચાંદા (અને) કામદીન, મારીસાથે" એમ લેવાય. પણ ત્યારે તો સઘળા મળી ત્રણ જણ થાય, અને એ દસ્તાવેજમા આગળ ચાલતાં "જ ચાર" એટલે "જણ ચાર" જણાવ્યા છે તેથી કદાચ એમ લઇએ કે ચોથા જણનું નામ આપ્યું નથી[2]

આ વિષયમાના કેટલાક દસ્તાવેજોની નકલો, તરજુમાઓ અને હકીકતો બાજુએ મેલી, હવે હુ એમા ટાંકેલા જૂના પુસ્તકોમાના કેટલાકોના કોલોફોન (યાને તે લખનારનાં નામ, તારીખ વિગેરેની નોંધો) અને એમા જણાવેલાં કાગળોમાંથી થોડાક ઊતારાઓ વિગેરે આપીશ.

---

(૧) એલફીનસ્ટનની હિંદુસ્તાનની તવારીખ, કોવેલની પાંચમી આવૃત્તિ પા ૭૬૫.

(૨) પ્રોફેસર હોડીવાળા સૂચવે છે કે કદાચ એમ લઈએ કે "બે ચાંદા (એટલે બે ચાંદાભાઈઓ અને) કામદીન અને હુ મળી ચાર જણા" આ દસ્તાવેજના બીજા કેટલાક શબ્દો એવા છે, કે જે ખુલ્લા નથી અને તેનો કોઈ બીજો અર્થ કરે. એ શબ્દો માટે જુઓ પા ૧૬૧-૧૬૨ ઉપરના નકલ હેઠળની નોટો

તાનસેનનું ગીત.

તાનસેનનુ મેહેરજી રાણા બાબેનુ ગીત પા. ૧૬૩ ઊપર મેં આપ્યુ છે, અને તેજ પાના ઊપર ઈ. સ. ૧૭૯૨ ની જે પુરાણી નકલમાં તે આપ્યુ છે તેનો કોલાફોન પણ મેં આપ્યો છે એ પુસ્તકના કુલે ૨૩૯ ફોલીઓ છે ૯૨ પાનું ૧૩ લીટીનુ છે. કોલોફોન સેવટે ફોલીઆ ૨૩૭બ થી ૨૩૮ સુધી છે. તેમાં ઉપલુ ગીત ફોલીઓ ૮૧ બ ઊપર છે. એ પુસ્તકના ૨૦૨ મા ફોલીઓથી ચંગ્રગાચ નામું છે એ ચગ્રગાચનામા માટે જુઓ મો. જો-એકીમ મેનાનો સને ૧૮૫૭ નો ફ્રેંચ વિષય Zoroastre, Essai sur la Philosophie Religieuse de la Perse પા ૫૩ અને પ્રોફેસર જેકસનના Zoroaster, the Prophet of ancient Iran પા ૮૫-૮૮ આ પુસ્તક લખનાર પોતાની આ ગીતોની ચોપડીને "ગગ તા કબીત તા ચપ્રરખાચને। કિશો" એ નામ આપેછે.

તાનસેનવાળા ગીતમા "યા હુ" એટલે "ઓ ખોદા" કરી શબ્દો છે એ શબ્દો પાદશાહ અકબર બદગી તર્રેફિ હમેશા બોલ્યા કરતો હતો તે બાબે બદઓની નીચે મુજબ કહેછે (મુનતખબ અલ તવારીખ લીઝ અને મુનશી અહમદઅલીની કલકતાવાળી આવૃત્તિ વા II પા ૨૰૰ લીટી ૧૪-૧૬)

و بیشتر شبها در ذکر خدای جل و علا و مشغولی باسم یا هو و یا هادی
که ملقن بآن شده بوده احیا می یافت

અર્થ—અને તે ઘણીક ગતો (અથવા ગતોનો મોટો ભાગ) કીર્ત્તિવત અને મહાન ખોદાની સ્તુતિમા ગુજારતો અને 'યા હુ' અને 'યા હાદી' નામો, કે જે તે શીખેલો હતો, તે બોલવામા મશગુલ રહી જીદગી ગુજારતો"

તાનસેન પોતાના પાદશાહ અકબરના આ માનીતા શબ્દો 'યાહુ'થી દસ્તુર મેહેરજી રાણા અને અકબરનુ આ ગીત શરૂ કરેછે તે કુદરતી છે એ શબ્દ કદાચ અવસ્તા 'અહુ', જે ખોદા માટે વપરાય છે, અને જે "યથા અહુ વર્યો" ના પદમા આપણે જોઈએ છીએ, તે ઉપરથી હોય તે ફારસીમાં પાદશાહ માટે પણ વપરાય છે.

આ ગીતની બીજી કલીનો અર્થ તદન ખુલ્લો નથી, પણ મતલબ એવું કહેવાની દિસેછે, કે મેહરયાર (જે મેહરજી રાણા નામનુ બીજું રૂપ છે) સુખડ અને અગર આતશપર મેલી બંદગી કરતા.

તાનસેનના ગીતબાબે કલકત્તા વાળા ગાયનના જાણીતા કાબેલ ઉસ્તાદ મહારાજા સર સુરેન્દ્રો તાગોરના મતનો કાગળ.

હરકુમાર ભબન
પથુરીઆ ઘાટ રાજબતી
કલકતા ૬ ઠી ફેબરવારી ૧૯૦૨.

શેઠ જી. જમશેદજી મોદી જોગ.

પ્યારા સાહેબ.

મારા કમીના વિચાર મુજબ હું એવા મતનો છુ, કે તમોએ તાનસેનના ગીત તરીકે મારી ઉપર જે ગીત મોકલ્યું હતું, તે, હું તમોને તારથી જણાવી ચુક્યોછુ તેમ, તેનું છે. જો કે તેની ભાષા, તે સાધારણ રીતે જે ભાષામાં પોતાના ગીતો જોડતો હતો, તે નથી, તો પણ તે ગીતની રચના અને સામાન્ય ઇબારત ઉપરથી, તે ગીત તે મહાન ગાયણકારનું જોડેલું હોવાની માહેલી ગવાહી આપે છે. એ ગીત, મારી જાણ મુજબ, સારગ રાગણીમાં ગાવામાં આવે છે, અને જો આ રાગણી બાપદાદેથી ઊતરી આવી છે, તો એ ગીત તાનસેનનુંજ હોવા માટે તે બીજી સાબેતી છે, કારણ કે 'દગલીઆરી, કાનારા, અને સારગ' તેની માનીતી રાગણીઓ તરીકે જણાયલી છે

ખરે તમારો
સુરેન્દ્રો મોહન તાગોર
ડાકતર ઓફ મ્યુઝીક ઓક્સફર્ડ.

દસ્તુર મેહેરજી રાણાના બાવા રાણા જેશગના હાથની લખેલી પાજંદ અને ફારસી ચોપડીઓના અને તેવણના દીકરા કેકોબાદના હાથની લખેલી ફારસી ચોપડીની એક પુરાણી નકલના કોલોફોન.

મારા હાથમાં ત્રણ પુરાણી હાથની લખેલી પાજદ અને ફારસી ચોપડીઓ આવી છે, કે જે દેખાડે છે, કે દસ્તુર મેહેરજી રાણાનું કુટુંબ એક ભણેલું કુટુંબ હતું. તેઓમા તે પ્રકારનો એલમ હતો કે જે એલમની તે જમાનામાં આપણે પારસી ધર્મગુરૂઓથી આશા રાખીએ. તેઓના દેશની ભાષા ગુજરાતી ઊપરાંત, અને તેઓના ધર્મપુસ્તકોની ભાષા અવસ્તા ઊપરાંત તેઓ પાજંદ અને ફારસી ભાષા જાણતા હતા. આ નકલોમાથી બે-પાજંદ જામાસ્પી અને ફારસી બહમન નામું—જે રાણા જેશગને હાથે લખાઇ છે, તે માટે હું આગળ (પાના ૨૬૩ થી ૨૬૭ ઊપર) બોલ્યો છુ

પાજદ જામાસ્પીનું કોલોફોન દસ્તુર મેહેરજીરાણાના કુટબની મેહેરજી-રાણાથી ચહડતી પેહેડીના નામો બરાબર મુકરર કરવા માટે ઘણુ અગત્યનું

છે. તે મેહેરજી રાણાથી ચહડતી ૧૧ પેહેડીના વડવાઓનાં નામો મુકરર કરેછે. એ નામો, નેર્યોસંગ ધવલ, જે હોરમજદયાર રામ્યારનો નજદીકનો પીત્રાઈ ગણાય છે, તેનો સને મુકરર કરવા માટે પણ ઘણાં અગત્યના થઇ પડે છે. એ નક્કી કરેછે કે યજદજરદી ૮૭૩ જ્યારે રાણા જેશંગ હેયાત હતા અને આ ચોપડી લખી હતી, ત્યારથી ૯ પેહેડી આગમચ હોરમજદયાર રામ્યાર થઈ ગયો હતો, અને તેથી નર્યોસંગ પણ તે વખતે થઇ ગયો હતો. દસ્તુર મેહેરજીરાણાના મરણ (ઇસ્વી ૧૫૯૧) અને હાલના નોસારીના તેવણના વારેસ દસ્તુર દારાબજી માહીઆરજીના પિતા માહીયાર ના મરણ (ઈ. સ. ૧૮૭૩) ના સનેઓ વચ્ચેનો ગાળો ૨૮૨ વર્ષનો આવે છે. એ બેઉ વચ્ચે ૯ પેહેડીઓ થઈછે. ત્યારે એ કુટુંબની દરેક પેહેડીની સરાસરી (૨૮૨ ÷ ૯ = ૩૧ $\frac{3}{9}$ = ૩૧ $\frac{1}{3}$ એટલે આસરે) ૩૧ વર્ષની આવેછે. તે મુજબ ગણતાં હોરમજદયાર રામ્યાર યા નેર્યોસગ ધવલ આસરે [૮૭૩—(૯ X ૩૧ $\frac{1}{3}$)] ૫૯૧ યજદજર્દી (૧૨૨૨ ઇસ્વી) પર થઈ ગયલા હોવા જોઇએ.(૧)

રાણા જેશંગને હાથના લખેલા બીજાં પુસ્તક બહમનનામા માટે આગળ (પા. ૨૬૫) આપણે વિગતવારે બોલ્યા છીએ

ત્રીજું પુરાણું હાથનું લખેલું પુસ્તક જે ઉપર હું ધ્યાન ખેંચવા માગું છું, તે ફારસી દારાબ નામાની(૨) એક પુરાણી નકલ છે, જે એરવદ માહીઆર નવરોજી કુતારની માલીકીની છે. આ નકલ યજદજર્દી ૧૦૨૫(૩) (ઇસ્વી ૧૬૫૬) ની છે આ પુરાણી નકલ ઉપરથી માલમ પડેછે કે દસ્તુર મેહેરજી રાણાના છોકરા દસ્તુર કૈકોબાદે શાહ અકબરના પુસ્તકખાનામાંના એક ફારસી દારાબ નામાની નકલ કીધી હતી. દસ્તુર કૈકોબાદવાળી આ અસલ નકલ મળતી નથી, પણ ઈ સ ૧૬૫૬ વાળી ઊપલી પુરાણી નકલ આ બાબતની નોધ લેછે. એ ૨૬૬ ફોલીઓનું પુસ્તક છે અને તેને દર પાને ૨૫ લીટીઓ છે.

કોલોફોનની નીચલી સતરો આ નકલ કેમ લખાઇ તેનુ વર્ણન આપેછે.

---

(૧) આ બાબે જુઓ જરથોશ્તી દીનના ખોળકરનારી મડળીના ૧૮૯૦થી ૧૮૯૮ ના એહવાલમાં મારો નેર્યોસંગ ધવલનો વિષય, પાનુ ૧૯૯ નોટ ૩.

(૨) જુઓ આ પુસ્તક માટે મો મોહલનુ શાહ નામું વા. I દિબાચો પા ૭૪

(૩) આ પુસ્તકના કોલોફોનની નીચલી લીટીઓ એ નકલનો તારીખ આપે છે. "૯૩૬ અને શાદી અને રામશની સાથે રોજ રશ્ને માહ મેહેર શાહનશાહ યજદજર્દ શહેરયારનુ મુબારક સાલ એક હજાર ને પચીસને દિને તમામ કીધું." અસલ ફારસી માટે જુઓ પા ૧૭૧ નોટ ૫.

"આ દારાબનામાની કેતાબ એક હજાર ....[1] માં શાઅબાન મહિનામાં આદિતવારને દિને ૩૦ મી તારીખે સવારને વખતે તમામ થઈ. પેશોતન એબને ફરીદુન લકબે અર્વીસગાહાનને[2] હાથે નૌસારી કસ્બામાં લખાઈ છે. દદ્દ અને શાદી અને રામરાની સાથે રોજ રશને માહ મેહર સાસાન એબને અર્દેશીર[3] એબને અસફન્દયાર એબને ગુશતાસ્પની તોખમના શાહાનશાહ યજદગર્દ શેહરયારના મુબારક સાલ એકહજાર પચીશને દિને લખાઈ છે.[4]

"શ્રીમાન રાજા વીક્રમાર્કના સમયને ૧૭૧૨ વર્ષ ગયા ત્યારે, અને શાલિવહાનના શકનું વર્ષ ૧૫૭૮ ચાલતું હતુ ત્યારે, અને સૂર્ય ઊત્તરાયણમાં હતો ત્યારે, સાચા મગળને આપનાર ઘણા પવિત્ર જેઠ શુદ ૫ રવિવાર પુષ્યનક્ષત્ર, ધ્રુવયોગ, બવકરણ હતા. એ પ્રમાણે પંચાગ શુદ્ધી હતી ત્યારે રવી વૃષભ રાષીનો હતો. ચદ્ર કર્ક રાષીનો હતો. ત્યારે આ દારાબનામુ પુસ્તક ફરેદુનના પુત્ર પેશુતને લખ્યુ શુભ થાઓ......

"જ્યારે જાનને જીઆદતી આપનારી આ કેતાબ હિદ વિગેરે મુલકમા

---

(૧) લખનારે હીજરી સનેની ઈબારત તમામ કીધી નથી. 'અલેફ' એટલે 'એક હજાર' માટેનો શબ્દ લખ્યો અને હજાર ઉપરના બીજા વર્ષોના આંકડા તમામ કરવાના રહી ગયા સબબ આ દિસેછે એ આંકની ઈબારત આરબીમા છે અને એક સાધારણ પારસી અરબી આંકની તમામ ઈબારત તે માટેના શબ્દો ચોપડીમા જોયાવગર લખી શકે નહીં. તેથી પછવાડેથી ચોપડીઓમાં જોઈ તમામ કરવાના વિચારથી બાકીના આંકો રહી ગયા છે.

(૨) આ એક અસલ ઓખર છે. હાલમા જેમ 'મોબેદજી અથવા દસ્તુર અથવા પથકી અથવા ઓદરીઆનવાળા' જેવી ઓખરો મોબેદો પોતાના ધંધાના જૂદા જૂદા પ્રકાર મુજબ લે છે, તે મુજબ આ ઓખર છે દરેમહેરમાં પાવ મેહેલનુ કામ કરવાની જગ્યા 'અરવીસગાહ' કહેવાય છે તે ઊપરથી ત્યાં કામ કરનાર મોબેદે એ નામ ઓખડ તરીકે ઊપર મુજબ લીધેલુ દિસેછે. "ચન્દ અબ્યાત દર બાબે રેહેમત ગુયદ" એટલે "રેહમતની બાબતના કેટલાક બેતો" એવે નામની એક યજદજરદી ૧૦૧૨ મા લખાયલી ફારસી ચોપડી, જે એ માણેકજી રૂ ઊનવાળાની માલેકીની છે, તેમાં પણ 'અર્વીસગાહાન' શબ્દ ઓખડ તરીકે વપરાયલો જોવામાં આવેછે તેમાં લખનાર પોતાનું નામ "હેબદ જાદે હેરબદ જમશેદ બીન મેહેરનોશ લકબે અર્વીસગાહાન" આપેછે

(૩) પાદશાહ બહમન એ નામથી પણ જણાયો છે.

(૪) આ ફકરા પછીનો કોલોફોનના જે સંસ્કૃત ભાગનો તરજુમો છે તે એક મિત્રે કરી આપેલો છે.

કમન્યાબ છે અને તેથી કોઈના દીઠામાં થોડી આવેછે, અને જ્યારે આ દીનને છીનવી લેનાર કસ્તુરીવાળી ખુરખાની ખુશબો તાતાર અને ખતાના લોકોએ પણ સુંઘી નથી, (એટલે આ સુંદર કીતાબ તાતાર અને ખતાના નામિચા મુલકમાં યાને નામિચા પુરૂષોના જોવામાં પણ આવી નથી), અને જ્યારે ઘણા ખરાં શેહેરો અને ગામોમા કોઈએ તેને ગખી નથી અને મેળવી નથી, પણ તે બુલંદ નામદાર પાદશાહ ....દુનિયા અને દીનના નુર મહમદ અકબર બાદશાહ ગાજી, જે કીર્તિવત ખોદાનો માન પામેલા છે, અને હમેશાની બાદશાહી વાળો છે, તેનાજ પુસ્તકખાનામાં જોવામાં આવી; અને જ્યારે આ નાદર કેતાબ મેળવવાની હોશ પારસી લોકોમાંનો એક કીર્તિવંત સુખી લેબાસવાળો અને મર્તબા વાળો મોટા માણસ, નામે નોશીરવાન[1] એબને બહમનશાહ પારસી, જે નોસારી કસ્બાનો રહેવાસી (હતો), અને જે સરસ કીર્તિવાળો અને બેહદ જાતી શક્તિવાળો હતો, તેના મનમા ઊતપન્ન થઈ, ત્યારે તેણે તે લખવા ફરમાવ્યું. તેથી તેના હુકમ મુજબ કમીના બંદા (અથવા કમીના ભલા પરહેજગાર) કેકોબાદ એબને માહીયાર પારસીએ પોતાના જાનની મીઆન ઊપર ખેદમતગારીની કમર એોસ્તવાર બાંધીને, તમામ યત્ન અને સપૂર્ણ કોશેશ બજા લાવીને ઉપર કહેલી નાદર નકલ, જે કીડાઓએ ખાઈ નાખી હતી, તે ઊપરથી સુદ્ધ નકલ કીધી હતી તે નકલ ઊપરથીજ ખાજગી હપુ, જેની ઊપર ખોદા મેહેરબાન થાય, તેણે અબદુલ રહેમાનને હાથે હાસોતના પરગણામાં એક નકલ કરાવી. પછી તે કેતાબ મીરજાં બીન મીરજા મહમદ જમાનના હાથમાં આવી અને તે નકલ ઊપરથી આ કેતાબ પેશોતનને હાથે પોતાને માટે લખાઈ"

ફારસી દારાબનામાની આ પુરાણી નકલના ઊપલા લાંબા કોલોફોન ઊપરથી દિસેછે કે દસ્તુર મેહરજી રાણાના બેટા કએકોબાદે આ ચોપડીની

---

(૧) આ ધણી નૌસારીના જાણીતા ચાંગાશાહના છોકરાના છોકરાનો છોકરો દિસેછે. એના બાપને બહમનશાહ કહ્યો છે એ શાહ શબ્દ એવોના કુટુબના ઘણાક નામો સાથે વપરાય છે આ કુટુંબ પારસી સાહિત્યમાં ઘણુ લાભ લેતુ હોય તેમ દિસેછે આ નોશેરવાનના બાવા બહમન માનેક અને એના બપાવા માનક ચાંગાએ ફારસી બેતમા વિરાફનામુ લખાવ્યુ હતુ, જે વીરાફે કૌસીને નામ જણાયલું છે. (જુઓ એરવદ માનેકજી રૂ ઊનવાળાની નકલ, ફોલીઓ ૨૭૯ બ લીટી ૩ અને ૪ આ ૩૩૪ ફોલીઓનુ પુસ્તક છે વીરાફે કૌસો ફોલીઓ ૨૭૭ થી ૩૧૪ સુધી છે. એની સાથે બીજા લખાણો સદદરે નજમ, ગધમાં વીરાફ નામુ, જરથોશ્ત નામું, ચમ્ર ધાચ નામુ વિગેરે છે.)

અસલ નકલ ખુદ શાહ અકબરના દફતરખાનાની એક નાદેર નકલમાંથી કીધી હતી. આ કેકોબાદે પાછળથી શાહ જેહાગીરની સીફતમાં અને તેના બેટા શાહજાદા ખોરરમ (પાછળથી શાહ જેહાન) ની સીફતમાં કેટલીક બેતો લખી હતી, અને તેવણ શાહ જેહાંગીરના વખતમાં પણ મોગલ દરબારમાં ગયા હતા. કોઈપણ રીતે આ પુરાણી નકલ દેખાડે છે કે કેકોબાદ ફારસીથી સારીરીતે માહીત હતા અને તેવણે પણ શાહ અકબરની દરબારની પોતાના પિતા પછી મુલાકાત લીધી હતી.

નરીમાન હોસગની પેહેલી રેવાયત (યજદજરદી ૮૪૭ ઇસવી ૧૪૭૮) ઊપરથી માલુમ પડેછે કે મેહરજીરાણાના કાકા યાને કરી લીધેલા બાવા એરવદ વાછા અને વળી તેવણ (વાછા) ના બપાવા એરવદ દાદા પણ નોસારીના આગેવાન હતા, કારણ કે તેમાં નોસારીના વડા અકાબર ચાગા આસા પછી આપણે આગેવાનો તરીકે તેઓમા નામો જોઇએ છીએ એ આપણે નીચલા ફકરામા જોઇએ છીએ.

[1] و دیگر چنگه شاه و دیگر هیربد باچه و هیربد دادا و هیربد هورشید
و باقی دین ورزیداران و روان بوختاران بادشد

એ ફકરામાં "હેરબદ બાચે" છે, તે મેહરજીરાણા કરી લીધેલા પિતા એરવદ વાછા દિસે છે અને હેરબદ દાદા તે એરવદ વાછાના બપાવા એરવદ દાદા છે. એ દાદા નામ આપણને રાણા જેશાગને હાથની લખેલી જામાસ્પીમા અને એવણને હાથના લખાયલા બહમનનામામાં મળેછે.

આ વિષયમાં, જે દસ્તાવેજો, પુરાણા પુસ્તકો અને કેતાબો રજુ કરવામા આવ્યા છે, તે ઊપરથી મેં દસ્તુર મેહરજીરાણા, તેવણના પિતા રાણા જેશાગ અને તેવણના બેટા કેકોબાદની જીદગીના કેટલાક જણાયલા બનાવોના વર્ષના અનુક્રમે જે કોઠા ઊપજાવ્યા છે, તે નીચે આપુછુ.

---

(૧) બોંબે યુનીવરસીટી લાઈબ્રરીની નકલ ફોલીઓ ૧૧ બ, લીટી ૧૯.

દસ્તુર મેહરજી રાણાની જીંદગીના કેટલાક બનાવોનો વર્ષના અનુક્રમે કોઠો.

તારીખ				
ઇસવી	યજદજર્દી	સંવત	હીજરી	બનાવો.
૧૫૫૩	૯૨૨			ફ્રેમ કામદીનને નામે જણાયલી રેવાયતમાં દસ્તુર મેહરજીરાણાનું નામ શરૂઆતના સરનામામાં પેહેલું જણાવ્યું છે (જુઓ ઉપર પા. ૨૫૮)
૧૫૬૬		૧૬૨૨		ધર્મસંબધી ક્રિયાઓ બરાબર કરવા બાબેના એક લેખમાં મેહરજી રાણાની સહી પેહેલી છે (જુઓ પા ૨૫૫)
૧૫૭૦		૧૬૨૬		કેટલીક ધર્મસંબંધી ક્રિયાઓ વેળા તાડી પીવાથી દૂર રહેવા બાબેના લેખમા એવણની સહી પેહેલી છે (જુઓ પા ૨૫૬)
૧૫૭૦				ઇરાનથી ફરેદુન મર્જબાનની મારફતે આવેલું એક કાગળ, જે રેવાયતમા આપેલું છે, તેમા એવણનું નામ પેહેલું છે(પા. ૨૫૭)
૧૫૭૩		૧૬૨૯		નોસારીના બેહેદીનોએ એક લેખથી પીપલીઆ નામની જગ્યાએ એક વાડી ધર્મખાતે એવણને પોતાના વડા તરીકે સપુરદ કીધી. (જુઓ પા. ૨૫૬)
૧૫૭૮			૯૮૬	બદઓની આ વર્ષના બનાવોમાં, અકબરની દરબારમાં નોસારીના પારસીઓનું આવવું જણાવે છે. તે આ બનાવ એક આગલા બનાવ તરીકે જણાવે છે. તેથી પારસીઓના વડા તરીકે એવણ એ વર્ષે યા આગલે વર્ષે ત્યાં ગયલા હોવા જોઇએ (પાનું. ૧૯૧)

દસ્તુર મેહરજી રાણાની જીંદગીના કેટલાક બનાવોનો વર્ષના અનુક્રમે કોઠો.

તારીખ				
ઈસવી	યજદજરદી	સંવત	હીજરી	બનાવો.
૧૫૭૯		૧૬૩૫		નોસારીના મોબેદોનો પેહેલો લેખ, જેમા તેઓ એવણને પોતાના વડા ગણેછે (પા ૧૪૭ અને ૨૩૬)
૧૫૮૦		૧૬૩૬		એવોજ બીજો લેખ (પા ૧૪૮ અને ૨૩૬)
૧૫૯૦		૧૬૪૬		દીવ ખાતે આસદીનકાકાએ લખેલો કાગળ, જેમાં એવણને વડા ગણેલા છે. (પા ૧૬૧ અને ૨૩૯)
૧૫૯૧	૯૬૦			એવણ મરણ પામ્યા.

દસ્તુર મેહરજી રાણાના બાવા રાણા જેશંગની જીંદગીના બનાવોનો વર્ષના અનુક્રમે કોઠો.

તારીખ				
ઈસવી	યજદજર્દી	સંવત	હીજરી	બનાવો.
૧૫૦૪	૮૭૩	૧૫૬૦		રાણા જેશંગે પાજદ જામાસ્પીની નકલ લખી (જુઓ પા. ૨૬૪)
૧૫૨૦		૧૫૭૬		નોસારીના પારસીઓએ ધર્મખાતે પોતાના વડા તરીકે એક વાડી એવણને સપુરદ કીધી (પા.૨૬૦)
૧૫૨૭	૮૯૬			શાપુર આસાની રેવાયત, જેમા શરૂઆતમાં એવણનુ નામ પેહેલુ આવેછે (પા ૨૬૧)
૧૫૪૬	૯૧૫	૧૬૦૨	૯૫૬	એવણે ફારસી બહમનનામાની નકલ લખી (પા. ૨૬૫)

દસ્તુર મેહરજી રાણાના બેટા દસ્તુર કેકોબાદની જીંદગીના કેટલાક બનાવોનો વર્ષના અનુક્રમે કોઠો.

તારીખ				બનાવો.
ઇસવી	યજદજર્દી	મવત	હીજરી.	
૧૫૬૫–૬૬		૧૬૨૨		ધર્મસબંધી ક્રિયાઓ બરાબર કરવાનો લેખ, જેમાં એવણના બાવા પેહલી સહી કરે છે, તેમા એવણ પણ સહી કરે છે (જુઓ પા. ૧૫૨)
૧૫૭૦		૧૬૨૬		કેટલીક ધર્મસંબધી ક્રિયાઓ વેળા તાડી પીવાથી દૂર રહેવા બાબેનો લેખ, જેમા એવણના બાવા પેહેલી સહી કરેછે, તેમાં એવણ પણ સહી કરેછે (પા. ૧૫૪)
૧૫૮૦		૧૬૩૬		નોસારીના મોબેદોનો બીજો લેખ, જેમાં તેઓ દસ્તુર મેહરજીરાણાને પોતાના વડા ગણેછે, તેમાં એવણ પણ બીજાઓ સાથે સહી કરે છે. (પા. ૧૪૮–૪૯)
૧૫૯૧				પોતાના બાવાના મરણ બાદ દસ્તુરી ઊપર આવેછે.
૧૫૯૫			૧૦૦૩	શાહ અકબરનું એવણના નામનું પેહેલું ફર્માન (પા. ૨૯૬)
			૧૦૦૪	એ ફર્માનમાં જણાવેલી દસ્તુર મેહરજીરાણા વાળી ૨૦૦ વીઘા જમીન બાબેની તપાસનો મેહેજર
૧૬૦૩			૧૦૧૧	શાહ અકબરનુ એવણના નામનું બીજુ ફર્માન (પાનુ ૩૨૮)
૧૬૦૩			૧૦૧૨	એ ફર્માનોના સબધમા પરવાનો
૧૬૧૯	૧૨–૧૨–૯૮૮			એવણ મરણ પામ્યા

તે દાદારના નામથી તમામ કર્યું.

શેહેનશાહ અકબર અને દસ્તુર મેહરજીરાણા વિષે આંકુએટીલ ડુ પેરોંની નોંધ.

(રોયલ એશિયાટીક સોસાયટીની મુંબાઈની શાખા આગળ તારીખ ૧૩ મી જુલાઈ ૧૯૦૩ ને દિને વાંચેલો વિષય.)

તા૦ ૧૯ મી ડીસેમબર ૧૯૦૧ ને દિને, આ મંડળી સનમુખ, " શાહ અકબરની દરબારમાં પારસીઓ અને દસ્તુર મેહરજીરાણા " એવે નામે મેં જે વિષય વાંચ્યો હતો, અને જે આ મંડળીના ૨૧ મા વાલમના ૫૮ મા નબરના અંક (પાના ૬૯-૨૪૫) માં પ્રગટ થયો છે, તે વિષયની એક પુરવણી તરીકે હું મારો આજનો વિષય રજુ કરૂં છું. મારચ ૧૯૦૩ માં પારીસથી, મીસ મેના, જેવણ ઇ૦ સ૦ ૧૯૦૦-૧૯૦૧ માં ફ્રેન્ચ સરકાર તરફની નેમનુકથી પારસીઓને લગતો અભ્યાસ કરવા અત્રે આવ્યાં હતાં, તેવણ તરફથી, મને બીજા કાગળોમાં એક કાગળ મેહરજીરાણાની બાબત ઉપર મળ્યું, જે ઉપર " અગત્યનું " કરી લખ્યું હતું. તેમાં તેવણે લખ્યું હતું કે, " નેશનલ લાઇબ્રેરીમાંના (ના૦ ૧૮ વાળા) આંકુએટીલના જાણીતા કાગળો અવારનવાર ફેરવતાં મને જાણવાજોગ બે ફકરા મળ્યા છે, જે નીચે પ્રમાણે છે. (એના હરફ એટલા ખરાબ છે, એની જોડણી એવી અજબ છે, અને ઘણી બરી લીટીઓ, એવી રીતે ગુંચવાઈ ગઈ છે, કે મારી પાસે મોટું દેખાડનારો કાચ (Magnifying glass) નહીં હોવાને લીધે, મને તે ઊકલાવવાને ઘણી મેહેનત પડી હતી)." તે ફકરાઓ જેમ તેણીએ લખ્યા હતા તેમ વાંચતાં, મને લાગ્યું કે તેઓ અકબર અને મેહરજીરાણાની બાબત ઉપર અગત્યની રોશની ફેંકરો અને તે માટે તેની બરાબર નકલ થવી જોઈએ. તેથી મેં તેવણ ઉપર તા૦ ૧૦ મી મારચ ૧૯૦૩ ને દિને પત્ર લખી અરજ કીધી કે એ ફકરાઓની એક બરાબર લખેલી શુધ્ધ નકલ અને તેવણ જેમ તે ફકરા સમજતાં હોય તેમ તેનો ઇંગ્રેજી તરજુમો કરીને મોકલવો. ત્યારપછી મેં તેવણને અરજ કીધી કે એ ફકરાઓનો ફોટોગ્રાફ લઈ તે મેહેરબાની કરી મારી ઉપર મોકલવો. મારી અરજ બહાલ રાખી તેવણે મેહેરબાની કરી આંકુએટીલના નોંધોના આ ફકરાઓ બાબેના આખા પાનાનો ફોટોગ્રાફ તા૦ ૩૧ મી મારચ ૧૯૦૩ ને દિને નેસનલ લાઈબ્રેરીના સહુડીઓમાંજ લેવાડીને મોકલી આપ્યો છે, જે સભાસદોની તપાસ માટે હું અત્રે રજુ કરૂં છું. (જુઓ પછવાડે એની ફોટો ફેક-સીમીલી).

એ નોંધોના સંબંધમાં તેવણ લખે છે કે "સુરતના સબંધની આંકુએટીલની નોંધો ખોળતાં આ ફકરા એકાએક મારી નજરે પડ્યા." તેવણ વધુ કહે છે કે, "આ નોંધોવાળું વાલમ ચતુષપત્રી કદ (quarto) નું ૬૩ પાનાનું છે અને તે નેશનલ લાઈબ્રેરીના આંકુએટીલ દુપેરોંના હસ્ત લેખોમા નાં૦ ૭૯ નું છે. તે પારસીઓને લગતા પરચુરણ લખાણોની બાબતની ટીપમાં છે. એ પાનાનો આંક ૬૦ નો છે અને તે ઉપર તરેહવાર બાબતો છે આપણને લાગતું વળગતું છે તે બાબત "મોગલ અકબર" એ શબ્દોથી શરૂ થાય છે. તમો પાનાની નીચે પારકા ટોળાની સ્ત્રીઓ સાથેના લગ્ન બાબે એક ફકરો જોશો, જેને આપણી બાબત સાથે કાંઈ લાગતું વળગતું નથી યાદ રાખવું જોઈએ કે એ ફક્ત એક મુસાફરની સેતાબીથી એકઠી કીધેલી નોંધો છે પણ આંકુએટીલના રૂડા હેતુ તરફ જોતાં દરેક શબ્દ ઉપર તમોએ વિચાર કરવો. હું તમારૂં ધ્યાન નીચલી બાબતો ઉપર ખેંચુ છુ.

"૧ મેહરજીરાણા નામની જોડણી અજબ જેવી છે. પણ તે નામ કોણનું છે તે બાબે શક રાખવાનું કાંઈ કારણ નથી.

"૨ મેહરજીરાણા એકલા, એવા પુરૂષ હતા, કે જેવણ ધર્મ સમજાવી શક્યા.

"૩ તેવણની સલાહ ઉપરથી અકબરે શાહ આબાસ પાસેથી કેરમાનથી એક દસ્તુરની માગણી કરી હતી.

"૪ કેકોબાદનો છોકરો દસ્તુર શાપુર તે કોણ છે?

"જગ્યાઓનાં નામો બાબે કાંઈ શક નથી. નોસારી નામ સારી પેઠે વંચાય છે. પણ સુરતથી ૧૬ ફ. કાકરા કારી શુ છે? તે મને ગેઝેટીઅરમાં મળતું નથી. હું ફક્ત આટલુંજ જાણું છુ કે અકબરે સુરતને તા૦ ૧૯ મી જાનેવારી ૧૫૭૩ ને દિને ઘેરો નાખ્યો હતો. તે કિલ્લો તેને ૬ અઠવાડીઆની સેવટ સુધી શરણ થયો નહીં. શાહાનશાહની છાવણી ક્યાં હતી? આ ચોકસ છે કે આ ૬ અઠવાડીઆમાં પારસીઓને જોવાને અને મેહરજીરાણા, જેવણ ઘણી નજદીકના કસ્બામા રહેતા હતા, તેવણ સાથે ઓળખાણ કરવાને અકબરને વખત મળ્યો હતો."(૧)

---

(૧) મીસમેનાના શબ્દોના મતલબ સમજાવનારો છુટો અર્થ મે અહીં આપ્યો છે. તેણીના સંપૂર્ણ શબ્દો માટે તેણીનુ ફ્રેંચ લખાણ અને તેનો અંગ્રેજી તરજુમો, અંગ્રેજી વિષયમા જુઓ ત્યા તેણીના વાંચન અને તરજુમા બાબે મારી સૂચનાઓ અથવા સુધારાઓ પાના હેઠળ નોટમા મેં આપ્યાં છે.

હવે આપણે જોઈએ કે મારા આગલા વિષયમાં જણાવેલી કઈ બાબતોને આંકુએટીલની નોંધોથી ટેકો મળે છે, અને કઈ બાબતોમાં એ નોંધો નવી રોશની નાખે છે. મેં મારા આગલા વિષયમાં નીચલી બાબતો સાબેત કરવાની કોશેશ કીધી છે.

૧. અરદેશર, જેને માટે અકબર પછી લાંબે વખતે લખાયલી દસ્તાન ઈશારો કરે છે કે તે અકબરની દરબારમાં આવ્યો હતો, તે અકબરની દરબારમાં ઈબાદતખાનાની તકરારો તમામ થવા પછી, અને અકબરે જરથોશતી સેતાયશના જાહેર પડતાં રૂપો અને જરથોશ્તી રોજમાહ અને જરથોશતી જશનો અખત્યાર કરવા પછી આવ્યો હતો, અને તેથી અકબર ઉપર એ બાબતો માટે અસર કરવામાં તેનો હાથ હતો નહીં.

૨. અરદેશર ખાસ કરી ફરહંગે જેહાગીરી માટે આવ્યો હતો અને નહીં કે ઇબાદતખાનાની તકરારો માટે, યા અકબરને ધર્મ સમજાવવા માટે.

૩. ઇબાદતખાનાની તકરારો (ઇ૦ સ૦ ૧૫૭૬–૭૯) માં હાજર થવા માટે નવસારીના પારસીઓ ગયા હતા

૪. દસ્તુર મેહરજીરાણા નવસારીના એક આગેવાન અને જાણીતા ધર્મગુરૂ હતા અને તેમ હોવાથી નવસારીથી ગયલા પારસીઓની ટોળકીના વડા તરીકે તેવણ ગયા હતા

૫ દસ્તુર મેહરજીરાણાએ અકબરને ધર્મ સમજાવ્યો હતો.

૬ ગીતોમાં જે જણાવવામા આવે છે, કે અકબરે સદરો કુસદી પહેર્યો હતો, તેમાં અજબ થવા જેવું કાંઈ નથી, ખાસ કરી જ્યારે તેણે બીજા ધર્મોની–જેવા કે હિંદુ અને ખ્રિસ્તિની—જાહેર પડતી નિશાનીઓ પણ અખત્યાર કરી હતી.

હવે આપણે તપાસીયે કે ઉપલી બાબતો જે મેં પુરાણા પુસ્તકો અને દસ્તાવેજોથી મારા આગલા વિષયમા સાબેત કરવાની તજવીજ કીધી છે, તેને આંકુએટીલની નોંધોથી કેવી રીતે ટેકો મળે છે. આંકુએટીલ ઇ૦ સ૦ ૧૭૫૫ થી ૧૭૬૧ સુધીમાં હિંદુસ્તાન ખાતે આવ્યો હતો. તેથી આ નોંધો, આશરે ૧૫૦ વરસ ઉપર દસ્તુર મેહરજીરાણાને લગતી જે બાબત તેણે જાણેલી તે જણાવે છે. મારા પહેલા વિષયમાં મેં ઇ૦ સ૦ ૧૭૬૫ મા લખાયલી દસ્તુર શાપુરજી સંજાનાની ચોપડીનો આધાર લીધો હતો કે તેવણે જણાવ્યું છે કે દસ્તુર મેહરજીરાણાએ અકબરને જરથોશ્તી ધર્મ સમજાવ્યો હતો. આંકુએટીલની નોંધો ત્યારે એ બાને

કરતાં પણ ઓછામાં ઓછી ચાર વરસ પુરાણી છે, અને તે એક જાણીતા ઈરાની ગ્રંથકારની છે, કે જે પારસીઓને લગતી બાબતો, તેઓના શેહરમાં, શિખવાને આવ્યો હતો.

આંકુએટીલની પહેલી નોધ ફરહગે જેહાંગીરી અને અરદેશારની બાબતમાં છે. શાહ અકબરને, શું તેની દરબારમાં કે શું દરબારની બહાર, એવો કોઈ લાયક વિદ્વાન નહીં મળ્યો, કે ફરહગના કામમાં તેને પુરતી મદદ કરે તેથી તેણે ઈરાનથી એક દસ્તુરને તેડાવ્યો

ફરહગે જેહાંગીરી અને અરદેશાર બાબેનો આંકુએટીલની નોધનો આ ફકરો બરાબર સમજવા માટે, ફરહગે જેહાંગીરીના દિબાચામાંથી, મારા પહેલા વિષયમાં, શાહ અકબરના જે શબ્દો આપ્યા છે, તે યાદ કરવાની જરૂર છે. તેમાં શાહ અકબર, ફરહગે જેહાંગીરીના કર્તા જમાલુદીનને કહે છે, કે "જ્યારથી આરબોને ઈરાનના મુલકોમાં સત્તાનો હાથ મળ્યો, ત્યારથી ફારસી જબાનમાં આરબી શબ્દો ભેળાયાથી ઘણાક ફારસી અને દરી અને પહેલવી શબ્દો વ્યવહારમાંથી નીકળી ગયા, બલકે તદન નાબુદ થયા. એ સબબને લીધે કદીમ વખતની ફારસી જબાનોમાં લખાયલાં પુસ્તકોના ખુલ્લાસાઓ, અને કવિતાઓ, કે જે અસલી સાએરોએ સાએરીના ઝવેરથી સણગારી છે, તેના અર્થો છુપા પડદા પાછળ અને ખાનગી બુરખા પાછળ છુપાયલા અને ભરાયલા રહ્યા છે. એ સબબે અત્યાર આગમજ, આલમોને પનાહ આપનારી આ દરબારના કેટલાકોને, મેં સર્વે ફારસી પુરાણા શબ્દો અને ઈસતેલાહોનું પુસ્તક રચવાને ફર્માન આપ્યું હતું. કોઈ પણ ધણી જેવું જોઈયે તેવી રીતે તે કામ બજાવી શક્યો નહીં. (તેટલા માટે) જરૂરનું છે કે એલમની આ ઉમદા બાબતમાં તું સારી વીખ્યાતીનું અને બુલદ નામનું પુસ્તક બનાવે કે મારા સારાં નસીબ સાથે હમેશાં જોડાવાના નતીજાને લીધે જમાનાના સફાઓ ઉપર રાત અને દહાડો તેની અસર કાયમ રહે (એટલે કે તે પુસ્તક મારા નામની સાથે જોડાયલું રહે અને હમેશા ઉપયોગી નિવડે)."

આંકુએટીલની નોધ એ બાબતને ટેકો આપે છે, કે પુરાણા શબ્દોની બાબતમાં, અત્રે તેને કોઈ પણ ધણી નહીં મળવાથી, ખુદ મેહરજીરાણાની ભલામણથી, તેણે ઈરાનથી એક દસ્તુરને ફરહગે જેહાંગીરીના કામની મદદ માટે બોલાવ્યો. આંકુએટીલની નોધ કહે છે કે "મોગલ અકબરને દરેક ચીજનો જવાબ આપનાર કોઈ દસ્તુર નહીં મળવાથી દસ્તુર મેહરજીરાણાની સલાહ ઉપરથી ઈરાનના શાહ આબાસ સુફી ઉપર કેરમાનથી એક ધણીને તેડાવવાને લખ્યું શાહ આબાસે દસ્તુર અરદેશારને મોકલ્યો, કે જેણે

તેની હકુમત હેઠળ ફરહેંગ શરૂ કીધી અને જેહાંગીરની હકુમત હેઠળ તમામ કીધી અને જે ફરહંગ તેનું (એટલે જેહાંગીરનું) નામ ધરાવે છે. (હાઈડ (પા નું ૪) કહે છે કે એમને ફકરૂદદીન આનજુએ તે લખી.)"

આંકુએટીલની આ નોધ ત્યારે નીચલી બે બાબતો, જે મેં મારા પહેલા વિષયમાં હાથ ધરી હતી તેને ટેકો આપે છે.

૧. એક આ, કે અરદેશરને ફરહગે જેહાંગીરી લખવાના કામમાં મદદ કરવા માટે તેડવામા આવ્યો હતો અને નહીં કે અકબરને ધર્મ સમજાવવા માટે.

૨ અરદેશર ઇ૦ સ૦ ૧૫૭૮ થી ૧૫૭૯ સુધીની એબાદતખાનાની તકરાર તમામ થવા પછી અને અકબરે જરથોશ્તી ધર્મનાં નજરે પડતાં રૂપો અખત્યાર કરવા પછી આવ્યો હતો. આ બે બાબતોનો આપણે જરાક લબાણથી વિચાર કરીશું.

૧. મારા આગલા વિષયમાં મેં પેહેલી બાબત ઘણી લબાણથી હાથ ધરી છે. (જુઓ બોંબે બ્રાચ રૌયલ એશિઆટીક સોસાએટીનું ચોપાંનીઉ. વાલમ ૨૧ નબર ૫૮ પાના ૮૫ થી ૯૩. જુઓ આગલો ગુજરાતી વિષય પાનાં ૨૦૨ થી ૨૧૪). ત્યાં મેં ખુદ ફરહંગે જેહાંગીરના લખનાર મીર જમાલુદદીનની સત્તા ઊપરથી દેખાડયું છે, કે અરદેશર ફરહંગે જેહાંગીરી માટે આવ્યો હતો. આંકુએટીલની નોધો આ બાબતને ટેકો આપેછે. આ પહેલી બાબતના સંબધમાં આપણે આંકુએટીલની નોધમાં આ નવું જોઇએ છીએ કે ફરહગે જેહાંગીરીના કામમાં મદદ કરવા માટે ઇરાનથી એક ભણેલા પુરૂષને બોલાવવા માટેની સુચના કરનાર દસ્તુર મેહરજીરાણા પોતે હતા. આપણે જોયું કે ફરહંગે જેહાંગીરીમાં શાહ અકબરના વિચારો જણાવ્યા છે તેમ, જુના પુરાણા ફારસી દરી વિગેરે શબ્દો તેને કોઈ બરાબર સમજાવી શકયું નહીં. એ બાબે શાહે દસ્તુર મેહરજીરાણા, જેવણ સાથે જ્યારે તે સુરત ખાતે આવેલો ત્યારે, આપણ પાછળ જોઇશું તેમ, ઓળખાણ થયલી, તેવણની સલાહ લીધી, અને તેવણની સલાહ ઉપરથી ઇરાન કાગળ લખી ત્યાંથી શબ્દ ઉત્પત્તિમાં હુશિઆર એક દસ્તુરને તેડાવ્યો. અકબરના ઊપર આપેલા શબ્દો દેખાડે છે, કે તે ઘણો લાંબો વખત થયો આતુર હતો કે તે "સર્વ ફારસી પુરાણા શબ્દો અને ઇસ્તેલાહોનું પુસ્તક" રચાવે. પોતાની દરબારના ભણેલા ઓલમાઓથી તેણે તે કામની આશા રાખી હતી. પણ તેમાં તે નિષ્ફલ નિવડયો. તેની દરબારના કોઈ પણ ભણેલા ઓલમાઓ તે સારી રીતે કરી શક્યા નહીં. તેણે ધાર્યું કે કોઈ પારસી દસ્તુરો પુરાણા ફારસી શબ્દો અને ઇસ્તે-

બાહો સમજાવવાના આ કામમાં તેને મદદ કરી શકશે. પણ આંકુએટીલ કહેછે તેમ તેને ફ્રહંગની બાબતમાં "દરેક ચીજનો જવાબ આપનાર કોઈ દસ્તુર નહીં મળ્યો." હવે તેને દસ્તુર મેહરજીરાણા, જેવણ સાથે તેણે આગળ સુરત ખાતે ઓળખાણ કરેલી, તેવણે સલાહ આપેલી કે કેરમાનથી એક દસ્તુરને તેડાવવો. તેથી જ્યારે તેણે સાંભળ્યું કે મીર જમાલુદદીને ફ્રહંગના પુરાણા શબ્દોની બાબતનો ખાસ અભ્યાસ કર્યો છે ત્યારે તેણે તેને ઊલટ આપી અને તે ફ્રહગ લખવા કહી. તેને એ કામમાં, એટલે પુરાણા ફારસી દરી વિગેરે શબ્દો સમજાવવાના કામમાં મદદ આપવા સઘળે ઠેકાણેથી મદદ મેળવવાની કોશેશ કીધી. દસ્તુર મેહરજીરાણાએ આગળ આપેલી સલાહ તેને યાદ આવી અને તેણે ઇરાનના શાહ આબાસ ઊપર પત્ર લખ્યો અને તે શાહ આબાસે અરદેશરને મોકલ્યો.

આંકુએટીલે પોતે સાંભળેલી ખબર મુજબ, પોતાની નોધમાં જણાવ્યું છે, કે અરદેશરે ફ્રહગે જેહાંગીરી શરૂ કરી અને તમામ કીધી. એ ખબર ભુલભરી હતી. તેથી તે વલાયામાં ડા૦ હાઇડની સત્તા ટાંકે છે કે તેના લખ્વા પ્રમાણે તે તો એબને ફકરૂદદીન આનજુએ તમામ કીધી હતી. એ હાઇડ તે ઓક્ષફરડ યુનીવરસીટીનો હીબરૂ ભાષાનો પ્રોફેસર હતો, જેણે Veterum Persarum ...... નામની ચોપડી પ્રગટ કીધી હતી. ડા૦ હાઇડના પુસ્તકની પેહેલી આવૃત્તિ જે ઈ. સ. ૧૭૦૦ માં પ્રગટ થઈ હતી અને બીજી આવૃત્તિ જે ઈ. સ. ૧૭૬૦ મા પ્રગટ થઈ હતી, તેઓના ૪ થા પાના ઊપર, આંકુએટીલ કહેછે તેમ, ફ્રહગે જેહાગીરીના કર્તા તરીકે, આપણે "એબને ફકરૂદદીન આનજુ"નું નામ જોઇએ છીએ. એનું ખરૂ નામ તો "મીર જમાલુદદીન હુસએન" છે અને તે "અનજુ"નો એક સઇયદ હતો તેથી તેને 'અનજુ' કહેતા (આઇને અકબરી બ્લોખ્માનની આવૃત્તિ I પા. ૨૨૬ કોલમ ૨ લીટી ૪.). હાઇડ તેને "એબને ફકરૂદદીન આનજુ" એટલે "ફકરૂદદીન આનજુનો છોકરો" કહેછે એ ફકરૂદ્દીન ત્યારે કદાચ તેના બાપનું નામ હોય.

આંકુએટીલની નોધનો પેહેલો ફકરો જે બીજી બાબત ખુલ્લી સાબેત કરે છે તે, આપણી ઊપલી ટીપની ચોથી બાબત છે, અને તે આ, કે દસ્તુર મેહરજીરાણા નવસારીના એક જાણીતા આગેવાન પુરૂષ હતા. જે પુરૂષની અકબર જેવો પાદશાહ સલાહ લે, અને જેવણની સલાહ મુજબ વરતી ઇરાનથી એક દસ્તુરને ફ્રહગે જેહાંગીરીના કામમાં મદદ કરવા માટે બોલાવે, તે પુરૂષ અલબતે ઘણો પ્રખ્યાત હોવો જોઇયે

આંકુએટીલની નોધના એ પેહેલા ફકરા ઉપરથી, એક બીજી બાબત—અને તે નવીજ બાબત—માલમ પડે છે. તે આ, કે આ વખ્તે ઇરા-

નમાં શાહ આબાસ સોફી રાજ્ય કરતો હતો. આ શાહ આબાસ તે ઇરાનનો જાણીતો પાદશાહ, જે "મોટા શાહ આબાસ (Abbas the Great)" તરીકે તવારીખમાં જણાયલો હતો, તે છે. શેખ 'સુફીઉદદીન' નામના એક વડીલ ઉપરથી એનું કુટુંબ સુફવી વંશ તરીકે જણાયલું છે. આ પાદશાહ તવારીખ પ્રમાણે, ૧૮ વરસની જવાન ઉમરે, ઠીક ઇ૦ સ૦ ૧૫૮૫ માં ગાદી ઉપર આવ્યો હતો હવે જ્યારે શાહ અકબરે શાહ આબાસ ઉપર, દસ્તુર મેહરજી-રાણાની સુચના ઉપરથી કાગળ લખી એક દસ્તુરને તેડાવ્યો હતો, ત્યારે તદન ખુલ્લું દિસે છે, કે તે ઇ૦ સ૦ ૧૫૮૫ ની પછી હોવું જોઇયે. ૧૫૮૫ સુધી તો હજુ શાહ આબાસ ગાદી ઉપર પણ આવ્યો નહીં હતો. તે ગાદી ઉપર આવે, તેની ખબર હિંદુસ્તાન આવે, અને પછી બેઉ પાદશાહો એકમેક સાથે પત્ર-વહેવાર ચલાવે, એમા વખત જવો જોઇયે. તેથી અરદેશર ઇ૦ સ૦ ૧૫૮૫ પછી આવવો જોઇયે, અને આપણે આગલા વિષયમાં ફરહંગે જેહા-ગીરની સત્તા ઉપરથી સાબેત કર્યું છે, કે તે ૧૫૯૨ પછી આવ્યો હતો. કાંઇ નહીં તો ઇ૦ સ૦ ૧૫૮૫ ની આગમજ તો એબાદતખાનાની ખાસ મિજલસો ખલાસ થઇ ચુકી હતી અને અકબર જરથોશ્તી સેતાયશના જાહેર નજરે પડતાં રૂપો અને જરથોશ્તી રોજ માહા અને જરથોશ્તી જશનો અખત્યાર કરી ચુકયો હતો. ત્યારે આંકુએટીલની નોંધમાં શાહ આબાસનુ જે નામ આપણને પહેલવહેલું નવું મળે છે, તે અ-ચુક રીતે દેખાડે છે, કે શાહ આબાસ, જે સને ૧૫૮૫ માં ગાદી ઉપર આવ્યો હતો, તેણે અરદેશરને મોકલ્યો હતો, અને તેથી અરદેશર કાંઇ નહીં તો ઇ૦ સ૦ ૧૫૮૫ પછી આવવો જોઇયે, જે વરસ આગમજ તો અક-બરે જરથોશ્તી રાહ-રીતીઓ અખત્યાર કરી હતી. તેથી અકબર ઉપર અસર કરવામાં નોસારીના પારસીઓનો અને તેઓના વડા દસ્તુર મેહરજીરાણાનો હાથ હતો. ત્યારે આંકુએટીલની આ નોંધ આપણે ઉપર રજુ કરેલી ૬ બાબતોમાંની બીજી અને ત્રીજી બાબતોને અચુક ટેકો આપેછે, કે અરદેશર, શાહ અકબરે, જરથોશ્તી રાહ રીતીઓ, રોજ માહો અને જશનો અખત્યાર કરવા પછી આવ્યો હતો અને તેથી શાહ ઉપર આ બાબતમાં અસર કરનાર નોસારીના પારસીઓ હતા, જેઓના વડા દસ્તુર મેહરજીરાણા હતા.

હવે આંકુએટીલની નોંધનો બીજો ફકરો આપણી ઉપલી ટીપની પાંચમી બાબતમા અચુક રીતે ખુલ્લું કહે છે કે દસ્તુર મેહરજી-રાણાએ પાદશાહને ધર્મ સમજાવ્યો. એ ફકરો નીચે મુજબ છે. "જેહાંગીરનો બાપ મોગલ અકબર સુરતથી ૧।। ફરસાંગ દુર કાકરા ખાડી

આગળ ૧૫૦ વરસ પર યા આગમજ આવ્યો હતો. પારસીઓનો ધર્મ જાણવાને તે આતુર હતો. તેને ફક્ત નવસારીના દસ્તુર મેહરજીરાણા મળ્યા કે જેવણ તેને ધર્મ સમજાવી શક્યા". આ ફકરામાં ખુલ્લું કહે છે કે દસ્તુર મેહરજીરાણાએ અકબરને ધર્મ સમજાવ્યો. ત્યારે જે બાબતની નોધ દસ્તુર શાપુરજી સંજાનાએ પોતાના પુસ્તકમાં ઇ૦ સ૦ ૧૭૬૫ માં લીધી છે, તે બાબતની નોધ, એ વરસથી ઓછામા ઓછાં ૪ વરસ આગમજ, આપણે એક ફ્રેંચ વિદ્વાન, જે પોતે સુરત ખાતે આવી વસ્યો હતો, તેના પુસ્તકમાં જોઇયે છીયે.

એ નોધમાં આપણે એક બીજી નવી બાબત જાઇયે છીયે. તે આ, કે શાહ અકબરને દસ્તુર મેહરજીરાણા સાથે જે પેહેલી ઓળખાણ થઈ હતી, તે સુરત ખાતે, જ્યારે તે આવ્યો હતો અને કાંકરાખાડી આગળ પોતાની છાવણી નાખી હતી, ત્યારે થઈ હતી ગુજરાતનો જાણીતો કવિ નર્મદાશંકર લાલશંકર પોતાની "સુરતની મુખ્તેસર હકીકત" નામની ચોપડી જે ૧૮૬૬ મા પ્રગટ થઈ છે, તેમા જણાવે છે કે "અકબરે ૧૫૭૩ ના ૧૯ મી જાનેવારીએ સુરતમા ગોપીપરા આગળ ડેરા તંબુ તાણ્યા" મી૦ એદલજી બરજોરજી પટેલ પોતાની "સુરતની તવારીખ" (ઇ૦ સ૦ ૧૮૯૦) મા કહે છે કે "અકબર પાદશાહ તા૦ ૧૯ મી જાનેવારી ૧૫૭૩ ને દિવસે સુરત આગળ આવ્યો. તે બારે લશ્કર લઈ આવ્યો હતો, અને તેના ડેરા તંબુઓ ગોપીતળાવને કાંઠે (જ્યાં હમણા સલાબતપરૂ તથા રૂસ્તમપરૂ છે ત્યા) તાણ્યા હતા." હવે ખબર કહાડતાં માલમ પડે છે કે કાંકરાખાડી, જ્યાં સુધી આકુએટીલના કહેવા મુજબ, અકબર આવ્યો હતો, અને જે તેટલા માટે તેની છાવણીની જગ્યા હોવી જોઇએ, તે ગોપીતળાવ, સલાબતપરૂ, અને રૂસ્તમ પરાની ઉપલી જગ્યાઓની નજદીકમાંજ છે. ત્યારે આકુએટીલ અકબરની છાવણીની જે જગ્યા કાકરાંખાડી જણાવે છે તે બરાબર છે.

